REVOLUTION

# તમારી નાણાંકીય ક્રાંતિ

## વ્યૂહરચનાનું સામર્થ્ય

ગેરી કીસી

ખ્રિસ્તમાં વહાલાં મિત્ર,

અમારી એ પ્રાર્થના છે કે શિક્ષણની આ સામગ્રી તમને આશીર્વાદ અને ઉત્તેજનની બાબત બની રહે. તમારા મિત્રો, મહેરબાની કરીને કુટુંબ અને તમારી મંડળીના સભ્યો સાથે આ સામગ્રી વહેંચવા છૂટ અનુભવો. વધારાની નકલો ડાઉનલોડ કરવા અને તમારા ભાષામાં વિના મુલ્યે વધુ શિક્ષણ સામગ્રી મેળવવા તમે **FLNFree.com** પર પણ જઈ શકો છો.

ઈશ્વર તમને પ્રેમ કરે છે અને તેમની પાસે તમારા જીવન માટે અદ્ભુત યોજના છે! ઈશ્વરનું રાજ્ય કેવી રીતે કામ કરે છે તે શીખવાની બાબતે અમારા જીવનને વધુ સારા જીવનમાં બદલ્યું, અને અમને ભરોસો છે કે તે તમારા માટે પણ એ જ કરશે!

ખ્રિસ્તમાં પ્રેમસહ,

ગેરી અને ડ્રેંડા કિસી



તા.ક. તમારી ભાષામાંનું વધુ શિક્ષણ ડાઉનલોડ કરવા અમારી વિના મુલ્યે ડાઉનલોડ કરવાની વેબસાઈટ **FLNFree.com** પર જવાનું યાદ રાખો!

R E V

# તમારી નાણાંકીય ક્રાંતિ

## વ્યૂહરચનાનું સામર્થ્ય

O L U

ગેરી કીસી

T I O N

***Your Financial Revolution: The Power of Strategy***, Gujarati
Copyright © 2024 by Gary Keesee

Originally published in English
Copyright © 2019 by Gary Keesee
ISBN: 978-1-945930-14-0

Gary Keesee Ministries,
P.O. Box 779, New Albany,
OH 43054, USA
GaryKeesee.com

This book is a FREE GIFT from Gary Keesee Ministries and is NOT FOR SALE

Printed in India

***તમારી નાણાંકીય ક્રાંતિ: વ્યૂહરચનાનું સામર્થ્ય***, ગુજરાતી
કોપીરાઇટ © 2024 ગેરી કીસી દ્વારા

મૂળભૂત રીતે અંગ્રેજીમાં પ્રકાશિત
કોપીરાઇટ © 2019 ગેરી કીસી દ્વારા
ISBN: 978-1-945930-14-0

ગેરી કીસી મીનીસ્ટ્રીસ,
પો.ઓ.બોક્ષ 779, ન્યુ અલ્બેની
ઓહાયો 43054, યુ.એસ.એ.

GaryKeesee.com

ગેરી કિસી મીનીસ્ટ્રીસ તરફથી આ પુસ્તક મફત ભેટ છે અને તે વેચવા માટે નથી

ભારતમાં મુદ્રિત

# સમર્પણ

હું આ પુસ્તક મારી પત્ની ડ્રેન્ડાને અર્પણ કરવા માગું છું, કારણ કે તે તેનું પ્રોત્સાહન, ઈશ્વરની બાબતો પ્રત્યેની તેની ધગશ, અને તેના પરિવાર અને મારા પ્રત્યેના તેના પ્રેમને કારણે, મને આટલાં બધાં વર્ષો સુધી પ્રેરણા મળી છે. સાથે મળીને, અમે સાબિત કર્યું છે, કે સપનાં ખરેખર સાચાં પડે છે!

- ગેરી કીસી

# વિષયની યાદી

**પ્રસ્તાવના** . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 9

**પ્રકરણ 1**: તમે અમારી પાસે શું કરવાની ઈચ્છા રાખો છો? . . . . . . .21

**પ્રકરણ 2**: ઈશ્વરનું રાજ્ય. . . . . . . . . . . . . . . . . . .35

**પ્રકરણ 3**: આશ્ચર્યજનક . . . . . . . . . . . . . . . . . . . .43

**પ્રકરણ 4**: મૂળભૂત બાબતો : આના વિના ઘરને છોડશો નહિ. . . . . .59

**પ્રકરણ 5**: બાઇબલના પુરાવા . . . . . . . . . . . . . . . .75

**પ્રકરણ 6**: શું બધાં અન્ય ભાષાઓ બોલીને પ્રાર્થના કરે છે ? . . . . . . .83

**પ્રકરણ 7**: ખજાનો . . . . . . . . . . . . . . . . . . . . .95

**પ્રકરણ 8**: બઢતી માટે મુશ્કેલ જગ્યા . . . . . . . . . . . . . 111

**પ્રકરણ 9**: સ્થિર, નાનો અવાજ . . . . . . . . . . . . . . . 121

**પ્રકરણ 10**: દર્શનો અને સ્વપ્નો. . . . . . . . . . . . . . . . 135

**પ્રકરણ 11**: મારા માલિક જેવા પવિત્ર આત્મા . . . . . . . . . . . 147

**પ્રકરણ 12**: પવિત્ર આત્માના બાપ્તિસ્મા માટે કેવી રીતે પ્રાર્થના કરવી અને તેને કેવી રીતે પ્રાપ્ત કરવું . . . . . . . . . . . . . . . . . . . 161

# પ્રસ્તાવના

*તમારી નાણાકીય ક્રાંતિઃ વ્યૂહરચનાનું સામર્થ્ય* એ નાણાકીય ક્રાંતિની શ્રેણીનું ત્રીજું પુસ્તક છે, અને આ શ્રેણીમાં કુલ પાંચ પુસ્તકો હશે, અને આ બધું 2005માં આલ્બેનિયામાં મેં કરેલી કોન્ફરન્સનું વિસ્તૃત સંસ્કરણ છે. આ પરિષદમાં જ મારા જીવનની દિશા નાટ્યાત્મક રીતે બદલાઈ ગઈ હતી. જો તમે આ વાત સાંભળી હોય, તો તમે પ્રસ્તાવના છોડીને પ્રકરણ 1 થી શરુ કરી શકો છો. પરંતુ જો તમે તે સાંભળી ના હોય, તો કૃપા કરીને મને 'વાદળી ધુમ્મસ' વિશે જણાવવા દો. "વાદળી ધુમ્મસ," તમે પૂછશો કે, "એ શું છે?" હું પ્રશ્ન સમજું છું. જ્યારે મેં તે જોયું, ત્યારે મને પણ ખબર નહોતી કે તે શું છે, પરંતુ ઈશ્વરનું સામર્થ્ય એટલું પ્રબળ હતું, કે હું જાણતો હતો કે તે તેમના તરફથી જ હોવું જોઈએ. ચાલો હું તમને તે વાત કહું.

મેં અને મારી પત્નીએ 'દેવા'માં અમારા લગ્નની શરૂઆત કરી હતી અને નવ વર્ષ સુધી 'દેવા'માં ડૂબેલા રહ્યા હતા. માત્ર દેવામાં જ નહીં, પરંતુ કમજોર કરનારા તણાવ તથા પૈસા અને પૈસાની સમસ્યાઓ પરના ભયનો ભોગ બન્યા હતા. જો કે અમે ક્યારેય અમારા જીવનને આર્થિક રીતે બરબાદ કરવાનો ઇરાદો રાખ્યો ન હતો, પરંતુ અમે તે જ કર્યું. અમે એક સરળ ગેસોલિન ક્રેડિટ કાર્ડથી શરૂઆત કરી, પછી એક વિઝા કાર્ડ અને પછી દસ વિઝા કાર્ડ. જ્યારે અમે વિઝા કાડ્ર્સની ચુકવણી કરી શકતા ન હતા, ત્યારે અમે અમારી ચૂકવણીને એકીકૃત કરવા માટે ફાઇનાન્સ કંપનીની અઠ્ઠાવીસથી તેત્રીસ ટકાના વ્યાજે લોનો લીધી હતી. પરંતુ પછી અમે બહાર જતા અને ફરીથી કાડ્ર્સનો ઉપયોગ કરતા, અને દેવું વધતું જ રહ્યું! છેવટે, અમે દસ મહત્તમ ક્રેડિટ કાર્ડ, ત્રણ ફાઇનાન્સ કંપની લોન્સ અને હજારો ડોલરમાં આઇઆરએસ કર (ટેક્સ) ના પૂર્વાધિકારો અને બીજાં ઘણાં નાનાં દેવાં, એ બધામાં ગુમાવ્યું. અમારા ડેન્ટિસ્ટ, ડ્રાય ક્લીનર્સ, અમારાં માતા-પિતાના હજારો ડૉલર્સ, અમારી બે કારની ચૂકવણી, ઘરનું ભાડું, એ બધાનું અમને દેવું થયું અને એ યાદી આગળ વધતી હતી. અમે તે સમયે કમિશન પર જીવતા હતા, અને ખરેખરા અર્થમાં તણાવ મને મારી રહ્યો હતો. મને ગભરાટભર્યા હુમલાઓ આવી રહ્યા હતા અને મને તણાવ દૂર કરવાની દવાઓ (એન્ટીડિપ્રેસન્ટ્સ) પર મૂકવામાં આવ્યો હતો, કે જેણે કોઈ ખાસ મદદ કરી ન હતી.

અમારી પાસે જે કંઇ હતું તે બધું જ તૂટી ગયું હતું. અમારી ગાડીઓ 2,00,000

માઈલ ફરી ગઈ હતી. અમારું નાનું, જૂનું 1856 ફાર્મહાઉસ, જે અમે મહિને 300 ડોલરના ભાડે લીધું હતું, તેમાં સમસ્યાઓ હતી. ઘણી જૂની બારીઓ તૂટી ગઈ હતી, અને અમારી પાસે તેને સુધારવા માટે પૈસા ન હોવાથી, અમે ફક્ત તિરાડો પર ટેપ લગાવી હતી. પરંતુ તે પણ પૂરતું ન હતું. ફ્રેમ્સમાં તિરાડો દ્વારા બહારથી આવતા વેલા વધી રહ્યા હતા. મારી પત્ની ટ્રેન્ડા, તેમને એવી રીતે સુવ્યવસ્થિત રાખતી કે જાણે તેઓ ઘરના સુશોભનનો એક ભાગ હોય. અમારા છોકરાઓના બેડરૂમની કાર્પેટ રસ્તા પર કચરાના ઢગલામાંથી મળી હતી. તેમના ગાદલા નર્સિંગ હોમના ફેંકી દેવાના ઢગલામાંથી મળ્યા હતા. ફર્નિચરનો દરેક ટુકડો કોઈક જગ્યાના વેચાણ ગેરેજનમાંથી મળ્યો હતો અથવા તે કોઈના કચરાના ઢગલામાં ફેંકી દેવામાં આવેલામાંથી મળ્યો હતો.

જ્યારે તમે દરરોજ સવારે જાગો છો અને અનિશ્ચિતતામાં હોવ છો, કે તમે તમારા પરિવારને કેવી રીતે ખવડાવશો, ત્યારે જીવન આનંદદાયક નથી હોતું. મારા જીવનમાં ભયનો માહોલ છવાઈ ગયો અને જીવન ટકાવી રાખવાની અફરા-તફરીમાં આનંદ અને આશા ગૂંગળાઈ ગયા હતા. હું અને ડ્રેન્ડા નવ લાંબા વર્ષ સુધી આ રીતે જીવ્યા! નવ લાંબા વર્ષ! હું એક મહિનો, અથવા સૌથી ખરાબમાં ખરાબ, એક વર્ષ સમજી શકું છું, પણ નવ વર્ષ ? નવ વર્ષ સુધીના આ પ્રકારના તણાવ પછી, તમારી લાગણીઓ કાચી બની જાય છે અને ધીરજનું અસ્તિત્વ રહેતું નથી.

એ નવ વર્ષ દરમિયાન, અમે ખ્રિસ્તીઓ, એક મોટા ચર્ચમાં જતા રહ્યા, જેણે અમને શીખવ્યું કે, ગરીબી એ ઈશ્વરની પોતાના લોકો માટે ઇચ્છા નથી. અમે નિયમિત દશાંશ અને ઘણી વાર દાન આપતા, તેમ છતાં, અમારી આર્થિક બાબતો વિશેની પરિસ્થિતિ, પરમેશ્વરની વફાદારી અને ઈશ્વરના વચને જે સૂચવ્યું છે, તેનો ખ્યાલ આપતી ન હતી. મારી પાસે જુના કરારની ડિગ્રી હતી અને મેં એક વર્ષ સુધી બાઇબલ સ્કૂલમાં પણ અભ્યાસ કર્યો હતો. હું જાણતો હતો કે કશુંક ખોટું થઈ રહ્યું છે, પણ હું આશા રાખતો રહ્યો કે, ધીરે ધીરે તો બધું બદલાશે. જો કે, તેવું નવ વર્ષ સુધી તો નહોતું બન્યું. બિલની ઉઘરાણી કરનારા લગભગ રોજેરોજ ફોન કરતા હતા અને ડ્રેન્ડા અને મેં લગભગ બધી જ આશા ગુમાવી દીધી હતી.

આ ઉપરાંત, ડૉક્ટરો કહેતા હતા કે, મને ડાયાબિટીસના રોગની શરૂઆતના બધા જ સંકેતો મળી ગયા છે, કારણ કે મને નબળી પડી રહેલી આરોગ્યની સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો હતો. પૈસા ન હતા, દરેક ક્રેડિટ કાર્ડ કેન્સલ થઈ ગયું હતું, અને ઘરમાં ખાવાનું પણ નહોતું. ભય દ્વારા મારા જીવનને એ હદે ત્રાસ આપવામાં આપ્યો, કે ખરેખર રીતે હું મારુ ઘર જતું રહેશે તેનાથી ડરતો હતો. મારી પત્નીએ તેના મનમાં યોજના બનાવવાનું શરૂ કર્યું હતું, કે કેવી રીતે તેણે અને બાળકોને તેના માતાપિતાના ઘરે પાછા જવું જોઈએ, કારણ કે તેને લાગ્યું કે તે તેના પતિને ગુમાવી

રહી છે. જો કે, અહીં આ પરિસ્થિતિ મારા સૌથી નીચલા તબક્કે હતી, કે મારા જીવનમાં એક વળાંક આવ્યો.

એક વકીલ (એટર્ની) મને ફોન કરી રહ્યો હતો અને હું તેને પૈસા આપવાનું વચન આપતો રહ્યો, જેની મને આશા હતી કે તે થઈ શકશે, પણ બિલ ભરવા માટે પૈસા ક્યારેય આવ્યા ન હતા. તેથી આજે એક સવારે જ્યારે તેણે ફોન કર્યો, ત્યારે તેની ધીરજ ત્યાં નહોતી. "તારે ત્રણ દિવસમાં પૈસા આપવા જ પડશે, નહીંતર, મારા અસીલે મને ચૂકવવાના પૈસા માટે, તારી સામે કેસ કરીશ." તે જ ક્ષણે મને સમજાયું કે ઢોંગ પૂરો થઈ ગયો છે. મારી પાસે પૈસા નહોતા અને મારું પોતાનું કુટુંબ પણ અમને વધુ પૈસા ઉધાર આપવાનું નહોતું. નિરાશ થઈને હું નાનકડા ફાર્મહાઉસમાંના અમારા બેડરૂમની સીડી ચઢી ગયો, મારા પલંગ પર ઢળી પડ્યો અને ઈશ્વરને રુદન કર્યું. નવાઈની વાત એ છે, કે મારા આત્મામાંથી બહાર નીકળીને એણે તરત જ જવાબ આપ્યો. પહેલાં તો, તેમણે મને માત્ર એક શાસ્ત્રની કલમની યાદ અપાવી, જે મેં ઘણી વાર સાંભળી અને વાંચી હતી, ફિલિપી 4:19:

> *“મારો દેવ પોતાના મહિમાની સંપત પ્રમાણે તમારી સર્વ ગરજ ખ્રિસ્ત ઈસુમાં પૂરી પડશે"*

મેં પ્રભુને કહ્યું: "હા ચોક્કસ, એ શાસ્ત્ર ભાગ હું જાણું છું, પણ મારા જીવનમાં એવું બની રહ્યું નથી. મારી બધી જ જરૂરિયાતો પૂરી થઈ રહી નથી." પ્રભુએ મને વળતો જવાબ આપ્યો, “તું જે ગૂંચવાડામાં છે, તેની સાથે મારે કોઈ લેવાદેવા નથી. તું એ મુશ્કેલીમાં મુકાયો છું, કારણ કે મારું રાજ્ય કઈ રીતે કામ કરે છે, તે તું કદી શીખ્યો નહિ." તેમણે મને બીજી કેટલીક વાતો પણ કરી, પણ મને સંદેશો મળી ગયો : મારા જીવન માટે ‘દેવું’ એ તેમની ઇચ્છા નહોતી. જોકે મેં ઈશ્વર પાસેથી સાંભળ્યું હતું, તે બાબતથી હું રોમાંચિત થઈ ઊઠ્યો હતો, પણ મારે કબૂલ કરવું પડશે કે એ રાજ્યનો શું અર્થ કરે છે, તે હું જાણતો નહોતો. મારી પાસે બાઇબલની ડિગ્રી હતી અને મને લાગતું હતું કે હું બાઇબલને સારી રીતે જાણું છું, પણ દેખીતી રીતે જ હું ખોટો હતો. આ શબ્દો સાંભળ્યા પછી, મેં જે પહેલું કામ કર્યું તે એ હતું, કે મેં ડ્રેન્ડાને શોધી અને મેં અમને જે ગડબડીની પરિસ્થિતિમાં મુક્યા હતા, તે માટે પસ્તાવો કર્યો. પછી અમે બંનેએ ઈશ્વરને પ્રાર્થના કરી અને તેનું રાજ્ય કઈ રીતે ચાલે છે તે અમને શીખવવા કહ્યું. અમે ‘દેવા’ પર આધાર રાખવા માટે પણ પસ્તાવો કર્યો અને નક્કી કર્યું કે અમે ફરીથી જીવનની રીત તરીકે ‘દેવા’ પર નિર્ભર નહીં રહીએ. પણ હકીકતમાં, મારી પાસે બાઇબલની ડિગ્રી હોવા છતાં, એ સમયે રાજ્ય એક રહસ્ય જ હતું. માત્ર એક જ વાર નવા કરારમાં, જે ‘રાજ્ય’ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો

હતો, તે મને યાદ આવ્યું, તે પ્રભુની પ્રાર્થનામાં હતું.

> *"તમારું રાજ્ય આવો, જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તમારી ઈચ્છા પુરી થાઓ."* (માથ્થી 6:10).

ઈશ્વર અમને શું કહેવા માગે છે, તે ખરેખર અમે સમજી શક્યા નહિ, પણ જેમ જેમ અમે પ્રભુને શોધવા લાગ્યા, તેમ તેમ તેમણે અમને શીખવવાનું શરૂ કર્યું. સૌથી પહેલાં તો અમારે એ જાણવાનું હતું, કે 'રાજ્ય' શું છે, અને શા માટે ઈશ્વરે એ શબ્દનો ઉપયોગ કર્યો છે. તેઓ અમને શું કહેવાનો પ્રયત્ન કરી રહ્યા હતા? કેટલાક સંશોધન પછી, મને જાણવા મળ્યું, કે 'રાજ્ય' એ માત્ર લોકોનું ટોળું નથી. તે એ લોકોનું ટોળું હતું, કે જે સરકાર અને રાજાના અધિકારક્ષેત્ર હેઠળ રહેતું હતું. હકીકતમાં, 'રાજ્ય' શબ્દ પોતે, ખરેખર તો રાજાના આધિપત્યનો ઉલ્લેખ કરે છે. રાજાનું આધિપત્ય, અથવા તેની સત્તા અને તેના કાયદાઓ, તેની સરકાર દ્વારા, તેના પ્રભુત્વમાં રહેલા દરેક નાગરિકને લાગુ પડે છે. એટલે મારા માટે આ એક મહત્ત્વની ચાવી હતી : 'પરમેશ્વરનું રાજ્ય' એક 'સરકાર' છે.

અને સરકારો પાસે કાયદા હોય છે!

તમે જુઓ, મેં ઈશ્વરને મોટા ભાગના ખ્રિસ્તીઓની જેમ, ઈશ્વર શું કરી શકે છે, તેની ભૂલભરેલી સમજણ સાથે જ જોયા છે. મેં ધાર્યું હતું, કારણ કે તે ઈશ્વર છે અને જ્યારે તે ઇચ્છે, ત્યારે જે તે ઇચ્છે છે, તે બધું કરી શકે છે. હું જાણું છું કે પુસ્તકના આ તબક્કે તમે કહેવાના છો કે તમે ખોટા છો, પણ મને તે કહેવાનું ચાલુ રાખવા દો, કારણ કે હું માનતો હતો, કે ઈશ્વર જ્યારે ઇચ્છે, ત્યારે તે જે ઇચ્છે, તે કરી શકે છે, તેથી મેં અનુત્તરિત પ્રાર્થનાને એક વિનંતી તરીકે જોઈ હતી, જેનો તેમણે ઇનકાર કર્યો હતો. પ્રાર્થનાની બાબતમાં આ અનિશ્ચિતતા, મને માત્ર એવી જ આશા તરફ દોરી ગઈ, કે તેઓ જવાબ આપશે. આમ, મારા મોટા ભાગના પ્રાર્થનાના જીવનનું સ્વરૂપ ભીખ માગવાનું અને દયા માટે રુદન કરવાનું જ હતું. હું એવી આશા રાખતો હતો કે, આ રીત, મારી બાબતે ઈશ્વરનું ધ્યાન ખેંચવા માટે પૂરતી ગંભીર લાગે. પરંતુ જ્યારે ઈશ્વરે મને શીખવવાનું શરૂ કર્યું કે, તેમનું આખું રાજ્ય એક એવી સરકાર છે, જેમાં આપણે શીખી શકીએ અને તેનો ઉપયોગ કરી શકીએ, ત્યારે હું ઉત્તેજિત થઈ ગયો. મેં જાણ્યું કે જ્યારે હું ખ્રિસ્ત પાસે આવ્યો, ત્યારે હું તેમના મહાન રાજ્યનો વારસદાર અને નાગરિક બન્યો.

> *" માટે તમે હવે પારકા તથા વિદેશી નથી, પણ પવિત્રોની સાથેના એક નગરના રહેવાસી તથા દેવાના કુટુંબના માણસો છો" (એફેસી 2:19).*

મને યાદ છે કે, મેં એ શાસ્ત્રભાગ વાંચ્યો હતો અને વિચાર્યું હતું કે, *તેમના રાજ્યમાં મને કાનૂની અધિકાર છે! શું તે ખરેખર એટલું સરળ હોઈ શકે? યુનાઇટેડ સ્ટેટ્સના એક નાગરિક તરીકે, જે પહેલેથી જ મારું છે, તેના માટે મારે ભીખ માંગવાની અને વિનંતી કરવાની જરૂર નથી. હું એક નાગરિક છું, તે સાબિત કરવા માટે મારે મુશ્કેલીની લાગણીઓ અનુભવવાની જરૂર નથી. હું અહીં જ જન્મ્યો હતો. જ્યારે હું ફરીથી 'દેવના રાજ્ય'માં જન્મ્યો, ત્યારે હું તેમના 'રાજ્ય'નો 'નાગરિક' બન્યો.* આનો *અર્થ એ, કે મારી પાસે દરેક કાયદા અને લાભની કાનૂની પહોંચ છે (પહોંચી કે જઈ શકવું), જે 'તેમના રાજ્યના કાયદામાં નોંધાયેલ છે'.* જ્યારે ઈશ્વરે મને તે બતાવવાનું શરૂ કર્યું, ત્યારે મારું વિશ્વ એકદમ બદલાઈ ગયું. તમે જોયું, કે ડ્રેન્ડા અને હું પણ, મોટાભાગના ખ્રિસ્તીઓની જેમ, રાજ્ય અને તેના કાયદાને (નિયમોને) સમજી શક્યા ન હતા.

હકીકતમાં, જ્યારે કોઈ વ્યક્તિ મુશ્કેલ સમયનો સામનો કરી રહી હોય, ત્યારે તમે મોટા ભાગના ખ્રિસ્તીઓને એવું કહેતા સાંભળશો કે "ઈશ્વર પરવાનગી આપે છે, ઈશ્વર સારી રીતે જાણે છે, *ઈશ્વર તેને અંકુશમાં રાખે છે, અથવા ઈશ્વર સર્વોપરી છે". આ ટિપ્પણીઓ એવી માન્યતા સૂચવે છે, કે ઈશ્વર પાસે જવાબ આપવાનું સામર્થ્ય છે, પરંતુ તેઓ તૈયાર નથી અથવા તેમણે તેમાં સામેલ થવાનું નક્કી કર્યું નથી.* ઈશ્વરને લગતા આ ખોટા ખ્યાલો એ, ઈશ્વરના ચારિત્ર્યને ન જાણવાનું, કે પછી, ઈશ્વરનું રાજ્ય કેવી રીતે કામ કરે છે, તે ના જાણવાનું પરિણામ છે.

હું શું કહી રહ્યો છું તે મને સમજાવવા દો. જો તમારી પાસે બેંકમાં એક અબજ ડોલર હોત, તો તમે કહેતા, "મારી પાસે એક અબજ ડોલર છે." પરંતુ હકીકત એ છે, કે જ્યારે તમે આવું કહી રહ્યા છો, ત્યારે ખરેખર તમારા ખિસ્સામાં એક અબજ ડોલર નથી. તેના બદલે, તમારી પાસે એક સંસ્થામાં, એ એક અબજ ડોલર છે, જેમાંથી તમારે સંસ્થામાંથી નાણાં તમારા હાથમાં લેવા માટે, તેની કાનૂની પ્રક્રિયાને અનુસરવી આવશ્યક છે. ઈશ્વરનું રાજ્ય પણ એવું જ છે. એક નાગરિક તરીકે અને ઈશ્વરના ઘરના એક સભ્ય તરીકે, ઈશ્વર પાસે જે કંઈ છે, તેના આપણે વારસદાર છીએ. પરંતુ એવા કાયદાઓ અને પ્રક્રિયાઓ છે, કે જેના દ્વારા, પહેલેથી જ કાનૂની રીતે જે આપણું છે, તેના પર આપણે પકડ રાખીએ છીએ.

મોટા ભાગના લોકો ઈશ્વરના રાજ્યને સમજતા નથી, અને જે પ્રક્રિયાઓ અને નિયમો દ્વારા તે કાર્ય કરે છે, તે સમજતા નથી, તેથી જ્યારે ઈશ્વરનું વચન જે કહે છે, તે પ્રમાણે કશુંક બનતું નથી, ત્યારે લોકો એવું ધારી લે છે કે, દોષ ઈશ્વર બાજુનો છે, તેમનો પોતાનો નહીં.

મને જે જાણવા મળ્યું તે આ છે. ચાલો એમ કહીએ કે, તમે એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ પરથી કૂદવાનું નક્કી કર્યું છે, કોઈ પેરાશૂટ નહીં, ના, કોઈ નહીં, પરંતુ

તમને ખાતરી છે, કે જો તમે તમારા હાથને પૂરતા જોરથી ફફડાવશો, તો તમે ઊડીને સુરક્ષિત રીતે નીચે આવી શકશો. મને લાગે છે કે, તમે તે મૂર્ખ જોખમી પ્રવૃત્તિનું પરિણામ જાણતા હશો. તમે તેનું પરિણામ જાણો છો, તેનું કારણ એ છે કે, તમે ગુરુત્વાકર્ષણના નિયમને સમજો છો. એ જાણીને કે ગુરુત્વાકર્ષણના નિયમમાં કોઈ પક્ષપાત નથી, કોઈ ખાસ મનપસંદગી નથી, અને દરેક વખતે તે, તેવી જ રીતે કાર્ય કરે છે, તમે પરિણામ વિશે ચોક્કસ હશો. તેવી જ રીતે, જ્યારે તમે લાઇટની સ્વીચ ચાલુ કરો છો, ત્યારે તમે લાઇટ ચાલુ થવાની અપેક્ષા રાખો છો, કારણ કે તમે વીજળીના નિયમોને સમજો છો. જ્યારે હું વિમાનમાં ઉડાન ભરું છું, ત્યારે હું તેના ઉડવાની અપેક્ષા રાખું છું, કારણ કે હું એર-લિફ્ટનો (હવામાં ઊંચકવાનો) નિયમ સમજું છું. વિમાન અને લાઇટ દરેક વખતે કામ કરે છે, કારણ કે તેમનું કાર્ય કાયદાઓ પર આધારિત છે, જે શીખી શકાય છે અને પછી દરેક વખતે સમાન પરિણામો અને કાર્ય કરવા માટે તેની નકલ કરી શકાય છે. ઈશ્વરનું રાજ્ય એ જ સ્તરની નિશ્ચિતતા સાથે કાર્ય કરે છે.

> *ઈશ્વરની પાસે જવામાં આપણને હિંમત છે, કે જો આપણે તેની ઇચ્છા પ્રમાણે કંઈ પણ માગીએ, તો તે આપણું સાંભળે છે. અને જો આપણે જાણીએ કે, તે જે કંઈ આપણે માંગીએ તે સંબંધી તે આપણું સાંભળે છે, તો આપણે તેની પાસે જે માંગ્યું છે, તે આપણને મળે છે, તે પણ આપણે જાણીએ છીએ.*
>
> —1 યોહાન 5:14-15

આ આપણો આત્મવિશ્વાસ છે. જો આપણે ઈશ્વરની ઇચ્છા પ્રમાણે કશું પણ માગીએ, તો આપણે જાણીએ છીએ કે ઈશ્વર આપણને સાંભળે છે, અને જો આપણે જાણીએ છીએ કે ઈશ્વર આપણને સાંભળે છે, તો આપણે જાણીએ છીએ કે આપણે ઈશ્વર પાસેથી જે માગ્યું છે, તે આપણને મળે છે. તમે જુઓ, હું પરિણામ વિશે વિશ્વાસ કરી શકું છું, કારણ કે રાજા તે છે, જેણે કાયદો બનાવ્યો છે. તેઓ પણ પોતાના કાયદાનું સમર્થન કરવા જઈ રહ્યા છે. જ્યારે શાસ્ત્ર કહે છે, કે તેઓ આપણને સાંભળે છે, ત્યારે તે આપણા શબ્દોને કાનથી સાંભળી શકાય, તે રીતે સાંભળવાનો ઉલ્લેખ નથી કરી રહ્યા, પરંતુ, ન્યાયાધીશ ન્યાય આપવા માટે કેસની સુનાવણી કેવી રીતે કરે છે તેનો ઉલ્લેખ કરે છે. ન્યાયાધીશ તેની પોતાની લાગણીઓના આધારે ન્યાય કરતો નથી, પરંતુ, તે રાજ્યના નાગરિકોના ફાયદા માટે કાયદો લાગુ કરવામાં આવ્યો છે, તેની ખાતરી કરવા માટે ત્યાં છે. કોર્ટ કેસ શરૂ થાય તે પહેલાં, હું તે પહેલેથી જ જાણું છું, કે તે કેવી રીતે પૂરો થશે.

જયારે અમે અમારા જીવનમાં રાજ્યના નિયમો લાગુ કરવાનું શરૂ કર્યું ત્યારે ડ્રેન્ડાએ અને મેં, અમારા જીવનમાં નોંધપાત્ર બાબતો બનતી જોઈ. અમે લગભગ અઢી વર્ષમાં સંપૂર્ણપણે ‘દેવા’ મુક્ત થઈ ગયા. અમે ત્રણ બાળકો વચ્ચે આનંદદાયક ખાવાનું વહેંચવાથી માંડીને, નવી કાર માટે રોકડ રકમ ચૂકવવી અને 55 એકરમાં અમારું સપનાનું ઘર બનાવવું અને તેના માટે ચૂકવણી કરી દીધી હતી. અમે એવી કંપનીઓ શરૂ કરી, જે વર્ષો પછી પણ, વર્ષે સેંકડો હજારો ડોલરના ચોખ્ખા નફો ઉત્પાદિત કરે છે. પછી અમે મારા વતનમાં એક ચર્ચ શરૂ કર્યું, જેથી અમને ઈશ્વરના રાજ્ય વિશે, જે અમને જાણવા મળ્યું, તે લોકો સાથે વહેંચી શકીએ. અને અમે જોયું કે, ઘણા લોકો એ જાણવા માગે છે, કે અમને શું જાણવા મળ્યું અને જે સારા જીવનનો, ઈશ્વરનું રાજ્ય પ્રસ્તાવ મૂકે છે, તે જીવવા ઈચ્છા રાખે છે. રાજ્યના સારા સમાચારને કારણે, ત્યારથી ચર્ચ, હજારોની સંખ્યામાં મજબૂત બન્યું છે.

જો કે હું લગભગ દરરોજ, જે કોઈ સાંભળે, તેને રાજ્ય વિષે શીખવતો હતો, તેમ છતાં, મને એવા લોકોના જૂથ સુધી પહોંચવાની ઇચ્છા હતી, જેમણે આ પહેલાં ક્યારેય તેને (રાજ્યને) એક પ્રકારના પ્રયોગ તરીકે સાંભળ્યું ન હતું. હું જાણતો હતો કે રાજ્ય વિશેની તેની સમજની બાબતમાં, કોઈના જીવનમાં પરિવર્તન જોવા માટે, રાજ્યની મૂળભૂત સમજ મેળવવા, મારે એક કરતાં વધુ સત્રોની જરૂર પડશે. મેં વિચાર્યું, કે જે વિચાર કામ કરશે, તે મેથોડિસ્ટ ચર્ચમાં ઉછરેલા મારા અનુભવમાંથી જન્મ્યો હતો. જ્યારે હું યુવાન હતો, ત્યારે અઠવાડિયા સુધી રોજ સાંજના સમયે પુનર્જીવનની (જાગૃતિની) સભાઓ થતી હતી. તેથી જો તમે ઇચ્છો તો, એક અઠવાડિયા સુધી નાણાકીય જાગૃતિની સભાઓ યોજવાનું મેં સપનું જોયું. મેં તેની પાંચ સાંજના સત્રો સુધી ચાલે તેની કલ્પના કરી. મેં આ પહેલાં ક્યારેય રાજ્યની દિશા પર શીખવ્યું ન હતું, અને હું વિચારતો હતો કે હું તેને કેવી રીતે એકસાથે મૂકીશ. પરંતુ મને એ જાણવાની જિજ્ઞાસા હતી, કે જે લોકો તે સાંભળે છે, તેમના પર સીધા પાંચ સત્રો શીખવવાની શું અસર થશે. મેં આવી મીટિંગ યોજવા વિશે પ્રાર્થના કરવાનું શરૂ કર્યું અને ઈશ્વરન પાસે તેમ કરવાની તક માંગી. મારી ઈચ્છા, એવા લોકોના જૂથને તે શીખવવાની હતી, કે જેમણે આ પહેલાં તે સાંભળ્યું ન હોય.

એક બપોરે, હું મારા એક મિત્રને મળ્યો, જે આલ્બેનિયામાં એક મિશનરી હતો. અમારી વાતચીત ચર્ચ અને સેવાનાં ઘણાં પાસાંઓની આસપાસ ફરતી હતી. છેવટે અમારી વાતચીત ઈશ્વર મને જે બતાવી રહ્યા હતા, તે તરફ વળી. લેરી તે વર્ષના પાછળના ભાગ, પાનખરમાં, આલ્બેનિયામાં તેમની વાર્ષિક રાષ્ટ્રવ્યાપી સેવાની પરિષદનું આયોજન કરી રહ્યા હતા અને વક્તાઓમાંના એક તરીકે મને આમંત્રણ આપ્યું હતું. મેં તેમને પાંચ સેશન કરવાની મારી ઇચ્છા વિશે કહ્યું નહોતું, પણ જ્યારે તેમણે કહ્યું કે, મારે ત્યાં ત્રણ સેશન લેવાના છે, ત્યારે હું રોમાંચિત થઈ

ગયો હતો. તેમણે કહ્યું કે મારે ત્યાં મારી રીતે સેશન્સ લેવાના છે અને સાથે સાથે જે ઘણા પાળકઓ આવવા માંગે છે, તેમને ધ્યાનમાં રાખીને, કારણ કે તે સમયે અલ્બેનિયામાં ખૂબ જ ગરીબી હતી. હું સંમત થયો અને 2005 ની પાનખરમાં અલ્બેનિયા પહોંચવાની યોજના બનાવી.

છેવટે એ પ્રવાસ આવી પહોંચ્યો અને હું ખૂબ જ ઉત્તેજિત હતો કે, હું એવા લોકોના એક જૂથને ‘રાજ્ય’ વિષે શીખવી શકું, કે જેઓ હજુ ખ્રિસ્તી હોવું એટલે શું, તે શીખી રહ્યા હતા. જ્યારે હું આલ્બેનિયા પહોંચ્યો, ત્યારે લેરી એરપોર્ટ પર મને મળી હતી અને કહ્યું હતું કે તેમના એક વક્તા આવી શકવાના નથી અને હવે મારે પાંચ સેશન્સ લેવાના છે. હું જાણતો હતો, કે આ એક પવિત્ર આત્માની જોગવાઈ છે, ચોક્કસપણે ! મારી પાસે ત્રણ સત્રો માટેની નોંધો હતી, પરંતુ મેં પ્રાર્થના કરી અને ઝડપથી બીજા બે સત્રો લખ્યા. મને થોડી આશંકા હતી, કે એ લોકો કેવી પ્રતિક્રિયા આપશે, કારણ કે તેમની ગરીબી ખુબ ગંભીર હતી અને રાષ્ટ્રમાં દરેક જગ્યાએ ભ્રષ્ટાચાર હતો.

પહેલા સત્ર દરમિયાન હું કહી શકું છું કે, તેઓ થોડા ખચકાટ અનુભવતા હતા, પરંતુ જેમ જેમ ઈશ્વરે મને જે શીખવ્યું હતું, તે શીખવવાનું મેં ચાલુ રાખ્યું, તેમ તેમ આધાર આપતી વાર્તાઓ સાથે હું જે શીખવી રહ્યો હતો, તેનાથી લોકો આનંદિત અને વધુ ને વધુ ઉત્તેજિત થતા ગયા. મારા ચોથા સેશનમાં તેઓ ખુલીને હસી રહ્યા હતા, અને તેઓ જે સાંભળી રહ્યા હતા, તેનાથી એટલા આનંદિત હતા, કે કેટલાક તો બૂમો પાડી રહ્યા હતા. નવાઈની વાત એ છે કે, મને લાગ્યું કે પ્રભુ મને કહે છે કે મારે પાંચમા સત્રમાં મારે દાન લેવું જોઈએ. હું આશ્ચર્યથી કહું છું, કારણ કે આ લોકોને માટે મીટિંગમાં આવવા, મેં ઘણા બધા પૈસા ખર્ચ કર્યા હતા અને હું જાણતો હતો કે, તેઓ પૈસામાં ખૂબ જ તંગ સ્થિતિમાં છે અથવા તો તેમની પાસે તે નથી. પરંતુ જ્યારે મેં તેના વિશે વિચાર્યું, ત્યારે મને સમજાયું, કે લોકોએ તેઓ જે સાંભળી રહ્યા હતા, તેના પર કાર્ય કરવાની જરૂર છે. જો કે, હું લેરીને આ કહેવા વિશે થોડો ચિંતિત હતો, પરંતુ તેણે તરત જ કહ્યું, કે આગળ વધો અને દાન લો. અલબત્ત, હું મારા માટે કોઈ દાન લઇ રહ્યો ન હતો; આલ્બેનિયન ચર્ચોના ફાયદા માટે આ દાન અલ્બેનિયામાં જ રહેશે.

છેલ્લું સત્ર આવ્યું અને તમારા વિશ્વાસને કેવી રીતે મુક્ત કરવી, તે હું શીખવી રહ્યો હતો, અને તે વિષે કેટલાક કાયદાઓની સ્પષ્ટતા કરી રહ્યો હતો. સેવાના અંતે જ્યારે મેં દાન લીધું, ત્યારે બધું જ તૂટી ગયું. ઈશ્વરના અભિષેકથી સભાગૃહ ભરાઈ ગયું અને લોકો બૂમો પાડવા લાગ્યા અને નાચવા લાગ્યા. ચાર જણ બાસ્કેટ ભરીને આગળ ઊભા હતા અને તેઓ જ્વલ્લે જ ઊભા રહી શકતા હતા.લોકો તેમના અર્પણો લાવ્યા હતા અને તેઓ ઈશ્વરની હાજરીમાં રડતા હતા અને ધ્રુજતા હતા. મેં આવી મીટિંગ ક્યારેય જોઈ ન હતી, ખાસ કરીને પૈસા આપવા વિશે!

હું અને લેરી મિટિંગમાંથી બહાર નીકળ્યા ત્યારે, અમે વાત કરી કે તે રાત્રે થયેલા સામર્થ્યવાન અભિષેક અને લોકોના પ્રતિસાદથી અમને કેવી રીતે આશ્ચર્ય થયું હતું. લેરીના એપાર્ટમેન્ટમાં પહોંચ્યા બાદ, લેરીને પૈસા ગણવાની ઉત્સુકતા હતી, કારણ કે તેની પાસે અગાઉ ક્યારેય દાનમાંથી રોકડની બે સંપૂર્ણ થેલીઓ નહોતી આવી. બેગનો પા ભાગ (એક ક્વાર્ટર) એ સામાન્ય રકમ હતી, જે તેણે કહ્યું હતું કે ભૂતકાળમાં દાન લેતી વખતે તેણે એકત્રિત કરી હતી. લેરીએ પોતાના દીવાનખંડના ટેબલ પર એ બધી વસ્તુઓ કાઢી, ત્યારે અચાનક જ ઓરડામાં આછા વાદળી રંગનું ધુમ્મસ છવાઈ ગયું અને મેં અગાઉ ક્યારેય અનુભવ્યો ન હતો તેવો અભિષેક અમારા પર આવ્યો. અમે ફક્ત અમારી બેઠકો પર પાછળ ટેકવ્યા, સિવાય બીજું કંઇ કરી શક્યા નહીં. અમારી સામેના ટેબલ પર પડેલા પૈસાના ઢગલા તરફ મેં નજર કરી ત્યારે, મેં જોયું કે ઢગલાની વચ્ચોવચ એક પુરુષના લગ્નની વીંટી હતી. હું જાણતો હતો કે વીંટી એણે આપી હતી, જેની પાસે પૈસા ન હતા, પરંતુ તેમની પાસે જે હતું તે બધું આપ્યું હતું. મેં વીંટી જોઈ, ત્યારે પ્રભુએ મારી સાથે વાત કરી.

“આર્થિક આશીર્વાદનો મારો કરાર શીખવવા માટે, હું તને દેશોમાં બોલાવી રહ્યો છું, અને જ્યાં જ્યાં હું તને મોકલું, ત્યાં હું તેની કિંમત ચૂકવીશ."

હું પૂર્વવત્ થઈ ગયો હતો. હું ત્રણ દિવસ સુધી સૂઈ શક્યો નહીં. એ અભિષેક એ પછીનાં અઠવાડિયાંઓ સુધી મારા પર છવાયેલો રહ્યો. જો હું ક્યારેય બીજા દેશના કોઈકેને મળીશ, તો હું ફરીથી તે અભિષેકનો અનુભવ કરીશ. જોકે આ ઓફર અલ્બેનિયન ચર્ચો માટે ત્યાં જ છોડી દેવામાં આવી હતી, પરંતુ હું ઘરે પહોંચ્યો પછી, લેરીએ મને ફોન કર્યો અને કહ્યું કે ઈશ્વરે તેને મને રિંગ મોકલવાનું કહ્યું છે. હું રોમાંચિત થઈ ગયો. જો કે મેં લેરીને તે વીંટી માટેની મારી ઇચ્છા વિશે કશું કહ્યું ન હતું, તેમ છતાં, તેણે ઈશ્વર પાસેથી સાંભળ્યું અને તે મને મોકલી. હું ઇચ્છતો હતો, કે પ્રભુએ મને જે કહ્યું, તેના સ્મારક તરીકે તે વીંટી રહે, અને આજે મારી પાસે તે મારી દિવાલ પર લગાવેલી છે.

જ્યારે હું ઓહિયોના ઘરે પહોંચ્યો, ત્યારે લેરીના એક પાળક મિત્ર, જે ઉટાહમાં એક નાના ચર્ચમાં પાળક તરીકે સેવા આપે છે, તેમણે આલ્બેનિયામાં શું બન્યું હતું, તે વિષે સાંભળ્યું અને જો હું તૈયાર હોઉં, તો ત્યાં બોલાવવા માટે મારો સંપર્ક કર્યો. તેઓના ચૂર્ચમાં ભારતના લોકો હતા, અને તેમણે કહ્યું હતું કે લોકો ખૂબ જ ગરીબ છે. તેમણે કહ્યું કે તેમનું ચર્ચ ફક્ત 60 લોકોનું હતું, પરંતુ મેં તેને કહ્યું કે તે બરાબર છે; હું આવી રહ્યો છું.

આલ્બેનિયામાં મેં જે પાંચ સત્રો શીખવ્યાં હતાં, તે જ મેં ત્યાં પણ શીખવ્યા. મેં ત્યાં વાદળી ધુમ્મસ ના જોઈ, પરંતુ ફરીથી અભિષેક ખૂબ જ મજબૂત હતો.

આ કિસ્સામાં જે દાન લેવામાં આવ્યું હતું, તે મારા પોતાના સેવાકીય ક્ષેત્ર માટે

હતું, તેથી મેં કેશ બેગની ચેન બંધ કરી અને તેને ઓહિયો પાછી લઈ ગયો. જેવો હું મારી ઑફિસે પહોંચ્યો, મેં એ બેગ મારી સેક્રેટરીને ગણતરી કરવા અને જમા કરાવવા માટે આપી, ત્યારબાદ મેં લંચ તરફ પ્રયાણ કર્યું. જમતી વખતે મારો સેલફોન રણક્યો અને મેં જોયું કે તે મારી સેક્રેટરીનો ફોન નંબર હતો. જ્યારે મેં ફોન ઉપાડ્યો, ત્યારે મેં લાઇન પર કોઈનો અવાજ સાંભળ્યો નહીં. જોકે, જ્યારે હું ફોન કટ કરવાની તૈયારીમાં હતો, ત્યારે મને લાગ્યું કે મેં કોઈને રડતા સાંભળ્યું છે. "ટ્રેસી?" મેં કહ્યું. ટ્રેસીએ પોતાની લાગણીઓને કાબૂમાં રાખવાનો પ્રયત્ન કરતાં જવાબ આપ્યો. એણે કહ્યું, "પાળક, આ પૈસાને લઈને ઉટાહમાં શું બન્યું?" "તું શું કહેવા માંગે છે, કે પૈસાને લઈને શું બન્યું??" એણે કહ્યું, "જ્યારે મેં બૅગ ખોલીને મારા ટેબલ પર તેને ગણવા માટે ઊંડેલી, ત્યારે અચાનક જ ઈશ્વરનો અભિષેક મારા પર એટલો મજબુતીથી આવ્યો કે હું જમીન પર પડી ગઈ. બીજી સેક્રેટરી, જેણે આનો અવાજ સાંભળ્યો, તે શું થઈ રહ્યું છે તે જોવા માટે તેની ઑફિસમાંથી બહાર આવી અને ઈશ્વરના સામર્થ્ય એ, તેને તે જ રીતે અસર કરી! પાળક, પૈસાને લઈને શું બન્યું?" મેં તેને ઉટાહમાં જે બન્યું હતું તે કહ્યું, અને અર્પણ એકઠું કરતી વખતે, ત્યાં જે મજબૂત અભિષેક હતો તે જણાવ્યું, પરંતુ તે સિવાય, ખરેખર બીજું કશું થયું નહીં. મારે કબૂલ કરવું પડશે, કે જે કંઈ બની રહ્યું હતું, તેના વિશે હું ખૂબ જ ઉત્સુક હતો, કારણ કે મેં અગાઉ આવું ક્યારેય સાંભળ્યું ન હતું અથવા જોયું ન હતું. જો કે મને તે સમજાયું નહીં, પણ એ તો સ્પષ્ટ હતું, કે સભામાંથી અર્પણના પૈસા પર એ અભિષેક હતો! ખરેખર!

અમે જેને 'નાણાકીય ક્રાંતિ પરિષદો' તરીકે ઓળખાવીએ છીએ, તે સમગ્ર દેશમાં, નાના-મોટા ચર્ચોમાં, જ્યાં પણ કોઈ સાંભળે, ત્યાં યોજવાનું શરૂ કર્યું. જો કે અમે ફક્ત કેટલાક પ્રસંગોએ જ વાદળી ધુમ્મસ જોયું, પરંતુ 'અભિષેક' હંમેશાં ખૂબ જ મજબૂત હતો. અલ્બેનિયાની જેમ અને ઉટાહમાં ભારતીય ચર્ચમાંથી મળેલા અર્પણની જેમ, બીજે પણ અભિષેકના અવશેષો અર્પણ પર જ હતા. મેં નોંધ્યું છે કે, સભા (મીટિંગ) પછી અને અર્પણની ગણતરી કરવામાં આવી રહી હોય કે, તમે અર્પણમાંથી એક સિક્કો પકડ્યો હોય અને ફક્ત પવિત્ર આત્માના સામર્થ્ય હેઠળ, ધ્રુજવાનું શરૂ થઇ રહ્યું છે. બીજી એક રસપ્રદ બાબત, જેની અમે નોંધ લીધી, તે એ હતી કે, પૈસા અથવા ચેકનો દરેક ટુકડો બધે અલગ હતો. તે બધા પર એક સરખા અભિષેક ઉતારવાનું સ્તર નહોતું. મને પાછળથી ખબર પડી કે, આ અર્પણ દ્વારા વ્યક્તિ તરફથી મુકવામાં આવતા વિશ્વાસને પરિણામે હતું. અતુલ્ય ! (જેની તુલના કરી ના શકાય, તેવું).

પાંચ પુસ્તકોની *તમારી નાણાકીય ક્રાંતિની* શ્રેણીમાં, મેં તે પ્રથમ આલ્બેનિયન મીટિંગમાં કરેલા પાંચ સત્રોને આવરી લેવામાં આવ્યા છે. અલબત્ત, પ્રથમ પરિષદ કરતાં પુસ્તકો થોડા વધુ વિસ્તૃત છે. મને વિશ્વાસ છે કે તમે ડ્રેન્ડા અને મારી જેમ

જ, રાજ્યનો અભ્યાસ કરવાનું શરૂ કરશો અને દરેક બાબતને, તમે કેવી રીતે જુઓ છો, તેનો દ્રષ્ટિકોણ બદલાઈ જશે, જેમ તેને અમારા માટે કર્યું, તેમ. આ શ્રેણીનું ત્રીજું પુસ્તક છે. મેં જ્યારે આલ્બેનિયામાં આ વિષય પર શીખવ્યું, ત્યારે તેને *"પવિત્ર આત્મા દ્વારા સમૃદ્ધિ"* નામ આપ્યું હતું. હું માનું છું કે તે નિવેદન આજે પણ સાચું છે. તે પવિત્ર આત્માથી પ્રેરિત વ્યૂહરચનાઓ હશે, જે તમને સમૃદ્ધ બનાવશે. હું આશા રાખું છું કે આ પુસ્તક દ્વારા તમે શીખશો, કે પવિત્ર આત્મા પૃથ્વીના ક્ષેત્રમાં કેવી રીતે કાર્ય કરે છે, કે જે તે વ્યૂહરચનાઓને સફળ થવા પર લઈ આવે.

# પ્રકરણ 1
# તમે અમારી પાસે શું કરવાની ઈચ્છા રાખો છો?

જ્યારે હું આલ્બેનિયાથી પહેલી વાર ઘરે આવ્યો હતો, ત્યારે હું એક ગડબડીમાં (ગૂંચવણમાં) હતો. પ્રભુએ અમારા જીવનમાં જે કર્યું હતું અને પછી તેમણે મને જેવી રીતે કહ્યું હતું, કે મારે આને દેશોમાં લઈ જવાનું છે, તેની અસર અભિભૂત હતી. દેશો? હું એ જ વ્યક્તિ હતો, જેણે ટ્રેન્ડાને અમારા લગ્ન વખતે પ્રથમ કહ્યું હતું કે, હું ક્યારેય મુસાફરી નહિ કરું, ક્યારેય હું અન્ય દેશોમાં મિશન ટ્રીપ પર જવા માંગતો નહોતો. પરંતુ ચોક્કસપણે ઈશ્વરની બીજી જ યોજનાઓ હતી. મારે દેશોમાં જવાનું હતું, પણ કેવી રીતે? મારો એક વ્યવસાય હતો, જેમાં મોટા ભાગના યુનાઇટેડ સ્ટેટ્સ સામેલ થતા હતા, ચલાવવા માટે એક ચર્ચ, ભરણપોષણ માટે એક કુટુંબ અને બીજી ઘણી બધી જવાબદારીઓ હતી. મને જરાક પણ સમજાયું નહીં, કે હું દેશોમાં કેવી રીતે જઇ શકીશ. પણ ઈશ્વર પાસે એક યોજના હતી, એક એવી યોજના, કે જેમાં મારે પ્રવાસ કરવાની જરૂર જ નહોતી. એક એવી યોજના હતી કે જેના વિશે મેં કદી વિચાર્યું જ નહોતું અને ના તો હું ખરેખર ધ્યાન પર પણ લેવા માંગતો હતો - ટેલિવિઝન.

હું અને ટ્રેન્ડા ટેલિવિઝન વિશે કશું જ જાણતા ન હતા. તે સમયે, અમે અમારી સેવાઓનું વિડિઓ રેકોર્ડિંગ પણ કરતા ન હતા. પરંતુ ઈશ્વરે અમને બતાવવાનું શરૂ કર્યું, કે શું થવાનું છે અને તે વિશે કેવી રીતે આગળ વધવું, અને અમે ટેલિવિઝન માટે ખેંચાણ અનુભવી રહ્યા હતા. સૌથી પહેલાં હું એ શીખ્યો, કે ટીવી નો માધ્યમ તરીકે ઉપયોગ કરવા માટે, પૈસા - ઘણા બધા પૈસાની જરૂર પડે છે. જ્યારે બધા પ્રકારનો ખર્ચ ઉમેરવામાં આવ્યો, ત્યારે અમને ખબર પડી કે ટીવી પરના, તે પ્રથમ વર્ષનો આરંભ (લોન્ચ) કરવા માટે લગભગ 300,000 ડોલર લાગશે. મારે સ્વીકારવું પડશે, કે ટેલિવિઝન પર કામ કરવું કેટલું મોંઘું હતું, તે જાણીને મને થોડો આઘાત લાગ્યો હતો. સૌથી મોટી વાત એ હતી, કે અમે "નાઉ સેન્ટર' એટલે કે અમારા મિનિસ્ટ્રી કેમ્પસનું નિર્માણ કરી રહ્યા હતા, ત્યારે ચર્ચ આર્થિક રીતે પૂરું બંધનમાં હતું અને ટી.વી.ના કામ માટે ચૂકવવાના કોઇ વધારાના પૈસા નહોતા. એટલે મેં પ્રભુને

એમ જ કહ્યું, કે અત્યારે ટીવીનું કામ શરૂ કરવાના પૈસા નથી. મને યાદ છે કે તેઓ મારી સાથે સંમત થયા અને કહ્યું, "સાચી વાત, તેથી જ તું અને ડ્રેન્ડા તેના માટે ચૂકવણી કરશો!"

એવું કહેવું કે અમે થોડા અભિભૂત થઈ ગયા હતા, તે એક ઓછા મહત્વની વાક્ય હોત, ખાસ કરીને, કારણ કે અમારો ચર્ચ સાથેનો છ થી સાત મિલિયન ડોલરનો બિલ્ડિંગ પ્રોજેક્ટ અડધે પહોંચેલો હતો. મારા પર વિશ્વાસ રાખજો, 'નાઉ સેન્ટર પ્રોજેક્ટ' એ, પોતે જ, એક ખુબ મોટા વિશ્વાસનું સાહસ હતું અને તે પ્રોજેક્ટમાં અમારા તમામ સ્રોતોન જઈ રહ્યા હતો. વળી, ડ્રેન્ડા અને મેં આ પ્રોજેક્ટ માટે 2,50,000 ડૉલરની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી અને એ વખતે એ બધાં નાણાં હજી આવ્યાં નહોતાં. આ સંખ્યાની ઉપર જઈને, એ જ વર્ષમાં વધુ 3,00,000 ડોલર ઉમેરવા, તે અસંભવ લાગતું હતું.

હું જાણતો હતો કે હું જે મુસાફરી પર હતો, તે પ્રભુની હતી. તેમણે મને જ્યાં મોકલ્યો છે, ત્યાં પૈસા પૂરા પાડવાનું તેમનું વચન હજી પણ મારા આત્મામાં ગુંજી રહ્યું હતું. પણ તેમ છતાં, સ્વાભાવિક રીતે જ, હું આંકડાઓને ગમે તે રીતે જોઉં તો પણ, મને એવો કોઈ રસ્તો દેખાતો ન હતો, કે ડ્રેન્ડા અને હું, અમે જે કંઈ પણ કરી રહ્યા હતા, તેની ઉપર તે 3,00,000 ડોલર ચૂકવી શકીએ.

હું જાણતો હતો કે તેમના વચન પ્રમાણે ઈશ્વર વફાદાર છે અને હું જાણતો હતો કે મારે વિશ્વાસ સાથે આગળ વધવું પડશે, અને મારે શું કરવું, તે તેઓ મને બતાવશે, તેવો વિશ્વાસ રાખીને. કાશ હું હ તમને કહી શકતો, કે હું આત્મવિશ્વાસથી ભરેલો હતો અને આ નિર્ણય અંગે ચિંતામુક્ત હતો, પરંતુ હું એવું નહોતો કરી શક્યો. અમારા પાસે આવતો દરેક પૈસો ચર્ચની બિલ્ડીંગ લઇ રહ્યું હતું. મારા બધા જ અંગત નાણાંનો ઉપયોગ મેં વાયદો કરેલ 2,50,000 ડૉલર ચૂકવવા માટે કરવામાં આવી રહ્યો હતો અને મારા વ્યવસાયના બીજાં ઘણાં ક્ષેત્રોને પણ, તે વર્ષે ભંડોળ પૂરું પાડવાની જરૂર હતી. ટેલિવિઝન પરના કામ માટે 3,00,000 ડૉલરના સ્ટાર્ટ-અપ ખર્ચ માટે કોઈ પૈસા ઉપલબ્ધ નહોતા !

**હું જાણતો હતો કે તેમના વચન પ્રમાણે ઈશ્વર વફાદાર છે અને હું જાણતો હતો કે મારે વિશ્વાસ સાથે આગળ વધવું પડશે, અને મારે શું કરવું, તે તેઓ મને બતાવશે, તેવો વિશ્વાસ રાખીને**

ડ્રેન્ડા અને હું 'હવાઈ' માં બે અઠવાડિયાના વેકેશન પર હતા, અને જ્યારે હું ઘરે પાછો આવું, ત્યારે મારે ટીવી પરનું કામ શરૂ કરવા માટે, કરાર પર સહી કરવાની હતી. મેં ચોક્કસપણે હવાઈનો આનંદ માણ્યો, પરંતુ મારે સ્વીકારવું પડશે,

કે સંપૂર્ણપણે આરામ કરવો થોડો મુશ્કેલ હતો, કારણ કે જ્યારે હું ઘરે પહોંચ્યુ, ત્યારે આ નિર્ણયનો હું સામનો કરવાનો છું, તેનું વજન મારા મગજમાંથી કાઢવું મુશ્કેલ હતું. ટી.વી. પરનું કામ કરવાના પૈસાના પાસા ઉપરાંત, હું તે કરવા માટે સંપૂર્ણપણે તૈયાર ન હતો, કારણ કે કેમેરા સામે વાત કરવામાં મને ખૂબ જ સભાનતા લાગતી હતી. હું એક મીટિંગમાં હજારો લોકો સાથે વાત કરી શકતો હતો, પરંતુ ટીવી કેમેરાની સામે, હું ગભરાઈ ગયો. આ બધું મારા મગજમાં અને મારા આત્મામાંથી પસાર થઈ રહ્યું હતું, હું તે નિર્ણય લેવા પર ભયની ભાવના સામે લડી રહ્યો હતો.

જોકે હું જાણતો હતો, કે મેં ચોક્કસપણે પ્રભુ પાસેથી સાંભળ્યું હતું, તેમ છતાં, હું હજી પણ એ હકીકતનો સામનો કરી રહ્યો હતો, કે ત્યાં પૈસા નહોતા. મારો વ્યવસાય, નાણાકીય રીતે આખું વર્ષ ખેંચમાં હતો, અને હું જોઈ શકતો ન હતો, કે આ બધું કઈ રીતે કામ કરી શકશે. હા, તે ભય હતો, હા, તે અવિશ્વાસ હતો. મને એ ખબર છે. હું અહીં ફક્ત પ્રામાણિકતા બતાવી રહ્યો છું. હું જાણતો હતો કે મારે વચનને પકડી રાખવાનું છે અને મારી પાસે જે છે, તેનાથી મારી નજર હટાવવી પડશે અને તે વીંટી તરફ જોવાનું ચાલુ રાખ્યું. તેમણે કહ્યું હતું, કે તેઓ તેના માટે ચૂકવણી કરશે ! આ સમય દરમિયાન, એક અર્પણ દરમિયાન સોનાનો સિક્કો આવ્યો હતો. પ્રામાણિકપણે કહું તો, આ સિક્કો પકડતા પહેલા, મેં ક્યારેય સોનાનો સિક્કો જોયો ન હતો. મેં તેને પકડી રાખ્યો ત્યારે, ઈશ્વરે મારી સાથે વાત કરી. "જે રીતે મેં પીતરને બતાવ્યું હતું કે, સિક્કો ક્યાંથી તેનો કર ચૂકવવાનો છે, તે જ રીતે હું તને બતાવીશ, કે ટીવીના કામ માટે ચૂકવવા માટે પૈસા ક્યાંથી શોધવાના છે."

અમારા 'હવાઈ' વેકેશનમાં. હું એ સોનાનો સિક્કો અમારી સાથે લઈ ગયો હતો અને હું બીચ પર ચાલી રહ્યો હતો અને પ્રાર્થના કરતો હતો, અને એ સિક્કો પકડીને, મને પોતાને યાદ અપાવ્યું કે ઈશ્વરે ટીવીનું કામ ઢાંક્યું છે. બીચ પરનું મારે પ્રાર્થના માટે જવું, સામાન્ય રીતે કંઈક આવું જ હતું. થોડા સમય માટે આત્મામાં પ્રાર્થના કર્યા પછી, મને તે કરાર પર સહી કરવા માટે શાંતિ મળી અને ઘર તરફ પાછા ફરવાનું શરૂ કર્યું, પરંતુ હું ટેકરી પર લગભગ 20 થી 50 ફૂટ ઉપર જ પહોંચ્યુ, તે પહેલાં, મારું મન ફરીથી જોરથી કહેવા લાગ્યું, કે પૈસા ઉભા થવા માટે, સ્વાભાવિક રીતે કોઈ રસ્તો નથી. હકીકત એ હતી કે, અમારી પાસે પૈસા નહોતા, અમારે ટીવીનું કામ કેવી રીતે કરવું, તેની જાણકારી ન હતી, અમારી પાસે કોઈ સાધનો નહોતા, અને લિસ્ટ આગળ વધતું જાય તેમ છે. પણ પ્રભુએ મને આલ્બેનિયામાં જે કહ્યું હતું, તે હું મારા આત્માથી સાંભળતો રહ્યો, કે પ્રભુએ મને જ્યાં મોકલ્યો છે, ત્યાં તે તેની કિંમત ચૂકવશે. આ બધું ચાલતું હતું ત્યારે, પહેલાં જ મે મહિનો આવી ચૂક્યો હતો, અને હકીકતમાં આ કામ કરવા માટે મારે વર્ષના અંત સુધીમાં 3,00,000 ડૉલર મેળવવાના હતા, જેના કારણે તે વધુ મોટો પર્વત બની ગયો હતો.

ભયની લાગણી પણ મારી સાથે વાત કરી રહી હતી, ઈશ્વરે મને જે કહ્યું હતું, તેને પકડી રાખવાના મારા નિર્યણની કસોટી કરી રહી હતી. "તમે નાણાકીય પ્રામાણિકતા શીખવો છો, અને જ્યારે તમે તમારા બિલો ચૂકવી શકતા નથી, ત્યારે તે કેવું લાગે?" તેથી હું પાછો ફરીને તે બીચ પર પાછો ગયો અને જ્યાં સુધી મને તેના વિશે શાંતિ ન મળી, ત્યાં સુધી મારા મનને ઈશ્વરના વચન તરફ નવીનીકરણ માટે પ્રાર્થના કરતો રહ્યો. હું આગળ-પાછળ થતો રહ્યો, અને લગભગ એક અઠવાડિયા સુધી, આ કરાર પર મારા મન અને આત્મામાં કુસ્તી કરતો રહ્યો, જ્યાં સુધી મને ખબર ન પડે, કે હું જાણું છું કે બધું બરાબર થઈ જશે, અને ભય હવે મને નકારાત્મક વિચારોથી પીડા આપી શકશે નહિ. ડ્રેન્ડા અને મને ખબર નહોતી કે પૈસા ક્યાંથી આવવાના છે, પણ અમે જાણતા હતા કે અમે ઈશ્વરને સાંભળ્યા હતા. તેથી જ્યારે હું ઘરે આવ્યો, ત્યારે મેં કરાર પર સહી કરી, અને અમે હવે ટીવીના કામ માટે કેવી શક્યતાઓ છે, તે શોધવા લાગ્યા.

પૈસાની બાજુના સમીકરણના સંદર્ભમાં, આશ્ચર્યજનક રીતે, આ હવાઈ વેકેશન નક્કી થયું, તેના થોડા મહિના પહેલા, મને એટલાન્ટાના એક માણસનો ફોન આવ્યો, જેને હું જાણતો ન હતો. તેણે કહ્યું કે, તેણે નાણાકીય બાબતોનું મારું પુસ્તક લીધું હતું અને તેને તે ગમ્યું છે. તે સમયે, મારું પુસ્તક માત્ર સ્વ-પ્રકાશિત થયું હતું, અને મારા પોતાના શહેર સિવાય, બીજે ક્યાંય કદી વેચવામાં આવ્યું ન હતું. પરંતુ એવું લાગે છે કે, મારા એક કર્મચારીએ એટલાન્ટામાં વેકેશન નક્કી કર્યું હતું અને આ માણસ સાથે આજીવિકા માટે તેણે શું કર્યું, તે વિશે વાતચીત કરી હતી, જેને તે એરપોર્ટ પર એમ જ મળી ગયો હતો. બનવાજોગ, મારા કર્મચારી પાસે મારું પુસ્તક હતું અને તે તેને આપ્યું હતું.

તેથી, તેણે કહ્યું કે, તે વાંચ્યા પછી તેને તેમાં એટલો રસ પડ્યો, કે તેણે મારી સાથે વાત કરવી પડી. અમે લાંબા સમય સુધી વાતો કરી, અને તેણે ઉલ્લેખ કર્યો કે, તે એક પ્રવાસી પ્રચારક હતો, જે તેના મુખ્ય કામના સ્થાન તરીકે વિદેશો પર ધ્યાન કેન્દ્રિત કરતો હતો. તેમણે પૂછ્યું કે શું આપણે ક્યારેક મળી શકીએ, અને મેં કહ્યું કે હું લગભગ એક મહિનામાં હું મિટિંગ માટે એટલાન્ટા એરપોર્ટ પર જઈશ, જે મારા વેકેશન પછી થવાની હતી. અમે મળવા માટે સંમત થયા. જ્યારે અમે આખરે મળ્યા, ત્યારે અમારી વચ્ચે ઘણી સરસ વાતચીત થઈ. મને તેની ચમત્કારોની બધી વાતો અને તેના પ્રવાસોમાં વારંવાર સામનો કરવો પડતો હતો, તે જોખમો સાંભળવાનો આનંદ માણ્યો. પરંતુ એ નાણાંનો વિષય હતો, કે જ્યાં અમે ખરેખર જોડાયા હતા. તે મારા પુસ્તક અને દેવામાંથી બહાર નીકળવાની મારી વાતથી મોહિત થઈ ગયો હોય, તેવું લાગતું હતું.

અમારી વાતચીત દરમિયાન, તેણે મને કહ્યું કે તે હમણાં જ ચાર્લોટે થી પાછો

ફર્યો છે, જ્યાં તે એક ટેલિવિઝન શોમાં મહેમાન હતો, અને એને લાગ્યું કે, મારી નાણાકીય વાતો, એ શો માટે ઉત્તમ વાતો રહેશે. તેણે કહ્યું કે તે મારું પુસ્તક તેમને આપશે અને તેમને મારા વિશે જણાવશે. હું આખી વાતથી થોડો ચોંકી ગયો હતો.

તેણે જે ટીવી પ્રોગ્રામનો ઉલ્લેખ કર્યો હતો, તે મેં સાંભળ્યો પણ નહોતો, પરંતુ ચોક્કસપણે, થોડા અઠવાડિયા પછી, મને પ્રોગ્રામ ડિરેક્ટરનો ફોન આવ્યો કે, શું હું શો માં આવવા ઈચ્છું છું. શો માં હાજર રહેવાની જરૂરિયાતોમાંની એક, કે એવી પ્રોડક્ટ હોવી જોઈએ, કે જે તેઓ પ્રસારણમાં મૂકી શકે. તેથી મેં તેમને કહ્યું, કે મારી પાસે મારા નાણાકીય ક્રાંતિના શિક્ષણનું પાંચ-સીડી રેકોર્ડિંગ છે. તેઓએ કહ્યું કે તે પૂરતું  છે, અને પછી હું તેમને સીડી સેટ આપું, તેની કિંમત પર અમે સંમત થયા. મેં તેમને જથ્થાબંધ કિંમતે શ્રેણી આપી. અલબત્ત, જથ્થાબંધ કિંમતે મેં શ્રેણીનું ઉત્પાદન કરીને, અમારી સેવા માટે થોડો નફો કરવાની તક લીધી. આશ્ચર્યજનક રીતે, આ શો ખૂબ જ સફળ રહ્યો, અને અમે હજારોની સંખ્યામાં તે સીડી સેટ વેચ્યા. અમારા ટીવી બજેટ માટે આ એક જ એવા સ્ત્રોતમાંથી હજારો લાવ્યા, કે જ્યારે મેં તે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, ત્યારે તેના વિશે મને કંઈ જ ખબર નહોતી.

પછી વધુ એક આંચકા સમાન વાત એ હતી, કે મારા ચર્ચમાં આવતા એક વ્યક્તિ, જે મારા ચર્ચમાં આર્થિક રીતે તૂટી ગયેલો, ત્યારે આવ્યો હતો, અને થોડાં વર્ષો પહેલાં તેને ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો, તે મારી પાસે આવ્યો અને તે ટી.વી. પ્રસારણને ભંડોળ પૂરું પાડવામાં મદદ કરવા માગતો હતો. તેણે રાજ્ય વિશે જે ઉપદેશ સંભાળ્યા હતા, તેની તે પ્રેક્ટિસ કરતો હતો, અને હવે તે ગરીબ નહોતો રહ્યો. તેણે મને અમારા ટીવી ની સેવા માટે 120,000 ડોલર આપ્યા !

સીડીના એ સેટના વેચાણની ગણતરી કરીએ, ચર્ચમાં મારા મિત્ર તરફથી મળેલી ભેટ અને બીજી ભેટસોગાદોની ગણતરી કરીએ, તો મારે અને ડ્રેન્ડાએ ટી.વી.પરના કામ માટેના, એ પહેલા વર્ષમાં, અમારા પોતાના એક પણ પૈસા મૂકવાની જરૂર નહોતી ! ઈશ્વર તેમના વચનને વફાદાર હતા. તેમણે કહ્યું હતું કે, તેઓ તેના માટે ચૂકવણી કરશે, અને તેમણે તે કર્યું. અડધી સમસ્યાની કાળજી લઇ લેવામાં આવી હતી, પરંતુ મારી પાસે એક બીજી સમસ્યા હતી, જેના પર કામ કરવું પડે તેમ હતું, જે આટલી જ મોટી સમસ્યા હતી. મેં અગાઉ કહ્યું તેમ, મને ટીવી પર કામ કરવા વિશે કશું જ ખબર નહોતી !

તે પાનખરમાં, ડ્રેન્ડાએ એક વિશાળ ખ્રિસ્તી મહિલા પરિષદમાં ભાગ લીધો હતો, અને તેણીને ગ્રીન રૂમમાં પાછી બોલાવવામાં આવી હતી, જ્યાં મીટિંગોની વચ્ચે બધા મહેમાનો ભેગા થતા હતા. ડ્રેન્ડાને આમંત્રણ મળવું, એ અમારા માટે ખૂબ જ સન્માનની વાત હતી, અને ત્યાં જવાથી તે ખૂબ જ રોમાંચિત થઈ ગઈ હતી. એક સેશન પછી, જ્યારે તે બપોરનું ભોજન કરવા બેઠી, ત્યારે એક સ્ત્રી, જેને તે પહેલાં

ક્યારેય મળી ન હતી, તે તેની બાજુમાં બેઠી. એકબીજા વિશે થોડી માહિતીની આપ-લે કર્યા પછી, મહિલાએ અચાનક પૂછ્યું, “તો, શું તમે અત્યારે ટીવી નું કામ કરી રહ્યા છો?” ડ્રેન્ડાને થોડી નવાઈ લાગી, પણ તેણે કહ્યું, “ના, પણ અમે તેના વિશે વિચારી રહ્યા હતા." પછી પેલી સ્ત્રીએ કહ્યું, “સારું, જો તમે તે કરો, તો આ વ્યક્તિને ફોન કરજો, અને તે તમને મદદ કરી શકે છે." ડ્રેન્ડાએ નંબર અને ઇમેઇલ લખી લીધા અને તેને તેના પર્સમાં મૂકી દીધું.

ઘરે આવ્યાને એકાદ-બે અઠવાડિયાં પસાર થઈ ગયાં અને તે પોતાના પર્સમાં પડેલા કાગળના ટુકડાને ભૂલી ગઈ. પરંતુ એક રાત્રે, તે મળ્યા પછી, તેણે તે વ્યક્તિને ઇ-મેઇલ કરવાનું નક્કી કર્યું, તે જોવા માટે કે જોઈએ, તે શું કહે છે. તેને એમાં રસ પડ્યો અને તેણે તેને મારી નાણાંકીય ક્રાંતિ (ફાઇનાન્સિયલ રિવોલ્યુશન) નો સીડી સેટ મોકલવા કહ્યું, જે અમે મોકલી આપ્યો. એકાદ અઠવાડિયા પછી, તેમના સહાયકે અમને વળતો ફોન કર્યો અને કહ્યું કે એ વ્યક્તિને ચોક્કસપણે તેમાં રસ પડ્યો છે અને તેઓ અમને ‘રાષ્ટ્રીય ધાર્મિક પ્રસારણકર્તાઓ’ (નેશનલ રિલિજિયસ બ્રોડકાસ્ટર્સ) ની વાર્ષિક પરિષદમાં મળવા માગે છે, જે હવે માત્ર બે અઠવાડિયાં જ દૂર હતી. અમે તેને કહ્યું કે, અમે ત્યાં આવીશું.

હું અને ડ્રેન્ડા કૉન્ફરન્સ માટે આગળ વધ્યા, અને મીટિંગ પહેલાં થોડા સંકોચમાં આવી ગયા. મેં મીટિંગ માટે એક નવો કાળો સૂટ ખરીધો હતો અને ખરેખર મને ખબર નહોતી કે ત્યાં શું અપેક્ષા રાખવી. તેણે અમને ટીવી ના કામની ચર્ચા કરવા માટે, તેના હોટલના સ્યુટમાં મળવાનું કહ્યું. જ્યારે અમે સ્યુટ તરફ આગળ વધી રહ્યા હતા, ત્યારે મને યાદ છે, કે અમે થોડું શાંત થવા માટે, ડબલ-ડોર સ્યુટ પર ટકોરા મારતાં પહેલાં, હોલમાં અમે થોડા આંટા માર્યા હતા. અમે જ્યારે રૂમમાં પ્રવેશ્યા ત્યારે, અમને આશ્ચર્ય થયું કે લોકોનું એક આખું જૂથ અમારી સાથે વાત કરવા માટે રાહ જોઈ રહ્યું હતું. ખુરશીઓ અર્ધ-વર્તુળાકારમાં ગોઠવાયેલી હતી અને હું અને ડ્રેન્ડા ખુરશીઓ તરફ મોઢું રાખીને બેઠા હતા. આ પહેલાં અમે એમાંથી કોઈને પણ મળ્યાં નહોતાં, પણ એ બધાંએ ખુબ જ વ્યાવસાયિક પોશાક પહેરેલા હતા.

અમે કેટલીક નાની નાની વાતોથી શરૂઆત કરી, પરંતુ પછી તેઓએ ટીવી પર અમારા કામ કરવાની ઇચ્છા વિશે પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું. મને પહેલો પ્રશ્ન હજી પણ યાદ છે, “તમે શા માટે ટીવી પરના પ્રસારણનું કામ કરવા માંગો છો?” જોકે એ વખતે મને એ વાતની ખબર ન હતી, પણ રૂમમાં ભેગા થયેલા લોકો ટી.વી. પરના વિવિધ પાસાંઓના શો બનાવવાના ટોચના સ્તરના અધિકારીઓ હતા. અમે જેની સાથે વાત કરી હતી, તે માણસ ત્યાં હતો, અલબત્ત, તે પછી ત્યાં પ્રોડક્શનના લોકો, માર્કેટિંગ કરતા લોકો અને અન્ય લોકો, કેટલાક અઘરા પ્રશ્નો પૂછી રહ્યા હતા. એકંદરે, મને લાગતું હતું, કે મીટિંગ સારી રહી હતી. અમે માત્ર અમે જે છીએ, તે જ દર્શાવતા

હતા, કોઈને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરતા ન હતા, પરંતુ ફક્ત ઈશ્વરે અમારા માટે શું કર્યું, તેની અમારી વાતો વહેંચી રહ્યા હતા. તેઓ બધા અમારી દષ્ટિ અને ધગશથી ખુશ જણાતા હતા અને તેમણે અમને કહ્યું કે, તેઓ વધુ વિગતોની ચર્ચા કરવા થોડાં જ અઠવાડિયાંમાં અમને પાછા બોલાવશે.

એટલે એકાદ-બે અઠવાડિયાંમાં અમે ફરીથી વાત કરી; અને આ વખતે, અમે બધાએ અમારા ટીવી પ્રસારણ માટે વાસ્તવિક આયોજન સત્ર પર આયોજન કરવાનું નક્કી કર્યું. એ વખતે અમે એવું તારણ કાઢ્યું હતું, કે અમે અમારા ઘરમાં જ આ શોનું શૂટિંગ કરી શકીએ છીએ, એટલે ડ્રેન્ડા, જે વ્યક્તિ પાસે ગઈ હતી, એણે પૂછ્યું હતું, કે હવે પછીની મુલાકાત માટે, અમે અમારા ઘરે મળી શકીશું કે નહીં. તે ખરેખર ચાલશે કે કેમ, તે જોવા માટે તે અમારું ઘર જોવા માંગતો હતો.

તેથી તે દિવસ આવ્યો, જ્યારે તેઓ અમારા ઘરે આવ્યા, અને અમે બધા વાત કરવા બેઠા. આ મુલાકાત સુધી મને ટી.વી. પરના કામમાં, તેમના ઇતિહાસ વિશે ખાસ કંઈ ખબર નહોતી, માત્ર એટલું જ, કે ડ્રેન્ડા જે મિટિંગમાં ગઈ હતી, ત્યાં તે સ્ત્રીએ તેને તેમનો નંબર આપ્યો હતો. પરંતુ અમે બેઠા, ત્યારે તેમણે બનાવેલ અને હાલમાં જે ટીવી શો કરી રહ્યા હતા, એ બધાની વાત કહેવા લાગ્યા. એ બધાં જ નામો ઘરનાં નામો હતાં ! હું વિસ્મયથી ત્યાં બેઠો હતો, "હે ઈશ્વર, આ માણસને તમે લોસ એન્જલસથી મારા ઘર સુધી કેવી રીતે લઈ આવ્યા? અહીં દેશમાં દૂરની નાનકડી, ગંદી સડક પર, ક્યાંય વચ્ચોવચ્ચ ના હોય તેવી જગ્યાએ?" તે અમારા માટે પુરેપોરો શો કરવા માટે, તેનું શૂટિંગ કરવા માટે, તેમાં જરૂરી એડિટિંગ કરવા અને તેનું નિર્માણ કરવા માટે ખૂબ જ વ્યાજબી કિંમતે સંમત થયા. અમે બધા એ માટે પણ સંમત થયા, કે અમે અમારા ઘરે, શોનું શૂટિંગ અમારા બેઠકખંડથી શરૂ કરીશું.

ટેપ કરવાનો પહેલો દિવસ આવી ગયો, અને હું કબૂલ કરીશ, કે હું તેનાથી સંકોચમાં હતો. મેં કહ્યું તેમ, મને ટીવી પરના કામનો કોઈ અનુભવ નહોતો. મને ખબર નહોતી, કે ટી.વી. પ્રોગ્રામ કેવી રીતે ગોઠવવો જોઈએ. આ પહેલાં મેં ક્યારેય ખાલી કેમેરા સાથે વાત નહોતી કરી. એ બધું જ નવું હતું. હું મારા રાજ્યની વાત બહાર લાવવા માટે ખૂબ જ ઉત્તેજિત હતો, પણ ટીવી એ મારા જીવનનો એક બીજો ડરામણો ઉંબરો (ચઢાવ) હતો, જે મારે જીતવાનો હતો.

**"તમારામાંથી કોઈ પણ મુશ્કેલીમાં છે? તેણે પ્રાર્થના કરવી જોઈએ"**
**—યાકૂબ 5:13**

બાબતોને અતિ ખરાબ કરવા માટે, ટેપિંગના દિવસે એક ખૂબ જ હૃદયસ્પર્શી ઘટના બની, જેણે તે દિવસને વધુ મુશ્કેલ બનાવ્યો. એક અઠવાડિયા સુધી ચાલનારા ટેપિંગની ફિલ્મ માટે, જે નિર્માતાને મોકલવામાં આવ્યો હતો, તે મધરાતે જતો રહ્યો.

દુ:ખની વાત એ છે કે તેના પાડોશીની કાર બેક લેવામાં આવી રહી હતી, ત્યારે તેના યુવાન પુત્ર પર તે ચઢી ગઈ હતી અને તેનું મૃત્યુ થઇ ગયું હતું. ત્યાં હાજર રહેલા સહાયકે, જે બન્યું હતું તે અમને સમજાવ્યું, અને અમે નક્કી કર્યું કે, જ્યાં સુધી ફિલ્મનું શૂટિંગ પૂરું ન થાય, ત્યાં સુધી કોઈને આ વાત કહીશું નહિ. પરંતુ કોઈક રીતે અમે તેમાંથી પસાર થઈ ગયા. એ દિવસે અમે ત્રણ શો ટેપ કર્યા, અને અમે સત્તાવાર રીતે અમે ટીવી પર હતા. વાહ!

જ્યારે અમે અમારું ટીવી પ્રસારણ શરૂ કર્યું, ત્યારે અમને ખબર નહોતી, કે એકવાર અમે શરૂ કર્યા પછી, એર-ટાઇમ માટે ચૂકવણી કેવી રીતે કરતા રહીશું. પરંતુ ઈશ્વરે અમને શીખવવાનું શરૂ કર્યું, કે પ્રસારણ શરૂ કરવા માટે અમારે જરૂરી 300,000 ડોલર તે આપશે, એટલું જ નહીં, પરંતુ તે એર-ટાઇમ માટે પણ આપવાનું કરવાનું ચાલુ રાખશે. અમારે ઘણું બધું શીખવાનું હતું. તમે જાણો છો, અમે ક્યારેય વિચાર્યું પણ નહોતું, કે લોકો અમારા ટીવી પરના સેવાકાર્યમાં વાવણી કરવા ઇચ્છશે; અમે કેટલા નાદાન હતા.

મને યાદ છે કે ટ્રેસી, મારી સેક્રેટરી, જેણે અમારું પ્રસારણ શરૂ થયું, તે પછી તરત જ મને ઑફિસમાંથી ફોન કર્યો હતો. જ્યારે મેં જવાબ આપ્યો, ત્યારે હું કહી શકું છું, કે તેણી ધ્રુજી ગઈ હતી. તેનો અવાજ ધ્રૂજી રહ્યો હતો. તેણીએ કહ્યું, “પાળક, જેણે આ શો જોયો હતો, તેણે અમને 500 ડોલરનો ચેક મોકલ્યો છે. અને પાળક, જ્યારે મેં તે ઉપાડ્યો, ત્યારે તે જ અભિષેક આ ચેક પર હતો, જે તમે ભારતીય ચર્ચમાંથી અર્પણ લાવ્યા હતા, તે પૈસા પર હતો." "તું ગંભીર છું?” હું થથરી ઊઠ્યો. "કોઈકે ખરેખર અમને પૈસા મોકલ્યા હતા?” જ્યાં સુધી તે ચેક જોવામાં ના આવ્યો હતો, ત્યાં સુધી, ‘લોકો’ પ્રસારણને ટેકો આપવા માટે પૈસા મોકલશે, તેવું મને ક્યારેય ઉભર્યું ન હતું. પરંતુ ઈશ્વરની સ્તુતિ કરો, ત્યારથી જ લોકો તે મોકલી રહ્યા છે અને આ કાર્યક્રમને વિશ્વભરમાં દરેક ટાઇમ ઝોનમાં (દરેક સ્થળે) દરરોજ મોકલી રહ્યા છે. દર વર્ષે બિલોની સંખ્યા વધીને લાખો થઈ ગઈ છે, પરંતુ ઈશ્વરે હંમેશાં મને આપેલું વચન પૂરું કર્યું છે. તે હંમેશાં બિલ ચૂકવે છે.

આ પુસ્તક, જીવનમાં ઈશ્વરના આત્મા દ્વારા, સાંભળવા અને દોરાવવા વિશે છે. અમારી ટીવી પરના કામ વિશેની વાત, એ એક સારું ઉદાહરણ છે, કે લોકોને, પોતે ક્યારેય વિચાર્યું ના હોય, તેટલું મોટું કામ કરવા તરફ પવિત્ર આત્મા કેવી રીતે દોરી જાય છે. ઈશ્વરે અમારા જીવનમાં જે કંઈ કર્યું, તેમાં રાજ્ય કઈ રીતે કામ કરે છે, તે અમારી જાણમાં / સમાજમાં આવ્યું, એટલું જ નહિ, પણ તે ઉપરાંત, ઈશ્વર આપણને માર્ગદર્શન, ડહાપણ અને આપણા માટે જરૂરી જવાબો સાંભળવા પણ સક્ષમ બનાવે છે. મેં હમણાં તમને જે વાત કહી, તે જો મને પવિત્ર આત્માને કેવી રીતે સાંભળવા, તેની ખબર ન હોત, તો તે ક્યારેય બન્યું ન હોત. અમુક સમયે, આપણે

બધા મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરી શકીએ છીએ, અને તે નિરાશાજનક જોવામાં આવી શકે છે. પણ એનો જવાબ ઈશ્વર પાસે છે.

> *"તમારામાંથી કોઈ પણ મુશ્કેલીમાં છે? તેણે પ્રાર્થના કરવી જોઈએ" (યાકૂબ 5:13).*

પ્રાર્થના શા માટે કરવી? કારણ કે તમારે સમસ્યાનો જવાબ, દિશા અને મુશ્કેલીનું સમાધાન સાંભળવાની જરૂર છે. ડ્રેન્ડા અને મેં ઘણી વાર શોધી કાઢ્યું છે તેમ, જ્યારે મુશ્કેલીનો સામનો કરવો પડે, ત્યારે આપણે કલ્પના પણ ન કરી શકીએ, તેના કરતાં પણ વધારે ઈશ્વર કરી શકે છે. તે તમને અનન્ય (વિશિષ્ટ) રીતે અને કેટલીક વાર વિચિત્ર ઉકેલો અને વ્યૂહરચનામાં મદદ કરશે, જેથી તમે જે અનુભવો છો, તે અશક્ય પરિસ્થિતિઓને દૂર કરી શકો. ઘણી વખત, 'જવાબ સાંભળવાની તમારી ક્ષમતા' એ, સફળતા અને નિષ્ફળતા, જીવન અને મૃત્યુ વચ્ચેનો તફાવત હોઈ શકે છે. આ પુસ્તકમાં પવિત્ર આત્માનો અવાજ સાંભળવા વિશે હું ઘણી બધી વાતો કરવાનો છું, પરંતુ સૌથી પહેલાં, હું તમને એક બીજું ઉદાહરણ આપું છું કે, કઠિન સમયમાં પવિત્ર આત્મા તમને કેવી રીતે મદદ કરી શકે છે.

જ્યારે અમે 'નાઉ સેન્ટર' માટે અમારો બિલ્ડિંગ પ્રોજેક્ટ શરૂ કર્યો, જે 65 લાખ ડોલરનો પ્રોજેક્ટ હતો, ત્યારે અમે શરૂઆતમાં 25 લાખ ડોલર રોકડા ઊભા કર્યા હતા, અને કેટલાક બેંકના નાણાંનો ઉપયોગ પણ કર્યો હતો. અમારી પાસે 18 મહિનાના બિલ્ડિંગ પ્રોજેક્ટ દરમિયાન જ, જે ભંડોળ આવ્યું હતું તે પણ હતું. 550 લોકોના ચર્ચને બનાવવા માટેનો, તે એક મોટો પ્રોજેક્ટ હતો. 2007 ની પાનખરમાં અમે થોડી જમીન કાઢી અને 2008 ની વસંત ઋતુ સુધી બધું સરસ રીતે ચાલતું રહ્યું. તમને 2008 ની મંદી યાદ હશે. અમે તેની મધ્યમાં જ નિર્માણનું કામ કરી રહ્યા હતા. દરેક વસ્તુના ભાવો ખુબ ઊંચે જય રહ્યા હતા ! અમારી સ્ટીલની કિંમતો, અમારી બોલી થયેલી કિંમત 300,000 ડીલર કરતાં પણ વધારે હતી. તે માત્ર એક ઉદાહરણ જ છે. તે વર્ષે ચીજ-વસ્તુઓના ભાવમાં ઉછાળો આવતા જ, આખો પ્રોજેક્ટ બજેટથી ઘણો વધારે થઇ ગયો હતો.

2008 ના અંત ભાગમાં અમારા વિસ્તારની અને વાસ્તવમાં, સમગ્ર દેશમાં બૅન્કો, તેમની ધિરાણની રેખાઓ ખેંચી રહી હતી, અને જેમ જેમ મંદી ઘેરી બનતી ગઈ, તેમ તેમ તેઓની ધિરાણની લાઈનો વધારે ઊંડી જઈ રહી હતી, અને ધિરાણો મંગાવી રહી હતી. આ સમય દરમિયાન એક દિવસ, અમારા બિલ્ડર અમારી પાસે ચુકવણી માટે આવ્યા, જે ચુકવણી માટે અમારી બેંકે પહેલેથી જ મંજૂરી આપી દીધી હતી. તેમણે તેમના પેટા કોન્ટ્રાક્ટરો અને અન્ય બાકી બીલો, કે જેના પૈસા તેમણે

પહેલેથી ચૂકવી દીધા હતા, તે તેમણે જોઈતા હતા. દસ લાખ ડૉલરનો ચેક, જે પૂર્વ-આયોજિત બૅન્કના ધિરાણથી આવરી લેવાનો હતો, કારણ કે એ વખતે અમે અમારા ભંડોળનો રોકડ હિસ્સો, ઘણા સમય પહેલા પૂરો કરી દીધો હતો. પરંતુ દસ લાખ ડોલરનો ચેક ત્યાં ઉપલબ્ધ નહોતો. અમને એ જાણીને આઘાત લાગ્યો હતો, કે બેંકે તેમની ધિરાણની ઓફર અને તેની ક્રેડિટ લાઇન પાછી ખેંચી લીધી હતી. ફરીથી, આ માત્ર અમારી બૅન્ક જ નહોતી, પણ શહેરની દરેક બેંકે આમ કર્યું હતું. અમારા સ્થાનિક અખબારમાં તે અઠવાડિયે, જે હેડલાઇન્સ આવી હતી, તેમાં અમારી બેંક પહેલા પૃષ્ઠ પર હતી. તેણે, તે જ અઠવાડિયે 550 કર્મચારીઓને છૂટા કર્યા હતા, અને નાણાકીય મંદીથી બચવા માટે લડી રહી હતી.

ફરી એકવાર, હાથ પરનો મુદ્દો એ હતો, કે અમારા બિલ્ડરે તેમના પેટા કોન્ટ્રાક્ટરોને ચુકવણી કરવાની હતી, અને તે વસ્તુઓની ચુકવણી પણ કરવાની હતી, જેનો તેઓ પહેલેથી જ ઉપયોગ કરી ચુક્યા હતા. આ દસ લાખ ડોલરનો ચેક, એ કોઈ એવી બાબત ન હતી, જેની તેમને ભવિષ્યમાં જરૂરત પડવાની હતી. તેનો તો તેઓ, અગાઉ જ ખર્ચ કરી ચુક્યા હતા ! હવે એવી બીજી કંપનીઓ અને પરિવારો હતા, જેમની માટે જરૂરી હતું કે, અમે અમારા બિલ્ડરને ચૂકવણી કરીએ, કે જેથી તેઓ તેમને ચૂકવી શકે. અમારી જેમ, તેમણે પણ ધાર્યું હતું કે બેંક તેમની પ્રતિબદ્ધતાને સમર્થન આપવાનું ચાલુ રાખશે. હવે શું? આવા સમયમાં તમે શું કરી શકો ? મારી પાસે દસ લાખ ડોલર હાથમાં ન હતા, અને હું નાણાં માટે અમારા મંડળીમાં લોકો પાસે માંગવા જવાનો ન હતો. આ ઉપરાંત, ટીવી નું કામ વધુ ખર્ચાળ થઈ રહ્યું હતું, કારણ કે અમે ઘણા વધુ નેટવર્ક્સ પર તેને વિસ્તાર્યું હતું; અમારે એર-ટાઇમ માટે હવે પ્રતિ મહિને 50,000 ડોલરનો ખર્ચ થઇ રહ્યો હતો. યાકૂબ 5:13 એ જે કરવાનું કહ્યું છે તે મુજબ, પ્રાર્થના કરવા સિવાય અમે શું કરી શકીએ !

એવું બન્યું કે અમે તે સમય દરમિયાન મારા વ્યવસાય દ્વારા હવાઈ ની બીજી એક સફર મેળવી. મને જાણવા મળ્યું, કે અમે ગયા, તેના થોડા દિવસો અગાઉ જ, બેંકે ધિરાણ પાછું ખેંચી લીધું હતું. જ્યારે મેં માયુ ની અમારી ફ્લાઇટ પકડવા માટે એરપોર્ટમાંથી માર્ગ તૈયાર કર્યો, ત્યારે મારે સ્વીકારવું પડશે, કે હું હજી થોડો આઘાતમાં હતો. મારું મન પ્રતિ કલાક દસ લાખ માઈલ ની ઝડપે દોડી રહ્યું હતું. પરંતુ જ્યારે હું એરપોર્ટ પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે મારા પોતાના માટે દિલગીરી અનુભવવા માટે હું લલચાયો, મેં ઈશ્વર નો અવાજ સાંભળ્યો. તેમણે કહ્યું, “તારી છડી ઊંચી કર!" ત્યારે હું રોકાઈ ગયો, પર ચિંતન કરવા લાગ્યો અને પ્રયત્ન કરી રહ્યો હતો, કે ઈશ્વર મને શું કહેવા ઈચ્છે છે, અને અચાનક જ હું સમજી ગયો.

આ તે જ બાબત છે, જયારે ઇઝરાયેલ પાસે ક્યાંય વળવાનો માર્ગ ન હતો, ત્યારે ઈશ્વરે મુસા ને કહી હતી, કારણ કે ફારુન ની સેનાએ એ ઇઝરાયેલ ને લાલ સમુદ્ર

આગળ ઘેરી લીધું હતું. ઈશ્વરે મૂસાને સમુદ્ર પર તેની છડી ઊંચી કરવાનું કહ્યું, અને જ્યારે તેણે તેમ કર્યું, ત્યારે તેના (પાણીના) બે ભાગ પડી ગયા, અને ઇઝરાયેલને તે પાર કરવા તથા બચવાનો માર્ગ બનાવ્યો. મુસા એ જે છડી સાથે રાખી હતી, તે ઈશ્વરે તેને આપેલા વચનો અને સાથે સાથે, આપેલ કાર્ય પૂરું કરવાને માટે, તેને આપવામાં આવેલ સત્તા નું પ્રતિનિધિત્વ કરતી હતી.

હું જાણતો હતો કે તે ક્ષણે ઈશ્વર મને શું કહી રહ્યા હતા. હું આગેવાન હતો, આ મંડળીનો પાળક; મને આ પરિસ્થિતિનો સામનો કરવાની સત્તા આપવામાં આવી હતી. મારે મારી સત્તાનો ઉપયોગ કરવાનો હતો અને ઉભા થઈને માર્ગ શોધવાનો હતો. જ્યારે અમે હવાઈ પહોંચ્યા, ત્યારે હું જે માત્ર કરી શક્યો, તે પ્રાર્થના. હું રાત્રે ઊંઘી શક્યો નહિ. મારો આત્મા અરાજકતામાં હતો, અને હું જાણતો હતો, કે મને જે જવાબની જરૂર છે, તે માટે હું આત્મામાં કુસ્તી કરી રહ્યો હતો. અંતે, ડ્રેન્ડાને એક વિચાર સ્ફૂર્યો, જે તે માનતી હતી, કે તે ઈશ્વર તરફથી હતો. મારી પત્ની માટે ઈશ્વર નો આભાર ! તમામ પ્રકારની પરિસ્થિતિઓમાં, મને જરૂરી યોજનાઓ અને દિશા શોધવા માટે, તેનો ઘણી વખત ઉપયોગ કરવામાં આવ્યો હતો. હું વ્યક્ત નથી કરી શકતો, કે તે મારા માટે કેટલી મૂલ્યવાન છે, અને હું તેને કેટલો પ્રેમ કરું છું. તે ક્યારેય હાર માનતી નથી!

તેની યોજના સરળ છતાં ગહન (ઊંડી) હતી. એવું કશું જ નહોતું, કે જે સૂચવે, કે તે કામ કરી જશે, પરંતુ અમે તરત જ તેના પર કામ કરવાનું શરૂ કર્યું. યોજના એવી હતી, કે અમે એક પ્રસ્તુતિ (પ્રેઝન્ટેશન) તૈયાર કરીશું, જે અમે અમારા બિલ્ડરની બેંકને આપીશું - અમારી બેંકને નહીં, તે બેન્કને અમને પૈસા ઉછીના આપવાનું કહીશું. અમારી પ્રસ્તુતિ બેંકને એવું બતાવશે, કે અમે કોણ છીએ, અને શા માટે અમને લાગ્યું, કે લોન આપવી એ, અમારા અને બેન્ક બંને માટે સારું રહેશે. તે એક મુશ્કેલ વિચાર હતો, કારણ કે મેં કહ્યું તેમ, શહેરની દરેક બેંકે તમામ ધિરાણ બંધ કરી દીધું હતું. અમારો વિચારમાં એવું હતું, કે જો અમારા બિલ્ડરને ચુકવણું નહીં મળે, તો તેણે પોતે જ નાદારી જાહેર કરવી પડશે, અને તેની પાસે હાલમાં તેની બૅન્ક પાસે જે કંઈ પણ પ્રકારની બધી લોન હતી, તે માટે તેને ડીફોલ્ટી થવાનું જોખમ ઊભું થશે. અમને ખાતરી હતી કે, તેની બેંક માટે તે એક ખર્ચાળ સાહસ હશે, અમને ખાતરી હતી, કે તે બેન્ક તેવું ઇચ્છતી ન હતી. વળી, આ અમારી બૅન્ક નહોતી અને અમારી સાથે તેમનો કોઈ સંબંધ કે ઇતિહાસ પણ નહોતો.

તેથી અમે અમારા વિસ્તારની વસ્તી વિષયક માહિતી અને આ વિસ્તાર કેટલી ઝડપથી વિકસી રહ્યો છે, તેની વિગતો આપતો એક ફ્લિપ ચાર્ટ બનાવ્યો. અમે બેંકને અમારો ઇતિહાસ અને અમારી અપેક્ષિત વૃદ્ધિ બતાવી. અમારા ચર્ચની સેવાઓની ઇમારત સિવાય પણ, આવક પેદા કરી શકે તેવા, અનેક માર્ગોને પણ અમે આવરી

લીધા હતા, જેમ કે અમારી ટીવી પરના કામની આવક કેટલી ઝડપથી વધી રહી હતી, અને બીજી ઘણી બાબતો, જે અમને લગતી હતી, કે તે બેન્ક માટે કેટલી રસપ્રદ હોઈ શકે. અમે બેન્કને આશ્વાસન આપવા માગતા હતા, કે આ મુશ્કેલ સમયમાં પણ, અમે એક મોટું જોખમ છીએ, છતાં તે બૅન્કને ફાયદાકારક નીવડી શકશે. અમે એ મુદ્દો પણ રજૂ કરવા માગતા હતા, કે જો અમારા બિલ્ડરને ચૂકવણી કરવામાં ન આવે, તો તે સંભવિત નુકસાનનું જોખમ ઉઠાવશે, જેને ટાળવા માટે અમે તેને "મદદ કરવા" માગીએ છીએ. અમે વ્યવસાયિક ધિરાણ વિભાગ (કોમર્શિયલ લોન ડિવિઝન) નો હવાલો સંભાળતા બેન્કના ઉપપ્રમુખને મળવા માટે પૂછ્યું હતું. અમે પ્રાર્થના કરી અને તેમના કાર્યાલયમાં પહોંચી ગયા. અમને વિશ્વાસ હતો કે પવિત્ર આત્માએ અમને આ જ યોજના આપી છે, અને અમે અમારી વિનંતી રજુ કરી.

આશ્ચર્યજનક રીતે, અમારી રજૂઆત પછી, અધિકારીએ તેના સેક્રેટરીને 500,000 ડોલરની કિંમતનો ચેક, તે જ ઘડીએ લખી આપવાનું કહ્યું, જેથી અમે તેને સાથે જ લઈ જઈ શકીએ. તેણે કહ્યું કે તે જે કરી રહ્યો છે, તે સામાન્ય રીતે, જે કાર્યવાહીથી કરવામાં આવે, તેનાથી અલગ, અસામાન્ય રીતે કરી રહ્યો છે. ત્યાં કોઈ લખાણ કરવામાં આવ્યું નહિ, કોઈ ફોર્મ્સ ન હતા, ફક્ત 500,000 ડોલરનો ચેક હતો. તેમણે કહ્યું, કે બાકીના 500,000 ડોલર કાયદાકીય લખાણમાંથી પસાર થશે, પરંતુ તેમણે અમને ખાતરી આપી હતી કે તે માત્ર ઔપચારિકતા થશે, કારણ કે તેણે જ નિર્ણય લીધો હતો, અને તેમ થયું. અમે અમારા બિલ્ડરને દસ લાખ ડોલર ચૂકવ્યા અને બિલ્ડિંગનું કામ પૂર્ણ કર્યું.

**જો તમે ક્યારેય ઈશ્વરના રાજ્યની અદ્ભુત સંભાવનાને અનુભવવા જઈ રહ્યા છો, તો તમારે પવિત્ર આત્માને કેવી રીતે સાંભળવા, તે શીખવાની જરૂર પડશે**

અમારા ખિસ્સામાં 500,000 ડોલરનો ચેક લઈને, અમારા ઘરે પાછા ફરતા એક કલાકની મુસાફરીમાં ડ્રેન્ડા અને મને કેવું લાગ્યું હતું, તે તમને કહેવું મુશ્કેલ છે. અમે અતિશય ખુશ હતા, અને અમને ઘણું જ સારું લાગ્યું હતું ! તે ક્ષણે અમને કેવું લાગ્યું, તેનું યોગ્ય રીતે વર્ણન કરી શકે તેવો કોઈ શબ્દ નથી, પરંતુ પવિત્ર આત્માએ જે કર્યું હતું, તેનાથી અમે આભારીભાવમાં હતા. પ્રથમ વ્યક્તિ જેને અમે ફોન કર્યો હતો, તે અમારા બિલ્ડર હતા. જ્યારે અમે તેમને ખુશખબર જણાવી, ત્યારે હું હજુ પણ તેમના અવાજમાંનો આનંદ સાંભળી શકું છું. "તમે શું કર્યું?” તેણે કહ્યું. "તેઓએ તમને તે જ ઘડીએ ચેક આપ્યો?” અમે બંને જાણતા હતા કે તે ઈશ્વર હતા, જેમણે આ કર્યું છે.

કેવી રીતે તે થયું? પવિત્ર આત્મા ! ઈશ્વર પાસે તમારા જવાબો છે, મિત્ર. જો તમે

ક્યારેય ઈશ્વરના રાજ્યની અદ્ભુત સંભાવનાને અનુભવવા જઈ રહ્યા છો, તો તમારે પવિત્ર આત્માને કેવી રીતે સાંભળવા, તે શીખવાની જરૂર પડશે. અને આ પુસ્તક તેના વિશે જ છે.

તમે ક્યારેય જોયેલી કોઈપણ જેમ્સ બોન્ડની ફિલ્મ કરતાં, પરિસ્થિતિઓમાં પવિત્ર આત્મા સાથે ચાલવું એ વધુ રોમાંચક છે ! અને ફિલ્મની જેમ, તમે હંમેશા જાણો છો કે અંતે કોણ જીતે છે, ભલે ગમે તેટલી તણાવપૂર્ણ ક્ષણો જોવામાં આવે.

# પ્રકરણ 2
# ઈશ્વરનું રાજ્ય

મને ખાતરી છે, કે દાખલ કરેલા ઘણા વ્યર્થ મુકદ્દમાઓ વિશે તમે સાંભળ્યું હશે, કે જે પછીથી કોર્ટની બહાર ફેંકી દેવામાં આવે છે. અહીં એક ઉદાહરણ છે.

કોલોરાડોની જેલમાં એક કેદીએ નેશનલ ફૂટબોલ લીગ સામે 88 અબજ ડોલર (હા, અબજ) થી વધુનો દાવો માંડ્યો છે. આ દાવો ડલ્લાસ કાઉબોય્સ અને ગ્રીન બે પેકર્સ વચ્ચેની પ્લે-ઓફ રમત દરમિયાન અધિકારીઓ દ્વારા કરવામાં આવેલા ચુકાદામાંથી આવ્યો હતો. અધિકારીઓએ નક્કી કર્યું હતું, કે ડેઝ બ્રાયન્ટ (કાઉબોય્સનો રમતવીર) દ્વારા કરવામાં આવેલો કેચ અધૂરો હતો. કેદી અસહમત હતો. તેમના દાવામાં આરોપ મૂકવામાં આવ્યો હતો, કે એનએફએલના અધિકારીઓએ બેદરકારીથી કામ લીધું હતું અને તેમની વિશ્વાસપાત્ર ફરજનો ભંગ કર્યો હતો. શા માટે કેદી 88 અબજ ડોલરનો દાવો કરી રહ્યો હતો? શ્રી બ્રાયન્ટની જર્સી નંબર 88.□ છે.

આશ્ચર્યજનક, ખરું ને? મને લાગે છે, કે દરેક વ્યક્તિ સમજી શકે છે, કે કેસ ક્યાંય જઈ નહિ શકે. પરંતુ કેસ માન્ય છે કે નહીં, તે કઈ બાબત નક્કી કરે છે? law.com મુજબ, કોર્ટની બહાર કેસ ફેંકી દેવાના બે મુખ્ય કારણો એ છે કે, તેમાં અધિકારક્ષેત્રની અંદરનો મુદ્દો હોય, અથવા જ્યાં સુધી કાયદો સામેલ થઇ જતો હોય, ત્યાં સુધી તેની (કેસ) પાસે ટકી રહેવા માટે કોઈ કાનૂની આધાર નથી. હું પવિત્ર આત્મા પરના પુસ્તકમાં કાનૂની મુદ્દાઓ શા માટે લાવી રહ્યો છું? કારણ કે જો તમે તમારી પરિસ્થિતિમાં પવિત્ર આત્માનું કામ જોવા ઇચ્છતા હો, તો તમારે, ‘કાયદો’ શું કહે છે, તેના પર સ્પષ્ટ હોવું જરૂરી છે. ઈશ્વરનું રાજ્ય તે જ છે... એક રાજ્ય, જે રાજ્યના ‘કાયદાની સીમાઓમાં’ કાર્ય કરે છે. આ શ્રેણીના મારા અગાઉના બે પુસ્તકો, “તમારી નાણાકીય ક્રાંતિ: રાજનિષ્ઠાનું સામર્થ્ય" અને "તમારી નાણાકીય ક્રાંતિ: વિશ્રામનું સામર્થ્ય", મેં ન્યાયક્ષેત્ર અને કાયદાના સંદર્ભમાં ઈશ્વરનું રાજ્ય કેવી રીતે કાર્ય કરે છે, તેની મૂળભૂત બાબતો રજૂ કરી છે. પરંતુ પવિત્ર આત્માના સંદર્ભમાં હું શું કહું છું, તે સમજવા માટે, તે આપણા માટે સારું રહેશે, કે આપણે ત્યાં પાછા જઈએ અને પોતાની જાતને આ સિદ્ધાંતો ઓછામાં ઓછા યાદ અપાવીએ. ચાલો પ્રશ્નોત્તરી (ક્વિઝ) થી શરૂઆત કરીએ.

*ઈસુએ તેઓને કહ્યું, "પોતાના દેશ તથા પોતાના સગાં તથા પોતાના ઘર સિવાય - બીજે ઠેકાણે પ્રબોધક માન વિનાનો નથી." તેણે થોડાક માંદાઓ પર હાથ મૂકીને તેઓને સાજા કર્યા, એ વિના તે ત્યાં **કોઈ** ચમત્કાર **કરી શક્યો નહીં**.*

—માર્ક 6:4-6

શું તમે મને કહી શકો, કે શા માટે ઈસુ આ ફકરામાંના લોકોને સાજા કરી શક્યા નહીં? પ્રચલિત અને સામાન્ય ધાર્મિક જવાબ એ છે, કે ઈશ્વરની ઇચ્છા તેમને સાજા કરવાની નહિ હોય. છેવટે તો ઈશ્વર જ સારી રીતે જાણે છે, અને જો તેમણે તેમને સાજા કરવા હોત, તો તેમણે તે કર્યું હોત, ખરું ને? મારો કહેવાનો અર્થ એ છે, કે તે ઈશ્વર છે. શું તમે એમ પણ ધારણા કરશો, કે ત્યાં એવા લોકો હતા, જેમને સાજા થવાની જરૂર હતી, પરંતુ તેમણે સાજાપણું મેળવ્યું નહિ ? મને લાગે છે કે તે બાઇબલમાંના લખાણ દ્વારા પણ સ્પષ્ટ છે. ઈસુ શા માટે લોકોને સાજા ન કરી શક્યા, તેનો જવાબ જાણવો, એ એક મહત્ત્વનો પ્રશ્ન છે, જેનો ઉત્તર આપવામાં આવવો જ જોઈએ. જો આપણે વાતનો અંતભાગ વાંચીએ, તો આપણને જાણવા મળે છે, કે ઈસુ કહે છે કે, લોકોના વિશ્વાસનો અભાવ જ, તેમને તે પ્રાપ્ત કરવામાં અવરોધરૂપ હતો. ઈસુના નિરીક્ષણ અને નિષ્કર્ષને સમજવા માટે, કે શા માટે લોકોએ સાજાપણું પ્રાપ્ત કર્યું નહિ, આપણે વિશ્વાસ શું છે, અને શા માટે પૃથ્વી પર ઈશ્વરના રાજ્યને, કાનૂની અધિકારક્ષેત્ર પ્રાપ્ત કરવા માટે જરૂરી છે, તેની સારી સમજ હોવી જોઈએ.

ચાલો, હું આ કિસ્સામાં આ મુદ્દાનો સારાંશ આપું. એ કોઈ સત્તાનો અભાવ નહોતો કે ઈસુના દૃષ્ટિકોણથી તેમની તૈયાર ન હતી, એવું નહોતું. આ મુદ્દો અધિકારક્ષેત્રનો મુદ્દો હતો. અનિવાર્યપણે, ઈશ્વરના રાજ્ય પાસે, ત્યાંના મોટાભાગના લોકો માટે તે પરિસ્થિતિમાં, આગળ વધવા માટે કાનૂની જગ્યા નહોતી. હવે, તમે આ પુસ્તકને આખી રૂમમાં એમ કહીને ફેંકી દો કે, હું શેના વિશે વાત કરી રહ્યો છું, તેની મને સમજ પડતી નથી, તે પહેલાં, સમજાવવા માટે મને એક મિનિટ આપો.

જ્યારે આદમ અને હવાને પૃથ્વી પર મૂકવામાં આવ્યા, ત્યારે પૃથ્વી પર તેમનો સંપૂર્ણ અને સનાતન અધિકાર હતો. મને લાગે છે, કે નીચેનો ફકરો મારા નિવેદનને સ્પષ્ટપણે માન્ય કરે છે.

*તેં તેને દૂતો કરતાં થોડી વાર સુધી ઉતારતો કર્યો છે; તેં તેના પર ગૌરવ તથા માનનો મુગટ મુક્યો છે, અને તારા હાથનાં કામ પર તેને અધિકાર આપ્યો છે; તેં તેના પગ તળે સઘળું મૂક્યું છે. તો સઘળું તેને સ્વાધિન કરવાથી તેને સ્વાધિન ન કર્યું હોય, એવું તેણે કંઈ રહેવા દીધું નહિ.*—હિબ્રૂ. 2:7-8

નોંધ લો, કે બાઇબલ કહે છે કે આદમને મહિમા અને આદરનો તાજ પહેરાવવામાં આવ્યો હતો. અહીં 'તાજ પહેરાવવામાં આવેલો' એ શબ્દો, સત્તાની જગ્યાનો ઉલ્લેખ કરે છે, જ્યાંથી આદમે શાસન કર્યું હતું, એવું નથી કે તેણે ખરેખર બગીચામાં તાજ પહેર્યો હતો. પરંતુ આપણે ધારી શકીએ, કે તેની આસપાસ કોઈ ચમક અથવા પ્રભામંડળ હોઈ શકે છે - ફક્ત એક વિચાર. આદમ પાસે મહિમા (અભિષેક અને ઈશ્વરના રાજ્યનો મહિમા) અને ઈશ્વરના રાજ્યનો આદર (સત્તાનું પદ) હતા. અને આ બે બાબતોમાંથી, ઈશ્વરના રાજ્ય વતી, તેણે સોંપવામાં આવેલી સત્તા દ્વારા પૃથ્વી પર શાસન કર્યું. શેતાન, જે માણસનું સર્જન થયું ત્યારે પહેલેથી જ પૃથ્વી પર હતો, તે માણસને ધિક્કારતો હતો અને માણસ પાસે જે સત્તા હતી, તેની માટે તેણે વાસના રાખી હતી. તે સહેલાઈથી આદમ પાસેથી સત્તાનો તાજ લઈ શકે તેમ ન હતો, તે તે જાણતો હતો, કારણ કે આદમનો તેના પર સંપૂર્ણ અધિકાર હતો, તેથી તેણે કોઈક રીતે તે (માણસ) સ્વેચ્છાએ તાજ (સત્તા) મૂકી દે, તે માટે એક છેતરપિંડી કરવી પડી.

આમ, શેતાને હવાને છેતરી, આદમે પણ તેનું અનુસરણ કર્યું, ઈશ્વર સામે બંડ પોકાર્યો, જેના પરિણામે ઈશ્વરના રાજ્યમાં, તેઓનું સ્થાન જતું રહ્યું. શેતાનને અનુસરીને, હવે તેઓ તેના રાજ્યની હકુમત (અધિકારક્ષેત્ર) હેઠળ આવ્યા. તેથી તમે પૂછી શકો છો, કે "સૌથી પહેલાં તો, દેવે શેતાનને શા માટે બગીચામાં આવવા દીધો?" તેમણે તેમ કરવું પડ્યું. હું જાણું છું કે, એ જવાબથી તમને થોડો આઘાત લાગશે, પણ તમને એ સાચો લાગશે. ચાલો આપણે **ઉત્પત્તિ 2:8-9** પર એક ત્વરિત નજર કરીએ.

> *અને યહોવા દેવે પૂર્વ તરફ એડનમાં એક વળી બનાવી; અને પોતાના બનાવેલા માણસને રાખ્યું. અને યહોવા દેવે ભૂમિમાંથી સર્વ પ્રકારના વૃક્ષ, જેના ફળ જોવામાં સુંદર તથા ખાવામાં સારા છે, તેઓને, ને વળી વાડીની વચમાં જીવનનું વૃક્ષ તથા ભલુંભૂંડુ જાણવાનું વૃક્ષ પણ ઉગાવ્યા.*

આ ફકરો વાંચીને, આપણે વિચારી શકીએ છીએ, કે શા માટે ઈશ્વરે જીવનના વૃક્ષની બાજુમાં જ ભલુંભૂંડુ જાણવાનું વૃક્ષ પણ વાડીની વચમાં મૂક્યું? મૂળભૂત રીતે, ઈશ્વર માટે શેતાનના પ્રદેશ પર આક્રમણ કરવાનું કાયદેસર બનાવવા માટે, ઈશ્વરે માણસને, તેમની (ઈશ્વરની) અથવા શેતાનની સેવા કરવાની પસંદગી આપી. ઈશ્વર કાયદેસર રીતે, એમ જ શેતાનના અધિકારક્ષેત્રમાં આવી શકે નહિ અને ત્યાં માણસને મૂકી શકે નહિ. તેને કાયદેસર બનાવવા માટે, માણસ પાસે પસંદગી હોવી જરૂરી હતી, કે તે કોને આધિન થવા માંગે છે. જ્યાં સુધી માણસે ઈશ્વરને, જીવનના વૃક્ષને પસંદ કર્યું, ત્યાં સુધી તેણે શેતાન પર રાજ કર્યું. આ માટે ભલુંભૂંડુ જાણવાના

વૃક્ષને જીવનના વૃક્ષની બાજુમાં મૂકવું જરૂરી હતું. અહીં એક મહત્વપૂર્ણ અવલોકન છે, જે આપણે કરવાની જરૂર છે. માણસને સ્વતંત્ર ઇચ્છાશક્તિ વિના પૃથ્વી પર મૂકી શકાયો ન હતો. હું જાણું છું, મોટાભાગના ખ્રિસ્તીઓ કહે છે કે, આપણે સ્વતંત્ર ઇચ્છાશક્તિમાં બનાવવામાં આવ્યા છીએ, જેથી ઈશ્વર જોઈ શકે, કે કોણ તેને પ્રેમ કરે છે. હું માનું છું કે, હું આ નિવેદનમાં થોડું સત્ય આપી શક્યો છું. પરંતુ, મૂળભૂત રીતે, તે પસંદ કરવાની ક્ષમતા વિના ગેરકાયદેસર થયું હોત. જો માણસને સ્વતંત્ર ઇચ્છાશક્તિ ના આપવામાં આવી હોત, તો તેને અહીં મૂકવામાં આવ્યો ન હોત. આ ચર્ચામાં, હું અહીં ઘણું બધું આવરી શકું છું, પરંતુ તે મારા અગાઉના બે પુસ્તકોમાં આવરી લેવામાં આવ્યું છે.

તેથી આદમ શેતાનની છેતરપિંડી પસંદ કરે છે, ઈશ્વરનું રાજ્ય ગુમાવે છે, અને ઉત્પત્તિ 3:17-19 માં ઈશ્વર માણસનો સામનો કરે છે:

> *તારે લીધે ભૂમિ શાપિત થઇ છે; તેમાંથી તું તારા આયુષ્યના સર્વ દિવસોમાં દુઃખે ખાશે; તે કાંટા તથા કંટાળી તારે સારું ઉગાવશે; અને તું ખેતરનું શાક ખાશે; તું ભૂમિમાં પાછો જશે, ત્યાં સુધી તું તારા મોંનો પરસેવો ઉતારીને રોટલી ખાશે;*

મૂળભૂત રીતે, ઈશ્વર આદમને કહે છે કે તેણે, આદમે, પૃથ્વીને શાપિત કરી છે. આદમનું પૃથ્વી પર સંપૂર્ણ પ્રભુત્વ હોવાને કારણે, તેણે જ શેતાનના શાસન માટેનાં દ્વાર ખોલ્યાં છે, અને મૂળભૂત રીતે ઈશ્વરને હાંકી કાઢ્યા છે. હવે ઈશ્વરના હાથ બંધાયેલા છે, અને આદમ હવે પોતાની પીડાદાયક મહેનત અને પરસેવાથી ટકી રહેશે. એક નાનકડી વિગત છે કે જે, શેતાન જ્યારે હવાને લલચાવી રહ્યો હતો, ત્યારે તેને કહેવાનું ભૂલી ગયો હતો. અને તે એ હતું, કે દેવ શેતાનનો ન્યાય કરી ચુક્યા હતા, તેને સ્વર્ગમાંથી બહાર કાઢી મૂક્યો હતો, અને તેનું અનંત ઘર જાહેર કર્યું હતું, કે જે નરક નામની જગ્યા હશે. તમે આ સમજો, તે મહત્ત્વનું છે. ઘણા લોકો કહેશે, એક પ્રેમાળ ઈશ્વર, લોકોને નરક નામની જગ્યામાં કેવી રીતે નાખી શકે? તેમણે એવું નહોતું કર્યું, આદમે કર્યું હતું. આપણે નીચેના ફકરામાં જોઈ શકીએ છીએ તેમ, નરકનું નિર્માણ માણસ માટે ક્યારેય થયું ન હતું.

> *પછી ડાબી તરફનાઓને પણ તે કહેશે કે, ઓ શાપિતો, જે સાર્વકાલિક અગ્નિ **શેતાન તથા તેના દૂતોને સારું તૈયાર કરેલો છે,** તેમાં તમે મારી આગળથી જાઓ.*
>
> -માથ્થી 25:41

જ્યારે આદમ અને હવા શેતાનના અધિકારક્ષેત્રમાં આવ્યા, ત્યારે તેઓ પણ શેતાનના ન્યાયના દાયરામાં આવ્યા. માણસોની આખી જાતિ, આદમ દ્વારા શેતાનના આધિપત્ય નીચે આવી. પશુઓને ઉછેરવાનો વિચાર કરો. જો તમારી કોઈ ગાયને વાછરડું હોય, તો તે વાછરડાને તમારી કંપનીના નામની બ્રાન્ડની છાપ આપવામાં આવશે, કારણ કે તે તમારી માલિકીનું છે, અને તે આખું ટોળું તમારું છે. આમ આદમનાં બધાં જ સંતાનો આપોઆપ શેતાનના અધિકારક્ષેત્રમાં આવી ગયાં. પ્રચલિત સામાન્ય ધાર્મિક સમજ, અથવા મારે કહેવું જોઈએ, કે સમજણનો અભાવ એ છે કે, વ્યક્તિનું ભાગ્ય, પછી ભલે તે સ્વર્ગ હોય કે નરક, તે પોતે કેટલા સારા છે કે ખરાબ છે, તેના પર આધારિત છે - તે એક તદ્દન ખોટો ખ્યાલ છે. હકીકત એ છે કે તેમનો ચુકાદો પહેલેથી જ નક્કી કરવામાં આવી ગયો છે. તે બધા નરકમાં જવાના છે. તેઓએ જે કંઈપણ ખોટું કર્યું છે, તેના કારણે નહીં, પરંતુ આદમે જે કર્યું, તેના કારણે. હવે, ઈશ્વરને જે સ્ત્રી-પુરુષો માટે પ્રેમ છે, તેના કારણે, ઈસુ ખ્રિસ્ત દ્વારા તેમણે એક બચાવની (તારણની) યોજના ઘડી કાઢી, કે જેના દ્વારા સ્ત્રી અને પુરુષોને, એ ન્યાયમાંથી બહાર નીકળી જવા સક્ષમ બનાવે અને ઈશ્વરના રાજ્યના અધિકારક્ષેત્રમાં પાછા લાવી શકે છે.

> *"તેણે અંધકારના અધિકારમાંથી આપણને **છોડાવ્યા** તથા પોતાના પ્રિય પુત્રના રાજ્યમાં આણ્યા (કોલોસી. 1:13).*

એ નોંધવું જોઈએ, કે ઈશ્વરે શેતાનના અધિકારક્ષેત્ર અને ચુકાદામાંથી, કાયદેસર રીતે છૂટકારો તૈયાર કર્યો છે. પરંતુ તેનો લાભ લેવા માટે, દરેક પુરુષ, સ્ત્રી અને બાળકે, વ્યક્તિગત રીતે ઈસુને નામથી બોલાવવાનું પસંદ કરવાનું છે. ખ્રિસ્તીઓ, એક ક્ષણ માટે મને સાંભળો. શેરીમાંની તે સારી મહિલા છેલ્લે નરકમાં જશે, સિવાય કે કોઈ તેને, મૃત્યુ પહેલાં ઈસુના નામથી બોલાવવાનું કહે નહીં. નરકમાં ઘણા સારા લોકો હશે. તે શેતાનનું જુઠ્ઠાણું છે, કે લોકોને લાગે છે, કે તેઓ સારા કાર્યો કરવાને કારણે નરકમાંથી બચી શકે છે. ઈસુનું એકમાત્ર નામ જ છે, જે પુરુષો અને સ્ત્રીઓને તારણ (મુક્તિ) માટે અને શેતાન માટેના ચુકાદાથી બચવા માટે આપવામાં આવ્યું છે. હું એ પણ સ્પષ્ટ કરવા માંગુ છું, કે જ્યારે આદમ પડી ગયો, ત્યારે તે આધ્યાત્મિક રીતે મૃત્યુ પામ્યો, અને ઈશ્વરથી અલગ થઈ ગયો; જો કે, તે હજુ પણ, પૃથ્વી પરનો પોતાનો કાનૂની વ્યવસાય જાળવે છે. આ બાબત હોવાના લીધે, શેતાનને દુષ્ટાત્મા-પ્રેરિત લોકોનો ઉપયોગ કરવો પડશે, અને ઈશ્વરે માણસોના રાજ્યમાં જે તે બાબતો પુરી કરવા માટે, પવિત્ર આત્માથી ભરેલા લોકોનો ઉપયોગ કરવો પડશે. તેથી સમીક્ષામાં, આપણે સમજીએ છીએ, કે સ્વર્ગ અથવા નરકમાં જવું, એ એક કાનૂની

મુદ્દો છે, અને તે આપણે કેટલા સારા છીએ, તેના પર આધારિત નથી, પરંતુ ક્રોસ પર ઈસુએ શેતાન પર મેળવેલી કાનૂની જીત પર આધારિત છે. જો કે ઈસુએ માણસ માટે શેતાનના અધિકારક્ષેત્રમાંથી બહાર આવવાનું કાયદેસર બનાવ્યું છે, પણ ફરીથી, તેને યોગ્ય કરવા માટે વિશ્વાસથી દરેક વ્યક્તિએ ઈસુ નામ બોલવું (સ્વીકારવું) પડશે.

હું જાણું છું કે, આપણે પેલી ચર્ચા થોડા ફકરાઓ પહેલાં છોડી દીધી હતી, પરંતુ હવે આપણે તે અગાઉ પૂછેલા પ્રશ્ન પર પાછા ફરીએ, “શા માટે ઈસુ, માર્ક 6 માં લોકોને સાજા ન કરી શક્યા?” મેં કહ્યું કે તે અધિકારક્ષેત્રનો મુદ્દો હતો, અને તે છે. આદમે માણસના રાજ્યનું આધ્યાત્મિક અધિકારક્ષેત્ર, શેતાનને સોંપી દીધું હોવાથી, ઈશ્વર જ્યારે ઇચ્છે, ત્યારે અહીં આવી શકે તેમ નથી, કારણ કે તે ગેરકાનૂની છે. હવે, મેં હમણાં જે કહ્યું, તેનાથી પૃથ્વીની માલિકી કોની છે, તેની મૂંઝવણમાં મુકશો નહિ. બાઇબલ સ્પષ્ટ છે, કે ઈશ્વર પૃથ્વીના માલિક છે અને તેની પૂર્ણતામાં પણ. તેમ છતાં, માણસના રાજ્યની બાબતમાં, તેમના પર ઈશ્વરનો કાનૂની અધિકાર નથી. આ વાત આપણે લૂક 4:5-7 માં જોઈ શકીએ છીએ.

> *પછી તે તેને ઊંચી જગાએ લઇ ગયો, અને એક પળમાં જગતના સઘળાં રાજ્ય તેને દેખાડ્યા. શેતાને તેને કહ્યું કે, આ બધાનો અધિકાર તથા મહિમા હું તને આપીશ; કેમકે એ મારે સ્વાધીન કરેલું છે; અને જેને હું આપવા ચાહું, તેને હું આપું છું; માટે જો તું મારી આગળ પડીને ભજન કરશે, તો તે સઘળું તારું થશે.*

આપણે અહીં જોઈ શકીએ છીએ, કે આદમે શેતાનને વિશ્વના રાજ્યો પર કાનૂની અધિકારક્ષેત્ર આપ્યું હતું. આને કારણે, ઈશ્વર પુરુષો અને સ્ત્રીઓની બાબતમાં પૃથ્વી પર જે કરવા ઈચ્છે, તે તે કરી શકતા નથી. પરંતુ જો ઈશ્વરને એવો કોઈ પુરુષ કે સ્ત્રી મળી જાય, જે તેનામાં વિશ્વાસ મૂકે અને સ્વર્ગની સત્તાથી સંપૂર્ણપણે સંમત હોય, તો પછી ઈશ્વર, તે વ્યક્તિ દ્વારા પોતાની સત્તાનો ઉપયોગ કરી શકે છે. આ એ જ રીતે હતું, જે રીતે શેતાને શરૂઆતમાં પૃથ્વી પરના અધિકારક્ષેત્રમાં પ્રવેશ મેળવ્યો હતો, એના દ્વારા, કે જેણે પૃથ્વી પર કાયદેસરનો કબજો મેળવ્યો હતો - આદમ. જ્યારે ઈશ્વરે પોતાનો માણસ, આદમ ગુમાવ્યો, ત્યારે તેમણે પૃથ્વી પર પાછા ફરવાનો બીજો રસ્તો શોધવો પડ્યો, જેથી તેની (આદમની) બચાવ યોજના તૈયાર કરી શકાય, અને તે માણસનું નામ અબ્રામ હતું.

> *અને યહોવાએ ઇબ્રામને કહ્યું કે, તું તારો દેશ, તારા સગાં તથા તારા બાપનું ઘર મૂકીને જે દેશ હું તને દેખાડું, તેમાં જા; અને હું તારાથી એક મોટી*

*કોમ ઉત્પન્ન કરીશ, ને તને આશીર્વાદ દઈશ, ને તારું નામ મોટું કરીશ; અને તું આશીર્વાદરૂપ થશે: અને જેઓ તને આશીર્વાદ દે, તેઓને હું આશીર્વાદ દઈશ, ને જેઓ તને શાપ દે, તેઓને હું શાપ દઈશ; અને તારામાં પૃથ્વીનાં સર્વ કુટુંબ આશીર્વાદ પામશે.*

—ઉત્પત્તિ 12:1-3

ઈબ્રામ, અથવા ઈબ્રાહિમ, તે દ્વાર હતો, જેનો ઉપયોગ ઈશ્વર પૃથ્વી પર પુનઃ પ્રવેશ મેળવવા અને માનવજાત માટે તેમની તારણની યોજના લાવવા માટે કર્યો. ઈશ્વરે ઈબ્રાહિમ અને તેના વંશજો સાથે કરાર કર્યો, અને આ કાયદાકીય કરાર દ્વારા, ઈશ્વર પાસે ઈસુ ખ્રિસ્તને વિશ્વમાં લાવવાનો પ્રવેશ હક હતો, પરંતુ માત્ર ઇબ્રાહિમના વંશ દ્વારા જ. આ કારણ થી જ ઈસુ નું ઇબ્રાહિમના વંશજ હોવું અનિવાર્ય હતું, અને એટલા માટે જ ઇઝરાયેલ ને પાડોશી રાષ્ટ્રો સાથે આંતર લગ્ન  કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. તે પણ કારણ છે, કે નવા કરારનું પ્રથમ પુસ્તક ફક્ત વંશાવળી સિવાય બીજું કંઈ જ નથી. તે સાબિત કરી રહ્યું છે કે ઇસુ, વાસ્તવમાં, ઇબ્રાહિમના કાયદાકીય વંશજ છે, આમ શેતાનને સાબિત કરે છે, કે ઇસુનું આવવું અને પાપની કિંમત ચૂકવવી તે કાયદેસર હતું.

કારણ કે પુરુષો અને સ્ત્રીઓ હજુ પણ પૃથ્વી પર કાયદાકીય નિયંત્રણ ધરાવે છે, જેને, 'આત્મિક નિયંત્રણ' ન સમજવું જોઈએ, એટલે ઈશ્વર અને શેતાન ને કાર્યો કરવા માટે વ્યક્તિઓનો જ ઉપયોગ કરવો પડે. સરળ શબ્દોમાં કહીએ તો, પૃથ્વી પર પુરુષો અને સ્ત્રીઓ જ એકમાત્ર કાયદાકીય હક ધરાવનારા છે. પરંતુ જેમ શેતાને  આદમ અને હવા દ્વારા તેણે જે કહ્યું, તે તેમના માનવા દ્વારા પ્રવેશ હક મેળવ્યો, તેવી જ રીતે ઈશ્વરે પણ પૃથ્વી પર તેઓ જે કહે છે, તેના પર વિશ્વાસ કરે અને તેમની અભિવ્યક્તિ પ્રાપ્ત કરે, એવા વ્યક્તિઓ ને શોધવા પડે. જયારે કોઈ પુરુષ અથવા સ્ત્રી પોતાના હૃદય માં શેતાનનું રાજ્ય શું કહે છે, તેના બદલે, ઈશ્વરનું રાજ્ય શું કહે છે, તે સાંભળવા માટે સંપૂર્ણ રીતે પ્રેરાય છે, તેને કહેવાય છે વિશ્વાસ, અને તે ઈશ્વરના રાજ્યને, તે વ્યક્તિ દ્વારા પૃથ્વી પર લાવવા માટે અને ઈશ્વરની ઈચ્છાને શેતાનના રાજ્યની સામે ઉભા રહેવાનો કાયદાકીય અધિકાર આપે છે. કહેવા માટે ઘણું બધું છે, પરંતુ મેં મારા પ્રથમ બે પુસ્તકોમાં આ બાબતને ખૂબ વિગતવાર રીતે આવરી લીધી છે.

આ સાચી ચાવી છે. જ્યારથી શેતાન અહીં પૃથ્વી પર છે, ત્યારથી તે સતત તેના રાજ્યનું રક્ષણ કરે છે અને હંમેશા ઈશ્વર ની યોજનાઓની આગળ નીકળી જવાનો પ્રત્યન કરે છે. આ કારણ થી ઈશ્વર પૃથ્વીના રાજ્યમાં પોતાની ઈચ્છાઓ અને યોજનાઓને સાકાર કરવા માટે ગુપ્તમાં કાર્ય કરે છે. અને ઈશ્વર કેવી રીતે ગુપ્ત માં કાર્ય કરે છે, તે જાણવાથી જ, તમે તમારા જીવનમાં સફળતા અને વિજયની સૌથી મહાન ચાવી શોધી શકશો. હું તેને વ્યૂહરચનાનું સામર્થ્ય કહું છું !

# પ્રકરણ 3
# આશ્ચર્યજનક

હું જેને ક્યારેય મળ્યો ન હતો, એવા એક વ્યક્તિનો ફોન આવ્યો. તેણે પોતાનો પરિચય આપ્યો અને કહ્યું કે, તે અને થોડા બીજા લોકો મારા વિશ્વાસનો શિકાર (ફેઇથ હન્ટ) પુસ્તક અને ઈશ્વરના રાજ્ય પરના મારા શિક્ષણનો ખરેખર તેઓ આનંદ લઇ રહ્યા હતા. હકીકતમાં, તેમણે પૂછ્યું હતું, કે શું મને મોન્ટાના આવીને શુક્રવારની રાત્રે અને શનિવારે સવારે લગભગ 70 માણસોના જૂથને શીખવવામાં રસ છે? હું કંઈ જવાબ આપી શકું, તે પહેલાં, તેણે કહ્યું, “શનિવારે સવારે તમારા શીખવ્યા પછી, અમે તમને કાળિયારના શિકાર માટે બહાર લઈ જવા માગીએ છીએ, કારણ કે તેઓ મોસમમાં હશે." મને તે પ્રશ્નનો જવાબ આપવામાં બહુ સમય લાગ્યો નહીં. તેણે કહ્યું હતું કે જો મારા છોકરાઓને પણ આ પસંદ હોય, તો તેમને પણ સાથે આવવાનું આમંત્રણ હતું. ઉનાળાના એ પછીના મહિનાઓ દરમિયાન, તેઓએ મને મારા આગામી શિકાર માટે યોગ્ય લાઇસન્સ મેળવવામાં મદદ કરી હતી. મારા દીકરા ટિમે પણ સાથે આવવાનું નક્કી કર્યું હતું, અને તેને પણ તેનું લાઇસન્સ મળી ગયું હતું.

જેમ જેમ હું જાણતો ગયો તેમ, આ એક પ્રોમિસ કીપર્સનું જૂથ હતું (પ્રોમિસ કીપર્સ એ "પૂરુષો માટે ઇવેન્જેલિકલ ખ્રિસ્તી પેરાચર્ચ સંસ્થા" છે), અને મેં મારા ઉપદેશમાં કહેલી શિકારની વાતો અને મેં કેવી રીતે મારા હરણને વિશ્વાસથી પ્રાપ્ત કર્યું હતું, તેનાથી તેઓ ઘણા આકર્ષિત થઇ ગયા હતા. તેઓ વધુ સાંભળવા માંગતા હતા, કે કેવી રીતે હું હંમેશાં 30 કે 40 મિનિટમાં મારા હરણને મેળવી શકેલો અને કેવી રીતે ઈશ્વરે મને શીખવ્યું હતું કે, જ્યાં સુધી લિંગ અને શીંગડાના કદની વાત છે, ત્યાં સુધી મને કેવા પ્રકારનું પ્રાણી પ્રાપ્ત થશે, તે વિશે ચોક્કસ બની શકાય. મેં જે વાતોને બનતી જોઈ હતી, તે લગભગ માની ન શકાય તેવી હતી, એ વાત સાથે મારે સંમત થવું પડે, અને જો મેં તેને ખરેખર બનતી ન જોઈ હોત, તો હું કદાચ તેઓ જેટલો જ જિજ્ઞાસુ બન્યો હોત.

છેવટે, મોન્ટાના જવાનું અઠવાડિયું આવી ગયું. ટિમ અને હું હવાઈમાર્ગે ત્યાં પહોંચ્યા અને તે પુરુષોના જૂથના એવા કેટલાક નેતાઓને - ખુબ જ આદરયુક્ત માણસોના સમૂહને મળ્યા, જેઓ પ્રભુને ખરેખર ચાહતા હતા. તેઓ અમને થોડી

ટ્રાઉટ માછલી પકડવા લઈ ગયા હતા અને રાઇફલ્સથી શિકાર કરવા માટે, તેઓએ અમારા માટે તૈયાર કરેલી શૂટિંગ રેન્જમાં લઈ ગયા હતા. ઓહિયોમાં ઊછર્યો હોવાથી, હું રાઇફલ્સથી લાંબા અંતરે શૂટિંગ કરવા ટેવાયેલો ન હતો. અમારા કાયદાઓમાં હરણ માટે માત્ર બંદૂકો શોટગન) ની જ છૂટ હતી, અને અંતર હંમેશાં 100 ગજથી પણ ઓછું રહેતું, મોટે ભાગે તો 50 ગજથી પણ ઓછું. તેથી જ્યારે તેઓએ 200 વારનો લક્ષ્યાંક નક્કી કર્યો, ત્યારે તે મારા માટે એક સમાયોજન કરવાનું હતું; પરંતુ થોડી પ્રેક્ટિસ પછી, હું સ્ટીલની પ્લેટને મારી શક્યો અને જાહેર કર્યું કે હું જવા માટે તૈયાર છું.

એ સાંજે મેં સ્કૂલના સ્થાનિક સભાગૃહમાં અને બીજે દિવસે સવારે પણ, પુરુષોને શીખવ્યું. એ બધા જ લોકો પરમેશ્વરના રાજ્ય વિષે સાંભળવા અને શીખવા આતુર હતા. ખાસ કરીને શિકાર દ્વારા ઈશ્વરે મને રાજ્યના નિયમો કઈ રીતે શીખવ્યા હતા, તે. જમ્યા પછી, તેઓએ કહ્યું, “ચાલો આપણે તે કાળિયારના શિકાર માટે જઈએ." મેં ક્યારેય કાળિયારનો શિકાર કર્યો ન હતો, અને હું માનું છું કે, આ પ્રક્રિયા કેવી હતી, તે હું સમજી શક્યો ન હતો. મારા શિકારના અનુભવમાં, તમે વધુમાં વધુ બે કે ત્રણ લોકો સાથે જતા હતા. પરંતુ તેઓ ત્રણ કે ચાર ભાર ઉંચકનારા લોકોને સાથે લઈ જતા હતા. મને યાદ છે, તે દિવસ પહેલાની રાત્રે ટિમે મને પૂછ્યું હતું, “પપ્પા, તમે કાળિયાર મેળવવા માટે સંકોચમાં નથી? તમે તેઓને રાજ્ય વિશે શીખવો છો અને ખાતરીપૂર્વક રીતે જાહેર કરો છો, કે ઈશ્વરનું રાજ્ય દરેક વખતે કામ કરે છે, પરંતુ જો તમને કાળિયાર ના મળે, અને તેઓ બધા તે જોઈ રહ્યા હશે, ત્યારે શું? મેં તેને કહ્યું કે હું કાળિયાર મેળવવા માટે સંકોચમાં નથી. મેં અને ડ્રેન્ડાએ અમારું બીજ પહેલેથી જ રોપ્યું છે અને એ કાળિયાર માટે સહમત થયા હતા. તે ત્યાં હશે.

જ્યારે અમે પશુઉછેર વાળી જગ્યા તરફ જઈ રહ્યા હતા, જેના પર શિકાર કરવાની તેમને  પરવાનગી હતી, ત્યારે તેઓ સમજાવી રહ્યા હતા કે કાળિયાર એ ઉત્તર અમેરિકાનું સૌથી ઝડપી પ્રાણી છે, અને પૃથ્વી પરનું બીજું સૌથી ઝડપી પ્રાણી છે, જેને ફક્ત ચિત્તા દ્વારા જ હરાવવામાં આવે છે. તેઓએ સમજાવ્યું કે, કાળિયારની દૃષ્ટિ ખૂબ જ સારી હોય છે, અને તેમની મુખ્ય બચાવની બાબત, તે દોડવું છે, તેથી જો તેઓ તમને જોશે, તો તેઓ એક સેકંડમાં ચાલ્યા જશે. મારું ટેગ (શિકાર કરેલ પશુ પર લગાવવાનું) બક કાળિયાર (પ્રજાતિ) માટે સારું હતું, અને ટિમનું ડો ટેગ (અલગ પ્રજાતિ માટેનું) હતું.

અમારી યોજના એવી હતી, કે અમે પશુઉછેર વાળી જગ્યા સુધી જઈએ, ઊંચી જમીન પર, અને પછી ટોચ પર જઈએ, અને કેટલીક છીછરી ખીણોમાં નીચે જોઈશું, કે અમને ત્યાંથી કેટલાંક પ્રાણીઓ દેખાય છે કે કેમ. જ્યારે અમે ટોચ પર જઈ રહ્યા હતા, ત્યારે અમે દૂર કાળિયારનું એક ટોળું જોયું. ભૂપ્રદેશને કારણે, અમને લાગ્યું

કે અમે જો નીચી કોતરોમાં રહીશું, તો શોટ માટે પૂરતા પ્રમાણમાં નજીક હોઈશું. જો અમે ત્યાં પહોંછીએ, ત્યારે કાળિયાર હજી પણ ત્યાં જ હોય તો, અમારે ખૂબ કાળજીપૂર્વક છેલ્લી ટેકરી ઉપર સુધી પહોંચવું પડશે, પછી ધીમે ધીમે અમારે એ શોટ માટે, ટેકરીની ટોચ પર જવાનું રહેશે. એકવાર ત્યાં પહોંચ્યા પછી, જ્યારે અમે સ્થિતિમાં આવી જઈએ, ત્યારે તેઓ અમને લગભગ 200 થી 250 યાર્ડ્સ દૂરથી શોટ મારવા કહેશે.

ટિમ અને હું ધીરે ધીરે થોડા સમય સુધી, અમારા પેટ પર ઘસડાતા ઘસડાતા આગળ વધ્યા અને ટેકરીની ધારની નજીક પહોંચ્યા, જે કોતરમાં તેઓ દેખાતા હતા, જેની આસપાસ તેઓ દેખાયા હતા. યોજના એવી હતી, કે હું મારો શોટ લઉં પછી, ટિમ એક ડો શોટ લેશે. હું ધીરે ધીરે, ધાર સુધી સરક્યો અને ઉપર જોયું. ચોક્કસપણે, અમારી યોજના કામ કરી ગઈ હતી; તે નાના ટોળાએ અમને જોયા ન હતા. મેં મારી રાઇફલ ઊંચી કરી, અને અંતર અને ઘૂંટણ પર હોવાને લીધે, મારા ભારે શ્વાસ સાથે, તેને સ્થિર હાથથી પકડવી મુશ્કેલ લાગી. પરંતુ છેવટે, જ્યારે મેં વિચાર્યું કે હરણ મારા સકંજામાં છે, ત્યારે મેં ટ્રિગર ખેંચ્યું. હું ચૂકી ગયો. જ્યારે મેં બીજો શોટ ખેંચ્યો, ત્યારે ટોળું મૂંઝવણમાં લાગ્યું. હું ફરી ચૂકી ગયો. હવે જ્યારે મેં ત્રીજો શોટ માર્યો, ત્યારે ટોળું આગળ વધી રહ્યું હતું, અને પછી ચોથો શોટ ફટકાર્યો, બધા ચૂકી જવાયા હતા. જ્યારે હું પાંચમો શોટ મારવા ગયો, ત્યારે મેં ફક્ત એક ક્લિક જ સાંભળ્યું. મારી પાસે ગોળીઓ પુરી થઇ ગઈ હતી.

આ બધામાં, મેં નોંધ નહોતી લીધી, પરંતુ આખું ટોળું જતું રહ્યું હતું અને હવે રેન્જની બહાર હતું. હું જે હરણનું શૂટિંગ કરી રહ્યો હતો, તે સિવાયનું આખું ટોળું. તે મારા પહેલા શોટ વખતે જે જગ્યાએ ઉભું હતું, તેનાથી થોડાક જ ગજ દૂર સંપૂર્ણપણે સીધું ઉભું હતું. મેં બેબાકળા થઈને ટિમ પાસેથી, તેની રાઇફલ માંગી. હું હવે ઊભો હતો, અને મેં એક ઓફહેન્ડ શોટ લીધો, અને હરણ પડી ગયું. હું ઉત્સાહિત હતો અને તે જ સમયે બધાને રાહત આપી હતી. હરણ મારું હતું. જ્યારે મેં મારા ખભા પરથી પાછળ જોયું, ત્યારે એ જોઈને મને આશ્ચર્ય થયું કે છોકરાઓનું જૂથ બૂમો પાડતું અને ઉજવણી કરતું હતું. કેટલાક તેમના સેલફોન પર હતા, અને મેં એકને એવું કહેતા સાંભળ્યો, “હા, તે ફેઇથ હન્ટ પુસ્તકમાં જેવું થયું હતું, તેવું જ હતું, ફક્ત 40 મિનિટ અને હરણ સ્થિર ઉભું રહ્યું, જેમ પુસ્તકમાં હતું, તેમ જ." તેઓ બધા ઈશ્વરના રાજ્યનું કાર્ય જોવા આવ્યા હતા. છેવટે તો, હું કલાકો સુધી તેમને શીખવી રહ્યો હતો, અને તેઓ તેને (ઈશ્વરના રાજ્યને) કાર્યરત જોવા

**દુનિયા સાચી વાસ્તવિક વસ્તુ જોવા માટે ભૂખી છે, અને ઈશ્વર પણ તેમને આશ્ચર્યચકિત કરવાનું પસંદ કરે છે.**

માંગતા હતા. જો કે, મારું ખરાબ શૂટિંગ હોવા છતાં, તે હજી પણ કામ કરતું હતું, અને મેં જે શીખવ્યું હતું, તેમાં વિશ્વસનીયતા ઉમેરી હતી. ટિમને તે બપોરે ચાલતા કાળિયાર પર એક સંપૂર્ણ શોટ સાથે, તેની ડો મળી. અમે બંને ખુબ ઉત્સાહિત હતા. મોન્ટાના ખુબ સુંદર છે અને ટિમે અને મેં ઈશ્વરના રાજ્યનો અદ્ભૂત અનુભવ લીધો હતો. મને ઈશ્વરના રાજ્ય અને ઈશ્વરની વફાદારીની યાદ રહે, તે માટે મેં, કાળિયારનું માથું લીધું હતું અને મારી ઑફિસમાં બેસવાની જગ્યાની ઉપર લટકાવ્યું છે.

મારે તમને આ પુસ્તકમાં શિકારની વાત કેમ કહેવી જોઈએ ? કારણ કે ઈશ્વર તમારા બધા મિત્રો, પડોશીઓ અને કુટુંબીજનોને, તેમના રાજ્યનું પ્રદર્શિત કરવા માટે, તમારો ઉપયોગ કરવા માંગે છે. તેઓ બધા તેને કામ કરતું જોવા માંગે છે. દુનિયા સાચી વાસ્તવિક વસ્તુ જોવા માટે ભૂખી છે, અને ઈશ્વર પણ તેમને આશ્ચર્યચકિત કરવાનું પસંદ કરે છે. તેમને આશ્ચર્યચકિત કરવા માટે, તમારે શીખવું પડશે કે ઈશ્વરનું રાજ્ય કેવી રીતે કાર્ય કરે છે, અને કેવી રીતે પવિત્ર આત્મા દરેકને આશ્ચર્યચકિત કરવા માટે જરૂરી જવાબો અને તકો લાવે છે, તમને પણ. જેમ મને પાછળથી જાણવા મળ્યું કે, પુરુષોના જૂથને ચલાવનારા, કેટલાક લોકોએ મને ધર્મમાં અટવાયેલા ઘણા લોકોને ઈશ્વરનું રાજ્યનું પ્રદર્શિત કરવાના ખૂબ જ વિશિષ્ટ હેતુ માટે લાવ્યા હતા. મને પાછળથી જાણવા મળ્યું કે, તે દિવસે મારા શિક્ષણથી ઘણા લોકોએ પણ તેમના હૃદય ઈશ્વરને સોંપ્યા હતા. પવિત્ર આત્માએ તે યોજનાને યોગ્ય સ્થાન પર મૂકી હતી, અને તે તમારી સફળતાની યોજનાઓમાં પણ તમને મદદ કરશે.

ચાલો, હું તમને એક બીજી વાત પણ કહું, પરંતુ આ વાત સીધેસીધી બાઇબલની બહારની છે અને તે ફરીથી સમજાવશે, કે કઈ રીતે ઈશ્વર તમને અલૌકિક યોજનાઓ અને વ્યૂહરચનાઓ દ્વારા આશ્ચર્યચકિત કરવા માગે છે, જે તમારી આસપાસના લોકો માટે તેમની (ઈશ્વરની) વાસ્તવિકતા અને પ્રેમનો પુરાવો આપશે.

> *ઘણા લોકો તેમના પર પડાપડી કરીને ઈશ્વરની વાત સાંભળતા હતા, ત્યારે તે ગન્નેસરેતના સરોવરને કાંઠે ઊભા રહ્યા હતા. તેમણે સરોવરના કાંઠે લાંગરેલી બે હોડી જોઈ, પણ માછીઓ તેઓ પરથી ઊતરીને જાળો ધોતા હતા. તે હોડીઓમાંની એક સિમોનની હતી, તેના પર તે ચઢયા, ને તેને કાંઠાથી થોડે દૂર હંકારવાનું કહ્યું. તેમણે તેમાં બેસીને લોકોને બોધ કર્યો.*
>
> *બોધ કરી રહ્યા પછી તેમણે સિમોનને કહ્યું, "ઊંડા પાણીમાં હંકારીને માછલાં પકડવા માટે તમારી જાળો નાખો."*
>
> *સિમોને તેમને ઉત્તર આપ્યો, "સ્વામી, અમે આખી રાત મહેનત કરી,*

*પણ કશું પકડયું નહિ. તોપણ તમારા કહેવાથી હું જાળો નાખીશ."*

*એમ કર્યા પછી તેઓએ માછલાંનો મોટો જથો ઘેરી લીધો, એટલે સુધી કે તેઓની જાળ ફાટવા લાગી. તેઓના ભાગિયા બીજી હોડીમાં હતા તેઓને તેઓએ ઇશારો કર્યો કે, તેઓ આવીને તેઓને સહાય કરે. તેઓએ આવીને બન્ને હોડીઓને એવી ભરી કે તેઓ ડૂબવા લાગી.*

*તે જોઈને સિમોન પિતરે ઈસુના પગ આગળ પડીને કહ્યું, "ઓ પ્રભુ, મારી પાસેથી જાઓ; કારણ કે હું પાપી માણસ છું." કેમ કે માછલાંનો જે જથો પકડાયો હતો, તેથી તે તથા તેના સર્વ સાથીઓ અચરત થયા. ઝબદીના દીકરા યાકૂબ તથા યોહાન, જેઓ સિમોનના ભાગિયા હતા, તેઓને પણ અચંબો લાગ્યો. ઈસુએ સિમોનને કહ્યું, "બી માં, હવેથી તું માણસો પકડનાર થશે."*
- લૂક 5:1-10

પીતર, યાકૂબ અને યોહાને આખી રાત માછીમારી કરી હતી, અને કશું જ પકડ્યું ન હતું. આ અનુભવી માછીમાર હતા, જેઓ તળાવ પાસે જ મોટા થયા હતા, અને તેને સારી રીતે જાણતા હતા, તેમ છતાં તેઓ ખાલી હાથે પાછા આવ્યા હતા. પરંતુ, અલબત્ત, વાત ત્યાં પૂરી થતી નથી. ઈસુ પીતરની હોડીને ઉપદેશ આપવા માટે ઉધાર લે છે, અને પછી તેને માછલી પકડવા માટે ઊંડા પાણીમાં લઇ જવાનું કહે છે. પિતરને થોડો આઘાત લાગ્યો, પણ તેણે કહ્યું કે તેઓએ આખી રાત માછલી પકડવાની મહેનત કરી છે, પરંતુ તેઓને કંઈ હાથ લાગ્યું નથી. પણ, ઈસુએ આ કરવાનું કહ્યું, એટલા માટે તે જાળ નાખશે. જ્યારે પીતરે જાળ નાખી, ત્યારે બાઇબલ કહે છે કે, તેણે એટલી બધી માછલીઓ પકડી, કે તેની જાળ ફાટવા લાગી, તેથી તેણે મદદ માટે તેના ભાગીદારોને બોલાવ્યા. બાઇબલમાં આગળ જણાવવામાં આવ્યું છે કે, તેના ભાગીદારોની જાળ પણ લગભગ ફાટી ગઈ હતી, અને બંને હોડીઓ એટલી બધી માછલીઓથી ભરાઈ ગઈ હતી, કે તે ડૂબવા લાગી હતી. બાઇબલ કહે છે કે, આ અનુભવી માછીમારો તે દિવસે માછલીઓ પકડવાથી એટલા આશ્ચર્યચકિત થઈ ગયા હતા, કે તેઓએ માછલી પકડવાનું છોડી દીધું, અને ઈસુની પાછળ ગયા હતા.

બાઇબલની આ મારી પ્રિય વાતોમાંની એક છે, કારણ કે એમાં અંધકારનું રાજ્ય અને ઈશ્વરનું રાજ્ય, એ બે રાજ્યો વચ્ચેના તફાવતોનું સ્પષ્ટ ચિત્ર દેખાય છે. અંધકારનું રાજ્ય, શેતાનનું આધિપત્ય, એક તૂટેલું, ગરીબ, આખી રાત માછલી પકડવાની મહેનતનું છે, માત્ર જીવન ટકાવી રાખવા માટેની, પીડાદાયક પરિશ્રમ અને પરસેવાથી ભરેલી કોઈ વ્યવસ્થા, જેમાં કશું પકડી શકાયું નથી. હું તેને પૃથ્વી પરના શાપની પ્રણાલી કહું છું, જે આદમે જે બળવો કર્યો, તેનાથી ઊભી થઈ છે, એની

સરખામણીમાં, કે જ્યાં ઈશ્વરના રાજ્યનું ભવ્ય ચિત્ર અને તે જે ઉભું કરે છે (આપે છે). આ બે છેડાઓ તરફ લાં......બી નજર નાખો, અને સમજો કે ઈશ્વરે તમને બીજા નંબરનો દરવાજો આપ્યો છે, ઈશ્વરનું રાજ્ય.

હવે, દરેક ખ્રિસ્તી પોકાર કરશે અને તાળી પાડશે અને કહેશે, "હા, ઈશ્વરનું રાજ્ય મહાન છે; માછલીઓ પકડવામાં આવી, તે જુઓ!" પરંતુ બહુ ઓછા લોકો પૂછશે, કે ઈસુએ તે કેવી રીતે કર્યું, અને મોટાભાગના લોકો જાણતા નથી, કે તેઓને તે દિવસે પીતર, યાકૂબ અને યોહાન જેવી જ જોગવાઈનો આનંદ માણવાની સમાન સત્તા અને ક્ષમતા આપવામાં આવી છે. તે દિવસે ઈસુએ જે કર્યું, તે કેવી રીતે કર્યું, તેની સર્વ સામાન્ય સ્પષ્ટતા એ જવાબ છે કે, ઈસુ તે કરી શકે છે, કારણ કે તે ઈસુ છે. પરંતુ અહીં થોભો; આપણે પહેલાં જ જોયું કે, માર્ક 6 માં ઈસુ દરેકને સાજા કરી શક્યા ન હતા, કારણ કે ઈશ્વરના રાજ્યને ત્યાં અધિકારક્ષેત્ર મળ્યું ન હતું. ના, તે દિવસે રાજ્યના આધ્યાત્મિક કાયદાઓ કાર્યરત હતા, જેણે માછલી પકડવાની સુવિધા અને તેનું ઉત્પાદન કર્યું.

પણ અહીં મુદ્દો છે. હું જે ખ્રિસ્તીઓને મળ્યો છું, તેમાંના મોટા ભાગનાએ તો એમ પણ વિચાર્યું પણ નથી, કે ઈસુએ જે કર્યું હતું, તે કરવું શક્ય હતું. અને જો તેમણે તેમ કર્યું હતું, તો ઈસુએ તે કેવી રીતે કર્યું, તેની તેમને કશી જ ખબર ન હતી. મારી પાસે કંઈક કહેવાનું છે, કે જે હું મારી પરિષદોમાં ઉપયોગ કરું છું, કે જો તમે કંઈક શીખવી શકતા નથી, તો તમે તેને જીવી શકતા પણ નથી. મારો કહેવાનો અર્થ એ છે કે, જો તમે તે પકડવું (માછલીઓ પકડાઈ તે) કેવી રીતે થયું, તે વ્યાખ્યાયિત કરી (સમજાવી) શકતા નથી, તો તમે ક્યારેય તેવું જ કરી શકશો નહીં. તો તે વિશાળ પકડવું (માછલીઓ) કેવી રીતે દેખાયું (બન્યું)? શું તમે તેને વ્યાખ્યાયિત કરી શકો છો? જો તમે આ પ્રકારની સફળતાને પકડવા માંગતા હો, તો તમારે તે માછલીઓ કેવી રીતે દેખાઈ, તે શોધવાની જરૂર રહેશે. જોકે, હું જ્યારે આવી વાતો કરવા લાગું છું, ત્યારે મોટા ભાગના લોકો ચોંકી જાય છે. પરંતુ ઈસુએ શું કહ્યું?

> *હું તમને ખચીત ખચીત કહું છું કે, હું જે કામો કરું છું, તે મારા પર વિશ્વાસ રાખનાર પણ કરશે, અને એના કરતાં પણ મોટા કામ કરશે; કેમકે હું બાપની પાસે જાઉં છું.*
>
> —યોહાન 14:12

જ્યારે ઈસુએ કહ્યું, કે તે જે કામો કરી રહ્યા હતા, તે જ કામો આપણે કરી શકીએ છીએ, કારણ કે તે પિતા પાસે જતા હતા, તે પવિત્ર આત્માનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જે તેમના મૃત્યુ અને પુનરુત્થાન પછી આપણી પાસે આવે છે. આ

એ જ પવિત્ર આત્મા છે, જે યર્દન નદી પર તેમના પર આવ્યો હતો, કે જે આપણે જ્યારે તેમની સેવાને અનુસરીએ છીએ, ત્યારે જે આપણે જોઈએ છીએ, તે તેણે ઈશ્વરનાં મહાન કાર્યો કરવાની છૂટ આપી હતી. આપણે જાણીએ છીએ, કે લોકોના અવિશ્વાસને કારણે માર્ક 6 માં આ સામર્થ્ય માટે અવરોધરૂપ બન્યો હતો, તેમ છતાં માછલીઓની બાબતમાં લૂક 5 માં તે સામર્થ્ય અવરોધાયું ના હતું, તેથી આપણે રાજ્યના નિયમોનો અભ્યાસ કરવાની જરૂર છે ,જેથી આપણે નક્કી કરી શકીએ, કે કોઈ પણ પરિસ્થિતિમાં પવિત્ર આત્માના મુક્ત પ્રવાહને શું અવરોધે છે, અથવા શું સરળ બનાવે છે. તેથી, ચાલો આપણે એક વાત પર નજર કરીએ, અને જોઈએ કે, શું આપણે ઈશ્વરના રાજ્યના નિયમો અને સિદ્ધાંતો મેળવી શકીએ છીએ, કે જેનાથી આપણે તેની ઓળખ પામી શકીએ અને તે શીખી શકીએ.

હવે, જો તમે મારું પહેલું પુસ્તક વાંચ્યું હોય, તો તમે જાણો છો કે પિતરે ઈસુને હોડી આપી, ત્યારે આધ્યાત્મિક રીતે અહીં શું બન્યું હતું. પિતરની હોડીએ, અને ખરેખર તો માછલી પકડવાના આખા વ્યવસાયે રાજ્યો કે અધિકારક્ષેત્ર ને બદલી નાખ્યા ! હા, ઈસુએ હોડીને પોતાના સેવાકાર્ય હેઠળ લીધી ત્યારે, પિતરની હોડી હવે દેવના રાજ્યના અધિકારક્ષેત્રમાં આવી. એક વખત હોડી ઈશ્વરના અધિકારક્ષેત્ર હેઠળ આવી ગયા પછી, પવિત્ર આત્માને ઈસુને ઊંડા પાણીમાં માછલીઓની જગ્યા વિષે જ્ઞાનનો શબ્દ લખવાનો કાનૂની અધિકાર હતો. માછલીઓનું આ વિપુલતામાં પકડાવવું, એ એક અલૌકિક યોજના અને વ્યૂહરચનાનું પરિણામ હતું, જે પવિત્ર આત્માએ તે દિવસે ઈસુ દ્વારા પિતરને આપવામાં આવ્યા હતા. આ એ છે, જેને હું ગુપ્ત જ્ઞાન (સિક્રેટ નોલેજ) હું કહું છું, અને તેના કારણે, પિતર, યાકૂબ અને યોહાને, તેઓએ અત્યાર સુધીનો સૌથી મોટો માછલીઓનો જથ્થો જોયો હતો. હકીકતમાં, બાઇબલ કહે છે, કે આ અનુભવી માછીમારો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

હું માનું છું કે, ઈસુ ઇચ્છે છે, કે તમે પણ એક આશ્ચર્યજનક જીવન જીવો, એક એવું જીવન, જે ઈશ્વરના રાજ્યને દર્શાવે છે, જેથી તમારી આસપાસના લોકો ઈસુને જે જુએ છે, તેનાથી આશ્ચર્યચકિત થઈ જાય, અને તેઓ પણ ઈસુને ઓળખે. હું માનું છું, કે ધર્મની ખાલી હોડીઓ, લોકોને ક્યારેય ઈશ્વર તરફ આકર્ષિત કરશે નહીં. ઈશ્વર ઇચ્છે છે, કે લોકો તેમના રાજ્યની ભલાઈ જુએ, જેથી બધા તે જોઈ શકે અને માની શકે કે, તે સારા છે, અને તેમની પાસે આવનારા બધાનો સ્વીકાર કરવા તૈયાર છે. યશાયાહે મંડળીનો ઉલ્લેખ કરતી, નીચેની ભવિષ્યવાણી જાહેર કરી, ત્યારે તેણે આ વિષે કહ્યું હતું.

> *"તેઓ તેના મહિમાના અર્થે ધાર્મિકતાના વૃક્ષ, યહોવાની રોપણી કહેવાય" (યશાયા 61:3બ).*

તો વાત એ છે કે, હું ઈચ્છું છું કે, તેમે લૂક, પ્રકરણ 5 માં માછલીની વાતમાંથી બહાર આવો? ખેર, એ વાતમાંથી તમે ઘણા આધ્યાત્મિક નિયમો બહાર લાવી શકો છો, પરંતુ જો તમે માત્ર આ વિચાર સાથે જ ચાલી શકો, તો પણ તે તમારું જીવન બદલી નાખશે.

**કોઈપણ માછલી પકડી શકે છે, જો ઈસુ તેમને ચોક્કસ જણાવે, કે તેમની જાળ ક્યાં નાખવી ! અથવા મને તે આ રીતે કહેવા દો: કોઈપણ માછલી પકડી શકે છે, જો ઈસુ તેમને કહે, કે માછલીઓ ક્યાં છે અને તેમને કેવી રીતે પકડવી!**

લોકો મને કહે છે કે, "ગેરી, તે સારું છે, પણ ઈસુ હવે અહીં નથી." ના, પરંતુ એ જ પવિત્ર આત્મા આજે અહીં છે, જેણે તે દિવસે ઈસુને કહ્યું હતું, કે માછલીઓ ક્યાં છે, અને જો તમે વિશ્વાસી હો, તો તે તમારામાં રહે છે. ઈસુ તેમના શિષ્યોને છોડવાની તૈયારી કરી રહ્યા, ત્યારે તેમણે તેમના શિષ્યોને જે કહ્યું હતું, તે સાંભળો.

> *હાજી હું તમારી સાથે રહું છું, તે દરમ્યાન, મેં તમને એ વચનો કહ્યા છે. પણ સંબોધક, એટલે પવિત્ર આત્મા, જેને બાપ મારે નામે મોકલી દેશે, તે તમને બધું શીખવશે, અને મેં જે જે તમને કહ્યું, તે બધું તમારા સ્મરણમાં લાવશે. હું તમને શાંતિ આપીને જાઉં છું, મારી શાંતિ હું તમને આપું છું; જેમ જગત આપે છે, તેમ હું તમને આપતો નથી. તમારા હ્રદયોને વ્યાકુળ થવા ન દો, અને બીવા પણ ન દો.*
>
> - યોહાન 14:25-27

ઈસુની શાંતિ શું હતી? તે પવિત્ર આત્મા હતો, જેણે તેમને કહ્યું હતું, કે તે જે પણ પરિસ્થિતિનો સામનો કરે છે, તેને કેવી રીતે સંભાળવું. ઈસુએ પવિત્ર આત્માને સલાહકાર કહ્યો. મિત્ર, આ સલાહકાર તમારામાં રહે છે, અને તમને ક્યારેય છોડશે નહીં. શું તમે તેને સાંભળી રહ્યા છો? તમારે એ વાત સાથે સંમત થવું પડશે, કે તમે તમારી જાતને કોઈ પણ પરિસ્થિતિમાં જુઓ, તો તેનો જવાબ મોટેભાગે ઈશ્વર પાસે જ છે. ઈસુએ કહ્યું, કે આ સલાહકાર, તમને શીખવી શકે છે, અથવા તમને બધી બાબતો વિશે સલાહ આપી શકે છે. 'સ્ટ્રોંગ ના બાઇબલના સંપૂર્ણ સુમેળ' (સ્ટ્રોંગ'સ એક્ઝોસ્ટિવ કોન્કોર્ડન્સ ઓફ ધ બાઇબલ) (3875) અનુસાર, અહીં ગ્રીક શબ્દનો સલાહકાર (કાઉન્સેલર) તરીકેના અનુવાદનો શાબ્દિક અર્થ થાય છે તે: "એકને બોલાવવામાં આવે છે", અથવા "કોઈકની બાજુમાં બોલાવવામાં આવે છે", ખાસ કરીને "જેને કોઈની સહાય માટે બોલાવવામાં આવે છે". તેનો અર્થ એ

**ઈસુએ પવિત્ર આત્માને સલાહકાર કહ્યો. મિત્ર, આ સલાહકાર તમારામાં રહે છે, અને તમને ક્યારેય છોડશે નહીં.**

પણ છે કે, “જે ન્યાયાધીશ સમક્ષ, બીજા માટે (બીજાના હેતુ માટે) ની વિનંતી કરે છે, બચાવ પક્ષના વકીલ, કાનૂની સહાયક અથવા એડવોકેટ". તેના વ્યાપક અર્થમાં, આ શબ્દનો અર્થ એક સહાયક અથવા સહાય લાવનાર, અથવા મદદનીશ, એવો થાય છે.

હું તમારા વિશે જાણતો નથી, પણ હું આવા સહાયકનો ઉપયોગ કરી શકું છું; તમે ન કરી શકો? પવિત્ર આત્મા એ પીતરનો જવાબ હતો, જ્યારે તેઓએ આખી રાત માછલી પકડવા મહેનત કરી, અને કશું પકડ્યું ન હતું. અને પવિત્ર આત્મા એ મારો જવાબ હતો, જ્યારે મને ખબર નહોતી, કે ‘દેવા’ માંથી બહાર નીકળવા માટે મારે જરૂરી નાણાં ક્યાંથી લાવવા. એટલા બધાં વર્ષો સુધી મારા કુટુંબને આર્થિક ભીંસમાં મૂક્યા પછી, જ્યારે હું મદદ માટે ઈશ્વર તરફ વળ્યો, ત્યારે તે પવિત્ર આત્માએ જ મને એક સ્વપ્ન આપ્યું હતું, જેમાં એક રાત્રે મને, મેં જે કંપનીમાં કામ કર્યું હતું, તે છોડી દેવાનું, અને નવેસરથી મારી પોતાની કંપની શરૂ કરવાનું બતાવ્યું.

એ પવિત્ર આત્માએ જ મને કહ્યું હતું, કે આ નવી કંપનીનું ધ્યેય, ઈશ્વરની ભલાઈ જાહેર કરવાનું અને લોકોને દેવામાંથી મુક્ત થવામાં મદદ કરવાનું છે. એ વિચાર મેં સાંભળ્યો હોય, તેમાં સૌથી પાગલપણ જેવો વિચાર હતો. લોકોને ‘દેવા’ માંથી હું બહાર નીકળવામાં મદદ કરું? હું પૈસાનું શું ના કરવું જોઈએ, તેમ કરવાવાળો વ્યક્તિ હતો. મારું જીવન, આર્થિક બાબતે એક દુ:ખદ સ્વપ્ન સમાન હતું. પણ ઈસુએ એમ જ કરવાનું કહ્યું, તેથી વિશ્વાસથી હું અને ડ્રેન્ડા આગળ ડગલું ભર્યું, અને મૂળભૂત રીતે એ જ વાત કહી, જે પીતરે કહી હતી. "હે પ્રભુ, આનો કોઈ અર્થ નથી લાગતો, પણ તમે એમ કહો છો, તેથી અમે તે કરીશું." પવિત્ર આત્માની સલાહને અનુસરીને, તે નવી કંપની વિકસતી જ ગઈ અને તે કંપનીએ એ નાણાં પૂરાં પાડ્યાં, જેણે મને અને ડ્રેન્ડાને સંપૂર્ણપણે ‘દેવા’ માંથી મુક્ત થવા સક્ષમ બનાવ્યાં. તે કંપની આજે પણ, 30 વર્ષ પછી પણ વ્યવસાયમાં કાર્યરત છે, અને હજી પણ દર વર્ષે સેંકડો હજારો ડોલરનો નફો કરી રહી છે.

અરે, હું એટલો હોંશિયાર નથી અને તમે પણ નથી, પરંતુ ઈશ્વરે તમને પવિત્ર આત્મા આપ્યો છે, કે જેથી તમને જીવનમાં જે જવાબોની જરૂર હોય, તે મેળવવામાં તમને મદદ કરી શકે. પરંતુ આપણે આ પુસ્તકમાં શીખવાના છીએ, તેમ, આપણે, આપણા ભાગ ભજવવાના છે, અને ઈશ્વરની ઇચ્છાને પૂર્ણ કરવા માટે પવિત્ર આત્મા સાથે કામ કરવાનું છે.

દુ:ખની વાત છે કે, લોકો સાથેના મારા અનુભવ પરથી એવું લાગે છે, કે ઘણા ખ્રિસ્તીઓ પાસે તેઓ જીવનમાં જે સમસ્યાઓનો સામનો કરે છે, તેના માટે તેમની પાસે કોઈ જવાબ નથી. તેઓ ફક્ત તેમની પોતાની ક્ષમતાથી જ માછીમારી કરતા રહે છે, અને આખી રાત માછીમારી કર્યા પછી, તેઓ સતત ખાલી અથવા તેની નજીકના

પરિણામ સાથે પાછા આવે છે. તેઓએ ક્યારેય સાંભળ્યું નથી, કે પવિત્ર આત્મા દરેક પ્રકારની પરિસ્થિતિમાં તેમને મદદ કરવા માટે હાજર છે. જોકે, મોટા ભાગના ખ્રિસ્તીઓ કહેશે, “ઈશ્વર મને આ અથવા તે પ્રમાણે કરવામાં મદદ કરશે." તેઓ એ સમજતા નથી, કે તે (પવિત્ર આત્મા) તેમને કઈ રીતે મદદ કરે છે, અથવા તેમને જે જવાબોની જરૂર છે, તે કઈ રીતે સાંભળવા. ઘણાને એ વાતનું ભાન જ નથી હોતું, કે પોતાને જરૂરી જવાબો મેળવવા માટે, તેમણે ઈશ્વર સાથે મળીને કામ કરવાની જરૂર છે, અને તેઓ હજી પણ રાહ જોઈ રહ્યા છે, કે ઈશ્વર તેમની સમસ્યા વિશે કંઈક કરે, જ્યારે તેમની અંદર જ જવાબો પહેલેથી જ હાજર છે.

દાખલા તરીકે, નાણાંની બાબતમાં લોકો કહેશે, કે ઈશ્વર મને સમૃદ્ધ બનાવશે. હું કહું છું, “ખુબ સરસ ! ઈશ્વર તમને કઈ રીતે નાણાં આપશે?” પહેલાં તો તેઓ નારાજ થાય છે, કે હું એવો પ્રશ્ન પૂછું છું કે, જાણે હું તેમના વિશ્વાસને પડકારી રહ્યો હોઉં. પણ હું કાયમ રહું છું. "નાણાં ક્યાં દેખાવાના છે? ઈશ્વર તમારી પાસે તેને કઈ રીતે લાવશે?” જ્યારે હું તેમને જવાબ માટે દબાણ કરું છું, ત્યારે તેમને ખ્યાલ નથી હોતો. અમુક સમય માટે ના જાણવામાં આવ્યું હોય, એ બરાબર, પરંતુ સમય જતાં, તમારી પાસે જવાબ હોવો જરૂરી છે. તમે જે નથી જોતા, તેની કાપણી કરી શકતા નથી. યાદ રાખો, પિતરને કહ્યું, ત્યારે ઈસુ ખૂબ જ ચોક્કસ હતા, કે માછલીઓ ક્યાં છે: "જાળ નાખો." સમય જતાં, જો તમે માછલી પકડવા જઇ રહ્યા હો, તો તમારે તમારી જાળ ક્યાં નાખવી, તે જાણવાની જરૂર રહેશે.

લોકો સામાન્ય રીતે જેમ માને છે, જેને હું ‘મેઇલબોક્સ માનસિકતા’ કહું છું, કારણ કે, તેઓ ફક્ત એવું વિચારે છે, કે ઈશ્વર તે કરવા જઇ રહ્યા છે, અને તેમનું નાણાકીય જીવન 10 કે 20 વર્ષ સુધી એક જ નિષ્ક્રિય ભીંસમાં રહે છે અને તેમાં કોઈ ફેરફાર થતો નથી. દુ:ખદ છે. શું તમે જાણવા માંગો છો, કે તેઓ શા માટે એની એ જ પરિસ્થિતિમાં રહે છે? એનું કારણ એ છે, કે તેઓને પવિત્ર આત્માની રીતે, ઈશ્વરના રાજ્યની રીતે, કેવી રીતે માછલી પકડવી, તે કદી શીખવવામાં આવ્યું નથી. તેઓ જાણતા નથી, કે પવિત્ર આત્મા પૃથ્વી પર કેવી રીતે કાર્ય કરે છે, જેનાથી તેઓ સફળ થઈ શકે. તેઓ જાણતા નથી હોતા, કે તેઓએ કઈ ભૂમિકા ભજવવી જોઈએ અને તેમને ખૂબ જ જરૂરી સફળતા પ્રાપ્ત કરવામાં, પવિત્ર આત્મા શું ભૂમિકા ભજવે છે.

તે આજે બપોરના ભોજનમાં જોયેલા માણસ જેવું છે. તે વ્યક્તિ ખુબ વિશાળ હતો, કદાચ 375 પાઉન્ડનો હશે. તેના એક પગ પર બ્રાસ (સપોર્ટ) હતું અને તેની પાસે બે લાકડી હતી. તે માંડ માંડ હલનચલન કરી શકતો હતો. ચીઝબર્ગર ખાધા પછી, તેણે પીનટ બટર પાઇનો ટુકડો મંગાવ્યો. તેને તે પાઇ મંગાવતા સાંભળીને મને આઘાતમાં પડ્યો. મને ખાતરી નથી કે તે શું વિચારી રહ્યો હતો, પરંતુ તેણે ઘણી પાઇ

ખાઈ લીધી હતી. તે સ્પષ્ટ હતું, અને તે તેને મારી રહ્યું હતું. તે સંઘર્ષ કરીને ટેબલ પરથી ઊભો થયો અને ધીમે ધીમે અને પીડાદાયકતા સાથે તેણે રેસ્ટોરન્ટમાંથી બહાર નીકળવાનો માર્ગ પૂરો કર્યો. હું આજે ખ્રિસ્તીઓને આ રીતે જીવન જીવતા જોઉં છું- વચનો સાંભળવાના, પણ ઝેર ખાવાનું ચાલુ રાખવાનું અને પછી વિચારવાનું, કે શા માટે બધું કામ નથી કરી રહ્યું.

મિત્ર, તમારી પાસે જવાબ છે! પવિત્ર આત્મા, ઈશ્વર પોતે જ, તમારે જે કંઈ ઉત્તર જાણવાની જરૂર હોય, તે આપવા માટે તમારામાં વસે છે. લોકો મને પૂછે છે, કે તેમણે સુઝેન સાથે લગ્ન કરવાં જોઈએ કે સેલી સાથે, તેમણે આ નોકરી લેવી જોઈએ કે પછી, પેલી નોકરી લેવી જોઈએ, તેમણે સ્થળાંતર કરવું જોઈએ, કે તેઓ જ્યાં છે, ત્યાં જ રહેવું જોઈએ, તેમનો સ્ટોક વેચવો જોઈએ કે સ્ટોક ખરીદવો જોઈએ. તમારી અંદર રહેલા પવિત્ર આત્મા પાસે તેના જવાબો છે. ફરીથી, આ પુસ્તકનો હેતુ એ શીખવાનો છે, કે પવિત્ર આત્મા આપણને કેવી રીતે મદદ કરે છે અને પવિત્ર આત્માનો અવાજ સાંભળવાની બાબતમાં ઈશ્વરનું રાજ્ય કેવી રીતે કાર્ય કરે છે.

**પવિત્ર આત્મા, ઈશ્વર પોતે જ, તમારે જે કંઈ ઉત્તર જાણવાની જરૂર હોય, તે આપવા માટે તમારામાં વસે છે.**

તો મને સમીક્ષા કરવા દો.

**કોઈ પણ વ્યક્તિ માછલી પકડી શકે છે, જો ઈસુ તેમને કહે કે તેઓ ક્યાં છે અને તેમને કેવી રીતે પકડવી, તમે પણ !**

કેરોલ આ ઇ-મેઇલમાં સમજાવે છે, કે તેનું જીવન કેવી રીતે બદલાઈ ગયું.

> *ગયા વર્ષે, આજની તારીખે જ, હું ક્રેડિટ કાર્ડ્સથી ક્રિસમસની ભેટ-સોગાદો ખરીદી રહી હતી, અને પુરી મર્યાદા સુધી લઈ જઈ રહી હતી, કારણ કે મારી પાસે મારી દીકરી માટે ભેટો ખરીદવા માટે પૈસા નહોતા, જે હજી પણ સાન્તાક્લોઝમાં વિશ્વાસ કરે છે. હું સતત ચિંતા અને ઉદાસીમાં જીવતી હતી, અને મેં પાળક ગેરીને લખ્યું હતું, કે વાવણીની આ બાબત કામ કરતી નથી, કશું જ થયું નથી; અને તેમણે ખૂબ જ ધીરજપૂર્વક મને રાહ જોવા માટે જવાબ આપ્યો, કે લણણીમાં થોડો સમય લાગે છે, અને સામાન્ય રીતે તરત જ બીજા દિવસે થતું નથી.*
>
> *હવે આજે, એક વર્ષ પછી, હું મારા આખા પરિવાર માટે રોકડ સાથે ભેટ-સોગાદો ખરીદી રહી છું. હું 300 કે 400 ડૉલરની કિંમતની ભેટો ખરીદી રહી છું, અને એ મુશ્કેલ સમયમાં જેમણે મને મદદ કરી હતી, તેવા*

> *ગણ્યાગાંઠ્યા લોકોનું હું સન્માન કરી રહી છું. ગયા વર્ષે, હું ભોંયરાના એક ઓરડામાં રહેતી હતી, જેમાં કેટલાક મિત્રોએ મને થોડા મહિના રહેવાની પરવાનગી આપી હતી. મારી પાસે ખોરાક અથવા ગેસ માટે પણ પૈસા નહોતા. પરંતુ હવે હું એક સુંદર અને ફેન્સી ઘરમાં (એપાર્ટમેન્ટમાં) રહું છું, અને મારું રેફ્રિજરેટર ખોરાકથી ભરેલું છે.*
>
> *ત્રીજી ડિસેમ્બરે મારી દીકરીનો જન્મ દિવસ હતો, અને અમે તેને પેન્સિલવેનિયાના હર્શી પાર્કમાં લઈ ગયાં હતાં. અમે તેની ખાસ બહેનપણીને આમંત્રણ આપ્યું અને અમે હર્શી હોટેલમાં રોકાયાં હતા અને અમે બધું જ રોકડમાં ચૂકવ્યું હતું. અને હું તેના માટે એક મોટી ભેટ ખરીદી શકી હતી, જેની કિંમત મને 400 ડોલર થી પણ વધુ હતી, જ્યારે ગયા વર્ષે કોઈએ મને તેનો જન્મદિવસ ઉજવવા માટે 30 ડોલર આપીને, મારું અપમાન કર્યું હતું.*
>
> *હું આ પોસ્ટ રડ્યા વિના લખી શકતી નથી. હું પાળક ગેરી અને તેમના પત્ની ડ્રેન્ડાની ખૂબ આભારી છું. આ વર્ષ મારા જીવનનું શ્રેષ્ઠ વર્ષ રહ્યું છે. ઈશ્વરે મારા જીવનમાં જે કાર્યો કર્યા છે, તે અદ્‌ભુત છે. હું મારી બધી વાતો સાથે એક પુસ્તક લખી શકું તેમ છું. મને એ શીખવવા માટે આભાર, કે હું પૃથ્વી પર સ્વર્ગને જીવી શકું છું.*

નીચેનો ઈ-મેઈલ એ મેં સાંભળેલી ઈશ્વરના રાજ્યની સૌથી અદ્‌ભુત વાતોમાંની એક છે. તે મિશિગનના શેરોનથી આવે છે.

> *પાળક ગેરી, હું આ મારા પતિ અને મારા વતી લખી રહી છું. હું ફક્ત તમારો આભાર માનવા માંગુ છું, કારણ કે તમે અને તમારી પત્ની, અમારા માટે સંપૂર્ણ પ્રેરણાસ્વરુપ છો. અમે લગભગ ત્રણ કે ચાર વર્ષ પહેલાં 'સિડ રોથ' પર તમારા વિશે સાંભળ્યું હતું. અમે ખૂબ જ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા હતા. મારા પતિને 18 વર્ષ પછી નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા, અને જ્યારે આ બન્યું, ત્યારે અમે 280,000 ડોલરનું ઘર બનાવ્યું હતું. અમે દેવા અને તણાવના લીધે અમે અમે અમારી ગરદન સુધીની પરિસ્થિતિમાં હતા.*
>
> *અમે તમારી સીડીઓ મંગાવી, અને તેઓ અમને તેમાંથી લઈ ગઈ. અમે શીખ્યા કે, દેવું કેવી રીતે અપંગ બનાવી શકે છે, અને તમારા સ્વાસ્થ્ય અને જીવનને આટલી તીવ્ર અસર કરી શકે છે. અમને કોઈ રસ્તો દેખાતો નહોતો. અમે અમારા નવા મકાન માટે ચૂકવણી કરી શક્યા ન હતા, પરંતુ અમારે*

*છોડવું પડ્યું, તે પહેલાં અમે તેમાં બે વર્ષ રહ્યા હતા. તે પોતાનામાં જ એક આશીર્વાદ હતો.*

*પરંતુ એક લાંબી વાત ટૂંકી કરતાં, મારા પતિ ચાર વર્ષ પછી તેમની જૂની નોકરી પાછી મેળવી શક્યા, કારણ કે તેઓ વિશ્વાસમાં રહ્યા હતા અને ઈશ્વરના વચનોમાં વિશ્વાસ રાખ્યો, અને તમારી અને તમારી પત્ની દ્વારા, તમારી સીડીઓ સાંભળીને અમને મદદ મળી તે. મારા પતિને તેમની જૂની નોકરી પાછી મળી ગઈ, અને ઉપરાંત, તે ચાર વર્ષનો તમામ પાછળની ચુકવણી પણ ! તેમાં કોઈ એટર્ની અથવા કાયદેસર બાબત સામેલ ન હતી. તે પાછા આપવામાં આવેલા ચાર વર્ષોમાંથી, તેમનો તમામ વેકેશનનો સમયગાળો પણ પાછો મળ્યો હતો. વાસ્તવમાં, જ્યારે તેઓએ તેમને પાછા કામ પર રાખ્યા, ત્યારે તેઓએ પ્રથમ વસ્તુ જે તેમણે કરવાની જરૂર હતી, તે વેકેશન પર જવાની હતી ! અમે તેમને મળેલા પાછલા પગારમાંથી, ગુમાવેલા જુના કરતાં વધારે સારા ઘર માટે રોકડ ચૂકવવા સક્ષમ હતા. તમે જે કરો છો, તે બધા માટે આભાર.*

મિસોરી ના એન્ડ્રુ તરફ થી:

*બે વર્ષ પેહલા હું કઠણ સ્થિતિમાં હતો. હું મારી અગાઉની નોકરીથી ખુશ ન હતો, અને બહારના વેચાણની નોકરીમાં પદ સ્વીકાર્યું. લેણદારો ફોન કરી રહ્યા હતા, મારી પાસે પેટ્રોલ અથવા ખોરાક માટે જ્વલ્લે જ પૂરતા નાણાં રહેતા હતા, મહિનો પૂરો થઇ રહ્યો હતો, અને ભાડું ભરવાનો વખત ઝડપથી નજીક આવી રહ્યો હતો. જો કે, મારી પાસે જે હતું, તે ગેરી ની રેવોલ્યૂશન 2.0 શ્રેણીમાંની સી.ડી. ની થપ્પી હતી. હું એક દિવસ ચર્ચ સર્વિસમાં બેઠો હતો, અને થોડું વાવવા માંગતો હતો, પરંતુ મારી પાસે મારા નામ પર, માત્ર 23 ડૉલર હતા, અને માંડ અઠવાડિયા પૂરતું ચાલી જાય ,એટલું પેટ્રોલ હતું. કામ સારું ચાલી રહ્યું ન હતું, અને હું ઈશ્વર ને જણાવવા માંગતો હતો, કે  મારે વાવણી કરવી છે, પરંતુ તે કરવા માટે નાણાં જ નથી. મને મારા અંતરમાંથી અવાજ આવતો સંભળાયો, કે તે 23 ડૉલર જોડે, હું (ઈશ્વર) તારા કરતા વધારે કરી શકું છું. ઈશ્વર મારી સાથે 20 ડૉલર વાવવા અને સારું વળતર મેળવવા, તેમના પર વિશ્વાસ કરવા માટે કરાર કરે છે.*

*તે ગુરુવારે, હું કોઈ અન્યના ખાતા માટે મદદ કરી રહ્યો હતો, જેની તેઓ સેવા આપી રહ્યા હતા. જો અમે કોઈ ઉત્પાદનો વેચીએ, તો પણ મને એમાંથી*

*કંઈ ખાસ પ્રાપ્ત થવાનું ન હતું, તેમ છતાં, હું સહાય કરવા તૈયાર હતો. દિવસ પૂરો થયા પછી, મારા નિરીક્ષકે કહ્યું, કે તે મદદની પ્રશંસા કરે છે અને તે દિવસ માટેનુ તમામ વેચાણ હું લઇ જય શકું છું (જો તમે વિચારમાં હો, તો હું જાણવું કે કમિશન વેચાણમાં, તેમ થતું જ નથી). અનુમાન કરી શકો? કુલ નફો, જે મને મેં મેળવ્યો, તે હતો, 2000 ડૉલર !!! એક અઠવાડિયા કરતાં ઓછા સમયમાં, 100 ગણું વળતર!*

*ઈશ્વર ખરેખર વિશ્વાસુ છે, અને જયારે ઈશ્વર જેમાં હોય, ત્યારે થોડું પણ પુષ્કળ હોય છે. ત્યારથી, હું ખુશખુશાલ વલણ અને વૃદ્ધિની અપેક્ષા સાથે, મારો દશાંશ ભાગ અને અર્પણ આપવા માટે ખંતીલો છું.*

*આ બન્યું, તેના થોડા મહિના પછી, મને એક નવા પદનો આશીર્વાદ પ્રાપ્ત થયો - જેની માટે મેં વાવણી કરી હતી, તે જ તે પદ હતું. માત્ર બે વર્ષ માં ફક્ત ગુજરાન ચાલે, ત્યાંથી લઇને, હું મારી આવક ચાર ગણી કરી ચૂક્યો હતો. ઈશ્વરની સ્તુતિ થાઓ, અને સઘળો મહિમા તેને જ હો. અન્ય સ્તુતિ: બેંક હવે મારી કારની માલિકી ધરાવતી નથી, અને ચુકવણી કરી દીધેલ, એકદમ નવી કાર, હું ચલાવી રહ્યો છું !!!*

કોરિયાથી એક સ્તુતિ એહવાલ:

*પ્રિય પાળક ગેરી,*

*હું હેતુ વિનાનું જીવન જીવી રહ્યો હતો, અને હું મારી જાતે, કોઈપણ વસ્તુ ખરીદી શકું તેમ ન હતો. હું ભિક્ષા પર નભતો અને જયારે લોકો મારી મદદ કરીને થાકી જતા, ત્યારે મારી એકમાત્ર આશા, બિસ્કિટનું પેકેટ અને કૉકની બોટલ મેળવવાની રહેતી હતી. મારા અને મારા બે બાળકોને ખાવા માટે મને એટલું જ પરવડી શકે તેમ હતું. મને અમારું ભાડું કે અમારા બીલો ચૂકવવા પરવડી શકે તેમ ન હતું. મને હજુ પણ યાદ છે, કે જ્યારે મેં પહેલીવાર 'ફેઇથ લાઇફ ચર્ચ' ની લાઇવ સ્ટ્રીમ સેવા જોઈ હતી. મારી પરિસ્થિતિ કેટલી ખરાબ છે, તે મેં તમારા ઓનલાઈન પાળક ને સમજાવ્યું હતું, અને તેમણે ફક્ત એટલું જ કહ્યું, કે મારે ઈશ્વરને પૂછવાની જરૂર છે, કે જેમ તેમણે પિતર ને કર ભરતી વેળાએ બતાવ્યું હતું, તેમ મારે ક્યાં અને કેવી રીતે માછલી પકડવી, તે મને બતાવે. લાંબી વાત ને ટુંકાણ માં કહું તો, હું હવે એક આફ્રિકન રેસ્ટોરન્ટ અને એક વાળંદની દુકાનની માલિકી ધરાવું છું.*

*આ બધું પાળક ગેરી ના ઉપદેશો સાંભળવાને લીધે છે. મારી સ્તુતિ ઈશ્વરને માટે છે !*

આ કેટલીક મહાન વાતો રહી છે ! પરંતુ તમે કદાચ કહેતા હશો, “તે ખુબ સરસ છે, ગેરી. ચોક્કસ, આ બાબતો અન્ય લોકો માટે કાર્ય કરે છે, પરંતુ મારા માટે નહીં". સારું, તમારી વાત પૂરી થઈ નથી! ચાલો હું તમને આ પૂછું. જ્યારે તમે આ પ્રકરણ વાંચતા ત્યાં બેઠા છો, ત્યારે શું તમે અત્યંત ભયથી તમારી ખુરશીને પકડી રાખી છે  કે તમે હવામાં તરતા થઈ જશો? ના, તમે તેમ નથી કરી રહ્યા. શા માટે? કારણ કે તમે ગુરુત્વાકર્ષણના નિયમને સમજો છો, અને તમે જાણો છો, કે તે દરેક માટે સમાન કાર્ય કરે છે. ઈશ્વરનું રાજ્ય એ જ રીતે કાર્ય કરે છે. તમે કાયદાઓ શીખી શકો છો. તમે અનન્ય વ્યૂહરચનાઓ સાંભળવાનું શીખી શકો છો, જે તમારા જીવનને ઈશ્વરના સામર્થ્યની વાતમાં ફેરવશે. આપણે પહેલેથી જ એ હકીકત પ્રસ્થાપિત કરી ચૂક્યા છીએ, કે તે પવિત્ર આત્માની આંતરદૃષ્ટિ અને સહાય છે, જેણે આ વાતો શક્ય બનાવી છે. તેથી, ચાલો આપણે આપણી મુસાફરી, પવિત્ર આત્માની કેટલીક મૂળભૂત બાબતોથી શરૂઆત કરીએ, પછી આપણે આપણી માટે જરૂરી વ્યૂહરચનાઓ વિષેની મહાનતમ વિગતમાં જઈશું.

# પ્રકરણ 4
# મૂળભૂત બાબતો : આના વિના ઘરને છોડશો નહિ.

જો તમે પવિત્ર આત્માની વ્યૂહરચનાઓથી ભરેલું જીવન જીવવા માંગતા હો અને પવિત્ર આત્માની દોરવણી દ્વારા વિજય મેળવવા માંગતા હો, તો પહેલાં, તમારે નવો જન્મ પામવો પડશે, અને પછી, બીજું, પવિત્ર આત્મામાં બાપ્તિસ્મા પામવું પડશે. હા, તે એક જ આત્માની બે તદ્દન ભિન્ન કામો છે. જો આ તમારા માટે કંઈક તદ્દન અજાણી બાબત છે, તો કશો વાંધો નહિ. હું તમને તેમાંથી પસાર કરાવડાવીશ. પરંતુ મને એક યોગ્ય મુદ્દા પર જવા દો - ઈસુએ કહ્યું કે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા થવું એટલું અગત્યનું છે, કે તેમણે કહ્યું, કે તમારે તેના વિના ઘર છોડવું જોઈએ નહીં! ફરીથી, મેં એવું નથી કહ્યું; કે જે ઈસુએ પ્રેરિતોનાં કૃત્યો 1:4-5 માં કર્યું હતું.

> *યરુશાલેમથી જતા ના, પણ બાપનું જે વચન તમે મારા મુખથી સાંભળ્યું છે, તેની વાટ જોતા રહેજો; કેમકે યોહાને પાણીથી બાપ્તિસ્મા કર્યું ખરું; પણ થોડા દિવસ પછી તમે <u>પવિત્ર આત્માથી બાપ્તિસ્મા</u> પામશો.*
>
> - પ્રેરિતોનાં કૃત્યો 1:4(બ)-5

> *પણ પવિત્ર આત્મા તમારા પર આવશે, ત્યારે તમે સામર્થ્ય પામશો; અને તમે મારા સાક્ષી થશો.*
>
> - પ્રેરિતોનાં કૃત્યો 1:8

નોંધ લો કે ઈસુએ કહ્યું, “આના વિના ઘરને છોડશો નહિ. આ જરૂરી બાબત છે." મૂળભૂત રીતે, તે કહેતા હતા, “ઈશ્વરનાં કાર્યો કરવા માટે તમારે આ સામર્થ્યની જરૂર છે, ઈશ્વરના રાજ્યના સાક્ષી બનવા માટે. તેમ છતાં, આજે, એવા ખ્રિસ્તીઓની સંખ્યા છે, કે જેમણે પવિત્ર આત્માના બાપ્તિસ્મા વિશે હજી સાંભળ્યું નથી, અથવા તો તેનો અનુભવ કર્યો નથી, એવા ખ્રિસ્તીઓની સંખ્યા છે, જેઓ મંડળીમાં ઉછર્યા છે, પરંતુ હજી સુધી પવિત્ર આત્માના બાપ્તિસ્માની જરૂરિયાત વિશે કદી સાંભળ્યું

નથી. અથવા તેઓનો ઉછેર મંડળીમાં થયો અને તેમને કહેવામાં આવ્યું, કે બાપ્તિસ્મા આજના માટે નથી, તે ચમત્કારો વીતી ચુક્યા છે.

હું એ જ રીતે મંડળીમાં ઊછર્યો છું, અને પવિત્ર આત્માના બાપ્તિસ્મા વિશે મેં કદી સાંભળ્યું નહોતું. મને વિશ્વભરના લોકો તરફથી ઘણા બધા ઇ-મેઇલ્સ મળે છે, જેમણે હજી આ સામર્થ્યવાન સત્ય વિશે, જાણવાનું પણ બાકી છે. મને જે ઈ-મેઈલ્સ મળે છે, તેમાંના ઘણા ‘આજ’ માટે આ ભેટની યથાર્થતા પર સવાલ ઉઠાવે છે, તેથી જ પવિત્ર આત્માના બાપ્તિસ્મા ને લગતા સત્યને કાગળ પર મૂકવા માટે મેં સમય લીધો છે.

હું માનું છું, કે આ ક્ષેત્ર વિશે બાઇબલ ઘણું સ્પષ્ટ છે, અને બાઇબલને પોતાને જ બોલવા દઉં, તેવું હું ઈચ્છું છું. તે તમારા બધા પ્રશ્નોના જવાબ આપશે. પરંતુ, પ્રથમ, મેં પવિત્ર આત્માના બાપ્તિસ્મા વિશેનું સત્ય કેવી રીતે શોધ્યું, તેના પર હું તમને થોડી પૂર્વભૂમિકા આપવા માંગું છું.

જ્યારે હું નાનો હતો, ત્યારે હું ઈશ્વર માટે ભૂખ્યો હતો (જો કે હું અત્યારે વૃદ્ધ છું, તો પણ, હજી પણ), અને હું એક સંપ્રદાયની મંડળીમાં ગયો હતો. અમે રવિવારે સવારે, સામાન્ય ધાર્મિક દિનચર્યાઓમાંથી પસાર થયા. કદાચ તમે પણ એવું કર્યું હશે. મને યાદ છે, કે કેટલાક સ્તોત્રો પછી શાંતિની મૌન ક્ષણ આવે છે. અમે હંમેશાં પ્રભુએ શીખવેલી પ્રાર્થના બોલતા અને પછી, પાળક ઉપદેશ આપતા, સમાપન સ્તોત્ર ગવાતું અને આશીર્વાદ આપતા. દરેક ચર્ચ સર્વિસ એ જ રીતે કરવામાં આવતી હતી.

ત્યાંના લોકો ખુબ સારા હતા, અને હા, તેઓ ખરેખર ઈશ્વરને ચાહતા હતા. પરંતુ, મેં સુવાર્તાની ખરેખરી વાસ્તવિકતા કદી જોઈ ન હતી. મેં નહોતું જોયું કે, લોકોનું જીવન નાટ્યાત્મક રીતે બદલાઈ ગયું છે, અથવા તો ઈશ્વરના સામર્થ્યથી લોકો સાજા થયા છે. મને લાગે છે કે, હું એમ કહી શકું, કે મેં ઈશ્વરના રાજ્યને ઘણું પ્રદર્શિત થયેલું જોયું નહિ.

તેથી ત્યાં હું 18 વર્ષમાં જ ઈશ્વર માટે ભૂખ્યો હતો, અને મારા પપ્પાની પિઝાની દુકાન ચલાવતો હતો. એક રાત્રે, એક માણસ પિઝા શોપમાં આવ્યો, અને મને જાગૃતિની સભામાં આવવા આમંત્રણ આપ્યું. એ સભા, મારા શહેરના એક નાનકડા મેથોડિસ્ટ ચર્ચમાં યોજવામાં આવી હતી, અને અતિથિ વક્તા એક પ્રચારક હતા, જેમણે, ઈસુ આજે પણ એ જ બાબતો કરી રહ્યા છે, જે તેમણે બાઇબલમાં કરી હતી, તે વિષે સંબોધન કર્યું હતું.

હવે, એ વાતે મારું ધ્યાન ખેંચ્યું, કારણ કે હું તે જોવા માંગતો હતો. મારા કેટલાક મિત્રો આ મંડળીમાં જતા હતા, તેથી મેં જાગૃતિની સભાની મુલાકાત લેવાનું નક્કી કર્યું. એ રાત્રે મેં પવિત્ર આત્માના બાપ્તિસ્મા વિષે કંઈ સાંભળ્યું નહિ, તેમ છતાં, એ સર્વિસમાં મને ઈશ્વરની હાજરીનો ઊંડો સ્પર્શ થયો હતો. ત્યાં હાજર રહેલા મારા મિત્રોએ મને રવિવારે ફરીથી આવવા માટે મને પ્રોત્સાહન આપ્યું હતું, અને હું ત્યાં

ગયો હતો. મને તે મંડળીમાં જવાનું ખુબ જ ગમી ગયું અને તેને મારી નવી મંડળી બનાવી લીધી.

જાગૃતિની સભાનાં થોડાં અઠવાડિયાં પછી, હું સ્ત્રીઓના એક જૂથને મળ્યો, જેઓ મંડળીમાં જતી હતી અને સાપ્તાહિક બાઇબલ અભ્યાસ પણ યોજતી હતી. તેઓ પવિત્ર આત્માનું બાપ્તિસ્મા, પવિત્ર આત્માની ભેટો અને બીજી ઘણી બાબતો વિશે વાત કરી રહી હતી, જેના વિશે મેં પહેલાં કદી સાંભળ્યું ન હતું. તેઓના સામર્થ્ય, જેના વિશે વાત કરતી હતી, તે સાંભળવા માટે હું એટલો બધો ઉત્સુક હતો, કે મેં તેઓને પૂછ્યું કે શું હું તેઓના સ્ત્રીઓના બાઇબલ અભ્યાસમાં આવી શકું? તેઓનો બાઇબલ અભ્યાસ સવારના સમયે થતો હતો, અને હું રાત્રે પિઝાની દુકાનમાં કામ કરતો હતો, તેથી મેં ત્યાં જવાનું નક્કી કર્યું.

જ્યારે હું ત્યાં પહોંચ્યો, ત્યારે મને ખબર પડી, કે હું ત્યાં એકમાત્ર છોકરો હતો અને એકમાત્ર 18 વર્ષનો પણ, પરંતુ તે મારા માટે કોઈ મુદ્દો ન હતો. હું બાઇબલ અભ્યાસમાં ગયો હતો, કારણ કે મને ઈશ્વરની ભૂખ હતી. મેં ઘણા બધા પ્રશ્નો પૂછ્યા.

એ સ્ત્રીઓએ મારી સાથે ખૂબ જ ધીરજ રાખી હતી, અને મને બાઈબલના ભાગો તરફ લઈ ગઈ, અને મારા પોતાના જ બાઇબલમાં મને બતાવ્યું, કે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા આજે પણ છે, અને ઈશ્વરનું સામર્થ્ય આજે પણ એવી જ રીતે ઉપલબ્ધ છે, જેવી રીતે ઈસુ પૃથ્વી પર હતા, ત્યારે પણ ઉપલબ્ધ હતું. સૌથી સારી વાત એ હતી, કે જ્યારે તેઓ કહેતા હતા કે આ બધું બધા જ વિશ્વાસી માટે છે– આ તો કોઈ પણ વ્યક્તિ માટે છે, જે તે માંગે છે.

હું બે-ત્રણ અઠવાડિયાં સુધી બાઇબલ અભ્યાસમાં જતો રહ્યો, એ પછી, તેઓએ મને કહ્યું, કે 'સ્ત્રીઓની ચમક' ('વિમેન્સ એગ્લો') નામની રાષ્ટ્રીય સંસ્થા, શહેર કક્ષાની એક મિટિંગ યોજવાની છે. વિમેન્સ એગ્લો, એક એવી સંસ્થા હતી અને હજી પણ છે, જે પવિત્ર આત્માના બાપ્તિસ્મા વિશે ઘણું બધું શીખવે છે. આ સ્ત્રીઓ ત્યાં જવાનું વિચારી રહી હતી, અને તેમણે મને પણ તેમની સાથે આવવાનું આમંત્રણ આપ્યું. તે દિવસોમાં, તમામ ખ્રિસ્તી સંપ્રદાયના લોકો આ બાપ્તિસ્મા વિશે સાંભળવા અને માણવા માટે ભેગા થવાના હતા, જે તે સમય સુધી, મુખ્યત્વે ફક્ત પેન્ટીકોસ્ટલ ચર્ચોમાં જ આ વાત કરવામાં આવતી હતી. તે એ દિવસો હતા, જેમને ઘણા લોકો 'કરિશ્માઈ નવીનીકરણ' કહે છે, જ્યાં પવિત્ર આત્માનો આ ઉપદેશ, તમામ સંપ્રદાયની રેખાઓને ઓળંગી ગયો હતો.

જ્યારે હું વિમેન્સ એગ્લોની મિટિંગમાં ગયો, ત્યારે મેં જોયું કે સેંકડો સ્ત્રીઓ એકઠી થઈ હતી. વળી, હું એક પુરુષ તરીકે લઘુમતીમાં હતો, પણ એ ઓરડામાં ઈશ્વરની હાજરી હતી, જે અસરકારક હતી.

જ્યારે લોકો સાજા થવાની વાત કરી રહ્યા હતા, ત્યારે મને આશ્ચર્ય થયું. હું

આશ્ચર્યથી જોઈ રહ્યો હતો, કે જેના માટે પ્રાર્થના કરવામાં આવી હતી, તેવા કેટલાક લોકો જમીન પર પડી ગયા હતા. આ કંઈક એવું હતું, જે મેં પહેલાં ક્યારેય જોયું ન હતું, અને હું તેનાથી જિજ્ઞાસુ બન્યો હતો અને થોડો મૂંઝવણમાં પણ હતો. મને ખબર પડી, કે ત્યાંના લોકો તેને આત્મામાં મૃત થઇ જવાનું કહેતા હતા. જો કે સ્વાભાવિક રીતે જ, મને એ થોડું વિચિત્ર લાગતું હતું, પણ જે લોકોએ એ અનુભવ કર્યો હતો, તેઓ જાણે આનંદથી ઊભા થયા હતા, અને દેખીતી રીતે જ ઈશ્વરનો સ્પર્શ થયો જણાયો હતો. પાછળથી, મેં સ્ત્રીઓ પાસેથી જાણ્યું કે, આપણું માંસ ઈશ્વરના સામર્થ્યને સમાવી શકતું નથી, અને કેટલીક વાર, તેઓ જેને "અભિષેક" કહે છે, તેનાથી તે અભિભૂત થઈ જાય છે.

તેઓએ મને બતાવ્યું કે ઈસુની પોતાની સેવામાં આવું ક્યાં બન્યું હતું. યોહાન 18:4બ-6 માં જ્યારે સૈનિકો ઈસુને પકડવા આવ્યા ત્યારે, ઈસુએ પૂછ્યું,

> *“તમારે કોણ જોઈએ છે?” “નાઝરેથ ઈસુ" તેઓએ જવાબ આપ્યો. "હું એ જ છું." ઈસુએ કહ્યું. જ્યારે ઈસુએ કહ્યું, “હું તે જ છું". ત્યારે તેઓ પાછા ફર્યા અને જમીન પર પડી ગયા.*

આરાધના દરમિયાન, મારી આસપાસની સ્ત્રીઓ ખૂબ જ ઉત્સાહી હતી, અને મેં મારી આસપાસના ઘણા લોકોને અન્ય ભાષામાં બોલતા અને ઈશ્વરની સ્તુતિ કરતા સાંભળ્યા. આ આખો અનુભવ મારા માટે એટલો નવો હતો, કે મોટાભાગની મીટિંગમાં હું વિસ્મયમાં જ ઊભો રહી ગયો હતો. એ મિટિંગનાં ઘણાં પાસાં હતાં, જે મારા માટે થોડાં અનન્ય હતાં, પણ ઈશ્વરની અદ્દભુત અને નક્કર હાજરીને હું નકારી શકું તેમ નહોતો. બાઇબલમાં જોવા મળે છે, તેની જેમ જ, સુવાર્તાની વાસ્તવિકતા, ઈશ્વરનું સામર્થ્ય, હજી પણ પૃથ્વી પર કાર્યરત છે, તે જોવાથી હું ખૂબ જ ઉત્સાહમાં આવી ગયો હતો.

તે દિવસે વક્તાએ સભાના અંતે, પવિત્ર આત્માની આ ભેટ મેળવવા ઇચ્છતા હોય, એવા કોઈપણ વ્યક્તિને પ્રાર્થના માટે આગળ આવવા કહ્યું. તેથી હું સ્ત્રીઓને મારી સાથે રાખીને પ્રાર્થના કરવા આગળ વધ્યો. જેમ જેમ તેઓ પ્રાર્થના કરતા ગયા, તેમ તેમ ઈશ્વરની હાજરી વધુ ને વધુ મજબૂત બનતી ગઈ, અને મેં મારી જાતને અભિભૂત થઈ ગયેલો જોયો. જ્યારે હું તેમની હાજરીને તાબે થયો, ત્યારે હું મારી જાતને પવિત્ર આત્મામાં પ્રાર્થના કરવાનું શરૂ કરતા સાંભળીને અને જે શબ્દો હું સમજી શકતો ન હતો, તે સાંભળીને મને આશ્ચર્ય થયું. મેં તે રાત્રે ઘણા સમય સુધી અન્ય ભાષાઓમાં પ્રાર્થના કરી. હું આ અનુભવથી ખૂબ જ અભિભૂત થઈ ગયો હતો, હું મારી સાથે જે બન્યું, તે વિશે હું જેને પણ મળું, તે બધાને તે કહેવા માંગતો હતો !

પણ જ્યારે મેં મારા મંડળીના મિત્રો સાથે એ અનુભવ વિષે વાત કરી, ત્યારે તેઓ એટલા ઉત્તેજિત ન હતા. તેઓ સામાન્ય રીતે કહેતા હતા કે, અન્ય ભાષા શેતાનની છે, અથવા તે વીતી ગયેલી બાબત છે. તેઓએ મને તે પવિત્ર આત્માની નિયંત્રણ વગરની વાત કરનારા પ્રભાવશાળી લોકોથી (પવિત્ર રોલર્સથી) દૂર રહેવાની ચેતવણી આપી હતી !

તે દિવસો માં મંડળીઓ, પવિત્ર આત્માની ભેટો ગ્રહણ કરવા માટે ખુલ્લી ન હતી, અને પ્રચલિત સિદ્ધાંત એ હતો, કે પ્રેરિતોની સાથે ચમત્કારો પણ જતા રહ્યા છે. પરંતુ હું હવે સમજી ચુક્યો હતો, કે ઈશ્વર નું સામર્થ્ય સહેજ પણ જતું રહ્યું નથી.

આ મહિલા એગ્લો નો પ્રસંગ યોજાયો, તે પહેલા મને તે નાનકડી મેથોડિસ્ટ મંડળી માં યુવાનો નો હવાલો સોંપવામાં આવ્યો હતો. અમે દર રવિવારે રાત્રે દેવળ ના ભોંયરામાં યુવાનો ની સભા રાખતા હતા, તે સિવાય ખરેખર તો મારા ભાગે કોઈ ખાસ કાર્ય કરવાનું ન હતું. અમે સામાન્ય રીતે રમતો રમતા, અલ્પાહાર લેતા અને ટૂંકો બાઇબલ અભ્યાસ કરતા. હું પોતે પણ ફક્ત એક યુવાન જ હતો, પરંતુ મેં જોયું હતું, કે મારા માં ઈશ્વરની બાબતો માટે એક ઉત્સાહ હતો, અને હું સહાય કરવા ઈચ્છા રાખતો હતો.

તે જૂથમાં સામાન્ય રીતે લગભગ 15 બાળકો હતા, અને તે દિવસે મહિલા એગ્લો સભામાંના મારા અનુભવ પછી, હું તેમને પવિત્ર આત્માના આ બાપ્તિસ્મા વિશે કહેવા માંગતો હતો, જેનો મેં અનુભવ કર્યો હતો. મને સમજાયું કે, મારી જેમ, તેમાંના મોટા ભાગનાએ, આ અનુભવ વિશે સાંભળ્યું પણ ન હતું, અને હું જાણું છું, કે તેઓ તે ખાસ મંડળીની રવિવારની સવારની સર્વિસ દરમિયાન પણ આ વિશે સાંભળવાના નથી.

આગળ શું થયું તે હું તમને કહું તે પહેલાં, મને લાગે છે કે મારે તમને તે સમયની મારી માનસિકતા વિષે ટૂંકી માહિતી આપવી જોઈએ. મને યુવાનો સાથે આ વિશે વાત કરવા માટે પાળકની પરવાનગી મળી ન હતી. (મને હવે સમજાય છે, કે તે મને મળવી જોઈતી હતી.) મેં તેમને જણાવ્યું પણ ન હતું, કે મારી સાથે શું બન્યું હતું. હું મારી મંડળી સામે બળવો કરવાનો પ્રયાસ નહોતો કરી રહ્યો, અને હું મારા પાળકની ઉપરવટ જવાનો પ્રયાસ પણ નહોતો કરી રહ્યો. હું માત્ર ઉત્સાહિત હતો. તે સમયે, હું ખરેખર આ વિષય પરના વિવાદને સમજી શક્તો ન હતો, અને મને નહોતું લાગતું, કે મારા પાળક તેની વિરુદ્ધ હશે.

મેં પવિત્ર આત્માનું બાપ્તિસ્મા મેળવ્યું, તે પછીના રવિવારની રાત્રે, મેં યુવાનોને મારી સાથે જે બન્યું હતું, તે વિશે કહેવાનું અને પ્રેરિતોનાં કૃત્યોના પુસ્તકમાં, તેના વિશે વાત કરતા કેટલાક વચનો બતાવવાનું આયોજન કર્યું. અમે દેવળના ભોંયરામાં વર્તુળાકારે જમીન પર બેઠા હતા, ત્યારે મેં મારો અનુભવ તેમની સાથે વહેંચ્યો, અને

આ અનુભવની ખરાઈ કરતા કેટલાક બાઇબલના વચનો જોયા.

તે વિશેષ સાંજે, પાળક આ મિટિંગમાં આવ્યા હતા, અને હું મારો અનુભવ જણાવી રહ્યો હતો, ત્યારે મારી ડાબી બાજુ બેઠા હતા. મેં વિચાર્યું, કે મારા પાળક ત્યાં હાજર છે, તો તેનો કોઈ વાંધો નથી. મારા પાળક હોવાથી, મને લાગતું હતું, કે હું જે અનુભવ વિષે કહેવા જઈ રહ્યો છું, તે વિષે તેઓ અગાઉથી જ જાણતા હોવા જોઈએ.

તેથી, હું જે સભામાં ગયો હતો, અને મેં જે બાબતો જોઈ હતી, તે મેં તેમની સાથે વહેંચી. હું ખરેખર તો અન્ય ભાષાઓમાં બોલવા વિષે વધુ વિગતમાં ના ઉતર્યો. તેના બદલે મેં મારુ ધ્યાન પ્રેરિતોના કૃત્યો 1:8 પર કેન્દ્રિત કર્યું, જ્યાં તે કહે છે કે, જ્યારે પવિત્ર આત્મા, આપણને ઈશ્વરના સાક્ષી બનવા માટે આપણા પર આવશે, ત્યારે આપણને સામર્થ્ય પ્રાપ્ત થશે. મીટિંગના અંતે, મને ખરેખર મારા પાઠને કેવી રીતે સમાપ્ત કરવો, તેની ખબર ન હતી, તેથી મેં ફક્ત બાળકોને તેમના હાથ ઊંચા કરવા કહ્યું, કે જો તેઓ પવિત્ર આત્માનું બાપ્તિસ્મા મેળવવા માંગતા હોય, તો.

તે સમયે શું કરવું, તે મને ખબર ન હતી. મારો મતલબ, મેં મહિલા એગ્લો સભામાં જે જોયું હતું, તે સિવાય મેં ક્યારેય કોઈને પવિત્ર આત્માના બાપ્તિસ્મા વિશે ઉપદેશ કરતા જોયા નથી. મને લાગે છે કે, હું તે સમયે, આ સંદર્ભમાં ફક્ત બે કે ત્રણ બાઇબલના વચનો જાણતો હોઈશ.

તેથી, મેં ફક્ત એટલું જ કહ્યું, "જો તમે પવિત્ર આત્માની આ મફત ભેટ મેળવવા માંગતા હો, તો ફક્ત તમારો હાથ ઊંચો કરો, અને ચાલો માથું નમાવીએ અને પ્રાર્થના કરીએ." ખરેખર મેં માત્ર એટલું જ કહ્યું. મેં તેમને સ્પર્શ નહોતો કર્યો, અથવા તેમને પવિત્ર આત્મા કેવી રીતે પ્રાપ્ત કરવો, તે અંગે શિક્ષણ ન આપ્યું. અમે માથું નમાવી પ્રાર્થના કરી. અલબત્ત, બધા "સારા" સંપ્રદાયના ખ્રિસ્તીઓને શીખવવામાં આવે છે, તેવી જ રીતે અમે પ્રાર્થના કરવા માટે અમારી આંખો બંધ કરી.

મેં "આમેન " કહ્યું તે પછી, હું ત્યાં બેઠો હતો, ત્યારે મને બાળકોમાં થોડી હલચલ સંભળાવામાં આવી. મેં મારી આંખો ખોલી, અને જોયું કે કેટલાક બાળકો રડી રહ્યા હતા, કેટલાક ધ્રુજી રહ્યા હતા, અને સાત બાળકો અન્ય ભાષા બોલવા લાગ્યા હતા. જેવું તેઓએ અન્ય ભાષામાં બોલવાનું શરૂ કર્યું, મેં તેમના ચહેરા પર અતિ અસામાન્ય તેજ જોયું. તેઓ લાઇટના ગોળાની જેમ ચમકી રહ્યા હતા ! હું ચોંકી ગયો!

મારા પાળક, જેઓ અત્યાર સુધી કંઈ પણ બોલ્યા ન હતા, તેઓએ તરત જ મારા ખભાને અડકીને મને પૂછ્યું, કે શું તે મારી સાથે તરત જ વાત કરી શકે છે. અમે બાજુના ઓરડામાં ગયા, અને તેમણે મારી આંખમાં જોયું અને કહ્યું, "આ શેતાનનું કાર્ય છે. તું હવે અહીં યુવા આગેવાન તરીકે રહી શકે નહીં. અમે આ બાબત નહિ ચલાવી લઈએ."

મેં વિચાર્યું, *તમે કેવી રીતે કહી શકો, કે તે શેતાનનું કાર્ય છે? મારો મતલબ, કે આ બાળકોને જુઓ! તેઓ પ્રકાશી રહ્યા છે!* તમે તેમના પર ‘અભિષેક’ ને શારીરિક રીતે જોઈ શકો છો. અલબત્ત, તે સમયે હું ‘અભિષેક’ શબ્દનો અર્થ પણ જાણતો ન હતો. હું માત્ર એટલું જ જાણતો હતો, કે તેઓ પ્રકાશી રહ્યા હતા, અને મેં તેમને સ્પર્શ કર્યો ન હતો, અથવા તેમણે શું કરવું તે પણ કહ્યું ન હતું. મારા પાળકે મને આ રીતે ઠપકો આપ્યો, તે મારા માટે ખૂબ જ નિરાશાજનક અને મૂંઝવણભર્યું હતું, અને મને ખબર નહોતી કે શું કરવું.

તે પછીના રવિવારે, હું દેવળમાં ફરીથી ગયો, પરંતુ જ્યાં હું સામાન્ય રીતે બેસતો હોઉં છું તેમ, આગળ બેસવાના બદલે હું પાછળ બેઠો. હું જાણતો હતો કે તે યુવાનોની મિટિંગના કારણે, હું મારા પાળકની સાથે અણગમી સ્થિતિમાં હતો. મેં વિચાર્યું કે જ્યાં સુધી હું અમુક બાબતોને સમજી ના લઉં, ત્યાં સુધી હું થોડો દૂર રહું તે સારું છે.

રવિવાર સવારની ભક્તિસભા દરમ્યાન, હંમેશ મુજબ મનન માટેની મૌન ક્ષણો ચાલી રહી હતી. મારા દેવળમાં પ્રાર્થનાની આ ખૂબ જ આદરપૂર્ણ અને શાંત ક્ષણો રહેતી હતી. દરેકનું માથું નમેલું હોય, અને દેવળમાં સહેજ પણ અવાજ ના થાય. ટાંકણી પડે, તો પણ તમે તેનો અવાજ સાંભળી શકો. બરાબર તે જ ક્ષણે મને લાગ્યું. કે કોઈ મારા ખભાને અડકી રહ્યું છે. હું બાંકડાના છેડા પર હતો, અને પ્રતિત થઇ રહ્યું હતું, કે કોઈ પગદંડી પર ઉભું છે, અને મારા ખભા ને અડકી રહ્યું છે.

શરૂઆતમાં, હું એ વિચારીને આશ્ચર્યચકિત થઇ ગયો, કે ખૂબ જ શાંત અને અલગ કરેલી પ્રાર્થનાની ક્ષણો દરમિયાન, કોઈ વ્યક્તિ ચાલી રહ્યું હતું. જ્યારે મેં ઉપર જોયું, ત્યારે એક અઠવાડિયા પહેલા યુવાનોની સભામાં આવેલા બાળકોમાંના એક બાળકને ત્યાં જોઈને મને આશ્ચર્ય થયું. હું એ પણ જાણતો હતો, કે તે રાત્રે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા મેળવનાર સાત બાળકોમાંથી તે એક હતો. તેણે મારી તરફ જોયું અને કહ્યું, “ચાલો જઈએ!" મેં વિચાર્યું, ચાલો જઈએ? ચાલો ક્યાં જઈએ?

અદભુત રીતે, તેણે જે રાત્રે પવિત્ર આત્મા પ્રાપ્ત કર્યો, ત્યારે જેમ ઝળહળી રહ્યો હતો તે માફક જ તે અત્યારે પણ ચમકી રહ્યો હતો, અને હું જાણતો હતો, કે ઈશ્વર કઈંક કરી રહ્યા છે. પરંતુ મને ખાતરી નહોતી, કે આ, તેમ કરવા માટેનું સ્થળ અને સમય છે કે નહિ. કારણકે હું પહેલેથી જ પાળક સાથેની મુશ્કેલ પરિસ્થિતિમાં હતો. હું એ પણ જાણતો હતો, કે રવિવાર સવારની ભક્તિસભામાં, અમે જેમ ઇચ્છીએ તેમ કરી શકીએ નહિ. ત્યારે જ તેણે કહ્યું, “હું મારી માતા માટે પ્રાર્થના કરવા જઈ રહ્યો છું".

હવે, મને સમજાઈ રહ્યું હતું, કે શું થઇ રહ્યું છે. હું તેની માતાને જાણતો હતો. તેઓ એક નાના, પાતળા સ્ત્રી હતા, અને ઘણા લાંબા સમયથી બિમાર હતા. તેઓની

પીઠમાંના પાંચ કરોડરજ્જુના મણકા વિકાર પામ્યા હતા, અને તબીબોની એકમાત્ર આશા, તેમને એકસાથે જોડી દેવાની હતી. આ શસ્ત્રક્રિયા ખુબ જ ગંભીર હતી, અને મારો મિત્ર તેણીનું એકમાત્ર સંતાન હતો.અલબત્ત તે તેની માતા માટે ચિંતિત હતો.

પવિત્ર આત્માનું બાપ્તિસ્મા મેળવ્યા પછી, તેને ખાતરી થઇ ગઇ હતી કે, ઈસુ તેની માતાને સાજા કરશે. તેથી જ્યારે તેણે કહ્યું કે, “ચાલો જઈએ." ત્યારે મને લાગ્યું, કે તે ત્યાં ઉપર જશે અને તેની મમ્મી પર હાથ મૂકશે, અને શાંતિથી તેના માટે પ્રાર્થના કરશે. પરંતુ તેણે, એવું નહોતું કર્યું. તે પોતાની માતા પાસે ગયો, તેને બરાબર ખુરશી પરથી ઉપાડ્યા, અને તેને મંડળીની સામે લઈ ગયો.

તેણે તેમને બેસાડયા, અને શક્ય તેટલા મોટેથી તે તેમના માટે અન્ય ભાષામાં પ્રાર્થના કરવા લાગ્યો. હવે યાદ રાખો, આ બધું પ્રાર્થનાની "શાંત" ક્ષણો દરમિયાન બન્યું હતું, જે હવે એટલું શાંત રહ્યું નહોતું. મને આંચકો લાગ્યો હતો ! પછી તે મારી તરફ ફર્યો અને બોલ્યો, કે "આ શું ચાલી રહ્યું છે, તે તું સમજાવ."

હવે મને સમજાયું, કે તે શા માટે મને સાથે લાવ્યો હતો. તેને લાગ્યું હતું, કે મેં જ તેને પવિત્ર આત્માના બાપ્તિસ્મા વિશે કહ્યું હતું, તેથી તેણે વિચાર્યું, કે જ્યારે તેઓએ, તેને તેની માતા માટે અન્ય ભાષામાં પ્રાર્થના કરતો સાંભળ્યો, ત્યારે હું મંડળીને આ વિશે કહી શકીશ.

તેથી ત્યાં હું મંડળીની સામે તેના પ્રવક્તા તરીકે ઊભો હતો, અને તે ત્યાં તેની માતા માટે અન્ય ભાષામાં પ્રાર્થના કરી રહ્યો હતો. મને ખરેખર સમજાયું નહીં, કે મારે શું બોલવું, ખાસ કરીને જયારે મારા પાળક ત્યાં બેઠા બેઠા મારી સામે તાકી રહ્યા હતા. મેં મંડળીને માત્ર એટલું જ કહ્યું, કે તેની માતા બીમાર હતા, અને તે તેમના માટે અન્ય ભાષામાં પ્રાર્થના કરી રહ્યો હતો, જે બાઇબલમાં લખેલું છે. પણ તમે જાણો છો કે શું? તે સવારની ચર્ચ સર્વિસમાં જ તેની માતા સાજા થઇ ગયા !

તે એક પુત્રનો વિશ્વાસ હતો, જેણે ખરેખર તેની પ્રાર્થના વિશે બીજા કોઈ શું વિચારે છે, તેની પરવા કરી ન હતી. તેને ખાતરી હતી કે પવિત્ર આત્મા જીવંત છે અને સારી છે, અને તે તેની માતાને સાજા કરી શકે છે.

તે તરત જ સાજા થઈ ગયા હોવા છતાં, મંડળીએ તે સ્વીકાર્યું નહીં. હકીકતમાં, તેમાંના ઘણા બધા પછીથી મારી પાસે આવ્યા, અને કહ્યું, “અમને તેની માતા માટે પ્રાર્થના કરવામાં આવે તેમાં વાંધો નથી, પરંતુ તે અન્ય ભાષા !, અમે તે અન્ય ભાષાની બાબતને ચલાવી શકીશું નહિ." હું ખાતરી આપી શકું છું, કે શેતાન પણ અન્ય ભાષાની બાબતને નફરત કરે છે, અને હું આશા રાખું છું, કે આ પુસ્તક પૂરું થાય તે પહેલાં, તે શા માટે અન્ય ભાષાને નફરત કરે છે, તે સમજવામાં તમને મદદ કરી શકવાની આશા રાખું છું.

કદાચ તમે કોઈ એવી મંડળીમાં ઉછર્યા છો, જ્યાં અન્ય ભાષા અને આત્માની

ભેટોની પ્રેક્ટિસ કરવામાં આવતી ન હતી. અથવા કદાચ તમે એ શિક્ષણ સાથે મોટા થયા છો, કે અન્ય ભાષા, આજના માટે નથી, અથવા તો તે વીતી ગયેલી બાબત છે. આ પ્રશ્નોના જવાબ આપવા મુશ્કેલ નથી. આ વિષય પર બાઇબલ ખૂબ જ સ્પષ્ટ છે. તો ચાલો, આપણે વચનને સારી રીતે જોઇએ, અને પવિત્ર આત્માના બાપ્તિસ્મા વિશેનું સત્ય શોધીએ. આ પ્રકરણની શરૂઆતમાં વાંચેલી કલમો તરફ પાછા ફરીએ.

> *યરુશાલેમથી જતા ના, પણ બાપનું જે વચન તમે મારા મુખથી સાંભળ્યું છે, તેની વાટ જોતા રહેજો; કેમકે યોહાને પાણીથી બાપ્તિસ્મા કર્યું ખરું; પણ થોડા દિવસ પછી તમે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામશો.*
>
> - પ્રેરિતોનાં કૃત્યો 1:4(બ)-5

આ કલમોમાં એવા ઘણા મહત્ત્વના મુદ્દાઓ છે, જે આપણે જોઈ શકીએ છીએ :

1. પવિત્ર આત્માનું બાપ્તિસ્મા, એ પાણીનું બાપ્તિસ્મા લેવાથી અલગ છે.

2. ઈસુએ કહ્યું હતું, કે આ ખૂબ જ મહત્ત્વનું છે. હકીકતમાં, તેમણે સ્પષ્ટ કર્યું હતું, કે તમે તેના વિના કંઈપણ કરી શકતા નથી.

**જે વાતો હું તમને કહું છું તે, હું મારા પોતાના તરફથી નથી કહેતો; પણ બાપ મારામાં રહીને પોતાના કામ કરે છે.**
**- યોહાન 14:10બ**

યાદ રાખો, ઈસુએ હમણાં જ શિષ્યોને કહ્યું હતું કે તેઓ દરેક દેશને સુવાર્તાનો ઉપદેશ આપે, પરંતુ તેઓ આ બાપ્તિસ્મા વિના ઈશ્વરના રાજ્યને પ્રદર્શિત કે તેની ખરાઈ કરી શકતા નથી. તેથી તેમણે કહ્યું, “જ્યાં સુધી તમને આ સામર્થ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સ્થિર રહો."

> *પણ પવિત્ર આત્મા તમારા પર આવશે, ત્યારે તમે સામર્થ્ય પામશો; અને યરુશાલેમમાં, આખા યહુદામાં અને સમરુનમાં અને પૃથ્વીના છેડા સુધીતમે મારા સાક્ષી થશો.*
>
> - પ્રેરિતોનાં કૃત્યો 1:8

*સામર્થ્ય* (અધિકાર)! અહીં સામર્થ્ય માટેનો ગ્રીક શબ્દ ડુનામીસ છે અને તે એ જ છે, જેમાંથી આપણને ‘વિસ્ફોટક પદાર્થ’ (‘ડાયનામાઇટ’) માટેનો શબ્દ મળે છે.

તેથી આપણે જોઈએ છીએ, કે ઈશ્વરનું સામર્થ્ય, તેના કાર્યો કરવા માટે આપણા પર આવે છે. ઈસુના સેવાકાર્યમાં તેમણે અગાઉ ઉલ્લેખ કર્યો હતો, કે તેઓ જે સામર્થ્ય અથવા અભિષેક દ્વારા કામ કરી રહ્યા હતા, તે તેમના પિતા તરફથી હતું.

> *"જે વાતો હું તમને કહું છું તે, હું મારા પોતાના તરફથી નથી કહેતો; પણ બાપ મારામાં રહીને પોતાના કામ કરે છે" (યોહાન 14:10બ).*

> *"હું તમને સત્ય કહું છું; દિકરો પોતાની મેળે કંઈ નથી કરી શકતો" (યોહાન 5:19).*

તમે જોયું? કે ઈસુને પોતે ઈશ્વરના આત્માના એ સામર્થ્યની જરૂર હતી. 'અભિષેક' શબ્દનો અર્થ થાય છે "ને અમલમાં મૂકવું'. ઈસુએ યર્દન નદી પર આ અભિષેક પોતાના પિતા પાસેથી મેળવ્યો હતો, જ્યારે પવિત્ર આત્મા તેમના પર કબૂતરના રૂપમાં આવ્યો હતો.

ઈસુને તે અભિષેક મળ્યા પછી જ, તેઓ ઈશ્વરના રાજ્યનાં કાર્યો કરી શક્યા. જો ઈસુને તેની જરૂર હતી, તો આપણને પણ તેની જરૂર છે ! એ સામર્થ્ય, જે લોકો ઈશ્વરને ઓળખતા નથી, તેમના માટે ઈશ્વર સાચા છે, તેના પ્રદર્શન દ્વારા સાબિતી આપશે (અથવા સાક્ષી આપશે).

બાઇબલ એમ પણ કહે છે, કે જ્યારે પવિત્ર આત્મા **"તમારા પર આવશે"**, ત્યારે તમને સામર્થ્ય પામશો, જ્યારે "તમારામાં" આવશે ત્યારે નહીં, કે જ્યારે તમે નવો જન્મ પામો છો.

જ્યારે આપણે પવિત્ર આત્માના બાપ્તિસ્મા વિશે વાત કરીએ છીએ, ત્યારે ઘણા લોકો મૂંઝવણમાં મુકાઈ જાય છે, એવો વિચાર કરતાં, કે જ્યારે તેઓએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો, ત્યારે તેઓએ પવિત્ર આત્મા મેળવી લીધો છે. અને એ સત્ય છે, કે જ્યારે તેઓએ ખ્રિસ્તને સ્વીકાર્યા, ત્યારે તેઓએ પવિત્ર આત્મા મેળવ્યો હતો. પવિત્ર આત્માએ તેમના આત્માઓને ઈશ્વર પ્રત્યે જીવંત અને તેમનામાં એક કર્યા.

જ્યારે આપણે નવો જન્મ પામીએ છીએ, ત્યારે આપણી અંદર પવિત્ર આત્માના સામર્થ્યથી, આપણે ઈશ્વરને માટે જીવંત બનીએ છીએ. પરંતુ ધ્યાન રાખો, કે જ્યારે પવિત્ર આત્મા તમારા "પર" આવે છે, એવું આ વચન કહે છે. આ એક મહત્ત્વની હકીકત છે, જે આપણે આ પુસ્તકમાં પછીથી આવરી લેવાના છીએ: નવો જન્મ પામવો અને પવિત્ર આત્મા દ્વારા અભિષિક્ત થવું અથવા પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામવું, એ બે જુદી જુદી ઘટનાઓ છે. જો આપણે યોહાન 20:21-22 તરફ નજર કરીએ, તો આપણે આ વિશે વધુ સારી રીતે સમજી શકીએ છીએ.

*ઈસુએ ફરીથી તેઓને કહ્યું કે, તમને શાંતિ થાઓ; જેમ બાપે મને મોકલ્યો છે, તેમ હું તમને મોકલું છું. એમ કહીને તેને તેઓના પર શ્વાસ નાખ્યો, અને તે તેઓને કહે છે કે, "તમે પવિત્ર આત્મા પામો".*

ઈસુના પુનરુત્થાન પછી આપણે અહીં જોઈએ છીએ, કે તેઓ તેમના શિષ્યોને સલામ પાઠવે છે અને તેમના પર શ્વાસ નાખે છે, અને તેઓને પવિત્ર આત્માનો પામવાનું (સ્વીકારવાનું) કહે છે. આ તે ક્ષણ છે, જ્યારે તેઓ નવો જન્મ પામે છે, અને તેમના આત્માઓ અંદરથી ઈશ્વર પ્રત્યે જીવંત થાય છે. હજી પણ ઈસુએ તેઓને પવિત્ર આત્માના બાપ્તિસ્માની રાહ જોવાનું કહે છે, કે જે પછી, તેઓના 'પર આવશે'.

જો તેઓએ પુરેપુરા પવિત્ર આત્મા મેળવ્યો હોત, જ્યારે ઈસુએ તેઓ તરફ શ્વાસ નાખ્યો, તો પછી ઈસુએ શા માટે તેઓને જ્યાં સુધી તેઓને પવિત્ર આત્મા પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી યરૂશાલેમમાં રાહ જોવાનું કહ્યું હતું, કે જે તેઓના પર આવશે, તેવું વચન આપવામાં આવ્યું હતું? ફરીથી, આ બે જુદી જુદી ઘટનાઓ અને બે અલગ કાર્યો છે, પરંતુ આત્મા એક જ છે. વળી, મેં આગળ કહ્યું તેમ, હું એ પણ કહેવા માગું છું, કે ઈસુને પવિત્ર આત્માનું બાપ્તિસ્મા આપવું પડ્યું હતું, કે જેથી તેઓ તેમની સેવામાં પ્રવેશી શકે અને તેમાં તેઓ અસરકારક બની શકે. ઈસુને પવિત્ર આત્માનું બાપ્તિસ્મા આપવામાં આવ્યું, તે પહેલાં, ઈસુએ એક પણ ચમત્કાર કર્યો હોય, એવી કોઈ નોંધ નથી. ઈસુ જ્યારે મોટા થઇ રહ્યા હતા, ત્યારે શું તેમણે સાંજના ભોજનના ટેબલ પર બ્રેડને અનેકગણી કરી હતી? જ્યારે તેઓ બાળક હતા, ત્યારે શું તેમણે ચમત્કારો કર્યા હતા? જ્યારે તેમના નાનકડા બાળક તરીકેનો ખોરાક પૂરો થઈ ગયો, ત્યારે શું પોતે ખુબ ભૂખ્યા હતા, માટે તે ખોરાકને અનેકગણો કર્યો હતો? ના ! તેમણે એવું નહોતું કર્યું. તેમણે કેમ ના કર્યું? સરળ અને પ્રામાણિક જવાબ છે: તેઓ તે કરી શક્યા નહીં.

યર્દન નદીમાં તેમને પવિત્ર આત્મા પ્રાપ્ત થયો, ત્યાં સુધી તેમણે ચમત્કારો કરવાનું શરૂ થયું નહિ. તમે જુઓ, ઈસુ માણસ તરીકે આવ્યા હતા. તેઓ તેમના સામર્થ્ય અને મહિમામાં દેવના પુત્ર તરીકે આવ્યા ન હતા. એક માણસ તરીકે, તેઓ કોઈ પણ માણસ માર્યાદિત હોય, તેમની જેમ જ મર્યાદિત હતા. જે રીતે તમે અને હું આપણી જાતમાં પણ કોઈ ચમત્કાર કરી શકતા નથી, તેવી જ રીતે તેઓ સાજા થઈ શકતા ન હતા, કે કોઈ ચમત્કાર કરી શકતા ન હતા.

તેમ છતાં, આપણી જેમ, ઈસુ જયારે બાળક તરીકે જન્મ્યા, ત્યારે તેમનો આત્મા ઈશ્વર પ્રત્યે મરણ પામ્યો ન હતો. તેમનો આત્મા હંમેશાં ઈશ્વર પ્રત્યે જીવંત રહ્યો હતો; આપણી જેમ તેમને નવો જન્મ પામવાની જરૂર ન હતી. તેમનો આત્મા એક પુત્ર તરીકે ઈશ્વર પ્રત્યે જીવંત હતો, તેમ છતાં, પોતાના સેવાકાર્યની શરૂઆત કરી શકે, તે પહેલાં,

હજી તેમણે પવિત્ર આત્મા દ્વારા બાપ્તિસ્મા પામવાની જરૂર હતી, બસ એવી જ રીતે, કે જેમ આપણે કરીએ છીએ, તેમ.

> *અને ઈસુ બાપ્તિસ્મા પામીને તરત પાણીમાંથી નીકળી આવ્યો; અને જુઓ, તેને સારું આકાશ ઉઘડાયું, ને દેવના આત્માને કબૂતરની પેઠે ઉતરતો ને પોતા પર આવતો તેણે દીઠો. અને જુઓ, એવી આકાશવાણી થઇ કે, આ મારો વહાલો દીકરો છે, એના પર હું પ્રસન્ન છું.*
>
> - માથ્થી 3:16-17

યાદ રાખીએ, આપણે ઈસુને રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ તરીકે જોઈએ છીએ, પરંતુ આ તે દરજ્જો નથી, જ્યાંથી તેમણે સેવા આપી હતી. યર્દન નદી પર પવિત્ર આત્મા તેમના પર આવ્યો, તે પછી જ ચમત્કારોની શરૂઆત થઇ હતી.

તમારી સેવા ( કારણ કે પ્રત્યેક વિશ્વાસુને ઈસુના કાર્યો કરવા માટે તેડું આપવામાં આવ્યું છે.) જ્યાં સુધી તમે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પ્રાપ્ત ન કરો, ત્યાં સુધી શરુ થઇ શકતી નથી. - તમારે તે કાર્યો પુરા કરવા માટે પવિત્ર આત્માના સામર્થ્યની જરુર છે. અને તમારે તે કાર્યો કઈ રીતે કરવા, તે જાણવા માટે આત્મામાં પ્રાર્થના કરવાની ક્ષમતાની જરૂર છે. જે વિષે આપણે પછીથી ચર્ચા કરીશું.

ચોક્કસ, તમે તારણ વિષે બાઇબલ શું કહે છે, તે વિષે અન્યોને જણાવીને, નવો જન્મ પામવાનો પ્રસ્તાવ મૂકી શકો છો. ઘણા બધા ખ્રિસ્તીઓ કે જેઓ પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામ્યા નથી, તેઓ સુવાર્તાની વાત વહેચવામાં ખુબ અસરકારક હોય છે, પરંત્તુ તેઓ ઈસુની જેમ, ઈશ્વરના રાજ્યનું પ્રદર્શન કરી શકતા નથી. આ કારણથી તે ઘણા જ નબળા પ્રચારમાં પરિણામે છે.

જ્યારે ઈસુએ તેમના અવિશ્વાસ અંતર્ગત, ફરોશીઓનો સામનો કર્યો, ત્યારે તેઓ પોતે (ઈસુ) જે ચમત્કારો કરી રહ્યા હતા, તેનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું,

> *“હું બાપમાં છું ને બાપ મારામાં છે, એવો વિશ્વાસ મારા પર રાખો; નહિ તો કામોને લીધે જ મારા પર વિશ્વાસ રાખો” (યોહાન 14:11).*

મૂળભૂત રીતે, ઈસુ જે કહી રહ્યા હતા, તે એ હતું કે, ઈશ્વરના રાજ્યનું આ પ્રદર્શન દરેક દલીલો પર પૂર્ણવિરામ મૂકી દે છે; તે વિષય ઉકેલાઈ ગયો છે. હવે, ચોક્કસપણે, દરેક વિશ્વાસુ પાસે ઈસુએ જે દરેક બાબતો માટે ચુકવણી કરી હતી, તેના પર સંપૂર્ણ કાયદાકીય અધિકારો છે, જેમાં સાજાપણાનો પણ સમાવેશ થાય છે. દરેક વિશ્વાસુ, વિશ્વાસ (ઈશ્વરના રાજ્ય સાથેના કરાર) દ્વારા ઈશ્વરના દરેક વચનને પ્રાપ્ત કરી શકે છે, અને તેમણે ઈશ્વર તરફથી પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પ્રાપ્ત

કરવાની જરુર નથી.

પરંતુ તે સામર્થ્યને તમારામાંથી અન્યો સુધી વહેવા દેવા માટે, અને તમારે આત્માની ભેટોમાં વહેવાવા માટે અને અન્ય ભાષામાં પ્રાર્થના કરવા દ્વારા, ઈશ્વરના રાજ્યના રહસ્યોમાં ચાલવાનો આનંદ માણવા માટે, તમારી પાસે તે અભિષેક ના સામર્થ્યનું હોવું જરુરી છે. હું સમજુ છું, કે હું જ્યારે અન્ય ભાષામાં પ્રાર્થના કરવાની વાત કરું છું, ત્યારે હું શું કહેવા માંગુ છું, તે કદાચ તમે સમજી ન શકો. તેનાથી ગભરાશો નહિ; હું પછીથી તેને સંપૂર્ણપણે સમજાવીશ.

મારી દિકરી, એમી, અમારી મંડળી, ફેઈથ લાઈફ ચર્ચ, ન્યૂ અલ્બેની, ઓહાયો માં આરાધનાનું નેતૃત્વ કરે છે. કેટલાક વર્ષોથી, તેને એક સમસ્યા હતી, જેણે અમ સર્વને મુંઝવણમાં મૂકી દીધા હતા. - તેનું પેટ ધીમે ધીમે વધી રહ્યું હતું, અને બહાર આવી રહ્યું હતું. જો કે અમે ઘણા તબીબો પાસે ગયા હતા, તેમ છતાં કોઈ સમજી શક્યું ન હતું, કે આમ શા માટે થઇ રહ્યું છે. બધાએ કહ્યું, કે તેના શરીરની બનાવટ જ એવી છે.

આ ત્યાં સુધી ચાલ્યું, કે જ્યાં સુધી તે  જાણે કે ખરેખર6 મહિનાની ગર્ભવતી હોય, તેવી દેખાવા લાગી. તે સમયે એમીનો એક્સ-રે કરવામાં આવ્યો હતો, અને હવે એક્સ-રે માં અમે સ્પષ્ટપણે તેના પેટનો વ્યાપક વધારો જોઈ શકતા હતા. એક્સ-રે જોઈને એમી ને ખબર પડી ગઈ હતી, કે તબીબી રીતે આગળનું પગલું શું હોઈ શકે છે, અને તે તો શસ્ત્રક્રિયા હતી. તાજેતરમાં જ, તેના લગ્ન થયા હોવાથી, એમી જાણતી હતી, કે કોઈપણ પ્રકાર ની શસ્ત્રક્રિયા સંભવત: તેના બાળકોને જન્મ આપવાની ક્ષમતા માં અવરોધ ઉભો કરી શકે છે, અથવા તો અસંભવ બનાવી શકે છે. એમી માટે આ કોઈ વિકલ્પ ન હતો. તેણે આખું જીવન, માતા બનવાનું સ્વપ્ન જોયું હતું. અમે એક્સ-રે માં સ્પષ્ટપણે જોઈ શકતા હતા, કે તે વિશાળ વૃદ્ધિને કારણે, તેના અંગો વિસ્થાપિત થઇ ગયા હતા, જેના કારણે એમી ને પાચનની અને કિડનીની ગંભીર સમસ્યાઓ થઇ રહી હતી. તેણે ઈશ્વરના વચન વિશે ગંભીર બનવાનું નક્કી કર્યું, અને ફક્ત બાઇબલ દ્વારા સાજાપણા વિષે જે શીખવવામાં આવ્યું હતું, તેની પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા માટે સમય ફાળવ્યો. તે જ અઠવાડિયાઓ દરમ્યાન, હું ફેઈથ લાઇફ ચર્ચમાં, સાજાપણા વિષે શિક્ષણ આપી રહ્યો હતો. તે શ્રેણીના અંતે, એમી એ વડીલોને તેના માથા પર હાથ મૂકીને, યાકૂબ 5:14-15 અનુસાર, તેના સાજાપણા માટે પ્રાર્થના કરવા કહ્યું, જે અમે કર્યું.

> *તમારામાં શું કોઈ માંદો છે? [જો હોય] તો તેણે મંડળીના વડીલોને બોલવવા; અને તેઓએ પ્રભુના નામથી તેને તેલ ચોળીને તેને માટે પ્રાર્થના કરવી; અને વિશ્વાસ [સહીત કરેલી] પ્રાર્થના માંદાને બચાવશે, ને પ્રભુ તેને*

*ઉઠાડશે; અને જો તેણે પાપ કર્યાં હશે, તો તેને માફ કરવામાં આવશે.*
-યાકૂબનો પત્ર 5:14-15

એમી, ઈશ્વરના વચનથી સહમત હતી, જ્યારે અમે તેના પર હાથ મૂક્યો, ત્યારે તેણે તેના સાજાપણાનો દાવો કર્યો. જો કે અમે તેના માટે પ્રાર્થના કરી, તે સમયે તેના સાજાપણાની કોઈ પ્રત્યક્ષ અભિવ્યક્તિ (શારીરિક રીતે જોઈ શકાય તેવું) ન હોવા છતાં, તેને ખાતરી હતી, કે તેણે સાજાપણું પ્રાપ્ત કર્યું છે.

બે અઠવાડિયા પછી, હજુ પણ તેણે સાજાપણું પ્રાપ્ત કર્યું હોય, તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા મળ્યા ન હતા, ત્યારે તે રાત્રે સુવા માટે ગઈ, પરંતુ તે સવારે, મોટા આશ્ચર્ય સાથે ઉઠી. તેણે રાત્રે ઊંઘમાં જ, તેની કમ્મરે થી 13 પાઉન્ડ (5.90 કિલો) અને 9 ઇંચ વજન ઓછું થઇ ગયું હતું. તેની વાંકી અને ગૂંચવાયેલી પીઠ પણ હવે સંપૂર્ણપણે સામાન્ય થઇ ગઈ હતી. તેણે તાત્કાલિક સાજાપણું મેળવ્યું હતું !



**પહેલાં** **પછી**

આ ચિત્રો અદ્દભુત સાજાપણું દર્શાવે છે. ડાબી બાજુનું ચિત્ર એ છે, કે જયારે એમી સૂવા ગઈ, ત્યારે તે કેવી દેખાતી હતી, અને જમણી બાજુનું ચિત્ર એ છે, કે તે જ્યારે સવારે જાગી, ત્યારે તે કેવી દેખાતી હતી.




ડાબી બાજુ, તેણે સાજાપણું પ્રાપ્ત કર્યું, તે પહેલાનો તેની પીઠનો એક્સ-રે તમે જોઈ શકો છો, અને જમણી બાજુ, તેણે સાજાપણું મેળવ્યું, તેના એક અઠવાડિયા બાદ લેવાયેલ એક્સ-રે જોઈ શકો છો. કરોડરજ્જુ માં નાટકીય પરિવર્તનની નોંધ લો!

એમી, તે સમયે, હજી પણ, અમારા 'ફેઈથ લાઈફ ચર્ચ' ની આરાધનાની આગેવાન હતી. તમે કલ્પના કરી શકો છો, કે તે પછીના રવિવારે તે ચર્ચ સર્વિસમાં ગઈ, ત્યારે શું થયું હશે.-- લોકો તેની તરફ તાકી રહ્યા હતા ! લોકો આશ્ચર્ય સાથે બહારની જગ્યા પર જ અટકી ગયા, અને કહેવા લાગ્યા, "તારી સાથે શું થયું? તને નવું શરીર મળ્યું કે શું?" એમી એ જયારે એ રવિવારે, આરાધનામાં આગેવાની આપી, ત્યારે સમગ્ર મંડળી, આશ્ચર્યચકિત હતી, અને ઈશ્વરના રાજ્યનું આ પ્રમાણ (પ્રદર્શન)

ઘણા લોકોને ઈશ્વર પાસે લાવ્યું, અને ઘણાને સાજાપણું મળ્યું.

તમારે સંમત થવું પડશે, કે લોકોએ ઈશ્વરના રાજ્યને કાર્ય કરતું જોવાની જરૂર છે. પ્રેરિતોનાં કૃત્યો 1:8 માં, આપણે જોઈએ છીએ કે, 'અભિષેક', 'પવિત્ર આત્માનું બાપ્તિસ્મા', એ અતિ આવશ્યક છે.

> *પણ પવિત્ર આત્મા તમારા પર આવશે. ત્યારે તમે સામર્થ્ય પામશો; અને યરુશાલેમમાં, આખા યહૂદિયામાં, સમરુનમાં તથા પૃથ્વીના છેડા સુધી તમે મારા સાક્ષી થશો.*-પ્રેરિતોના કૃત્યો 1:8

અને જ્યાં સુધી ઈસુના સંબંધમાં જોઈએ તો, તે બાબત ઈશ્વરના રાજ્યના પ્રદર્શન માટે આવશ્યક હતી.

> *વિશ્વાસ કરનારાઓને હાથે આવા ચમત્કારો થશે: મારે નામે તેઓ ભૂતો કાઢશે, નવી બોલીઓ બોલશે; સર્પોને ઉઠાવી લેશે, અને જો તેઓ કઈ પ્રાણઘાતક વસ્તુ પીએ, તો તેઓને કઈ પણ ઇજા થશે નહિ; તેઓ માંદાઓ પર હાથ મૂકશે, એટલે તેઓ સાજા થશે.*
>
> - માર્ક 16:17-18

સાપ ઉપાડવા અને જીવલેણ ઝેર પીવું, એ શેતાનના રાજ્યનો સંદર્ભ આપે છે, અને તે ડર નો પ્રત્યક્ષ સંદર્ભ છે. શેતાનનું રાજ્ય પરાજિત થયેલું છે. ઈસુ એવું નથી સૂચવી રહ્યા, કે આપણે ખરેખર ખતરનાક સાપ ઉપાડીએ, અથવા ઝેર પીએ, પરંતુ તે આ શબ્દસમૂહોનો ઉપયોગ, શત્રુ પર આપણને આપવામાં આવેલા સામર્થ્યના ઉદાહરણ તરીકે કરી રહ્યા છે. આપણે તે અધિકાર અને ઈશ્વરના સામર્થ્યને, શેતાનના અધિકાર ક્ષેત્રમાં લઈ જઈને લોકોને મુક્ત કરવાના છે !

નોંધ લો કે, ઈસુ કહે છે, કે **"આ ચિહ્નો",** જેઓ વિશ્વાસ કરે છે, તેમની સાથે આવશે. જેમ લોકો ઈશ્વરના રાજ્યના આ ચિન્હો (પ્રદર્શન) જોશે, તેમ તેઓ પૂછશે, કે તે કેવી રીતે થયું. એ ચિન્હ કોઈક બાબતને નિર્દેશ કરે છે. તે પોતે તો કોઈ ઉત્તર નથી, પરંતુ તે ઈસુ તરફ નિર્દેશ કરે છે, કે જે તે છે !

આ ચિહ્નો, 'ઈસુ' પ્રભુ છે કે નહીં, તે અંગેની તમામ અટકળોને અટકાવે છે - "તે છે" ! અને જ્યારે લોકો જોશે, કે 'ઈસુ પ્રભુ છે', ત્યારે તેઓ પસ્તાવો કરશે અને ઈશ્વર પાસે આવશે. તેથી જ તમને અને મને પવિત્ર આત્માના બાપ્તિસ્માની જરૂર છે, અને આપણે તેના વિના ખરેખર અસરકારક બની શકતા નથી !

તેથી, હવે જ્યારે, તમને પવિત્ર આત્માના બાપ્તિસ્માની કેમ આવશ્યકતા છે, તે અંગે આપણે નાનકડો પાયો નાખ્યો છે, ત્યારે ચાલો, આ 'અભિષેક' નો સંદર્ભ આપતા બાઈબલના વચનોને ચકાસીએ.

## પ્રકરણ 5
# બાઇબલના પુરાવા

પવિત્ર આત્માના બાપ્તિસ્માની સમજ મેળવવાનો એક શ્રેષ્ઠ માર્ગ એ છે, કે જેમણે પ્રેરિતોના કૃત્યોના પુસ્તકમાં નોંધેલ મુજબ, જેમણે પચાસમાના દિવસે તે મેળવ્યું હતું, તેમને અનુસરવું. જેમ જેમ આપણે દરેક કલમને તપાસીએ છીએ, તેમ તેમ તમારો વિશ્વાસ અને આત્મવિશ્વાસ વધશે, કે આ બાપ્તિસ્મા તમારા માટે પણ છે.

> *પચાસમાનો દિવસ આવ્યો, તે વખતે તેઓ સર્વ એક સ્થળે એકઠા થયા હતા. ત્યારે આકાશમાંથી એકાએક ભારે આંધીના ઘુઘવાટ જેવો અવાજ આવ્યો, અને તેઓ જ્યાં બેઠા હતા, તે આખું ઘર ગાજી રહ્યું. અગ્નિના જેવી છૂટી છૂટી પડતી જીભો તેઓના જોવામાં આવી; અને તેઓમાંના દરેક ઉપર એક એક બેઠી. તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા, અને આત્માએ જેમ તેઓને બોલવાની શક્તિ આપી, તેમ તેઓ અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યા.*
>
> *હવે આકાશ તળેના દરેક દેશમાંથી ધાર્મિક યહૂદીઓ યરુશાલેમમાં રહેતા હતા. તે અવાજ સાંભળવામાં આવ્યો ત્યારે, ઘણા લોકો ભેગા થયા, અને દિંગ (દંગ) થઇ ગયા, કેમકે તેઓમાંના દરેકે પોતપોતાની ભાષામાં તેઓને બોલતાં સાંભળ્યા.*
>
> *તેઓ સર્વ વિસ્મિત થયા, અને આશ્ચર્ય પામીને એકબીજાને કહેવા લાગ્યા કે, જુઓ, શું આ સઘળા બોલનારા ગાલીલના નથી? તો આપણે આપણી માતૃભાષામાં તેઓને બોલતાં કેમ સાંભળીએ છીએ? પાર્થીઓ, માદીઓ, એલામીઓ, મેસોપોતામિયાના, યહૂદિયાના, કપ્પદોકીયાના, પોન્તસના, આશિયાના, ફ્રુગીયાના, પમ્ફલીયાના, મિસરના તથા કુરેની પાસેના લીબિયાના પ્રાંતોમાંના રહેવાસીઓ તથા રોમન પ્રવાસીઓ, યહૂદીઓ તથા થયેલા યહૂદીઓ પણ, ક્રિતીઓ તથા અરબો, આપણી પોતપોતાની*

*ભાષાઓમાં દેવનાં મોટા કામો વિષે તેઓને બોલતાં સાંભળીએ છીએ.*

*તેઓ સર્વ વિસ્મય પામ્યા અને ગૂંચવણમાં પડીને એકબીજાને કહેવા લાગ્યા કે, આ શું હશે ? પણ બીજાઓએ ઠઠ્ઠા-મશ્કરી કરીને કહ્યું કે, એ માણસોએ નવો દ્રાક્ષારસ પીધેલો છે.*

-પ્રેરિતોના કૃત્યો 2:1-13

સૌથી પહેલી બાબત, જે હું તમને જોવાનું જણાવવા માગું છું, તે એ છે કે, બાઇબલ કહે છે કે, **તે બધા** જ પવિત્ર આત્માથી ભરાયા હતા ! બીજું કે, તે બધાએ અન્ય ભાષાઓ બોલી. કદાચ તમે સાંભળ્યું હશે, કે લોકો પચાસમાના દિવસનું વર્ણન કરે છે અને સમજાવે છે, કે શા માટે તેઓ બધાએ અન્ય ભાષાઓ બોલી. કેટલાક લોકો એવો આગ્રહ રાખે છે કે ચર્ચ માટે આ એક વખતનો અનુભવ હતો, કારણ કે ત્યાંના લોકો ઘણા દેશોમાંથી એકઠા થયા હતા, અને તેથી, વિવિધ ભાષાઓના બધા જ લોકોને સુવાર્તાનો ઉપદેશ આપવા માટે ભાષાઓની જરૂર પડી હતી.

પરંતુ જો તમે બાઈબલના વચનોમાં દ્રષ્ટિપાત કરો, તો તમે જોશો કે, તે કહે છે કે, ઉપરના ઓરડામાં રહેલા 120 લોકો ઈશ્વરના અદ્ભુત કાર્યોની વાત કરી રહ્યા હતા. તેઓ સુવાર્તાનો ઉપદેશ આપી રહ્યા ન હતા; તેઓ માત્ર ઈશ્વરની સ્તુતિ કરી રહ્યા હતા.

*દેવનાં મોટા કામો વિષે તેઓને બોલતાં સાંભળીએ છીએ. તેઓ સર્વ વિસ્મય પામ્યા અને ગૂંચવણમાં પડીને એકબીજાને કહેવા લાગ્યા કે, આ શું હશે?*

-પ્રેરિતોના કૃત્યો 2:11બ-12

પોતાની માતૃભાષામાં ઈશ્વરની સ્તુતિ કરતા સાંભળીને, આસપાસ ઊભેલા બધા જ લોકો દંગ રહી ગયા અને મુંઝવણમાં મુકાઈ ગયા. પછી પિતર ઊભો થયો અને તેણે તારણનો સંદેશો આપ્યો, અને તે દિવસે 3000 લોકો મંડળીમાં ઉમેરાયા. હવે, જો શિષ્યો, અન્ય ભાષાઓમાં ઉપદેશ આપતા હોત, તો પિતરને ઊભા થઈને ઉપદેશ આપવો પડ્યો ન હોત. પરંતુ જ્યાં સુધી પિતર ઉપદેશ આપવા માટે ઊભો ના થયો, ત્યાં સુધી તેઓને ખબર પડી રહી નહોતી, કે તેઓ શું સાંભળી રહ્યા છે. તે સમયે સુવાર્તાના પ્રચાર માટે, અન્ય ભાષાઓનો ઉપયોગ કરવામાં આવતો ન હતો, અને અત્યારે પણ, સુવાર્તાના પ્રચાર માટે તેનો ઉપયોગ થતો નથી. વિશ્વાસી માટે અન્ય ભાષાના ફાયદાઓની બાબત, હવે પછીના પ્રકરણમાં આપણે આવરી લઈશું, પરંતુ હાલ પૂરતું, મેં સાંભળેલી એક સામાન્ય દલીલને હું ધ્યાન પર લઇ રહ્યો છું.

ફરીથી, હું એ મુદ્દો જણાવવા માગું છું કે, બાઇબલમાં જણાવવામાં આવ્યું છે કે, એ *'બધા'*ને પ્રાપ્ત થયું અને એ 'બધા'એ અન્ય ભાષાઓ બોલી. હવે જો બાઇબલ આપણને ત્યાં જ છોડી દે, તો આપણને સંદેહ થશે કે, અન્ય ભાષામાં બોલવું, એ આખી મંડળી માટે છે, પણ બાઇબલે એવું નથી કર્યું. તેના બદલે, આપણે જોઈએ છીએ, કે પચાસમાના દિવસ પછી, આ ઘટના ચાલુ રહે છે અને એ દરેક વ્યક્તિ માટે થાય છે, જે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા મેળવે છે.

હું તમને એક એવા વ્યકતિ વિષે કહેવા માંગુ છું, જે પચાસમાના દિવસે હાજર હતો. - તેનું નામ ફિલિપ હતું.

> *જેઓ વિખેરાઈ ગયા હતા, તેઓ સુવાર્તા પ્રગટ કરતા ચારેગમ ફર્યા. ફિલિપે સમારીઆ શહેરમાં જઈને, તેઓને ખ્રિસ્ત વિષે બોધ કર્યો. તેણે કહેલી વાતો સાંભળીને તથા તેણે કરેલા ચમત્કારો જોઈને લોકોએ તેની વાતો પર એક ચિતે ધ્યાન આપ્યું.*
>
> -પ્રેરિતોના કૃત્યો 8:4-6

અહીં આપણે જોઈએ છીએ, કે ફિલિપ ઈશ્વરના રાજ્યનું પ્રદર્શન કરે છે (પ્રમાણ આપે છે) અને લોકો ધ્યાનથી સાંભળી રહ્યા છે. આજે પણ એવું જ બનવું જોઈએ ! જયારે લોકો ચિન્હો જુએ છે, જયારે તેઓ ઈશ્વરના રાજ્યના પ્રમાણ જુએ છે, ત્યારે તેઓ તમે જે કહો છો, તેના પર બરાબર ધ્યાન આપે છે.

> *કેમ કે જેઓને અશુદ્ધ આત્માઓ વળગ્યા હતા, તેઓમાંના ઘણાંમાંથી તેઓ મોટી બૂમ પાડતા બહાર નીકળ્યા, અને ઘણા પક્ષાઘાતીઓને તથા લૂલાંઓને સાજા કરવામાં આવ્યા.*
>
> - પ્રેરિતોના કૃત્યો 8:7-8

નોંધ લો, કે ફિલિપ એ જ સામર્થ્યમાં ચાલી રહ્યો હતો, જે તેણે તે યરૂશાલેમમાં હતો, ત્યારે જ મેળવ્યું હતું. જેમ ઈશ્વરનું સામર્થ્ય દરેકને માટે સાબિતી હતું, તેમ ચિન્હો તેની સાથે આવ્યા. તેણે તે ડ્યૂનામિસ (સામર્થ્ય માટેનો ગ્રીક શબ્દ ) પ્રાપ્ત કર્યું હતું; અને તે હવે ઈશ્વરના રાજ્યનો સાક્ષી બનવા સક્ષમ હતો.

> *હવે સમરૂનીઓએ દેવની વાત સ્વીકારી છે, એવું યરુશાલેમમાં પ્રેરિતોના સાંભળવામાં આવ્યું, એટલે તેઓએ પિતર તથા યોહાનને તેઓની પાસે મોકલ્યા. ત્યાં પહોંચ્યા પછી તેઓ પવિત્ર આત્મા પામે, માટે તેઓએ તેઓને*

*સારું પ્રાર્થના કરી; કેમ કે ત્યાર સુધી તેઓમાંના કોઈના ઉપર તે ઉતર્યો નહોતો; પણ તેઓ માત્ર પ્રભુ ઈસુને નામે બાપ્તિસ્મા પામ્યા હતા. પછી તેઓએ તેઓના પર હાથ મૂક્યા, એટલે તેઓ પવિત્ર આત્મા પામ્યા.*
-પ્રેરિતોના કૃત્યો 8:14-17

જયારે યરૂશાલેમમાં પ્રેરિતોએ સાંભળ્યું કે સમરૂનીઓએ ઈશ્વરના વચનનો સ્વીકાર કર્યો છે, ત્યારે તેઓએ પિતર અને યોહાનને તેમની પાસે મોકલ્યા. જ્યારે તેઓ પહોંચ્યા, ત્યારે તેઓએ તેમના માટે પ્રાર્થના કરી, કે તેઓ પવિત્ર આત્મા પ્રાપ્ત કરી શકે, કારણ કે પવિત્ર આત્મા હજી તેમનામાંના કોઈના પર આવ્યો ન હતો. તેમ છતાં બાઇબલે હમણાં જ કહ્યું, કે ભૂતો નીકળ્યા હતા, લોકો સાજા થયા હતા, ઈશ્વરના સામર્થ્યવાન કાર્યો હમણાં જ થયા હતા, અને લોકોએ ઈસુમાં વિશ્વાસ કર્યો, અને પાણીનું બાપ્તિસ્મા લીધું. પરંતુ તે એમ પણ કહે છે, કે પવિત્ર આત્મા હજુ સુધી તેમાંથી કોઈના પર આવ્યો ન હતો!

તમે જોશો, ફિલિપે તારણનો સંદેશ આપ્યો, અને તેઓએ તે સ્વીકાર્યું અને પ્રાપ્ત કર્યું, પરંતુ તેઓએ હજી સુધી પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પ્રાપ્ત કર્યું ન હતું. તેઓ નવો જન્મ પામ્યા હતા, પરંતુ શબ્દો જુઓ: પવિત્ર આત્મા હજી "તેમનામાંથી કોઈના પર પણ આવ્યો ન હતો." ફરીથી તે તફાવત જોવા મળ્યો - આપણી *અંદરનો* પવિત્ર આત્મા (નવો જન્મ પામેલ હોવું) અને પવિત્ર આત્માનું આપણા *પર* સામર્થ્ય સાથે આવવું.

બાઇબલ તે જણાવતું નથી, કે શા માટે ફિલિપે તેઓને પવિત્ર આત્માના બાપ્તિસ્મા વિષે ઉપદેશ આપ્યો નહોતો. તે સંભવ છે કે, તેણે પોતે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પ્રાપ્ત કર્યા પછી તરત જ, યરુશાલેમ છોડી દીધું હોય, અને તે સમયે તે પોતે પણ જાણતો ન હોય, કે તે દરેકને માટે હતું. તેનું કારણ કંઈ પણ હોય, તે સ્પષ્ટ હતું, કે લોકોએ સુવાર્તામાં વિશ્વાસ કર્યો હતો, અને પાણીથી બાપ્તિસ્મા પામ્યા હતા, તેથી તેઓ નવો જન્મ પામ્યા હતા. પરંતુ નોંધ લો, કે પ્રેરિતો માટે તે કેટલું અગત્યનું હતું, કે સમરૂનના લોકો પણ તે જ રીતે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પ્રાપ્ત કરે, જેમ તેમણે પ્રાપ્ત કર્યું હતું - તરત જ.

તેમને કહેવાનો તેમનો પહેલો વિચાર એ નહોતો, કે તેઓએ પોશાક કેવી રીતે પહેરવો. તેઓએ એવું ના કહ્યું, કે "ચાલો આપણે તેમને ન્યાયી વસ્ત્રો કેવી રીતે પહેરવા તે કહીએ, અથવા મંડળીમાં ક્યારે પ્રસ્થાપિત થવું." તેમને સિદ્ધાંતોના નિયમો સાથે લેવા-દેવા ન હતું. તેઓને કઈ પહેલી બાબતની ચિંતા હતી? પવિત્ર આત્માનું બાપ્તિસ્મા ! તેથી તેઓએ તરત જ, ત્યાં જવાનો પ્રયત્ન કર્યો, અને આ લોકોને, પવિત્ર આત્માના બાપ્તિસ્મા વિશે બધું કહે.

પછી પિતર અને યોહાને તેઓના હાથ તેમના પર મૂક્યા, અને તેઓએ પવિત્ર આત્મા મેળવ્યો. તે જ સમયે, અને ત્યાં જ, તેઓએ પવિત્ર આત્મા મેળવ્યો. પુરાવો

શું હતો ? હું માનું છું, કે તે બીજા બધાની જેમ જ : અન્ય ભાષામાં પ્રાર્થના કરવી.

> *એ જોઈને સિમોને તેઓને પૈસા આપવા માંડ્યા, અને કહ્યું કે તમે મને પણ એ અધિકાર આપો કે, જેના પર હું હાથ મુકું, તે પવિત્ર આત્મા પામે.*
>
> *પણ પિતરે તેને કહ્યું કે, દેવનું દાન પૈસાથી વેચાતું લેવાનું તેં ધાર્યું, માટે તારી સાથે તારા પૈસા નાશ પામો. આ વાતમાં તારે લાગભાગ નથી, કેમકે તારું અંતઃકરણ દેવની આગળ ચોખ્ખું નથી. માટે તારી આ દુષ્ટતાનો પસ્તાવો કર કે, કદાચ તારા અંતઃકરણનો વિચાર તને માફ થાય. કેમકે, હું જોઉં છું કે તું પિત્તની કડવાશમાં, અને પાપના બંધનમાં છે. ત્યારે સિમોને ઉત્તર આપ્યો કે, તમારી કહેલી વાતોમાંની કોઈ પણ મારા પર ન આવે માટે, તમે મારે સારું પ્રભુને વિનંતી કરો.*
>
> - પ્રેરિતોના કૃત્યો 8:18-24

જયારે સિમોને જોયું કે, હાથ મૂકીને પવિત્ર આત્મા આપવામાં આવ્યો છે, ત્યારે સિમોન, પ્રેરિતોને પૈસા આપવા લાગ્યો, જેથી તેઓ તેને તે પ્રકારનું સામર્થ્ય આપે. સિમોને ચોક્કસ કંઈક જોયું હશે, તે એ વાતનો પુરાવો છે, કે જયારે તેઓને પવિત્ર આત્મા મળ્યો, ત્યારે કંઈક તો બન્યું હતું. તેને એ સામર્થ્ય જોઈતું હતું. હવે, ત્યાં એવું નથી કહેવામાં આવ્યું, કે તેઓએ ત્યાં જ અન્ય ભાષાઓ બોલી હતી, પરંતુ જોઈ શકાય એવું કંઈક બન્યું હતું, જે તેઓ જોઈ શક્યા હતા. સિમોને કંઈક જોયું, કે જે સામર્થ્યવાન હતું, અને તે ઇચ્છતો હતો, કે તેને પણ તે ક્ષમતા મળે અને તે પોતે પણ લોકોને તે આપી શકે. હું માનું છું, કે સિમોનની ટિપ્પણીઓ બતાવે છે કે, તેઓને એવી જ રીતે બાપ્તિસ્મા પ્રાપ્ત થયું હતું, જેવી રીતે બીજા બધાએ કર્યું હતું, અને અન્ય ભાષાઓમાં બોલવાનું શરૂ કર્યું હતું. ફરીથી, હું એ નિર્દેશ કરવા માંગુ છું, કે યરુશાલેમની મંડળી માટે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા જોયું, તે જેટલું મહત્વનું હતું, એ જ રીતે, તે ખૂબ જ મહત્ત્વનું હતું !

જયારે દમાસ્કસના રસ્તે, પાઉલનું પરિવર્તન થયું ત્યારે, અનાન્યા નામના એક માણસને પાઉલ પાસે તેના માટે પ્રાર્થના કરવા મોકલવામાં આવ્યો.

> *અનાન્યાએ કહ્યું, “ભાઈ શાઉલ, પ્રભુ, એટલે ઈસુ, જે તને માર્ગમાં આવતાં દેખાયો, તેને તું દેખતો થાય, અને પવિત્ર આત્માથી તું ભરપૂર થાય, માટે મને મોકલ્યો છે."*
>
> - પ્રેરિતોના કૃત્યો 9:17બ

બાઇબલ એવું નથી કહેતું, કે પાઊલે જ્યારે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા લીધું, ત્યારે તે અન્ય ભાષામાં બોલ્યો હતો, પણ આપણે જાણીએ છીએ કે પાઊલ પણ અન્ય ભાષા બોલ્યો હતો, અને હું માનું છું, કે પાઊલે પણ બીજા બધાની જેમ જ એ મેળવ્યું હતું. તમે પૂછી શકો, કે હું શા માટે તે માનું છું. તે સહેલું છે, કારણકે પાઊલે પોતે જ 1 કોરીંથી 14:18 માં લખ્યું છે.

> *"તમે સર્વ કરતાં મને વધારે ભાષાઓ બોલતાં આવડે છે, એ માટે હું દેવનો આભાર માનું છું" (1 કરિંથીઓને પત્ર 14:18).*

તેથી, આપણે એવા તારણ પર આવી શકીએ, કે જ્યારે પાઊલે પવિત્ર આત્મામાં બાપ્તિસ્મા પામ્યો, ત્યારે તેણે અન્ય ભાષાઓ બોલી હતી. જેમ જેમ તમે પ્રેરિતોના કૃત્યોનાં પ્રકરણો (અધ્યાયો) વાંચશો, તેમ તેમ તમને જાણવા મળશે, કે આ બાપ્તિસ્મા આખી મંડળીમાં દિવસે ને દિવસે ચાલુ જ રહ્યું હતું. તે ફક્ત પચાસમાના દિવસે જ બન્યું હતું, તેમ ન હતું.

પાછળથી, પ્રેરિતોનાં કૃત્યો 10 માં, પિતરને બિન-યહૂદી લોકોના ઘરે મોકલવામાં આવે છે, અને તેઓને સુવાર્તાનો ઉપદેશ આપવા માટે પ્રેરિત કરવામાં આવે છે. યાદ રાખો, પીતર, જે એક યહૂદી હતો, તેના માટે બિન-યહૂદીના ઘરે જવું, એ ખૂબ જ અસામાન્ય હતું. તે ફક્ત એટલા માટે જ ગયો, કારણ કે ત્યાં પવિત્ર આત્માના એક દર્શન દ્વારા તેને દોરી જવામાં આવી રહ્યો હતો.

*પિતર એ વાતો કહેતો હતો એટલામાં જે લોકો વાત સાંભળતા હતા, તેઓ સર્વના ઉપર પવિત્ર આત્મા ઉતાર્યો. ત્યારે વિદેશીઓ પર પણ પવિત્ર આત્માનું દાન રેડાયું છે, એ જોઇને સુન્નતિઓમાંના જે વિશ્વાસ કરનારા પિતરની સાથે આવ્યા હતા, તેઓ સર્વ વિસ્મય પામ્યા, કેમકે તેઓને અન્ય ભાષાઓમાં બોલતાં, તથા દેવની સ્તુતિ કરતાં તેઓએ સાંભળ્યા.*

> *ત્યારે પિતરે ઉત્તર આપ્યો કે, આપણી પેઠે તેઓ પણ પવિત્ર આત્મા પામ્યા છે, તો તેઓને બાપ્તિસ્મા આપવાને પાણીની મના કોણ કરી શકે? તેણે ઈસુ ખ્રિસ્તના નામે તેઓને બાપ્તિસ્મા આપવાની આજ્ઞા આપી. પછી તેઓએ કેટલાએક દિવસ ત્યાં રહેવાની તેને વિનંતી કરી.*
>
> - પ્રેરિતોના કૃત્યો 10:44-48

જ્યારે પિતર આ બિન-યહૂદીના ઘરમાં ખ્રિસ્તની સુવાર્તાનો ઉપદેશ આપી રહ્યો હતો, ત્યારે જે લોકોએ આ સંદેશો સાંભળ્યો, તે બધા લોકો પર પવિત્ર આત્મા આવ્યો.

તમે દેવના આત્માને જોઈ શકતા નથી, તો પછી તેઓ કેવી રીતે જાણતા હતા, કે પવિત્ર આત્મા તેમના પર આવ્યો છે? એ બાઈબલના લખાણમાં જણાવવામાં આવ્યું છે, કે પિતરની સાથે આવેલા સુન્નત કરાયેલા વિશ્વાસીઓને આશ્ચર્ય થયું, કે પવિત્ર આત્માની ભેટ બિન-યહૂદિઓ પર પણ રેડી દેવામાં આવી હતી, કારણ કે તેઓએ તેઓને અન્ય ભાષામાં બોલતાઅને દેવની સ્તુતિ કરતા સાંભળ્યા હતા.

તો પછી પવિત્ર આત્મા ત્યાં હતો, તેનો પુરાવો શું હતો? પિતરને એ વાતની ઓળખ થવી જોઈએ, કે દેવે આ લોકોને સ્વીકાર્યા છે. પવિત્ર આત્માના બાપ્તિસ્મા વિશે તેમણે ક્યારેય શીખવ્યું ન હતું, ત્યારે તેમને અન્ય ભાષામાં બોલતા જોયા હતા, એ હકીકત જ, તેણે જોઈતા હોય, તે બધા જ પુરાવા હતી. પિતર જાણતો હતો કે, તેઓએ પવિત્ર આત્મા મેળવ્યો છે, કારણ કે તેની જેમ જ, તેઓએ પવિત્ર આત્મા મેળવ્યો હતો, તેઓ અન્ય ભાષામાં પ્રાર્થના કરી રહ્યા હતા.

આધુનિક જમાનાનું મંડળી શું મહત્ત્વનું માને છે, અને બાઇબલના સમયની મંડળીને શું મહત્ત્વનું લાગતું હતું, તેની વચ્ચે તમને બહુ મોટો તફાવત જોવા મળશે. મારા પસંદીદા શાસ્ત્રભાગમાંનો એક, જે સ્પષ્ટપણે જણાવે છે, કે દરેક વ્યક્તિએ પવિત્ર આત્માનું બાપ્તિસ્મા લેવું જોઈએ, અને નિઃસંદેહ ખરાઈ કરે છે કે, તે નવા જન્મ ઉપરાંતનું પવિત્ર આત્માનું કાર્ય છે. તે પ્રેરિતોનાં કૃત્યો 19:1-2 માં છે.

> *“જયારે અપોલોસ કરિન્થમાં હતો, ત્યારે પાઉલ ઉપલા પ્રદેશમાં ફરીને એફેસસ આવ્યો, અને ત્યાં કેટલાએક શિષ્યો તેને મળ્યા. તેણે તેઓને પૂછ્યું કે, તમે વિશ્વાસ કર્યો ત્યારે તમે પવિત્ર આત્મા પામ્યા? તેઓએ તેને કહ્યું કે, ના, પવિત્ર આત્મા છે, એ અમે સાંભળ્યું પણ નથી”*
>
> પ્રેરિતોનાં કૃત્યો 19:1-2

જ્યારે પાઊલ એફેસસના શહેરમાં ગયો, ત્યારે તેણે કેટલાક શિષ્યોને જોયા, અને તેણે તેઓને પૂછયું, “જ્યારે તમે વિશ્વાસ કર્યો, ત્યારે શું તમે પવિત્ર આત્મા પામ્યા હતા? જયારે પાઉલ આ વિશ્વાસુઓની સામે આવ્યો, ત્યારે તેણે આ બાબતની પહેલી ચિંતા વ્યક્ત કરી હતી.

પાઉલને ખ્યાલ આવ્યો હતો, કે નવો જન્મ પામવો, એ અન્ય ભાષાના પુરાવા સાથેનું પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામવું, તેનાથી તે અલગ હતું. પાઉલે શા માટે સૌથી પહેલી વાત આ કરી હતી? કારણ કે પ્રેરિતોનાં કૃત્યો 1:4 માં ઈસુએ જે કહ્યું હતું, તે એ જ વાત હતી ! તેમણે મૂળભૂત રીતે કહ્યું હતું, “તેના વિના શહેર છોડશો નહીં !" જ્યારે પ્રેરિતોને ખબર પડી, કે સમરૂનના લોકોએ વચન  સાંભળ્યું છે, ત્યારે તેઓએ યરૂશાલેમમાં શું કર્યું, ? તેઓએ કહ્યું, “ભાઈઓ, તમે હમણાં જ ઉભા થઈ

જાઓ. આપણે ખાતરી કરવી પડશે, કે આ યોગ્ય રીતે સુયોજિત થયેલ છે. ઉભા થઈને જાઓ અને ખાતરી કરો, કે તેઓને પવિત્ર આત્માનું બાપ્તિસ્મા મળે." એફેસસ શહેરમાંથી પસાર થતાં, પાઉલે કેટલાક શિષ્યોને જોયા, પછી તેણે તેઓને સૌથી પહેલાં પૂછયું હતું કે, "તમે વિશ્વાસ કર્યો, ત્યારથી અત્યાર સુધીમાં શું તમે પવિત્ર આત્મા પામ્યા છો ?

જ્યારે તેઓએ ઉત્તર આપ્યો, "ના, પવિત્ર આત્મા છે, એવું અમે સાંભળ્યું પણ નથી." પાઉલે તેઓને પૂછયું કે તેઓને કયું બાપ્તિસ્મા મળ્યું છે. તેઓએ ઉત્તર આપ્યો, "યોહાનનું બાપ્તિસ્મા." પાઉલે કહ્યું કે યોહાનનું બાપ્તિસ્મા, એ પશ્ચાત્તાપનું બાપ્તિસ્મા છે, અને લોકોને તેની પાછળ આવનારમાં (ઈસુમાં) વિશ્વાસ રાખવાનું કહ્યું. એટલે કે ઈસુમાં વિશ્વાસ રાખો.

આ સાંભળીને તેઓ પ્રભુ ઈસુના નામે બાપ્તિસ્મા પામ્યા (પાણીમાં બાપ્તિસ્મા પામેલા). પછી પાઉલે તેમના પર પોતાના હાથ મૂક્યા, અને પવિત્ર આત્મા તેઓના પર આવ્યો, અને તેઓ અન્ય ભાષાઓ બોલવા લાગ્યા. જ્યારે પાઉલે પ્રશ્ન પૂછ્યો, ત્યારે તેણે નોંધ્યું, કે તેઓ ઈસુમાં વિશ્વાસુ છે. તેથી જ તેણે પૂછયું, "તમે વિશ્વાસ કર્યો, ત્યારથી અત્યાર સુધી શું તમે પવિત્ર આત્મા પામ્યા છો ? તે સમજતો હતો કે, પવિત્ર આત્માનું બાપ્તિસ્મા નવો જન્મ પામવાથી તદ્દન અલગ જ છે.

**હવે, હું માનું છું કે ઘણી મંડળીઓમાં આ વિવાદાસ્પદ વિષય છે, એટલા માટે નહીં કે તે બાઇબલમાં નથી, પરંતુ એટલા માટે, કે શેતાન તેને ખૂબ જ ધિક્કારે છે.**

હવે, હું માનું છું કે ઘણી મંડળીઓમાં આ વિવાદાસ્પદ વિષય છે. એટલા માટે નહીં, કે તે બાઇબલમાં નથી, પરંતુ એટલા માટે કે શેતાન તેને ખૂબ જ ધિક્કારે કરે છે.

કારણ કે જો આ જ સામર્થ્ય હોય, જો આ જ જીવન બદલી નાખવાની ક્ષમતાનું દ્વાર હોય, અને જગતના સાક્ષી બનવાનું હોય, તો પછી, તમે આ જગતના ધણી (શેતાન) ની વિરુદ્ધ આવશો, અને એ વિશે તેનો અભિપ્રાય કેવો હશે, તે આપણે જાણીએ છીએ. પવિત્ર આત્માનું બાપ્તિસ્મા, આપણને ઈસુનાં કાર્યો કરવા માટે, સામર્થ્યનો ભંડાર અને ઈશ્વરનું સામર્થ્ય આપે છે, જેથી દેવ મહિમાવાન થાય !

પ્રકરણ 6

# શું બધાં અન્ય ભાષાઓ બોલીને પ્રાર્થના કરે છે ?

કદાચ તમે કોઈને એવું કહેતા સાંભળ્યું હશે, કે તેઓ અન્ય ભાષા બોલતા નથી અને તેઓ તેમ માનતા નથી કે દરેક જણ તે કરી શકે છે અથવા તેમણે તેમ કરવું જોઈએ. પછી તેઓ 1 કરીંન્થી 12:27-30 ટાંકીને તેને તેઓના તેમ માનવા પાછળના કારણ તરીકે દર્શાવે છે. તેઓ દર્શાવે છે, કે પાઉલે, પોતે કહ્યું હતું કે દરેક જણ અન્ય ભાષા બોલતા નથી. સારું ચાલો, તે લખાણ પર એક નજર કરીએ અને જોઈએ કે પાઉલ ખરેખર શું કહે છે.

> *હવે તમે ખ્રિસ્તનું શરીર, અને તેના જુદા જુદા અવયવો છો. દેવે <u>મંડળીમાં</u> કેટલાંએકને નીમ્યા છે, પ્રથમ પ્રેરિતોને, બીજી પંક્તિમાં પ્રબોધકોને, ત્રીજા ઉપદેશકોને, પછી ચમત્કારોને, પછી સાજા કરવાના કૃપાદાનોને, મદદગારોને, અધિકારીઓને, ભિન્ન ભિન્ન ભાષાઓને. શું સઘળા પ્રેરિતો છે? શું સઘળા પ્રબોધકો છે? શું સઘળા ઉપદેશકો છે? શું સઘળા ચમત્કાર [ કરનારા ] છે? શું સઘળાને સાજા કરવાના કૃપાદાન છે? <u>શું સઘળા [ભિન્ન ભિન્ન] ભાષાઓ બોલે છે? શું સઘળા ભાષાંતર કરે છે?</u>*
>
> \- કરિંથીઓને પહેલો પત્ર 12:27-30

આ પત્રમાં, પાઉલ કોરીંથની મંડળીને કહી રહ્યો છે, કે કેવી રીતે સુવ્યવસ્થિત સંચાલન કરવું, કે જેથી બધાને તેમની મંડળીની સભામાં સેવા મળી શકે. તે સમયે, તેઓ બધા તેમની આત્મિક ભેટો અને તેમના મનપસંદ ઉપદેશકો સાથે એકબીજાથી આગળ નીકળી જવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પાઉલ તેમને એકતા અને પ્રેમમાં એક શરીર તરીકે કેવી રીતે કાર્ય કરવું, તે નિર્દેશ આપી રહ્યો હતો . હવે ચાલો કરિંથીઓને પહેલો પત્ર 12:27-28 પર નજીકથી નજર કરીએ:

> *હવે તમે ખ્રિસ્તનું શરીર, અને તેના જુદા જુદા અવયવો છો. દેવે <u>મંડળીમાં</u>*

> *(અહીં હું અંડર લાઈન કરવાનું સૂચન કરું છું) કેટલાંએકને નીમ્યા છે, પ્રથમ પ્રેરિતોને, બીજી પંક્તિમાં પ્રબોધકોને, ત્રીજા ઉપદેશકોને, પછી ચમત્કારોને, પછી સાજા કરવાના કૃપાદાનોને, મદદગારોને, અધિકારીઓને, ભિન્ન ભિન્ન ભાષાઓને.*

પાઉલ તે બાબતમાં આગળ વધતો રહે છે, પરંતુ હું થોભીશ, કારણ કે, મારે તે વાક્યાંશ વિશે થોડી વાત કરવી છે, “મંડળીમાં." તે વાસ્તવિક મંડળીની સભા વિશે વાત કરી રહ્યો છે. આપણે 1 કરિંથ 14:18-19 માં તે બાબત ચકાસી શકીએ છીએ, જ્યાં પાઉલ તે જ વાક્યાંશનો ઉપયોગ કરે છે:

> *તમે સર્વ કરતા મને વધારે ભાષાઓ બોલતા આવડે છે, એ માટે હું દેવનો આભાર માનું છું. તોપણ <u>મંડળીમાં</u> અન્ય ભાષામાં દશ હજાર શબ્દો બોલવા કરતાં બીજાઓને પણ શીખવવાને પાંચ શબ્દ પોતાની સમાજશક્તિથી બોલવાનું હું વધારે પસંદ કરું છું.*
>
> -1 કરિંથ 14:18-19

પાઉલ કહે છે, “હું ઈશ્વરનો આભાર માનું છું, કે હું તમારા બધા કરતાં વધુ અન્ય ભાષાઓમાં બોલું છું, “પણ મંડળીમાં...." તે વાક્યાંશ ફરીથી આવ્યો, અને આ વખતે તે સ્પષ્ટ છે, કે પાઉલ ખરેખર મંડળીની સભા વિશે વાત કરી રહ્યો છે, અને ખ્રિસ્તના સાર્વત્રિક શરીર વિશે નહીં. આપણે બધા સંમત થઈશું કે પાઉલ ખ્રિસ્તના સમગ્ર શરીરનો એક ભાગ છે, “મંડળી”. ચોક્કસ તે છે. અને તે કહે છે, કે તે ખુશ છે કે, કોરીંથના બધા વિશ્વાસીઓ કરતાં તે વધુ અન્ય ભાષાઓમાં બોલે છે. તેણે તેમ કહ્યું, કારણ કે ત્યાંની મંડળી અન્ય ભાષામાં બોલવાની તેમની નવી આવડતની બડાઈ કરવા લાગી હતી, અને તેઓ અવ્યવસ્થિત હતા અને મૂંઝવણ ઉભી કરી રહ્યા હતા. તે મૂળભૂત રીતે કહી રહ્યો છે કે, “ઓ  મિત્રો, હું તમારા બધા કરતાં વધુ અન્ય ભાષાઓમાં બોલું છું, પરંતુ આ બાબતને  ‘મંડળીમાં’ રજૂ કરવાની એક રીત છે, જે એક ક્રમમાં થવી જોઈએ, અને મૂંઝવણનું કારણ ન બનવી જોઈએ." તે આગળ વધતા કહે છે કે, મંડળીમાં (વિશ્વાસીઓનો મેળાવડો), તેઓ તેની જગ્યાએ સમજણ સાથે બોલે (તેમની સામાન્ય ભાષામાં), જેથી અન્યો કેળવણી પ્રાપ્ત કરે.

ચર્ચ સર્વિસમાં જ, કેટલાક લોકો અન્ય ભાષાઓ અને અર્થઘટનની ભેટમાં કામ કરશે, જેમ કે 1 કોરીંથ 12 માં નોંધ્યું છે, પરંતુ આખા શરીરને સંપાદિત કરવાના હેતુથી, બધા તે ભેટમાં કામ કરશે નહીં અથવા ન કરવું જોઈએ. પાઉલ એમ પણ કહે છે, કે માર્યાદિત કરી દો કે ચર્ચ સર્વિસમાં કેટલા લોકો અન્ય ભાષાઓ બોલશે

અને અર્થઘટન કરશે, એ વધુમાં વધુ ત્રણ લોકો હોય.

> *જો કોઈ અન્ય ભાષા બોલે તો બે અથવા બહુ તો ત્રણ જણ બોલે, અને તે પણ વારાફરથી; અને એકે તેનો અર્થ સમજાવવો.* (1 કોરિન્થ 14:27)

તેથી, જ્યારે પાઉલ કહે છે, કે બધા જ લોકો અન્ય ભાષા બોલતા નથી, ત્યારે તે "મંડળીમાં" અથવા મંડળીના મેળાવડાનો ઉલ્લેખ કરે છે.

તમારે એ સમજવાની જરૂર છે, કે દરેક વિશ્વાસી પાસે અન્ય ભાષામાં પ્રાર્થના કરવાની ક્ષમતા હશે, પરંતુ દરેકને ચર્ચ સર્વિસમાં અન્ય ભાષા અને અર્થઘટનની ભેટ બહાર પ્રદર્શિત કરવાની મંજૂરી નહીં હોય. જો તમારી પાસે એ ભેટને ચર્ચ સર્વિસમાં પ્રદર્શિત કરવાની મંજૂરી હોય, તો બાઇબલ કહે છે, કે તમારે પ્રાર્થના કરવી જોઈએ કે જેથી તમે અર્થઘટન કરી શકો.

> *અન્ય ભાષા બોલનારે એવી પ્રાર્થના કરવી જોઈએ કે, તે પોતે તેનો અર્થ પણ સમજાવી શકે.* (1 કોરિન્થ 14:13બ)

હું માનું છું, કે જે વ્યક્તિ અન્ય ભાષામાં બોલે છે, તે ચર્ચ સર્વિસમાં અર્થઘટન કરવા માટેનો સૌથી સંભવિત ઉમેદવાર છે, કારણ કે  તેમના દ્વારા સંદેશોપહેલેથી જ વહી રહ્યો છે. તમારે શા માટે અન્ય ભાષામાં પ્રાર્થના કરવી જોઈએ? શેતાન એ વિશ્વાસુઓને ધિક્કારે છે, જેઓ આત્મામાં (અન્ય ભાષામાં) પ્રાર્થના કેવી રીતે કરવી તે જાણે છે, અને હું ચોક્કસ થવા માંગુ છું, કે શા માટે તે તમે સમજો.

જ્યારે પાઉલે કહ્યું કે, તે ખુશ છે કે તેણે બીજા બધા કરતાં વધારે અન્ય ભાષાઓમાં પ્રાર્થના કરી, ત્યારે તેને આવું લાગ્યું, તેનું એક કારણ હોવું જોઈએ. પાઉલે 1 કોરીંથ 14 માં એક ટિપ્પણી કરી હતી, જે આપણે વાંચવાની જરૂર છે.

> *જે અન્ય ભાષા બોલે છે, તે પોતાની* ***ઉન્નતિ*** *કરે છે; પણ જે પ્રબોધ કરે છે, તે મંડળીની ઉન્નતિ કરે છે.* (1 કોરિન્થ 14:4)

ચાલો આપણે થોડું ઊંડાણમાં જઈએ. ‘Edify’ (એડીફાય) થવાનો અર્થ શું છે? ‘Edify’ (એડીફાય) શબ્દનો અર્થ થાય છે, "ખાસ કરીને નૈતિક અથવા આધ્યાત્મિક રીતે, સૂચના આપવી અથવા લાભ મેળવવો; ઉન્નતિને માટે."[2]

તમારે એ વાત સાથે સંમત થવું પડશે, કે ઘણી વખત તમારે કયા માર્ગે જવું, પરિસ્થિતિને સમજવી, કે યોગ્ય નિર્ણય લેવો, તે જાણવા માટે સૂચનાની જરૂર પડે

છે. આ તે છે, જે અન્ય ભાષામાં પ્રાર્થના કરવાથી તમને મદદ મળી શકે છે: તમારી ઉન્નતિ કરવા અથવા તમારા જીવનમાં સૂચનાઓ લાવવા માટે. પાઉલે, **રોમન 8:26-27** માં આ વાત સ્પષ્ટ કરી છે:

**તે પ્રમાણે પવિત્ર આત્મા આપણી નિર્બળતામાં આપણને સહાય આપે છે; કેમકે યથાયોગ્ય શી પ્રાર્થના કરવી એ આપણે જાણતા નથી**
**- રોમન 8:26અ**

*તે પ્રમાણે પવિત્ર આત્મા આપણી <u>નિર્બળતામાં</u> આપણને સહાય આપે છે; કેમકે યથાયોગ્ય શી પ્રાર્થના કરવી એ આપણે જાણતા નથી, પણ આત્મા પોતે અવાચ્ય નિસાસાથી આપણે સારું મધ્યસ્થતા કરે છે; અને આત્માની ઈચ્છા શી છે, તે અંતર્યામી જાણે છે, કેમકે તે પવિત્રોને સારું દેવની ઈચ્છા પ્રમાણે વિનંતી કરે છે.*

પાઉલ આપણને કહે છે, કે આપણને એક સમસ્યા અને નબળાઈ છે: "શા માટે પ્રાર્થના કરવી તે આપણે જાણતા નથી." તમે કદાચ પૂછશો, “આ નબળાઈ શા માટે છે?” 1 યોહાન 5:14-15 વાંચીને આપણે સમજી શકીએ છીએ, કે શા માટે આ નબળાઈ છે.

*તેના વિષે આપણને જે હિમ્મત છે તે એ કે, જો આપણે તેની ઈચ્છા પ્રમાણે કંઈ માંગીએ, તો તે આપણું સાંભળે છે; અને જો આપણે જાણીએ કે જે કંઈ આપણે માંગીએ તે સંબંધી તે આપણું સાંભળે છે, તો આપણે તેની પાસે જે માંગ્યું છે તે આપણને મળે છે, એ પણ આપણે જાણીએ છીએ.*

ઈશ્વરની ઇચ્છાને જાણ્યા વિના કે તેના પર આત્મ-વિશ્વાસ રાખ્યા વિના, આપણે વિશ્વાસથી (ઈશ્વર સાથે સંમત થઈને) કામ ન કરી શકીએ, અને જો આપણે વિશ્વાસથી કામ ન કરી શકીએ, તો પછી આપણે ચોક્કસપણે નબળી અવસ્થામાં છીએ, કારણ કે વિશ્વાસની હાજરી વગર, કૃપા કે ઈશ્વરના સામર્થ્યમાં જઈ શકીશું નહીં. તેથી પાઉલ કહે છે કે, પ્રાર્થના કેવી રીતે કરવી તે ન જાણવું, એ એક નબળી સ્થિતિ છે, જેમાં અન્ય ભાષાઓમાં પ્રાર્થના કરવું મદદ કરી શકે છે. ચાલો આપણે આપણું લખાણ વધુ એક વાર વાંચીએ.

*તે પ્રમાણે પવિત્ર આત્મા આપણી નિર્બળતામાં આપણને સહાય આપે છે; કેમકે <u>યથાયોગ્ય શી પ્રાર્થના કરવી એ આપણે જાણતા નથી</u>*
- રોમન 8:26a

આપણી નબળાઈ એ છે, કે કેવી રીતે પ્રાર્થના કરવી, તે આપણને ખબર નથી! કોને પરણવું, ક્યાં રહેવું, કે કયું કામ લેવું, એ બાઇબલ આપણને જણાવતું નથી. ઈશ્વરની ઇચ્છા જાણ્યા વિના, આપણે જાણી શકતા નથી, અને વિશ્વાસ કરી શકતા નથી, કે જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ, ત્યારે આપણને ઈશ્વર પાસેથી પ્રાપ્ત થાય છે. ફરીથી, આ બહુ મોટી નબળાઈ છે ! ઈશ્વરની ઇચ્છા શું છે, તે આપણે જાણતા નથી ત્યારે, આપણને ઈશ્વર પર વિશ્વાસ હોતો નથી. પરંતુ એક એવો રસ્તો પણ છે, કે આપણે જીવનની દરેક પરિસ્થિતિમાં ઈશ્વરની ઇચ્છા પારખી શકીએ છીએ. ઈશ્વરની ઇચ્છા વિશે આપણે નિશ્ચિત થઈ શકીએ, એવી એક રીત છે, જેથી આપણે વિશ્વાસ અને આત્મવિશ્વાસથી કામ કરી શકીએ.

તે જ વાત પાઉલ કરી રહ્યો છે. તે આ શિક્ષણ વિશે વાત કરી રહ્યો છે, જેનો અર્થ એ છે, કે આ પ્રકારના જ્ઞાન સુધી પહોંચી શકાય છે - એ જ્ઞાન, જે ઈશ્વરના આત્મા દ્વારા આવે છે. અને આપણે આત્મામાં અથવા અન્ય ભાષાઓમાં પ્રાર્થના કરીને, આત્માને સાંભળવા તરફ જઈએ છીએ. જો આપણે પાઉલે આપેલી સલાહને રોમન 8:26બ-27 માં આગળ અનુસરીએ તો, ચાલો નીચે તે વાંચીએ:

> *પણ આત્મા પોતે અવાચ્ય નિસાસાથી આપણે સારું મધ્યસ્થતા કરે છે; અને આત્માની ઈચ્છા શી છે, તે અંતર્યામી જાણે છે, કેમકે તે પવિત્રોને સારું દેવની ઈચ્છા પ્રમાણે વિનંતી કરે છે.*

હવે, પાઉલ એમ નથી કહેતો કે જ્યારે આપણે આત્મામાં પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણે કણસતા હોઈએ છીએ. પરંતુ, પાઉલ અગાઉની કલમોનો ઉલ્લેખ કરે છે.

> *કેમકે આપણે જાણીએ છીએ કે, અત્યાર સુધી આખી સૃષ્ટિ તમામ <u>નિસાસા નાખીને પ્રસુતિની વેદનાથી કાષ્ટય છે</u>. વળી, તે એકલી જ નહિ, પણ આપણે પોતે જેઓને આત્માનું પ્રથમ ફળ મળ્યું છે, તે જોઈને પણ દત્તકપુત્રપણાની, એટલે આપણા શરીરના ઉદ્ધારની, વાટ જોતાં આપણે પોતાના મનમાં નિસાસા નાખીએ છીએ. કેમકે તે જ આશાએ આપણે તારણ પામ્યા છીએ; પણ જે આશા દ્રશ્ય હોય, તે આશા નથી; કેમકે કોઈ માણસ પોતે જે દેખે છે, તેની આશા કેમ રાખે? પણ આપણે જે જોતા નથી તેની આશા જયારે રાખીએ છીએ, ત્યારે ધીરજથી તેની વાટ જોઈએ છીએ.*
>
> *<u>તે પ્રમાણે પવિત્ર આત્મા પણ આપણી નિર્બળતામાં આપણને સહાય</u>*

*<u>આપે છે</u>; કેમકે યથાયોગ્ય શી પ્રાર્થના કરવી એ આપણે જાણતા નથી, પણ આત્મા પોતે અવાચ્ય નિસાસાથી આપણે સારું મધ્યસ્થતા કરે છે; અને આત્માની ઈચ્છા શી છે, તે અંતર્યામી જાણે છે, કેમકે તે પવિત્રોને સારું દેવની ઈચ્છા પ્રમાણે વિનંતી કરે છે.*

- રોમન 8:22-27

પાઉલ અહીં 'નિસાસા' (કણસવું) શબ્દનો ઉપયોગ, આપણી અંદર શું થઈ રહ્યું છે, તેના સ્પષ્ટીકરણ અથવા દૃષ્ટાંત તરીકે કરી રહ્યો છે. જેમ કોઈ સ્ત્રી બાળકને જન્મ આપે છે, તેમ આપણે અંદરથી નિસાસા નાખીએ છીએ. એટલે કે, આપણે આપણી અંદર રહેલા ઈશ્વરના આત્મામાંથી કશુંક જન્મ આપી રહ્યા છીએ, કશુંક નવું મેળવી રહ્યા છીએ, જેનું પહેલાં કદી અસ્તિત્વ જ નહોતું; અથવા તો તમે કહી શકો, આપણી પોતાની જાતે નહીં. તેથી આપણે આત્મામાં પ્રાર્થના કરવા દ્વારા, એવું કે જે આપણે જાણતા નથી, કંઈક નવું, તેના જ્ઞાનને "જન્મ" આપીએ છીએ. બાઇબલ આપણને જણાવે છે કે, ઈશ્વરનો આત્મા, આપણા પોતાના આત્મા દ્વારા કોઈ પણ પરિસ્થિતિ માટે, ઈશ્વરની સંપૂર્ણ ઇચ્છા માટે પ્રાર્થના કરે છે. તે કહે છે કે ઈશ્વર પોતે જ આપણા માટે, આપણા પોતાના માનવીય આત્માઓ દ્વારા, નિસાસા સાથે જે બોલી શકાતું નથી (સમજી શકાય તેવી વાણીમાં વ્યક્ત કરવામાં આવે છે), તેવી અને તે પ્રાર્થના કરે છે.

તેથી આપણે અહીં જે શોધી કાઢીએ છીએ, તે એ છે કે, પવિત્ર આત્મા આપણા માટે નિસાસા (શ્વાસોશ્વાચ્છ) સાથે અસ્પષ્ટ શબ્દો, શબ્દોનો ઉપયોગ કરીને (અથવા અન્ય ભાષાઓ) સાથે મધ્યસ્થી કરશે. અને જે વ્યક્તિ આપણા હૃદયની શોધ કરે છે, તે આત્માના મનને જાણે છે, કારણ કે આત્મા (દેવનો આત્મા) દેવની સંપૂર્ણ ઇચ્છા અનુસાર સંતો માટે મધ્યસ્થી કરે છે. જ્યારે તમે અન્ય ભાષામાં પ્રાર્થના કરો છો, **<u>ત્યારે ઈશ્વરનો આત્મા તમારા પોતાના આત્મા દ્વારા દરેક પરિસ્થિતિ માટે, ઈશ્વરની સંપૂર્ણ ઇચ્છાની પ્રાર્થના કરે છે.</u>**

તેથી, જ્યારે આપણે ઈશ્વરની ઇચ્છાને જાણતા નથી, ત્યારે આપણે નબળી પરિસ્થિતિમાં હોઇએ છીએ. જ્યાં સુધી આપણે ઈશ્વરની ઇચ્છાને ન જાણીએ, ત્યાં સુધી વિશ્વાસને મુક્ત કરી શકાતી નથી. પાઉલ કહી રહ્યો છે, કે જો આપણે આત્મામાં રહીને પ્રાર્થના કરીશું, તો દેવનો પોતાનો આત્મા આપણા જીવનમાંની કોઈ પણ પરિસ્થિતિમાં, દેવની સંપૂર્ણ ઈચ્છા માટે પ્રાર્થના કરશે.

જયારે ઈશ્વરનો આત્મા આપણા દ્વારા અન્ય ભાષામાં પ્રાર્થના કરે છે, ત્યારે આપણે શું બોલી રહ્યા છીએ, તે આપણે જાણતા નથી, તો પછી આપણે કેવી રીતે આધ્યાત્મિક રીતે સૂચના કે લાભ મેળવી શકીએ? તે બાબતનો જવાબ પાઉલે લખેલા અન્ય એક પત્રમાં જોવા મળે છે.

*જે વાનાં આંખે જોયા નથી, કાને સાંભળ્યા નથી, તેઓ માણસના મનમાં પેંઠા નથી, જે વાનાં દેવે પોતાના પર પ્રેમ કરનારાઓને સારું સિદ્ધ કર્યા છે;*

*તે તો દેવે આત્માથી આપણને પ્રગટ કર્યા છે; કેમ કે આત્મા સર્વને, હા દેવના ઊંડા વિચારોને પણ શોધે છે.કેમ કે કોઈ માણસની વાતો તે માણસમાં જે આત્મા છે તે સિવાય કયું માણસ જાણે છે? એમ જ દેવના આત્મા સિવાય દેવની વાતો બીજો કોઈ જાણતો નથી. પણ અમે જગતનો આત્મા નહીં, પણ જે આત્મા દેવ તરફ થી છે તે પામ્યા છીએ; જેથી દેવે આપણને જે વાનાં આપેલા છે તે અમે જાણીએ. તે જ અમે બોલીએ છીએ, માનવી જ્ઞાને શીખવેલી ભાષામાં નહીં, પણ પવિત્ર આત્માએ શીખવેલી ભાષામાં; આધ્યાત્મિક બાબતોને આધ્યાત્મિક ભાષાથી સમજાવીએ છીએ.*

- 1 કરીંથ 2:10-13

સૌ પ્રથમ, પાઉલ કહી રહ્યો છે, કે આપણે જે બાબતો સાંભળી નથી, જોઈ નથી અથવા વિચારી નથી, તે બાબતો સુધી પહોંચવાનો પ્રવેશ માર્ગ આપણી પાસે છે, તે જ રીતે કે જે રીતે હું તમારી સાથે તે બાબતો વહેંચી રહ્યો છું. પરંતુ તે આગળ વધે છે અને આપણને કહે છે કે આ બાબતો કેવી રીતે કાર્ય કરે છે.

*કેમ કે કોઈ માણસની વાતો તે માણસમાં જે આત્મા છે તે સિવાય કયું માણસ જાણે છે? એમ જ દેવના આત્મા સિવાય દેવની વાતો બીજો કોઈ જાણતો નથી.*

- 1 કરીંથ 2:11

હું બાઈબલના આ પાસાને આવરી લઉં તે પહેલા, આપણી પાસે સૌ પ્રથમ મૂળભૂત પાઠનું બંધારણ હોવું જરૂરી છે. 1 થેસ્સાલોનીકી 5:23 મુજબ, આપણે ત્રણ ભાગો છીએ: આત્મા, પ્રાણ અને  શરીર.

*હવે શાંતિનો દેવ પોતે તમને પૂરા પવિત્ર કરો; અને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના આવતા સુધી તમારો આત્મા, પ્રાણ તથા શરીર સંપૂર્ણ તથ નિર્દોષ રાખવામાં આવો.*

- 1 થેસ્સાલોનીકી 5:23

આપણો આત્મા, આપણામાંનો ઈશ્વરીય ભાગ છે; આપણો પ્રાણ એ આપણું મન, ઇચ્છા અને લાગણીઓ છે; અને આપણું શરીર, એ આપણું શરીર છે. પાઉલ કહે છે કે, આપણો પ્રાણ (મન, ઇચ્છા અને લાગણીઓ) અને આત્મા, એટલું નજીદીકથી જોડાયેલા છે, કે આપણો આત્મા જાણે છે કે આપણા વિચારો શું છે.

આનાથી વિપરીત પણ સાચું છે. આપણું મન એ, આપણા આત્માના વિચારોને ઓળખી શકે છે. પાઉલ કહે છે કે ઈશ્વરનો આત્મા ઈશ્વરના વિચારો જાણે છે, અને આપણને ઈશ્વરનો આત્મા મળ્યો છે, કે જેથી કરીને ઈશ્વરે ઉદારતાથી આપણને જે આપ્યું છે, તે **આપણે જાણી શકીએ.**

> *પણ અમે જગતનો આત્મા નહીં, પણ જે આત્મા દેવ તરફ થી છે તે પામ્યા છીએ; જેથી દેવે આપણને જે વાનાં આપેલા છે તે અમે જાણીએ. તે જ અમે બોલીએ છીએ, માનવી જ્ઞાને શીખવેલી ભાષામાં નહીં, પણ પવિત્ર આત્માએ શીખવેલી ભાષામાં; આધ્યાત્મિક બાબતોને આધ્યાત્મિક ભાષાથી સમજાવીએ છીએ.*
>
> - 1 કરીંથ 2:12-13

પાઉલ આગળ વધતા કહે છે, કે આ અજ્ઞાત જ્ઞાન, જ્ઞાન કે જે અમે જાણતા નહોતા, પણ ઈશ્વરના આત્મા દ્વારા અમને પ્રગટ કરવામાં આવ્યું છે, કે અમે એવા શબ્દો વડે બોલીએ છીએ, જે અમને ઈશ્વરના આત્મા દ્વારા શીખવવામાં આવ્યા છે, એવા શબ્દો વડે નહીં, કે જે અમે અમારી કુદરતી (સામાન્ય) સમજ અથવા ભાષા વડે બોલતા હોઈએ, પરંતુ આત્મિક શબ્દો. આપણે જાણીએ છીએ, કે પાઉલ અન્ય ભાષામાં પ્રાર્થના કરવા વિશે વાત કરી રહ્યો છે, જ્યારે તે કહે છે કે અમે આધ્યાત્મિક શબ્દો સાથે પ્રાર્થના કરીએ છીએ, કારણ કે તેણે તે જ વ્યાખ્યાનો ઉપયોગ 1 કરીંથ 14:14-15 માં અન્ય ભાષામાં બોલવાની બાબતનું વર્ણન કરવા માટે કર્યો હતો:

> *કેમકે જો હું અન્ય ભાષામાં પ્રાર્થના કરું, તો મારો આત્મા પ્રાર્થના કરે છે ખરો, પણ મારી સમજશક્તિ નિષ્ફળ છે. તો શું? હું આત્માથી પ્રાર્થના કરીશ ને સમજશક્તિથી પણ પ્રાર્થના કરીશ; આત્માથી ગાઈશ અને સમજશક્તિથી પણ ગાઈશ.*

પાઉલ "આત્મામાં પ્રાર્થના" વાક્યનો ઉપયોગ કરી રહ્યો છે, કે જે અન્ય ભાષામાં બોલવાનો સંદર્ભ આપે છે. આપણે અંદાજ લગાવી શકીએ છીએ, કે પાઉલ આ જ અન્ય ભાષામાં બોલવા વિષે ઉલ્લેખ કરી રહ્યો છે, જ્યારે તે કહે છે કે, આત્મા દ્વારા અમને શીખવવામાં આવેલા શબ્દો વડે અમે બોલીએ છીએ.

> *કેમકે જે કોઈ અન્ય ભાષા બોલે છે, તે માણસની સાથે નહિ, પણ દેવની સાથે બોલે છે; કેમકે કોઈ તેનું બોલવું સમજતું નથી; પણ આત્મામાં તે મર્મો બોલે છે.* - 1 કોરિન્થ 14:2

ફરીથી, પાઉલ આપણા આત્મા વિષે કહે છે કે, આપણે જે કદી જોયું નથી, સાંભળ્યું નથી, અથવા તેના વિશે જ્ઞાન મેળવ્યું નથી, અથવા પાઊલ કહે છે તેમ, “રહસ્યો" બોલવાનું સામર્થ્ય ધરાવે છે. એ પણ નોંધ લો કે, આ વચનમાં, પાઉલ કહે છે કે, આપણે આપણા આત્માથી રહસ્યો માટે પ્રાર્થના કરીએ છીએ, ઈશ્વરના આત્માથી નહિ. આપણે જે જાણતા ન હતા, તે આપણા આત્મામાં કેવી રીતે આવે છે? એ તો સહેલું છે ! ઈશ્વરના આત્માથી, કે જે હવે આપણા આત્મા સાથે એકરૂપ થઈ ગયો છે.

**પવિત્ર આત્માનું બાપ્તિસ્મા એ ઈશ્વરનું રહસ્ય છે, હથિયાર ! શું ચાલી રહ્યું છે તે શેતાનની જાણ વિના, તે પૃથ્વી પર પોતાની ઇચ્છા પુરી કરી શકે છે.**

*કેમકે કોઈ માણસની વાતો તે માણસમાં જે આત્મા છે, તે સિવાય કયું માણસ જાણે છે? એમ જ દેવના આત્મા સિવાય દેવની વાતો બીજો કોઈ જાણતો નથી.*

- 1 કરિંથ 2:11

જ્યારે આપણો આત્મા ઈશ્વરના વિચારોને પકડે છે (ઉપાડે છે), ત્યારે આપણું મન પણ આ વિચારોને પકડી લે છે. જ્યારે આપણું મન, ઈશ્વરના વિચારોને પકડી લે છે, ત્યારે આપણે તેને "પ્રકટીકરણ" કહીએ છીએ, “પ્રબુદ્ધ" બનવું અથવા, પાઉલ કહે છે તેમ, “આધ્યાત્મિક રીતે સૂચના પ્રાપ્ત કરેલું કે લાભ મેળવનાર" બનવું. હવે તમે જાણો છો, કે શા માટે પાઉલે કહ્યું, કે તે ખુશ હતો કે તેણે બીજા કોઈ પણ કરતાં વધારે, અન્ય ભાષાઓમાં પ્રાર્થના કરી; તેણે દરેક પરિસ્થિતિમાં ઈશ્વરની ઇચ્છા જાણવાનો લાભ પ્રાપ્ત કર્યો.

1 કરિંથ 2:15-16 માં પાઉલ આ જ બાબત નો ઉલ્લેખ કરી રહ્યો છે .

*પણ જે જન આધ્યાત્મિક છે, તે સર્વને પારખે છે, પણ પોતે કોઈથી પરખાતો નથી. કેમકે પ્રભુનું મન કોણે જાણ્યું છે, કે તે તેને બોધ કરે? પણ અમને તો ખ્રિસ્તનું મન છે.*

આપણે સરળ માનવ ચુકાદા (પારખ) પૂરતા મર્યાદિત નથી, પરંતુ આપણે ઈશ્વરની સહાયથી બધી જ બાબતો વિશે પારખ કરી શકીએ છીએ. આ તો મહાન સમાચાર છે ! આત્મા (અન્ય ભાષા) માં પ્રાર્થના કરવા દ્વારા, આપણી પાસે રહસ્યો પ્રાપ્ત કરવાની ક્ષમતા છે, જે બાબતો આપણે જાણતા ન હતા; અને તે જ્ઞાન દ્વારા,

આપણે બધી બાબતો વિશે યોગ્ય પારખ અથવા નિર્ણયો લેવા સક્ષમ છીએ !

પવિત્ર આત્માનું બાપ્તિસ્મા એ ઈશ્વરનું ગુપ્ત શસ્ત્ર છે! શું બાબત બની રહી છે, તે શેતાનની જાણમાં આવ્યા વિના, પૃથ્વી પર તે પોતાની ઇચ્છાને ઉતારી શકે છે. હકીકતમાં, આત્મામાં પ્રાર્થના કરવી, એ એફેસી 6:18 માં આપણા આત્મિક બખ્તરના ભાગરુપે સૂચિબદ્ધ છે:

*આત્મામાં સર્વ પ્રકારે તથા હરવખત પ્રાર્થના તથા વિનંતી કરો.*

આત્મામાં પ્રાર્થના કરવાથી આપણને એવી વ્યૂહરચના પકડી લેવાની પરવાનગી મળે છે, જે આપણને, શત્રુને બાજુ પર રાખીને (ટાળને કે અવગણીને) અથવા અનન્ય અને અસામાન્ય યુક્તિઓ સાથે આગળ વધવાની ક્ષમતા આપે છે.

આ બાબતમાં ગર્ભિત લાભ એ છે, કે આપણે ખ્રિસ્તના મનની સાથે જોડાઈને, જીવનમાં યોગ્ય નિર્ણયો લઈ શકીએ છીએ. મને લાગે છે કે તમારે સંમત થવું પડશે, કે આ મહત્વપૂર્ણ છે ! એ મારી શોધમાં આવ્યું છે !

ઉદાહરણ તરીકે, હું યાદ કરી શકું છું, કે મારે મારા વ્યવસાયના સંદર્ભમાં એક મોટો નિર્ણય લેવાનો હતો. હું જેની સાથે કામ કરતો હતો તે વેચાણ પ્રતિનિધિ, જે મારા એક વિક્રેતાનું પ્રતિનિધિત્વ કરતો હતો, તે મારી કંપનીને કોર્ટમાં લઈ જવાની ધમકી આપી રહ્યો હતો, કારણ કે હું તેની સાથે તે નવા વિક્રેતા તરફ જવા તૈયાર ન હતો. તે ઇચ્છતો હતો કે, હું તેની સાથે વ્યાપાર કરવાનું ચાલુ રાખું, કારણ કે તેણે તે વિક્રેતાને છોડી દીધો હતો, જેની સાથે હું હંમેશા વ્યાપાર કરતો આવ્યો હતો. મને મારો વેચાણ પ્રતિનિધિ પસંદ હતો, પરંતુ મને લાગ્યું, કે મારી વફાદારી, તે જે કંપની માટે કામ કરે છે તેની સાથે છે, તેની (વેચાણ પ્રધિનિધિ) સાથે નહીં. જો કે, તે જે કંપની માટે કામ કરતો હતો, તેણે હકીકતમાં તેને કહ્યું હતું, કે તે તેના તમામ ગ્રાહકોને તેની સાથે તેની નવી કંપનીમાં લઇ જઈ શકે છે. તેથી હું તેની સાથે જઉં, તો તેમાં કંઈ ખોટું નહોતું, પરંતુ તેમ છતાં મને તેની સાથે જવાની ફરજ પાડવામાં આવી, તે સારું લાગ્યું ન હતું. તેની વર્તમાન કંપની હંમેશા મારી સાથે ન્યાયી રહી હતી.

તે મારા પર મુકદ્દમો માંડવાની ધમકી આપી રહ્યો હતો, કારણ કે થોડા મહિના પહેલાં, તેણે નવી કંપની સાથે જવાનો ઉલ્લેખ કર્યો હતો અને મને પૂછ્યું હતું કે શું હું તેની સાથે જઈશ. તેના વિશે ખરેખર ખાસ કંઈ વિચાર્યા વિના, મેં કહ્યું હતું કે હું તેમ કરીશ. તેણે કહ્યું કે જ્યારે તેણે કંપની બદલવાનો નિર્ણય લીધો, ત્યારે તે મારા વ્યવસાય પર વિશ્વાસ કરી રહ્યો હતો. પરંતુ હવે જ્યારે વાસ્તવમાં, તે જવાની તારીખની નજીક પહોંચ્યો, ત્યારે મને તે બાબત વિશે અસ્વસ્થતાની લાગણી થઈ. તેથી મેં થોડા દિવસો આત્મામાં પ્રાર્થના કરી. પણ મને જે જવાબની જરૂર હતી, તે હું

હજી સાંભળી શક્યો ન હતો.

હું અને ડ્રેન્ડા ઘણીવાર અમારા બાળકોને 'સિડર પોઇન્ટ' કહેવાતા એક મોટા મનોરંજન પાર્કમાં લઇ જઈએ છીએ, જે અમારાથી કેટલાક કલાકોના અંતરે આવેલું છે. તે વાસ્તવમાં, યુનાઇટેડ સ્ટેટ્સનું સૌથી મોટું રોલર કોસ્ટર પાર્ક છે, અને અમે સામાન્ય રીતે વર્ષમાં અમુક વાર ત્યાં જઈએ છીએ. તે શુક્રવારની રાત હતી, અને મારે શું કરવું તેનો જવાબ સોમવાર સવાર સુધી મારે મેળવવો જ પડે તેમ હતું. મેં નક્કી કર્યું કે થોડીવાર માટે મારા મનમાં કંઈક બીજે ધ્યાન કેન્દ્રિત કરવું સારું રહેશે, અને તે સાંજે મેં ડ્રેન્ડાને, તે મનોરંજન પાર્કમાં લઈ જવાનું નક્કી કર્યું. હું કતારમાં ઊભો હતો ત્યારે, સોમવારની સવાર સુધીમાં મારે જે નિર્ણય લેવાનો હતો, તેના વિશે વિચારતો પણ ન હતો, અને અચાનક જ, મને ચોક્કસપણે ખબર પડી ગઈ કે તે વિષે શું કરવું. તે બાબત દિવસના અજવાળાની જેમ સ્પષ્ટ હતી. પવિત્ર આત્માએ મારી સાથે વાત કરી, અને હું મૂળ કંપની સાથે જ રહ્યો. તે વેચાણ પ્રતિનિધિની નવી કંપની થોડા મહિનામાં જ સંકેલાઇ ગઈ.

તેથી સફળતાની મુખ્ય ચાવી આ છે - પ્રાર્થના કરો ! અને આત્મામાં ઘણી વાર પ્રાર્થના કરો, કે જેના દ્વારા તમારી સાથે બધું સારું થશે, અને તમે સાચા નિર્ણયો લઈ શકશો, તેમજ વ્યૂહરચનાનાં રહસ્યો, કે જે તમારે જીતવા માટે જરૂરી છે, તેને પકડી લઇ શકો.

*"નિત્ય પ્રાર્થના કરો" (1 થેસ્સાલોનિકી 5:17).*

# પ્રકરણ 7
# ખજાનો

મને તે દિવસ યાદ છે જ્યારે હું ડેનને પહેલી વાર મળ્યો હતો. તે દેવળમાં, છેલ્લી હરોળમાં, મારી પિતરાઈ બહેન જેનિફર સાથે ઊભો હતો. મને પાછળથી ખબર પડી, કે તેઓ એકબીજાને પસંદ કરતા હતા અને મળતા રહેતા હતા. જો કે, હું ડેનના હાવભાવ દ્વારા કહી શકું છું, કે તે સંપૂર્ણપણે અસ્વસ્થ લાગ્યો હતો. હકીકતમાં, તે અસ્વસ્થ કરતાં પણ વધારે અયોગ્ય લાગતો હતો. મને પાછળથી ખબર પડી, કે અમારી મંડળી, તેના સંપ્રદાયની મંડળી કરતાં થોડી અલગ હતી, જેમાં તે જતો હતો. પરંતુ જેમ જેમ તેણે ઈશ્વરના રાજ્ય વિશે સાંભળવાનું શરૂ કર્યું, તે આરામમાં રહેવા લાગ્યો, અને છેવટે, તેણે મારી પિતરાઇ બહેન સાથે લગ્ન કર્યા.

તે સમયે ડેન, સેન્ટ્રલ ઓહિયોમાં લગભગ 1400 એકરની જમીનમાં ખેતી કરતો હતો, અને તે સારી રીતે ચાલતી ન હતો. હકીકતમાં, તે નફો કરી રહ્યો ન હતો, અને ખૂબ ચિંતિત હતો. પરંતુ જ્યારે તે ઈશ્વરના રાજ્ય વિશે અને પવિત્ર આત્મા કેવી રીતે મદદ કરી શકે છે, તે વિશે સાંભળતો રહ્યો, ત્યારે એક દિવસે તે, જેનિફર પાસે આવ્યો અને કહ્યું, “હું આપણું દાન બમણું કરવા માંગુ છું." જેનિફરને આંચકો લાગ્યો, પણ તે ઉત્સાહમાં આવી ગઈ. તેથી તેઓએ તે જ કર્યું.

તે વર્ષે, તે જ 1,400 એકર જમીન પરની તેમની ઉપજ, અગાઉના વર્ષ કરતાં 128% વધારે થઇ હતી. હકીકતમાં, તે ઉપજ એટલી વધારે હતી કે, તેઓ રોકડેથી નવી કાર લઇ શક્યા, અને રોકડેથી જ, બીજું એક ખેતર ખરીદી શક્યા હતા, જેનો અર્થ એ થતો હતો, કે તે પછીના વર્ષે વાવેતર કરવા માટે, વધારે વિસ્તાર ઉપલબ્ધ હતો. ડેન ખૂબ જ ઉત્સાહિત હતો ! તેણે કહ્યું, કે તેના પિતાને, તે નવા ખેતરની ચૂકવણી કરવામાં 10 વર્ષનો સમય લાગ્યો હોત, અને તે તેને હમણાં જ તેના માટે પુરી રોકડ ચૂકવી દીધી હતી. તેથી મેં ડેનને તેની વાત કહેવા માટે કહ્યું, કે તે કેવી રીતે બન્યું.

એવું લાગતું હતું કે, ડેન અને જેનિફરે તેમના દાનને બમણું કરવાનું શરૂ કર્યા પછી, તેઓ પણ પ્રાર્થના કરશે અને ઈશ્વરને કહેશે, કે તેઓ તેમને શું કરવું તે બતાવે. ડેન કહે છે, કે એક દિવસ જ્યારે તે સામાન્ય રીતે દરરોજ મળતા સામાન્ય મેઇલના

ઢગલામાં નજર નાંખી રહ્યો હતો, જેમાંની મોટાભાગની ખેડૂતોને માર્કેટિંગ કરતી જાહેરાતો હતી, ત્યારે તેણે ત્રણ બાય પાંચ કાર્ડને એમ જ કચરાપેટીમાં ફેંકી દીધું હતું, ત્યારે તેને તે પાછું લેવા માટેની કોઈ પરવાનગી અનુભવ થયો હતો. નાના કાર્ડમાં કશું ખાસ નહોતું, ખેતીનાં સાધનોના ટુકડા વિશેની બીજી જાહેરાત જ હતી. સાધન પર ચર્ચા કરવા માટે તે, ખેડુતોને બેઠકમાં આવવા આમંત્રણ આપી રહ્યું હતું.

ડેનને ત્યાં જવાની અજાણી વિનંતી થઇ હતી, અને મીટિંગમાં ગયા પછી, જાહેરાત કરવામાં આવેલું સાધન ખરીદી લીધું. આ સાધન બજારમાં એક નવું ઉત્પાદન હતું, જે એક એવું સાધન હતું, જે વાવેતરમાં મદદ કરતું હતું, જે બીજના રોપવા અને જમીનને તૈયાર કરવા સાથે સંબંધિત હતું. ડેને મને પાકની ઉપજ વધારવામાં તે અસરકારક હોવાના વૈજ્ઞાનિક કારણો સમજાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેણે મને અડધા ખુલાસા દરમ્યાન જ જોયું, કે તેની મને ખબર પડી રહી નથી. તે તે સમજી ગયો અને એ જ મહત્ત્વનું હતું. ડેને મને કહ્યું કે તે સમયે ઓહિયોમાં આ સાધન ખરીદનાર તે માત્ર બીજો ખેડૂત હતો. તે નાના સાધને કામ કર્યું, અને ઉપજમાં 128% નો વધારો, એ પરિણામ હતું. ડેને વધુ જમીન સંપાદન કરવા આગળ વધ્યો, અને આજે, તે હજારો એકર જમીનમાં ખેતી કરે છે. પવિત્ર આત્માએ તેને નિર્ણયો લેવામાં કેવી રીતે મદદ કરી, તેની ઘણી વાર્તાઓ છે, જેની તેણે કલ્પના કરી હોય, તેના કરતાં પણ વધુ ઝડપથી આગળ ધપાવી હતી.

તો પછી ડેને કેવી રીતે તેના નબળા પ્રદર્શન કરતા ખેતરને, એક મોટો નફો કરનારમાં બદલી નાખ્યું? તે પોતાના સલાહકારની, પવિત્ર આત્માની સલાહને અનુસર્યો. દુઃખની વાત એ છે, કે મોટા ભાગના ખ્રિસ્તીઓ એ વાત સાંભળે છે, અને તેમને ખબર નથી પડતી કે એ કેવી રીતે બન્યું, એટલે જ મને લાગ્યું, કે આ પુસ્તક લખવું કેટલું મહત્ત્વનું છે. ના, મોટા ભાગના ખ્રિસ્તીઓ ઈશ્વર કેટલા મહાન છે, તેની ઉજવણી કરશે, સ્વીકારશે કે એ ઈશ્વરની બાબત હતી, પણ એની નકલ કેવી રીતે કરવી, એ વિશે તેમને કશી જ ખબર નથી. તે પછી આપણે ઈશ્વરથી ભ્રમિત ખ્રિસ્તીઓના સમૂહ સાથે પુરા થઇ જઈએ છીએ, અને મુશ્કેલીઓ માટે ઈશ્વરને દોષી ઠેરવીએ છીએ. "ઈશ્વર ક્યાં છે? મને ખબર નથી કે, ઈશ્વરે મને શા માટે મદદ ના કરી" તે જ હું ઘણું બધું સાંભળું છું.

હું આશા રાખું છું, કે અત્યાર સુધીમાં તમને આ વાતનો અહેસાસ થઈ ગયો હશે, પરંતુ ઈશ્વરનું રાજ્ય કાયદાથી કામ કરે છે, મહેરબાનીથી નહીં. ઈશ્વર જેમને આશીર્વાદ આપશે, તેમને પકડતા નથી અને જેમને તે આપવા ઇચ્છતા નથી તેમને પકડતા નથી. ડેન એ ઈશ્વરે પસંદ કરેલા હોય, એવા લોકોમાંનો એક નથી, અને તે તમારા કરતા ઈશ્વર માટે વધારે ખાસ નથી. તમને એ જ કાનૂની અધિકારો છે, જે રીતે ડેન ઈશ્વરના રાજ્યમાં કરે છે. જેમ કોઇને પણ બીજ રોપવાનો અને પાક ઉગાડવાનો

અધિકાર છે, તેવી જ રીતે, જે કોઈ પણ ઈશ્વરના રાજ્યના નિયમોનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણે છે, તેના માટે ઈશ્વરનું રાજ્ય કામ કરશે. તમે ઈશ્વરના ઘરના સભ્ય છો, અને તેમના મહાન રાજ્યના નાગરિક છો, અને તેમની પાસે જે કંઈ છે, તે બધું જ મેળવી શકો છો.

**તો ચાલો, મને એ કહેવા દો કે, ઈશ્વરના આટલા બધા લોકો જીવનમાં કેમ અસફળ થઇ રહ્યા છે. તેઓ જાણતા નથી, કે દેવનું રાજ્ય કઈ રીતે કાર્ય કરે છે, અને તેઓ એ પણ જાણતા નથી કે પવિત્ર આત્માને કઈ રીતે સાંભળવો.**

> ***તમારા*** *ઉદ્ધારક, ઈસ્રાએલના પવિત્ર, પ્રભુ આમ કહે છે: "હું પ્રભુ* ***તારો*** *દેવ છું, જે* ***તને નફો કરવાનું શીખવે છે****, જે* ***તને*** *જે રસ્તે જવું જોઈએ, તે રસ્તે* ***તને*** *દોરી જાય છે.*
>
> — યશાયા 48:17, એન.કે.જે.વી.

ડેનની સફળતા કંઈક એવી નહોતી, જે ડેને વિચાર્યું હતું. એ એક અદ્વિતીય પવિત્ર આત્માની યૂહરચના હતી, કારણ કે ડેને ઈશ્વરના રાજ્યના નિયમોનો અમલ કરવા માટે પગલાં લીધાં હતાં. તે અને તેની પત્ની પવિત્ર આત્માની વાત સાંભળી રહ્યાં હતાં, અને તેઓને એક યોજના બનાવવામાં મદદ કરી રહ્યાં હતાં. હું ઇચ્છું છું કે તમે આ લખો.

## પવિત્ર આત્મા પાસે યોજના છે!

**યોજના હોવી, તે કરતાં વિશેષ સામર્થ્યવાન કંઈ નથી. એક યોજના વગર, ચિત્ર એક સ્વપ્ન છે, પરંતુ એક યોજના સાથે, સ્વપ્નનું નિર્માણ થઈ શકે છે.**

એક કુટુંબ, એક વિશાળ ઘર હોવાની કલ્પના કરી શકે છે, જેમાં ઘણા બધા શયનખંડો, વિશાળ બેઠક (દીવાન) ખંડ, એક મોટું આધુનિક રસોડું અને સુંદર કારીગરીવાળું છે. પરંતુ તે સમયે, તે એક સ્વપ્ન, એક ચિત્ર સિવાય બીજું કશું જ નથી. તે ચિત્રને દોરવું પડશે, અને પછી તેને એક ઇજનેરી કાર્યથી નકશામાં ઢાળવું પડશે, યોજના બનાવવી પડશે. એક વખત બિલ્ડર પાસે નકશો આવી જાય, પછી ઘરનું નિર્માણ થઈ શકે છે. કોઈક કારણસર, મોટા ભાગના ખ્રિસ્તીઓ પાસે, હું જેને મેઇલબોક્સ માનસિકતા કહું છું, તે હોય છે. જ્યારે તેઓ પ્રાર્થના કરે છે, અને ઈશ્વર પાસે, તેમને જરૂરી નાણાં માંગે છે, જેમ ડેને કર્યું હતું તેમ, ત્યારે તેઓ અપેક્ષા રાખે છે કે, તે તેમના મેઇલબોક્સમાં દેખાશે, અથવા વધુમાં વધુ, એવી અપેક્ષા રાખે છે, કે કોઈ તેમને તે (નાણાં) આપે. તેમની પાસે આ પ્રક્રિયાની કોઈ ચાવી નથી.

હા, પહેલા, તમારી પાસે ચિત્ર હોવું જોઈએ. પરંતુ તે ચિત્રને વાસ્તવિકતામાં લાવવાની એક પ્રક્રિયા છે, જ્યાં તમે ખરેખર તેનો આનંદ માણી રહ્યા છો. જવાબ એ એક યોજના અથવા વ્યૂહરચના છે, જે તેને પસાર કરવા માટે જરૂરી છે. ચાલો, હું તમને એક ઉદાહરણ આપું. જો હું તમને એમ કહું કે, હું તમારા નાણાકીય પ્રશ્નોને ખૂબ જ ઝડપથી ઠીક કરી શકું છું, અને તમારે શું કરવાનું છે તે હું તમને કહેવા જઈ રહ્યો હોઉં, ત્યારે તમારી પેન અને કાગળ તૈયાર કરવા માટે કહું, તો તમે તમારા કાગળ અને પેન બહાર કાઢશો, અને તમારો જવાબ સાંભળવાની તૈયારી કરશો. હું આગળ કહીશ કે આ પુસ્તક વાંચતા મોટા ભાગના લોકો માટે, હું તમને જે કહેવા જઈ રહ્યો છું, તે કદાચ તમારી આર્થિક તાણને દૂર કરશે અને વર્ષ પૂરું થાય, તે પહેલાં તમને દેવા મુક્ત કરશે. હવે, તમારો હાથ પેનને જરાક વધુ જોરથી પકડે છે, અને હું જે કહેવા જઈ રહ્યો છું, તેને તમે ચૂકી ન જાઓ, તેની ખાતરી કરવા માટે તમે પૂરેપૂરું ધ્યાન આપો છો.

જવાબ ખરેખર ખૂબ જ સરળ છે, હું સમજાવું છું. આ વર્ષે 1 કરોડ ડોલરનો ચોખ્ખો નફો કરો. તમે કદાચ એક ક્ષણ માટે મારી સામે તાકશો, અને પછી હસવાનું શરૂ કરશો. પછી હું તમારા હસવા દ્વારા એવું ધારું છું કે, 1 કરોડ ડોલર પૂરતા નહીં હોય, તેથી હું ઉમેરું છું, "સારું, જો તે પૂરતું ન હોય, તો 2.5 કરોડ ડોલર બનાવો." આના પર તમે માત્ર હસી નથી રહ્યા, પરંતુ ખડખડાટ હસવા લાગો છો. કેમ? ચાલો, હું તમને કહું, કે હમણાં શું થયું. મોટા ભાગના લોકો માટે, 1 કરોડ ડૉલર, ખરેખર તેમને દેવાથી મુક્ત કરી દેશે, પરંતુ હાસ્ય તો ત્યાં છે, કારણ કે તેઓ પોતાની જાતને એક વર્ષમાં 1 કરોડ ડૉલરની કમાણી કરતા જોઈ શકતા જ નથી. 2.5 કરોડ ડોલરનો વિકલ્પ ખડખડાટ હસવાનું લાવે છે, કારણ કે તે તેમના શક્યતાના દ્રષ્ટિકોણથી ખૂબ જ દૂર છે, કે તે હાસ્યાસ્પદ બને છે.

પરંતુ ચાલો એમ કહીએ, કે મારી પાસે એક નિકાસ (એક્સપોર્ટ) કંપનીની માલિકી છે, અને મેં તમને બોક્સમાં મૂકેલા દરેક બોલ માટે 1,000 ડોલર ચૂકવવાનો પ્રસ્તાવ મુક્યો, અને પછી શિપિંગ માટે ટેપ લગાવીને બંધ કરી દીધું. ચાલો આપણે એમ પણ ધારી લઈએ, કે તમે દરરોજના લગભગ 500 બોક્સ કરી શકો છો, અને હું તે જ દરે (ભાવે) 12 મહિનાના કરારનો પણ સમાવેશ કરી દઉં છું. સચિત્ર હેતુઓ માટે, આ ખૂબ જ અતિશયોક્તિભર્યું છે, પરંતુ તે મારો મુદ્દો બનાવશે (માટે કહું છું).

હવે, એમ માનીને કે તમારી પાસે ખરેખર કરાર છે અને હું તે જ નિવેદન કરું છું જે મેં અગાઉ કર્યું હતું, કે તમારો નાણાકીય જવાબ છે કે આગામી વર્ષ દરમિયાન 1 કરોડ ડોલરની ચોખ્ખી આવક મેળવવા માટે, તો તમારો પ્રતિસાદ કેવો હશે? હવે, ત્યાં કંઈ હાસ્યાસ્પદ નહીં હોય. તેના બદલે, ત્યાં આનંદ અને ભારે ઉત્તેજનાની બૂમો પડશે. કેમ? કારણ કે તે કરારથી 1 કરોડ ડોલર કમાવવાનું સરળ રહેશે. હકીકતમાં,

2.5 કરોડ ડોલર બનાવવાનું સરળ રહેશે, અને 10 કરોડ ડોલર કમાવવાનું પણ શક્ય બનશે. શું બદલાયું? એક જ વાત છે - તમારી પાસે એક યોજના છે. મેં અગાઉ જે નિવેદન આપ્યું હતું, તે જ રીતે, જો ઈસુ માછલીને ક્યાં અને કેવી રીતે પકડવી, તે બતાવે, તો કોઈ પણ માછલી પકડી શકે છે, તેથી તે હવે તમારા માટે છે. એક વખત તમારી પાસે એક યોજના, એક એવી યોજના આવી જાય, કે જે તમે તમારી જાતને તે કરવા સમર્થ જોઈ શકો, તો તમારી સમસ્યાનું નિરાકરણ આવી જાય છે.

**મને ફરીથી કહેવા દો – મને લાગે છે કે, તમારે એ ફરીથી સાંભળવું જોઈએ -ઈશ્વર પાસે <u>તમારી</u> યોજના છે !**

*કેમકે જે ઈરાદા હું તમારા વિષે રાખું છું તેઓને હું જાણું છું, તેવું યહોવા કહે છે. એ ઈરાદા ભવિષ્યમાં તમને આશા આપવા માટે વિપત્તિ લગતા નહિ પણ શાંતિને લગતા છે.*

- યર્મિયા 29:11

ચાલો, હું ફરીથી કહું - મને લાગે છે, કે તમારે તે ફરીથી સાંભળવાની જરૂર છે - ઈશ્વર પાસે **તમારી** યોજના છે !

થોડા મહિના પહેલાં, હું જ્યાં શીખવતો હતો, તે મંડળીમાં મારા એક ભાગીદારોમાંની એક ભાગીદારને મળવાનું સૌભાગ્ય મને મળ્યું. તે ચર્ચ સર્વિસના અંતે એક પ્રશ્ન સાથે આવી હતી, અથવા મારે કહેવું જોઈએ, કે તે એક નિવેદન હતું. "એ કામ ના આવ્યું ! મેં મારું બીજ વાવ્યું, મારા પતિ સાથે મારું સાબર મેળવવા માટે સહમત થઈ, અને મને તે મળ્યું નહીં." તેણે મને કહ્યું કે તેણે કેવી રીતે એક ચોક્કસ સાબર માટે વાવણી કરી હતી, જેણે એક ખુબ જ સરસ શોટ માર્યો હતો. તેથી મેં વધુ પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું, અને છેવટે તેને પૂછ્યું કે, શું સંજોગોવશાત, જે દિવસે તે શિકાર કરવા ગઈ હતી, તે દિવસે પણ તેણે એક સાબર જોયું હતું? તેણે કહ્યું, “હા, મેં જે પ્રકારના સાબર માટે વાવ્યું હતું, તે જ પ્રકારનું સાબર અંદર આવ્યું, અને મારા શોટ માટે એકદમ યોગ્ય અંતરે મારી બાજુમાં ઉભું રહ્યું."

હવે, મને આ વાતથી થોડો આંચકો લાગ્યો, તેથી મેં પૂછ્યું કે આગળ શું થયું. તેણે કહ્યું કે મેં એકદમ ચોક્કસ શોટ માર્યો હતો, પરંતુ તેણે એક મિત્રને તેની રાઇફલને અંદરથી ચકાસવા માટે કહ્યું હતું, અને મિત્રએ આવું કર્યું હોવાનું માનીને, તેણે ક્યારેય તે જાતે તપાસ્યું નહીં અને તે શોટ ચૂકી ગઈ. હવે, મારા માટે તે ખૂબ જ સ્પષ્ટ હતું, પરંતુ આશ્ચર્યજનક રીતે, તે તેના માટે નહોતું.

મને લાગે છે કે, ઘણા બધા વિશ્વાસીઓ, આ જગ્યા પર છે. કેટલાક કારણોસર,

લણણીમાં તેઓએ જે ભાગ ભજવવો પડે, તેની પ્રક્રિયાને તેઓ સમજી શકતા નથી, મારે એને સમજાવવું પડ્યું કે ઈશ્વરે એનો ભાગ ભજવ્યો હતો, પણ તે થોડાક માટે પોતાનો ભાગ ભજવવાનો ચૂકી ગઈ હતી. તમે સમજો કે, ઈશ્વર તમને યોજના આપી શકે છે, પરંતુ તે સફળ થાય તે માટે તમારે તે યોજનામાં તમારો ભાગ ભજવવો જરૂરી છે. એ તું અને ઈશ્વર છે !

*વળી આકાશનું રાજ્ય ખેતરમાં **સંતાડેલા** દ્રવ્ય (ખજાનો) જેવું છે; કે જે એક માણસને જડ્યું, પછી તેણે તે છાનું રાખ્યું, ને તેના હર્ષને લીધે જઈને પોતાનું સર્વસ્વ વેચી નાખીને તેણે તે ખેતર વેચાતું લીધું.*

- માથ્થી 13:44

આ શાસ્ત્રભાગમાં ઘણું બધું ઈશ્વરના રાજ્યનું સત્ય છે ! સૌ પ્રથમ, ચાલો આપણે ખજાનાની વ્યાખ્યા કરીએ. શબ્દકોશ અનુસાર, ખજાનો એ કોઈપણ પ્રકારનો મૂલ્યવાન અથવા કિંમતી કબજો છે. એટલે ખજાનો એ સોનાનો ટુકડો હોવો જરૂરી નથી; તે ક્ષણે તમારે જેની જરૂર હોય, તે કંઈપણ હોઈ શકે. તેથી આ શાસ્ત્રભાગ કહે છે કે, ઈશ્વરનું રાજ્ય ખજાના જેવું છે, અથવા તમે કહી શકો છો, કે જીવનમાં તમારે જે જોઈએ છે, તે બધું જ તે ઈશ્વરના રાજ્યમાં છે. તો પછી ઈશ્વરનું રાજ્ય ક્યાં છે? આ શાસ્ત્રભાગમાં, ઈસુ કહે છે કે, તે એક ક્ષેત્ર (વિસ્તાર)માં છુપાયેલું છે. વાહ, તે ક્ષેત્ર ક્યાં છે, તે જાણવાનું તમને ગમશે નહીં? સારા સમાચાર એ છે, કે ઈસુ આપણને જણાવે છે કે તે ક્ષેત્ર ક્યાં છે, અને તેમાં છુપાયેલ ખજાનો કેવી રીતે શોધવો, તે પણ.

જો આપણે માર્ક 4 ના અધ્યાયમાં વાવનારની વાત પર જઈએ, તો આપણે ઈસુને શીખવતા જોઈએ છીએ કે, માણસના હૃદયમાં કેવી રીતે વિશ્વાસ ઉત્પન્ન થાય છે. ત્યાં તે માણસની ભાવનાને જમીન સાથે, અને ઈશ્વરના વચનને જમીનમાં વાવેલા બીજ સાથે સરખાવતા દૃષ્ટાંતનો ઉપયોગ કરે છે. એ જ દૃષ્ટાંતનો ઉપયોગ કરીને, હું ધારી શકું છું કે, અહીં માથ્થી 13 માં અધ્યાયમાં, જે ભૂમિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમાં પણ એ જ વ્યાખ્યા હશે, જે માનવીની ભાવના હશે. હું એક ક્ષણ લેવા માગું છું, અને પ્રકરણ-6 માં આપણે જે શીખ્યા છીએ, તેની તમને યાદ અપાવવા માગું છું, કે જ્યારે આપણે નવો જન્મ પામીએ છીએ, ત્યારે આપણો માનવ આત્મા ઈશ્વરના આત્મા સાથે એકરૂપ થઈ જાય છે, જે આપણને ઈશ્વરના વિચારોમાં ઝંપલાવવાની તક આપે છે. તેથી આ ક્ષેત્રમાં જે ખજાનો છે, તે આપણા પૂરતો જ મર્યાદિત નથી, પરંતુ તેમાં તે બધાનો સમાવેશ કરવામાં આવે છે, જે રીતે આપણે આત્મામાં તેમની સાથે એક છીએ.

*જે વાનાં આંખે જોયા નથી, કાને સાંભળ્યા નથી, તેઓ માણસના મનમાં પેંઠા નથી, જે વાનાં દેવે પોતાના પર પ્રેમ કરનારાઓને સારું સિદ્ધ કર્યા છે; તે તો દેવે આત્માથી આપણને પ્રગટ કર્યા છે; કેમ કે આત્મા સર્વને, હા દેવના ઊંડા વિચારોને પણ શોધે છે.કેમ કે કોઈ માણસની વાતો તે માણસમાં જે આત્મા છે તે સિવાય કયું માણસ જાણે છે? એમ જ દેવના આત્મા સિવાય દેવની વાતો બીજો કોઈ જાણતો નથી. પણ અમે જગતનો આત્મા નહીં, પણ જે આત્મા દેવ તરફ થી છે તે પામ્યા છીએ; જેથી દેવે આપણને જે વાનાં આપેલા છે તે અમે જાણીએ.*

- 1 કરિંથ 2:9-12

*અને તે પછી,* 1 કરિંથ 2:9 - *અમને તો ખ્રિસ્તનું મન છે.* લૂક 17:20-21માં આ ખજાનો ક્યાં છે, તેની ઈસુએ ખરાઈ કરી.

*દેવનું રાજ્ય દ્રશ્ય રીતે આવતું નથી... કેમકે દેવનું રાજ્ય તમારામાં છે.*

- લૂક 17:20-21

*તમારામાં જે પવિત્ર આત્મા છે, જે તમને દેવની પાસેથી મળેલો છે, તેનું મંદિર તમારું શરીર છે, એ તમે નથી જાણતા ? વળી તમે પોતાના નથી; કેમકે મૂલ્ય આપીને તમને ખરીદવામાં આવ્યા હતા; તો તમારા શરીર વડે દેવને મહિમા આપો.*

- 1 કોરિન્થ 6:19-20

તેથી, હું જે કહેવાનો પ્રયત્ન કરી રહ્યો છું, તેનો હું સારાંશ આપું.

**તમારામાં ખજાનો છે !**

કેટલો ખજાનો? તમારાં સૌથી મોટા સ્વપ્નોની પેલે પારનો ખજાનો! અપાર ખજાનો!

*હવે જે આપણામાં કાર્ય કરનાર સામર્થ્ય પ્રમાણે આપણે માંગીએ કે કલ્પીએ તે કરતાં, આપણે સારુ પુષ્કળ કરી શકે છે.*

- એફેસી 3:20

**એ બધું જ તમારું છે, મારા મિત્ર, આખું રાજ્ય. ઈશ્વરે તમને જે પહેલાં જ આપી દીધું છે, તેમાં તેઓ કશું ઉમેરી શકે તેમ નથી. તમારી પાસે બધું જ પહેલાંથી છે !**

હવે, અહીં આપણે આપણી જાતને જુદી રીતે તાલીમ આપવી પડશે. આ ખજાનો આપણે કલ્પના કરી શકીએ, તેના કરતાં પણ વધારે છે ! લાક્ષણિક રીતે, જ્યારે આપણને કશાકની જરૂર હોય, અથવા મદદની જોઈતી હોય, ત્યારે આપણે જવાબ માટે આપણી જાતની બહાર જોવાની તાલીમ લીધી હોય છે. પરંતુ હવે, પવિત્ર આત્મા, દેવ પોતે, આપણામાં રહે છે અને તે આપણી સહાય છે. આપણે પહેલાં જ ચર્ચા કરી ચૂક્યા છીએ, કે કેવી રીતે આત્મામાં અથવા અન્ય ભાષામાં પ્રાર્થના કરવાથી સૂચનાઓ મળે છે, અને રહસ્યો છતા થાય છે. પરંતુ ઘણા લોકોને એ સમજવામાં મુશ્કેલી પડે છે, કે આ પ્રકારની મદદ કેટલી અમૂલ્ય હોઈ શકે છે, અથવા તો ઈશ્વર, જીવનના દરેક ક્ષેત્રમાં તેમનો ખરેખર જવાબ બનવા માંગે છે.

પરંતુ જ્યારે તમે નવો જન્મ પામ્યા ત્યારે, તમે દેવના પોતાના ઘરના સભ્ય અને તેમના મહાન રાજ્યના નાગરિક બન્યા. તેમની પાસે જે કંઈ છે, તે બધું જ તેમણે તમને આપી દીધું છે ! હકીકતમાં, લૂક 12:32 કહે છે કે, ડરવાનું કે ગભરાવાનું કોઈ કારણ નથી, કેમકે તમને રાજ્ય આપવાની તમારા બાપને ખુશી છે. કયું રાજ્ય? તેમનું (ઈશ્વરનું) રાજ્ય !

> *“ઓ નાની ટોળી, બીહો મા; કેમકે તમને રાજ્ય આપવાની તમારા બાપને ખુશી છે” (લૂક 12:32)*

એ બધું જ તમારું છે, મારા મિત્ર, આખું ઈશ્વરનું રાજ્ય. ઈશ્વરે તમને જે પહેલાંથી આપ્યું છે, તેમાં તે કશું ઉમેરી શકે તેમ નથી. તમારી પાસે બધું જ છે ! ઘણા લોકો એવી રીતે વર્તે છે, કે જો તેઓ ઈશ્વરને તેમના રોજિંદા જીવનમાં સામેલ કરે છે, તો તેઓ ઈશ્વરને પરેશાન કરે છે. પણ તે તો માત્ર ચોખ્ખું અજ્ઞાન (અવગણના) છે. જો હું તમને કહું, કે તમે યુનાઇટેડ સ્ટેટ્સના નાગરિક છો, અને તમે કહ્યું, “સારું, મને ખબર નથી. જો હું અહીં દુકાન શરૂ કરું, તો મને ડર લાગશે, કે જો હું દેશના કેટલાક કાયદાઓનો લાભ લેવા માંગતો હોઉં, તો હું કોઈને પરેશાન કરીશ, જે મને અહીં મારો ધંધો ખોલવાની મંજૂરી આપશે." એક નાગરિક તરીકે, તમારી પાસે પહેલેથી જ તે બધા કાયદાઓ અને વિશેષાધિકારો છે, જે આખા દેશને આપે છે. એ બધાં તમારા જ છે ! પાછા ના હટો. જે પહેલાંથી કાયદેસર રીતે તમારાં છે, તે બધા લાભો મેળવી લો !

**શા માટે ઈશ્વરના રાજ્યને એક ખજાના સાથે સરખાવવામાં આવ્યું છે?**

કારણ કે જો તમારી પાસે સ્વર્ગના (ઈશ્વરના રાજ્યના) જ્ઞાનની પહોંચ હોય, તો તમે દરેક પરિસ્થિતિમાં અનન્ય, અસામાન્ય, અને ઈશ્વર દ્વારા આપવામાં આવેલી વ્યૂહરચનાઓ સાથે શું કરવું તે જાણી શકો છો. આ કેવી રીતે કાર્ય કરે છે, તેનું બીજું

ઉદાહરણ હું તમને આપું છું.

જયારે મેં અને ટ્રેન્ડાએ ઈશ્વરના રાજ્ય વિષે શીખવાનું શરુ કર્યું, ત્યારે અમારું જીવન ખુબ જ બદલાઈ ગયું. દેવામાંથી સંપૂર્ણપણે બહાર નીકળવું, એ તાજી હવામાં શ્વાસ લેવા જેવું હતું, અને જીવનમાં સંપૂર્ણપણે નવી સુગંધ પ્રસરી ગઈ. અમારી 55 એકર જમીન માટે રોકડમાં ચુકવણી કરવાની અજાયબી એક સ્વપ્ન જેવું હતું, તે આશ્ચર્યજનક હતું, પરંતુ અમારે હજુ પણ તે જમીન પર એક 'ઘર'ની જરૂર હતી. ઘર બાંધવા વિષે અમે કંઈ જાણતા ન હતા, અને અમને ખરેખર ખબર ન હતી, કે ક્યાંથી શરૂઆત કરવી. પરંતુ અમે તે મિલકત પર અમારી જરૂરિયાત માટેનું ઘર કેવી રીતે બાંધી શકાય, તે વિષે પ્રાર્થના કરવાનું શરુ કર્યું. સહાય માટે અમે પવિત્ર આત્મા પર વિશ્વાસ કરવા જઈ રહ્યા હતા.

સંપૂર્ણ રીતે દેવા મુક્ત રહેવાની ઇચ્છા રાખીને, અમે ઘર બનાવવા માટે બિન-પરંપરાગત રીતો શોધવાનું શરૂ કર્યું. ઓછી કિંમત સાથે ઉત્તમ ઘરનો પ્રસ્તાવ રજૂ કરતી પદ્ધતિઓમાંની એક, મોડ્યુલર ઘર સ્થાપિત્ત કરવાની હતી. મોડ્યુલર ઘર, એ ટ્રેલર નથી, પરંતુ, એ એક ઘર છે, જે ફેક્ટરીમાં જુદા જુદા ભાગોમાં બનાવવામાં આવે છે, અને પછી તમારી મિલકત (જમીન) પર લાવીને તે બધાને જોડવામાં આવે છે. આ ઘરો લાકડાથી બનેલા ઘર જેવી જ ગુણવત્તાના હોય છે, પરંતુ ફેક્ટરીમાં વપરાતી કાર્યક્ષમ નિર્માણ પદ્ધતિઓને કારણે, તે ઓછી કિંમતે બનતા હોય છે. તેથી અમે બે અથવા ત્રણ મોડ્યુલર ઇમારત બનાવતી કંપનીઓ પર ગયા અને તેમણે પ્રસ્તુત કરેલા નમૂનાઓ જોયા. સંશોધન કર્યા પછી અને મોડ્યુલર ઘરો જોયા પછી, અમને લાગ્યુ કે આ જ માર્ગ લેવો યોગ્ય છે, અને એક કંપની અને તેનો મોડ્યૂલર ઘરનો એક નમૂનો પસંદ કર્યો, જે અમને લાગ્યુ કે, અમારી મિલકત માટે તે એક ઉત્તમ ઘર હશે. અમે વર્જિનિયામાં એક ગૃહશાળા સંમેલનમાં, જ્યાં અમને વક્તા તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું, ત્યાંથી ઘરે પાછા ફર્યા પછી કરાર પર સહી કરવાની તૈયારી કરી હતી. અમે નક્કી કર્યું, કે અમે તેના નક્શાઓ અમારી સાથે લઇ જઈશું, જેથી કદાચ અમે કંઈક ચૂકી ગયા હોય, તેવી કોઈપણ વિગતોની ચર્ચા ત્યાં કરી શકીએ, અને કરાર પર હસ્તાક્ષર કરતા પહેલાં આ જ માર્ગ યોગ્ય છે કે કેમ, તે અંગે ખાતરી કરી શકીએ.

મને યાદ નથી કે કેવી રીતે અમને વર્જિનિયા ખાતેના સંમેલનમાં વક્તા તરીકે આમંત્રણ મળ્યું હતું,પરંતુ અમે ત્યાં હતા ત્યારે, અમને ગૃહશાળાના પરિવારોમાંના એક સાથે રહેવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. અમે તેમના દક્ષિણી શૈલીના સુંદર ઘરે પહોંચ્યા, અને અમારા એ નવા મિત્રોને મળ્યા પછી, અમે તેમનું ઘર કેટલું અદ્‌ભુત હતું, તેના પર ટિપ્પણી કરવાનું શરૂ કર્યું. તે વાતચીતમાં, અમને જાણવા મળ્યું કે તેઓએ તે જાતે જ બનાવ્યું હતું. મને પહેલા તો આંચકો લાગ્યો. "શું તમે

લોકો ઠેકેદાર છો?” મેં પૂછ્યું. "ના,” તેઓએ કહ્યું. કુટુંબના પિતાએ અમને જણાવ્યું ,કે તેઓ એક મોટી સ્થાનિક કંપનીમાં હિસાબનીશ હતા. "સારું, તો તમારું પોતાનું ઘર કેવી રીતે બનાવવું તે તમે લોકો કેવી રીતે શીખ્યા?” મેં પૂછ્યું.

તેઓએ વિવિધ બાબતો વિશે વાત કરવાનું શરૂ કર્યું, અને તે વાતચીતમાં, અમે તેમને કહ્યું, કે અમે પણ એક ઘર બનાવી રહ્યા છીએ, અને અમે અમારા શહેરમાં પાછા જતાની સાથે જ કરાર પર હસ્તાક્ષર કરવાના છીએ. તે સાંભળીને તેઓ ઉત્સાહિત થઈ ગયા, અને અમને અમારા નવા ઘર વિશે પૂછવા લાગ્યા. અમે તેઓને ઈશ્વરના રાજ્ય વિશે અને અમારા જીવનમાં કેવા બદલાવ આવ્યા, તે વિશે જણાવવાનું શરૂ કર્યું. અમે તે બાબત પણ તેમની સાથે વહેંચી, કે અમે કેવી રીતે 55 એકર જમીન માટે રોકડ ચૂકવણી કરી હતી, અને અમે તે ફાર્મહાઉસમાંથી બહાર નીકળવા માટે કેટલા ઉત્સાહિત હતા.

અમે ઉલ્લેખ કર્યો, કે અમારી સાથે અમારા નવા ઘરના અસલ નક્શાઓ છે, અને તેઓએ અમને પૂછ્યું કે શું તેઓ તે જોઈ શકે છે, જે માટે, અલબત્ત, અમે તેમનો અભિપ્રાય મેળવવા માટે ખુશ હતા. તેથી અમે નક્શાઓ લઇ આવ્યા, અને તેમના રસોડાની મેજ પર બેઠા, અને નક્શાઓ ગોઠવ્યા. અમુક બાબતો કહેવામાં, તેમની પત્નીને બહુ સમય ન લાગ્યો, જેમ કે "ના, આ વિસ્તાર તો બહુ નાનો છે,” અથવા "તમારે એક મોટા રસોડાની જરૂર છે,” અથવા "તમારા બાળકો મોટા થતાં જશે, તે બાબતને ધ્યાનમાં લઈને તમે આ ઘર વિશે વિચાર્યું છે? પાળકો તરીકે, તમારે ખરેખર એક મોટા પરોણાગત માટેના વિસ્તારની જરૂર છે." મૂળભૂત રીતે, બધી વાતનો સાર એ હતો, કે આ નકશા પ્રમાણે ઘર કેમ ન બનાવવું જોઈએ, અને અમારે તેમના દરેક મુદ્દા સાથે સંમત થવું જ રહ્યું. "સારું, અમારે જે રકમ ખર્ચવાની છે, તેનાથી અમે મોટું ઘર કેવી રીતે બનાવી શકીએ?” “તે સરળ છે,” તેઓએ કહ્યું. "તે જાતે બનાવો!" એ શબ્દો સાંભળીને હું લગભગ ખડખડાટ હસી પડ્યો. "હું પોતે મારું પોતાનું ઘર બનાવું?” મેં કહ્યું તેમ, મને ઘર વિશે કંઇ જ ખબર નહોતી ! પરંતુ તેઓએ અમને પ્રોત્સાહિત કરવાનું શરૂ કર્યું અને કહ્યું કે, તે એટલું મુશ્કેલ નથી. તેઓએ અમને વોરેન વી. જેગર દ્વારા લખવામાં આવેલ "*તમારા પોતાના મુખ્ય ઠેકેદાર તરીકે 50,000 ડૉલર કે તેનાથી વધુની બચત કરો: કેવી રીતે યોજના બનાવવી, પેટા કરાર આપવા અને પોતાના સ્વપ્નનું ઘર બનાવવું*" નામના પુસ્તક વિષે જણાવ્યું.

તેથી જ્યારે અમે ઘરે આવ્યા, ત્યારે અમે મોડ્યુલર ઘર બનાવવાના કરાર પર હસ્તાક્ષર ન કરવાનું પસંદ કર્યું. અમે તે પુસ્તકનો ઓર્ડર આપ્યો, અને દરેક પ્રકરણ પર વિચાર કરતા કરતા તેને વાંચ્યું. અમે વિશિષ્ટ ઘરની યોજનાઓ પણ જોવાનું શરૂ કર્યું. અને છેલ્લે, અમને એક એવા ઘરનો નકશો મળ્યો, જે અમને પસંદ આવ્યો અને તેને ક્રમશ: યોજનામાં વિભાજીત કરવાનું શરૂ કર્યું. જેઓએ પોતે પોતાના ઘરો બાંધ્યા

હતા, તેવા મિત્રો અને લોકો, જેમને અમે જાણતા હતા, તેઓની સાથે અમે વાત કરી.

છેવટે, અમે નક્કી કર્યું, કે અમે આ કરી શકીએ તેમ છીએ ! અમે એ ઇમારતના નકશાઓ જોયા, અને પોતાની જાતને પૂછ્યું, કે "આ ઘરને અમારા અંદાજિત ખર્ચમાં બનાવવા માટે અમે પોતે શું કરી શકીએ?" અવિશ્વસનીય રીતે, મેં નક્કી કર્યું, કે હું આખા ઘરનું વાયરીંગ કરી શકીશ. જો કે, મેં મારા જીવનમાં ક્યારેય 12/2 વાયરનો ટુકડો પણ હાથમાં પકડ્યો ન હતો. મારો એક મિત્ર, કે જે વાયરિંગ જાણતો હતો, તેણે મને કહ્યું કે, તે સરળ છે અને કેવી રીતે તે કરવું તે, તે મને સમજાવશે.

હું મારા વ્યવસાયમાં વ્યસ્ત હતો, એટલા માટે ડ્રેન્ડાએ નક્કી કર્યું, કે તે મુખ્ય ઠેકેદાર બનશે, અને પેટા ઠેકેદારો સાથે કાર્ય કરશે. અમે ઘરનું માળખું બાંધવા માટે એક ઠેકેદારને નક્કી કર્યો,અને બાકીનું બધું કાર્ય અમારા પર હતું. ત્યાર પછીના દિવસો અમારા જીવનના સૌથી વધારે કામ વાળા તીવ્ર, પરંતુ રોમાંચક દિવસો હતા. લાંબી વાતને ટૂંકી કરતા, અમે મોડ્યૂલર ઘર કરતાં, બમણા ચોરસ ફૂટ સાથે અમારું ઘર પૂર્ણ કર્યું. અમારી પાસે લાકડાના મજબૂત દરવાજા હતા; મજબૂત લાકડાનું ભોંયતળિયું; મજબૂત લાકડાના ઉપરના (છત અને દીવાલની વચ્ચેના) સુશોભિત વણાંકો, ખૂણા ; અને રસોઈ ગૃહમાં નવા સ્ટેઈનલેસ સ્ટીલના ઉપકરણોથી ભરેલા, સુંદર અને વિશિષ્ટ ભાત ધરાવતા કબાટો હતા. અમે તારણ કાઢ્યું, કે તે સ્વ-નિર્માણના અવેજ દ્વારા, અમે 200,000 ડૉલરથી પણ વધુની બચત કરી હતી !

આજે, હું ખૂબ જ ખુશ છું, કે અમે પવિત્ર આત્માને એક યોજનામાં અમારી મદદ કરવા કહ્યું. પરિણામો, અમે અમારા પોતાના આધાર પર શક્ય તેટલી કલ્પના કરી શકીએ, તેવી કોઈપણ બાબતથી ખૂબ જ ઉપર હતા, અને છે. હું હજી પણ આશ્ચર્યમાં છું, કે કેવી રીતે ઈશ્વરે, વર્જિનિયાની આ યાત્રાનું આયોજન કર્યું અને અમને એ દંપતી સાથે રાખ્યા, જેમણે હમણાં જ પોતાનું ઘર બનાવવાનું કામ પૂરું કર્યું હતું. મને ખાતરી છે, કે જો એવું ન થયું હોત, તો અમે મોટે ભાગે, મોડ્યુલર ઘર જ બનાવ્યું હોત. હું એમ નથી કહેતો, કે મોડ્યુલર ઘર થોડા સમય માટે કામ ન કરત, પરંતુ અમને ટૂંક સમયમાં જ તેમાં રસ રહ્યો ના હોત. અમે જે ઘર બાંધ્યું છે, તે આજે પણ મારા માટે એક ઉદાહરણની સાક્ષી પૂરે છે, કે કેવી રીતે પવિત્ર આત્મા તમને દરેક પરિસ્થિતિમાં મદદ કરશે, જે તમને એવી યોજના અને દિશા આપે છે, જે તમારી અપેક્ષાઓ કરતાં વધી જશે !

**હું હંમેશા કહું છું, કે ઈશ્વરના રહસ્યો 'તમારા માટે' છુપાયેલા છે, 'તમારાથી' નહીં ! શેતાન અંધકારમાં રહે છે, અને ઈશ્વરની યોજનાઓ જાણતો નથી.**

તેથી ફરીથી, મને વધુ એક વાર કહેવા દો ...

**ઈશ્વર પાસે તમારી યોજના છે !**

પરંતુ તમે કહી શકો છો, “ગેરી, આ બધું બરાબર છે, પરંતુ માથ્થી 13:44 કહે છે, કે યોજના છુપાયેલી છે !" હા, તે છે, અને તમારા ફાયદા માટે છે. માથ્થી 13:10-11 માં ઈસુએ શું કહ્યું છે તે જુઓ.

> *પછી શિષ્યોએ પાસે આવીને તેને કહ્યું કે, તું તેઓની સાથી દ્રષ્ટાંતોમાં શા માટે બોલે છે? ત્યારે તેણે તેઓને ઉત્તર દીધો કે, આકાશના (ઈશ્વરના) રાજ્યના મર્મો જાણવાનું **તમને આપેલું છે,** પણ તેઓને નથી આપેલું.*
>
> માથ્થી 13:10-11

આ ગુપ્ત જ્ઞાન તમારા માટે છે, શેતાન અથવા દુષ્ટ માણસો માટે નથી, જે તેનો દુરુપયોગ કરશે, અથવા ઈશ્વરની યોજનાઓને જાણવાને અવરોધે છે. બાઇબલ કહે છે કે, જો ઈશ્વર શું કરી રહ્યા છે, તે શેતાન જાણી શકશે તો તે યુક્તિઓ બદલી નાખશે.

> *પણ દેવનું જ્ઞાન, એટલે જે ગુપ્ત રખાયેલું જ્ઞાન અનાદિકાળથી દેવે આપણા મહિમાને સારું નિર્માણ કર્યું હતું, તેની વાત અમે મર્મમાં બોલીએ છીએ. આ જમાનાના અધિકારીઓમાંના કોઈને તે જ્ઞાનની ખબર નથી; કેમકે જો તેઓને તેની ખબર હોત તો, તેઓ મહિમાવાન પ્રભુને વધસ્તંભે ન જડત.*
>
> - 1 કોરિન્થ 2:7-8

હું હંમેશાં કહું છું કે ઈશ્વરનાં રહસ્યો તમારા માટે છુપાયેલાં છે, તમારાથી નહીં ! શેતાન અંધકારમાં રહે છે, અને તેને ઈશ્વરની યોજનાઓની ખબર નથી. તે ફક્ત ઈશ્વર જે કરી રહ્યા છે, તેના પર પ્રતિક્રિયા જ આપી શકે છે. શું ચાલી રહ્યું છે, તેની તેને ખબર પડે ત્યાં સુધીમાં તો, ઘણું મોડું થઈ ગયું હોય છે ! માટે, હવે પછી જ્યારે મધરાતનો સમય નજીક આવતો જાય (જે તે બાબતની સીમા આવી જાય), ત્યારે તમે થોડો બેચેન બની જાઓ અને તમારી પાસે હજી પણ તમારો જવાબ ના હોય, ત્યારે જાણી લો કે, ઈશ્વર કદી મોડા પડતા નથી, અને તમે જે ને વિલંબ તરીકે જોઈ રહ્યા હો, તે જવાબને પ્રગટ કરવાનો સમય ન આવે, ત્યાં સુધી ‘છુપાવીને’ ‘તમારા માટે’ કામ કરી રહ્યું છે.

> *વળી આકાશનું રાજ્ય ખેતરમાં **સંતાડેલા** દ્રવ્ય (ખજાનો) જેવું છે; કે જે એક માણસને જડ્યું, પછી તેણે તે **છાનું રાખ્યું,** ને તેના હર્ષને લીધે જઈને*

*પોતાનું સર્વસ્વ વેચી નાખીને તેણે તે ખેતર વેચાતું લીધું.*
- માથ્થી 13:44

આપણે ચર્ચા કરી છે, કે આ ક્ષેત્ર શું છે અને ક્યાં છે, અને ખજાનો શા માટે છુપાયેલો છે. આપણે આત્મામાં પ્રાર્થના કરીને, અને પવિત્ર આત્માનો અવાજ સાંભળીને, ઈશ્વરના રાજ્યમાંથી એ છૂપી વાતો કઈ રીતે સાંભળવી, તેની પણ ચર્ચા કરી છે. પણ આ પ્રક્રિયામાં એક બીજો મહત્ત્વનો સિદ્ધાંત પણ છે, જે તમારે જાણવું જ જોઈએ. તેની પરવા ન કરવાથી ઘણી સારી અને ઉમદા યોજનાઓનું પતન થયું છે, અને લોકોના જીવનમાં અત્યંત વિનાશક વિનાશ સર્જાયો છે. જો તમે આપણા શાસ્ત્રભાગની બરાબર નોંધ લીધી હોય, કે એક વખત માણસ ઈશ્વર પાસેથી ખજાનો, વિચાર, દિશા કે યોજના સાંભળે, તો તે કહે છે કે, તેઓ ફરીથી તેને છુપાવી દે છે. તે તરત જ તેના પર કાર્યવાહી કરતો નથી ! તેણે પ્રભુ પાસેથી શું સાંભળ્યું છે, અથવા તેની નવી અને રોમાંચક યોજનાઓ વિશે તે તેના બધા મિત્રો અને પડોશીઓને કહેવાનું શરૂ કરતો નથી, કોઈ પણ રીતે હમણાં તો નહીં જ. બાઇબલ કહે છે, કે તે ફરીથી તેને છુપાવે છે, તે જાય છે, અને તેની પાસે જે બધું છે, તે વેચી દે છે, અને પછી તે ખેતર ખરીદે છે. સરળ શબ્દોમાં કહીએ તો, જ્યાં સુધી તે ખરેખર ખજાનો ન ધરાવે ત્યાં સુધી, તે ખજાનાનું સ્થાન બીજા કોઈને જણાવવા માંગતો નથી. જ્યાં સુધી તે તેની માલિકી ન લે, ત્યાં સુધી રાહ જોઈને, તેને ખાતરી કરી લે છે, કે કોઈ પણ તેની પાસેથી તે ચોરી શકશે નહીં.

શાસ્ત્રભાગમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે, જ્યારે તેને પહેલી વાર ખજાનો મળે છે, ત્યારે તે ખરેખર તે ખજાનાની કિંમત ચૂકવી શકે તેવી સ્થિતિમાં નથી હોતો, અને તેને તે ખરીદી શકે તે માટે તેણે તૈયારીની પ્રક્રિયામાંથી પસાર થવું જ પડે છે. આ સિદ્ધાંત, પૈસાથી અને ફક્ત કંઈક ખરીદવાથી ઘણો આગળ વધે છે. તે આપણને જીવનનો એક મહત્ત્વનો સિદ્ધાંત શીખવે છે, અને જો તમે સફળ થવા માગતા હો, તો પવિત્ર આત્મા તમને જે બતાવે છે, તેના પર તમારે કેવી રીતે વર્તવું (કામ કરવું) જોઈએ તે શીખવે છે.

બાઇબલ કહે છે કે, એક વખત તમે વિચાર કે દિશા સાંભળી લો, પછી જ્યાં સુધી તમારામાં તેના પર હક્ક કરી લેવાની ક્ષમતા ન હોય, ત્યાં સુધી તમારે તેના પર આગળ વધવું ન જોઈએ. મને લાગે છે, કે આપણે બધા સરળતાથી જોઈ શકીએ છીએ, કે આ નાણાં માટે કેવી રીતે કાર્ય કરે છે. જો તમારી પાસે જમીન ખરીદવા માટે પૂરતા નાણાં ના હોય, તો તમે ચોક્કસપણે કોઈને કહેશો નહીં, કે તેના પર ખજાનો છે. જો શબ્દ બહાર જાય કે તેના પર ખજાનો છે, તો તમે ખાતરી કરી શકો છો, કે કોઈ બીજું તેને પહેલા ખરીદી લેશે. તેના બદલે, તમે જઈને જમીન ખરીદવા માટે

નાણાં મેળવવા, જે કંઈ પણ કરવું પડે તે કરશો, અને તે દરમિયાન છુપાયેલા ખજાના વિશેનું સત્ય તમારી પાસે જ રાખશો.

આ જ સિદ્ધાંત ઈશ્વરે તમને આપેલી દરેક દિશા કે સૂચના માટે સાચો છે. ઘણી વખત, ખ્રિસ્તીઓ અંત માટે શરૂઆત ચૂકી જાય છે. ઘણી વખત, પવિત્ર આત્મા આપણને કોઈ વિચાર પ્રગટ કરશે, તે ક્ષણે જ તે વિચારને અમલમાં મૂકી દેવા માટે નહીં, પરંતુ તે આપણને તૈયારી કરવા દેશે, જેથી આપણે તકને ખરેખર ઝડપી શકીએ. કોઈપણ પ્રયાસની તૈયારીનો તબક્કો, એ પ્રક્રિયાનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે. રમતોમાં, પ્રેક્ટિસ દરમિયાન ટીમો, જ્યારે કોઈ જોતું નથી, ત્યારે રમત માટે કેટલી સારી તૈયારી કરે છે, તેના આધારે રમતો હારી જાય છે અથવા જીતવામાં આવે છે. પરંતુ તમારે સંમત થવું પડશે કે પ્રેક્ટિસ, એ મઝા નથી; તે કંટાળાજનક અને થકાવટભરી હોય છે. તેની સરખામણીમાં, રમતની ઉત્તેજના, ભીડ, રોશની અને જીતનો રોમાંચ, એ દરેકને પસંદ હોય છે.

દુઃખની વાત એ છે કે, જ્યારે તૈયારી પર ધ્યાન આપવામાં આવતું નથી, ત્યારે તે સ્વપ્નો, પીડા અને દુ:ખમાં ફેરવાઈ જાય છે. હું તમને કહી શકતો નથી, કે મેં કેટલા લોકોને આ સિદ્ધાંત ના જાણવાને લીધે, તેમના જીવનો નષ્ટ થતા જોયા છે. મેં એવા લોકોને જોયા છે, જેમને સાચા અર્થમાં ઈશ્વરના લોકો કહેવામાં આવતા હતા, જેમને અભિષિક્ત કરવામાં આવ્યા હતા, અને જ્યારે તેઓ ભાવનાત્મક રીતે કે આર્થિક રીતે તૈયાર ન હોય, ત્યારે મંડળી શરૂ કરી, અને તેઓએ જે સ્વપ્ન જોયું હતું, તેના બદલે આફત સાથે તેમણે પૂરું કર્યું. મેં એવા લોકોને જોયા છે, જેમણે ઈશ્વરને સાંભળ્યા હતા, તેઓ તેમને ધંધાનું દર્શન આપવામાં આવ્યું, અને સફળતાની ખાતરી સાથે, યોગ્ય ખંત કે તૈયારી વિના, તેમની પૂર્ણ-સમયની નોકરીમાંથી બહાર કૂદી પડ્યા, અને છેવટે નાદાર (દેવું ચૂકવી ના શકવાની પરિસ્થિતિ વાળા) થઈ ગયા. આ વાતોમાં, દુ:ખદ બાબત એ છે, કે ઈશ્વરને દોષ મળે છે, અને તેમાં સામેલ લોકો, માત્ર પોતાની જાતથી જ નહીં, પરંતુ ઈશ્વરથી પણ ભ્રમિત થઈ જાય છે. મને ખબર નથી પડતી, કે શા માટે ઘણા લોકો માને છે, કે સફળતા રાતોરાત આવે છે. પરંતુ લોકોને સફળતાની પ્રક્રિયાઓ શીખવવી જ જોઇએ, જે આ એક સરળ શાસ્ત્રભાગમાં છે.

લોકો મારી પાસે આવે છે અને કહે છે, "પાળક, ઈશ્વરે મને કહ્યું છે કે, આ મારી મંડળી છે." પછી તમે તેમને ફરી કદી જોતા નથી. "પાળક, ઈશ્વરે મને આ ઘણા સારા વ્યવસાયનો વિચાર આપ્યો છે." આગળની બાબત જે તમે સાંભળો છો તે એ છે કે, તેમનું ઘર આગામી જાહેર હરાજીમાં સૂચિબદ્ધ છે, અને તેમની કારને પાછી લઇ લેવામાં આવી રહી છે. ઈશ્વર પાસે તમારા માટે આ નથી.

જ્યારે આપણે પવિત્ર આત્મા પાસેથી કોઈ વિચાર સાંભળીએ છીએ, ત્યારે તેનો અર્થ એ નથી, કે આપણે તે ક્ષણે જ બહાર કૂદી પડવું જોઇએ. મોટાભાગે, તે

આપણને, તે સ્વપ્નને છુપાવવા અને તેના પર હક્ક કરી લેવાની તૈયારી કરવા તરફ દોરી જાય છે. સામાન્ય રીતે, સફળતા સાથે તે દર્શનને મેળવી લેવા માટે, આપણે જે જોઈએ તે બધું જ આપણી પાસે હોતું નથી. ઈશ્વરે તમને જે કરવાનું બતાવ્યું છે, તે વિશેષ બાબતના આધારે, તૈયારીમાં એક અઠવાડિયું અથવા વર્ષો પણ લાગી શકે છે. તમારે સમજવું જોઈએ કે તૈયારી અને યોગ્ય સમય, એ 'વિચાર કે દર્શન' જેટલા જ મહત્વપૂર્ણ, અથવા વધુ મહત્વપૂર્ણ છે !

હું જાણું છું કે મારા કિસ્સામાં, જ્યારે હું 19 વર્ષનો હતો, ત્યારે મને ગોસ્પેલનો ઉપદેશ આપવા માટે બોલાવવામાં આવ્યો હતો. મને એક ખુલ્લું દર્શન મળ્યું હતું, જેમાં મેં મારી જાતને બાઇબલ પકડેલો જોયો હતો અને પ્રભુને ત્રણ વાર કહ્યું, "હું તને મારા વચનનો પ્રચાર કરવા માટે બોલાવું છું." તે ખૂબ જ વાસ્તવિક અને સામર્થ્યવાન અનુભવ હતો. પરંતુ પ્રભુએ મને એ ક્ષણે જ જઈને ઉપદેશ આપવાનું શરૂ કરવાનું કહ્યું ન હતું. તેના બદલે, તેમણે મને કોલેજ જવાનું કહ્યું. તમે જુઓ, હું મૂળભૂત રીતે 1.3 ની સરેરાશ સાથે હાઈસ્કૂલમાંથી બહાર નીકળ્યો હતો, હું ખૂબ જ શરમાળ પણ હતો, અને લોકોની આસપાસ રહેવાનું ટાળતો હતો. મને એકદમ સ્પષ્ટ થઉં. પાળક લોકો માટે જરૂરી પરિપક્વતાની નજીક પણ હું નહોતો ! તેથી હું કૉલેજમાં ગયો, અને તે મુશ્કેલ હતું, ખૂબ જ મુશ્કેલ હતું - પરંતુ મેં સતત પ્રયત્ન કર્યો, અને મારી ચાર વર્ષની ડિગ્રી પૂરી કરી.

કૉલેજમાંથી બહાર નીકળ્યા પછી, મને થતું હતું, કે શું એ વખતે ઉપદેશ આપવાનો સમય આવી ગયો હશે? પરંતુ ઈશ્વરે મને કહ્યું, કે તે ઇચ્છે છે, કે હું વીમા અને સિક્યોરિટીઝ વેચતી સ્થાનિક નાણાકીય કંપનીમાં નોકરી કરું. જો કે મારે માટે એનો કોઈ અર્થ ન હતો, પણ હું જાણતો હતો કે, એ ઈશ્વરનો અવાજ હતો, જે હું સાંભળી રહ્યો હતો, તેથી મેં એ પદ લઈ લીધું. એ નોકરી કૉલેજ કરતાં પણ અઘરી હતી. મારે દરરોજ કોલ્ડ (બિનઆમંત્રિત) ફોન કોલ્સ કરવા પડતા હતા, અને લોકો માટેના મારા ડરને દૂર કરવાનું શીખવું પડતું હતું. કમિશન પર જીવવું પણ મુશ્કેલ હતું, અને સાચું કહું તો, હું દરરોજ નોકરી છોડવા માંગતો હતો, પરંતુ હું જાણતો હતો, કે હું તેમ કરી શકતો નથી. છેવટે, થોડાં વર્ષો પછી, હું જે કરી રહ્યો હતો, તેમાં મને સારું લાગ્યું. હકીકતમાં, ડ્રેન્ડા અને મેં, દેશભરમાં 5000 ઑફિસોમાંથી પહેલા નંબર પરની ઑફિસ વિકસાવી હતી, જેની સાથે અમે હતા.

તે સમયે જ ઈશ્વરે મને કહ્યું હતું, કે હવે મંડળી શરૂ કરવાનો સમય આવી ગયો છે. તે સમયે હું 40 વર્ષનો હતો. જ્યારે હું 19 વર્ષનો હતો, ત્યારે ઈશ્વરે મને જે દર્શન આપ્યું હતું, તેના માટે મને તૈયાર કરવામાં 21 વર્ષ લાગ્યાં. એકવાર મેં પાળકીય સેવા શરૂ કરી, પછી મને સમજાયું, કે શા માટે આટલી બધી તૈયારીની જરૂર હતી. મેં વિચાર્યું હતું તેના કરતાં, પાળકીય સેવા મુશ્કેલ હતી. પણ લોકો સાથેની મારી

તાલીમ, અને ધંધામાં અસ્વીકારને સંભાળવાને કારણે, હું ઈશ્વરની મારા જીવનની હાકલને (તેડાને) વફાદાર રહી શક્યો. દરેક સોંપણીની તૈયારી માટે, 21 વર્ષ નહીં લાગે, પરંતુ તૈયારીનો સિદ્ધાંત એક સરખો જ હશે.

તૈયારીના આ સિદ્ધાંતને કારણે, હું માથ્થી 13:44 ની, આ રીતે વ્યાખ્યાયિત (અર્થઘટન) કરવાનું પસંદ કરું છું:

> *તમારામાં રહેલું ઈશ્વરનું રાજ્ય, તમને ઈશ્વર જે જાણે છે, તે રહસ્યો અથવા ગુપ્ત બાબતોનું જ્ઞાન અથવા જ્ઞાન સુધીની પહોંચ આપે છે. આ જ્ઞાન ઈશ્વરના આત્માથી પ્રાપ્ત થાય છે, તે પોતે જ તમારી અંદર છે. માણસ જ્યારે એ ગુપ્ત જ્ઞાન શોધી કાઢે છે કે સાંભળે છે, ત્યારે તે તેના માટે ખજાનો છે, તેને માટે જવાબ છે, તેને ફરીથી તેના હૃદય અને દિમાગમાં છુપાવી દે છે. અને પછી તેના આનંદમાં, કાળજીપૂર્વકની તૈયારી સાથે, તેની પાસે પ્રગટ કરેલી દિશા અને સૂચના સાથે, અનુસરવાની તેના બધા સામર્થ્ય સાથે તે જાય છે, અને આમ તે તેના જવાબને પકડી લે છે અને મેળવી લે છે.*

# પ્રકરણ 8
# બઢતી માટે મુશ્કેલ જગ્યા

મારા મિત્ર પાળક, 'પીટર' અને તેમનાં પત્ની 'બેવ', કે જેઓ ન્યુઝીલેન્ડની એક મોટી મંડળીમાં પાળક હતા, તેઓ અમેરિકાની એક ઉડતી મુલાકાતે આવી રહ્યા હતા. તે નાતાલનો સમય હતો, અને હળવાશનો સમય પસાર કરવા તથા ક્રિસમસની દૃશ્યાવલિનો આનંદ માણવા માટે, તેઓ થોડા દિવસ માટે કોલોરાડો સ્પ્રિંગ્સમાં, હોટલ બ્રોડમૂરમાં રોકાવાના હતા. જો તમે બ્રોડમૂરમાં ન ગયા હોવ, તો વિષે હું જણાવું કે, તે અમેરિકાના શ્રેષ્ઠ રિસોર્ટ્સમાંનો એક છે, અને રોકી પર્વતોની સામે આવેલો છે; અને તે તેની અદ્‌ભુત નાતાલની સજાવટ માટે જાણીતો છે. પાળક પીટરે અમને તે જણાવવા માટે ફોન કર્યો, કે તેઓ ત્યાં જવાના છે, અને પૂછ્યું કે જો અમે તેઓની સાથે જોડાવા ઇચ્છતા હોઈએ તો. અમે આ તક ઝડપી લીધી, અને ત્યાં ખૂબ જ અદ્‌ભુત ત્રણ દિવસો ગાળ્યા.

જ્યારે હું પાળક પીટર સાથે હોઉં છું, ત્યારે અમે સામાન્ય રીતે સેવાકાર્ય વિશે વાત કરવામાં ઘણો સમય પસાર કરીએ છીએ, કારણ કે તે મારા ક્ષેત્રમાં છે, જે આ પ્રવાસમાં પણ બન્યું હતું. અમે બંને આગામી વર્ષ માટેની અમારી યોજનાઓ વિશે વાત કરી રહ્યા હતા, અને ફક્ત વિચારોની આપ-લે કરી રહ્યા હતા. છેલ્લે, આવજો કહેવાનો (વિદાય લેવાનો) સમય આવ્યો, જે હંમેશાં દુ:ખદ હોય છે, કારણ કે તેઓ ઘણા પ્રિય મિત્રો છે. હું અને ડ્રેન્ડા સામાન્ય રીતે વર્ષમાં એક વાર અથવા તો દર વર્ષે ન્યુઝીલેન્ડમાં તેમની મુલાકાત લઈએ છીએ, પરંતુ આ વર્ષે, હું પહેલેથી ખૂબ જ વ્યસ્ત હતો, અને ત્યાં જવાની મારી કોઈ યોજના નહોતી.

તેથી જ, અમે ખૂબ જ અપેક્ષા સાથે નવા વર્ષનો સામનો કરવા માટે, તૈયાર થઈને ઘરે આવ્યા હતા. જોકે મજાની વાત એ છે, કે 9 મી જાન્યુઆરીએ મને એક સ્વપ્ન આવ્યું હતું, જેમાં મને કહેવામાં આવ્યું હતું, કે પાળક પીટર મને ફેબ્રુઆરીમાં પોતાની મંડળીમાં ઉપદેશ આપવા આમંત્રણ આપવાના છે. મને યાદ છે કે મેં વિચાર્યું હતું, કે આ ખૂબ જ અસામાન્ય હતું, કારણ કે મેં તેમની સાથે હમણાં જ ત્રણ દિવસ વિતાવ્યા હતા, તેમણે તેનો કોઈ ઉલ્લેખ કર્યો ન હતો, અને ફેબ્રુઆરીને તો હવે માત્ર અઠવાડિયાઓ જ બાકી રહ્યા હતા. હું નાસ્તો કરવા રસોડામાં જતો હતો, ત્યારે ઈશ્વરે

મને જે કહ્યું હતું તે મેં ડ્રેન્ડાને કહ્યું.

મારું કમ્પ્યુટર રસોડાના કાઉન્ટર પર હતું, અને મેં એમ જ તેને ચાલુ કરી દીધું. હું ત્યાં એક કપ કોફી પીતો બેઠો હતો, ત્યારે મેં જોયું કે પાળક પીટરનો એક ઈ-મેઈલ આવ્યો હતો. જેવો મેં ઈ-મેઈલ ખોલ્યો, તો મને એ જોઈને નવાઈ લાગી, કે પાળક પીટર મને તેમની વાર્ષિક નાણાકીય પરિષદમાં આવીને ઉપદેશ આપવાનું આમંત્રણ આપી રહ્યા હતા, જે માત્ર ત્રણ અઠવાડિયાની અંદર જ હતી. અલબત્ત, મને નવાઈ લાગી, પણ એ સ્વપ્નને કારણે મને આંચકો લાગ્યો નહીં. મેં ઝડપથી મારા સમયપત્રક પર નજર કરી, અને જોયું કે એ શક્ય છે કે કેમ, કારણ કે જે મહિના દરમિયાન પીટરે મને ન્યુઝીલેન્ડ આવવાનું આમંત્રણ આપ્યું હતું, તે જ સમયે મારે ઘણી મુસાફરી કરવાની હતી. ડ્રેન્ડાએ અને મારે આર્જેન્ટિનાના બ્યુનોસ એરીઝ જવાનું હતું, અને તેના થોડા દિવસ પહેલાં જ મારે ઓકલેન્ડમાં રહેવાનું હતું. ત્યાં સમયસર પહોંચવાનો એક માત્ર રસ્તો એ હતો, કે હું બ્યુનોસ એરીઝ કૉન્ફરન્સ પૂરી કર્યા પછી, ત્યાંથી નીકળીને, સીધો જ સિડની, ઑસ્ટ્રેલિયા જતો રહું, અને પછી ઓકલેન્ડની ફ્લાઈટ પકડી લઉં. મેં આવી સફર ક્યારેય ન કરી હોત, પરંતુ પ્રભુએ મારી સાથે વાત કરી હોવાથી, હું જાણતો હતો, કે અમારે જવાનું છે.

આર્જેન્ટિનામાં અમારી સફર, એ મારા એક વિક્રેતા દ્વારા પ્રાયોજિત, કોર્પોરેટ ટ્રીપ હતી, જેની સાથે મારી કંપની વ્યવસાય કરે છે. તે એક સારી સફર હતી, અને કેટલાક મિત્રોને મળવાનો એક સારો સમય હતો, જેમને હું સામાન્ય રીતે વર્ષમાં એક વાર મળું છું. તે સમયે આર્જેન્ટિના કેટલીક ગંભીર નાણાકીય સમસ્યાઓનો સામનો કરી રહ્યું હતું, અને શહેરમાં કેટલાંક રમખાણો થયાં હતાં, પરંતુ એકંદરે, આ એક ઘણી સરસ સફર હતી, કારણ કે હું અગાઉ ક્યારેય ત્યાં ગયો ન હતો. સિડની જવા માટેનું અમારું ઉડ્ડયન 16 કલાકનું હતું, જે અત્યાર સુધીમાં મેં લીધેલી સૌથી લાંબી ઉડાન હતી. તે દક્ષિણ ધ્રુવની ટોચ પરથી જવાનું હતું, જે મને લાગ્યું કે તે અદ્ભુત હતું, કારણ કે હું વિશ્વના તે ભાગને ઉપરથી જોવાની આશા રાખતો હતો.

અમારી ઉડાન દરમિયાન બારીની બહાર, બરફ અને બરફ સિવાય કશું જ દેખાતું ન હતું. મને ખ્યાલ આવ્યો, કે હું આર્જેન્ટિનાની એક એરલાઇનમાં ઉડાન ભરી રહ્યો હતો, એક એવી એરલાઇન, કે જે એક એવા દેશમાં નાણાકીય સમસ્યાઓ પણ અનુભવી રહી હતી, કે જે દેશ આર્થિક રીતે ટકી રહેવા માટે સંઘર્ષ કરી રહ્યો હતો. એક ક્ષણ માટે મારા મનમાં વિચાર આવ્યો, કે જો આ કંપનીએ તેના વિમાનોની જાળવણી માટે વેઠ ઉતારી હોય, અને અમારે વિશ્વના આ ભાગમાં નીચે જવું પડે, તો તે સુંદર ચિત્ર નહીં હોય. પરંતુ હું જાણતો હતો કે, હું ખૂબ જ સલામત હાથોમાં છું, કે પ્રભુએ પોતે મને તે સફર કરવાની દોરવણી આપી હતી.

સિડની પહોંચ્યા પછી, અમે પાળક પીટર અને બેવ (તેમના પત્ની) ને ઝડપથી

ફોન કર્યો, અને અમને એ સાંભળીને આઘાત લાગ્યો, કે પાળક પીટર હોસ્પિટલમાં હતા, અને તેમને હમણાં જ મોટો હાર્ટ એટેક આવ્યો હતો. તેઓ તેમના મોટા નાણાકીય સપ્તાહના અંતમાં બિલકુલ ઉપદેશ આપી શકે એમ નહોતા, અને મને પૂછ્યું કે, શું હું આખી પરિષદમાં શીખવી શકું તો. હવે મને સમજાયું, કે પ્રભુએ શા માટે મને ન્યુઝીલેન્ડ આવવાની સૂચના આપી હતી. પવિત્ર આત્મા અમારાં પગલાંને કઈ રીતે દોરવણી આપે છે, તે જાણીને હું દંગ રહી ગયો હતો. આ એક બહુ મોટી યાદ અપાવે છે, જે રોમન 8:14 કહે છે.

**"કેમકે જેટલાં દેવના આત્માથી દોરાય છે, તેટલાં દેવના દિકરા છે" - રોમન 8:14.**

*"કેમકે જેટલાં દેવના આત્માથી દોરાય છે, તેટલાં દેવના દિકરા છે" (રોમન 8:14).*

ફરીથી, આપણે પવિત્ર આત્મા પાસેથી દિશા, વિચારો અને સિદ્ધાંતોને સાંભળવાની ક્ષમતા વિશે વાત કરી રહ્યા છીએ. પવિત્ર આત્મા સાંભળવાથી તમને જરૂરી જવાબો કેવી રીતે મળી શકે છે, તે મારા આગામી પાઠને સમજાવવા માટે બાઇબલમાં દાનિયેલની વાત કરતાં કોઈ વધુ સારી વાત નથી. ચાલો ડેનિયલ 2:1-6 માં શરૂ થતી વાર્તાને અનુસરીએ.. ચાલો આપણે દાનિયેલ 2:1-6 માં શરૂ થતી વાતને જોઈએ.

*નબૂખાદનેસ્સારની કારકિર્દીને બીજે વર્ષે તેને સ્વપ્નો આવ્યાં; તેથી તેનો જીવ ગભરાયો, ને તેની ઊંઘ ઉડી ગઈ. ત્યારે રાજાએ આજ્ઞા કરી કે, મારાં સ્વપ્નોનો ખુલાસો કરી બતાવવા સારુ જાદુગરોને, મંત્રવિદ્યા જાણનારાઓને, શકુન જોનારાઓને તથા ખાલદીઓને તેડાવો. તેથી તેઓ હજુરમાં આવીને રાજાની સંમુખ ઉભા રહ્યા. ત્યારે રાજાએ તેઓને કહ્યું કે, મને સ્વપ્ન આવ્યું છે, ને તે સ્વપ્નનો ખુલાસો જાણવાને મારો જીવ આકુળવ્યાકુળ થાય છે.*

*ત્યારે ખાલદીઓએ રાજાને અરામી ભાષામાં કહ્યું કે, હે રાજા, સદા જીવતા રહો; આપના સેવકોને તે સ્વપ્ન કહી સંભળાવો, એટલે અમે તેનો અર્થ બતાવીશું.*

*રાજાએ ખાલદીઓને ઉત્તર આપ્યો કે, એ વાત મારા સ્મરણમાંથી જતી રહી છે; જો તમે મને તે સ્વપ્ન તથા તેનો ખુલાસો નહિ જણાવો, તો તમારા*

*કાપીને ટુકડેટુકડા કરવામાં આવશે, અને તમારા ઘરોનો ઉકરડો કરવામાં આવશે. પણ જો તમે તે સ્વપ્ન તથા <u>તેનો અર્થ કહી બતાવશો, તો તમને મારી પાસેથી બક્ષિશો, ઇનામ તથા મોટું માન મળશે</u>; માટે મને તે સ્વપ્ન તથા તેનો અર્થ કહી બતાવો.*

- દાનિયેલ 2:1-6

*ખાલદીઓએ રાજાને ઉત્તર આપ્યો કે, પૃથ્વી ઉપર એવું એકે માણસ નથી કે જે રાજાની વાત તેને વિદિત કરી શકે; કેમકે કોઈ પણ રાજાએ, હાકેમે કે, અધિકારીએ કદી પણ આવી વાત કોઈ જાદુગરને, મંત્રવિદ્યા જાણનારને કે ખાલદીને પૂછી નથી. જે વાત રાજા જાણવા માંગે છે તે તો દુર્લભ છે, અને દેવો કે જેમનો વસો દેહમાં નથી તેઓ સિવાય બીજો કોઈ એવો નહિ કે જે રાજાને તે વિદિત કરી શકે.*

*આ કારણથી રાજાને ઘણો ક્રોધ ચઢ્યો, તે બહુ કોપાયમાન થયો, ને તેણે બાબિલના સર્વ જ્ઞાનીઓને કતલ કરવાની આજ્ઞા કરી. તેથી તે હુકમ પ્રગટ કરવામાં આવ્યો, અને જ્ઞાનીઓને મારી નાખવાના હતા; તેથી સિપાઈઓએ દાનિયેલ તથા તેના સાથીઓને મારી નાખવા સારું શોધ્યા.*

- દાનિયેલ 2:10-13

*પછી દાનિયેલે પોતાના ઘેર જઈને પોતાના સાથી હનાન્યા, મિશાએલ અને અઝર્યાને એ વાત જણાવી; જેથી તેઓ એ રહસ્ય વિષે આકાશના દેવની દયા માંગે; સબબ કે દાનિયેલ તથા તેના સાથીઓ બાબિલના બીજા જ્ઞાનીઓની સાથે નાશ ન પામે. રાતના સંદર્શનમાં એ મર્મ દાનિયેલને પ્રગટ કરવામાં આવ્યો. ત્યારે દાનિયેલે આકાશના દેવની સ્તુતિ કરી. દાનિયેલે કહ્યું કે, દેવનું નામ સદાસર્વકાળ સ્તુત્ય હો; કેમકે જ્ઞાન તથા પરાક્રમ તેનાં છે; તે સમયોને તથા ઋતુઓને બદલી નાખે છે; તે રાજાઓને પદભ્રષ્ટ કરે છે, ને રાજાઓને ગાદીએ બેસાડે છે; તે જ્ઞાનીઓને જ્ઞાન તથા બુદ્ધિમાનોને અક્કલ આપે છે; <u>**તે ગહન અને ગુહ્ય વાતો ખુલ્લી કરે છે; અંધારામાં જે કંઈ હોય તે તે જાણે છે, ને પ્રકાશ તેની સાથે રહે છે.**</u>*

- દાનિયેલ 2:17-22

દાનિયેલ જીવન અને મૃત્યુની પરિસ્થિતિમાં છે, એક જીવલેણ સ્થળ. પરંતુ અહીં તમારી આગલી બઢતી માટેની એક મુખ્ય ચાવી છે. ઈશ્વરે તેનો ઉપયોગ, તેની બઢતી

નક્કી કરવા માટે કર્યો, તેના પતન માટે નહીં. દાનિયેલ, પવિત્ર આત્માના ગુપ્ત જ્ઞાન દ્વારા, રાજા નબૂખાદનેસ્સારને સ્વપ્ન અને અર્થઘટન આપવા માટે સક્ષમ છે. રાજા રોમાંચિત છે, જેમ આપણે નીચેના ફકરામાં (શાસ્ત્રભાગમાં) જોઈ શકીએ છીએ.

> *ત્યારે નબૂખાદનેસ્સાર રાજાએ સાષ્ટાંત દંડવત પ્રણામ કરીને દાનિયેલની પૂજા કરી, અને એવી આજ્ઞા કરી કે, તેને અર્પણ ચઢાવો તથા, મધુર સુગંધીઓનો ધૂપ કરો. રાજાએ દાનિયેલને ઉત્તર આપ્યો કે, તું આ મર્મ ખોલી શક્યો છે તે ઉપરથી ખરેખર તમારો દેવ તે દેવોનો દેવ, રાજાઓનો પ્રભુ તથા મર્મદર્શક છે.*
>
> ***પછી રાજાએ દાનિયેલને ઊંચો હોદ્દો આપ્યો, ને તેને ઘણી મોટી બક્ષિશો આપી, ને તેને આખા બાબિલ પ્રાંત પર અધિકારી તથા બાબિલના સર્વ જ્ઞાનીઓનો અધિપતિ ઠરાવ્યો.*** *દાનિયેલે રાજાને વિનંતી કરી, તેથી તેણે શાદ્રાખ, મેશાખ અને અબેદ-નગોને બાબિલ પ્રાંતના રાજકારભારીઓ નીમ્યા; પણ દાનિયેલ તો રાજાના દરબારમાં રહ્યો.*
>
> - દાનિયેલ 2:46-49

દાનિયેલને ઈશ્વરનો અવાજ સંભળાયો, એનું શું પરિણામ આવ્યું? બઢતી અને સંપત્તિ !

આ જ પરિણામ બાઇબલની બીજી એક વાત, જોસેફની વાતમાં પણ જોવા મળે છે. આવી જ પરિસ્થિતિનો સામનો કરી રહેલા જોસેફને ફારૂનના સ્વપ્નનું અર્થઘટન કરવાની તક આપવામાં આવી. આ સ્વપ્નનું સફળતાપૂર્વક અર્થઘટન કરી શકવાને કારણે, અને પછી ઇજિપ્તને આગામી દુષ્કાળમાંથી ઉગારવા માટે વહીવટની યોજના પણ પૂરી પાડ્યા પછી, જે સ્વપ્નએ ઉજાગર કર્યું હતું, તે માટે ફારૂનનો પ્રતિભાવ આપણને ઉત્પત્તિ 41:39-40 માં જોવા મળે છે.

> *અને ફારુને યુસુફને કહ્યું, દેવે આ સર્વ તને દેખાડ્યું છે, તે માટે તારા જેવો બુદ્ધિમાન તથા જ્ઞાની બીજો કોઈ નથી; તું મારા ઘરનો ઉપરી થા, ને મારા સર્વ લોક તારી આજ્ઞા પ્રમાણે ચાલશે; એકલા રાજ્યાસન પર હું તારા કરતાં મોટો હોઈશ.*
>
> - ઉત્પત્તિ 41:39-40

આ બંને વાતોમાં, નિરાશા એ શરૂઆતમાં એક વાસ્તવિક પરીક્ષા હતી, પરંતુ

બઢતી અને સંપત્તિ તેનું પરિણામ હતું. સરળ શબ્દોમાં કહીએ તો, જે લોકો મોટી સમસ્યાઓ હલ કરે છે, તેમને દુનિયા મોટા નાણાં ચૂકવશે. તમારામાંનો પવિત્ર આત્મા તમને મોટી સમસ્યાઓની વચ્ચે, પ્રસ્થાપિત કરવાનું પસંદ કરે છે ! આવું થાય ત્યારે, ગભરાવાનું શરૂ ન કરો, પણ પ્રભુની સ્તુતિ કરવાનું શરૂ કરો, કારણ કે જે રીતે તેમણે દાનિયેલ અને જોસેફને મદદ કરી હતી, તેવી જ રીતે તે તમને પણ મદદ કરશે ! હું હંમેશાં કહું છું, કે ઈશ્વરને મહિમા મળે છે, અને મને ચુકવણીના ચેક મળે છે ! પ્રભુ વિષે દાનીયેલે જે કહ્યું હતું, તે મને ગમે છે: "**તે ઊંડી અને છુપાયેલી બાબતો પ્રગટ કરે છે; તે જાણે છે કે, અંધકારમાં શું પડેલું છે, અને પ્રકાશ તેની સાથે રહે છે.**" દાનિયેલ કહે છે, કે પ્રકાશ તેની સાથે રહે છે. એનો અર્થ એ થયો કે, અંધારી રાતે બહાર નીકળવું, અને જ્યારે તમે લાઈટ ચાલુ કરો છો, ત્યારે તમે જોઈ શકો છો, કે તમે ક્યાં જઈ રહ્યા છો ! ભય, પ્રકાશ દ્વારા દૂર થઇ જાય છે, અને ક્યાં ચાલવું તે તમે જાણો છો. પાઊલ આ કલમમાં સૂચવે છે, કે આપણી મુસીબતના સમયમાં, ઈશ્વર બોલે છે, અને આપણને મદદ કરે છે.

*તમે વિદેશી હતા ત્યારે, જેમ કોઈ તમને દોરી જાય તેમ, તમે એ* ***મૂંગી*** *મૂર્તિઓ પાછળ દોરવાઈ જતા હતા, એ તમે જાણો છો.* (1 કોરિન્થ 12:2)

પાઊલ કહે છે કે, મૂર્તિઓ વાતો કરતી નથી, પણ ઈશ્વર કરે છે !

હવે, તમે વિચારતા હશો કે, મેં આ પ્રકરણને "બઢતી માટે મુશ્કેલ જગ્યા" એ શીર્ષક શા માટે આપ્યું છે. તે એટલા માટે, કે તે મુશ્કેલ સ્થાનમાં (પરિસ્થિતિમાં) છે, કે જ્યાં તમારામાંના પવિત્ર આત્મા પાસે જવાબો છે. તે મુશ્કેલ સ્થાન છે, કે જે તમને નિરાકરણ લાવવાની સંપૂર્ણ તક આપે છે. સખત કે મુશ્કેલ સ્થાન એ તમારી આગળની બઢતી માટે સંપૂર્ણ સુયોજન (વ્યવસ્થા) છે ! દુઃખની વાત છે કે, ઘણા વિશ્વાસીઓ મુશ્કેલ સ્થાનોથી દૂર ભાગે છે. હકીકતમાં, ઘણા માને છે, કે જો તેઓ પોતાને કોઈ મુશ્કેલ જગ્યાએ જુએ છે, તો તેઓ ઈશ્વરને ચૂકી જાય છે.

મને યાદ છે, કે જ્યારે અમે પહેલી વાર ટી.વી. પરનું કામ કરવાનું શરૂ કર્યું હતું, અને તેના બિલો દર મહિને 9000 ડૉલર જેટલાં થતાં હતા. ભાઈ, મેં વિચાર્યું, કે દર મહિને ઘણા બધા નાણાં આવશે, પછી બીલો, મહિને 20,000 ડોલરથી પણ વધુ થઈ ગયા, અને પછી મહિને 50,000 ડોલર પણ થઈ ગયા. એક દિવસ અમે બધાં પ્રાર્થનામાં હતાં, ત્યારે મારી દીકરી, એમી એ પ્રબોધની ભેટ દ્વારા બોલવાનું શરૂ કર્યું.

"તમારા માટે ફસલ (લણણી) બહુ મોટી છે. હું તને ખેંચી રહ્યો છું. ફક્ત મારા આત્માથી જ તું સમજી શકે છે કે શું થવાનું છે ! શું તું બહાર નીકળીશ, હું તને તારી સમજ બહારની, અશક્યતાની બહારની, મુશ્કેલ બાબતો તરફ દોરી જઈશ?"

તમે અત્યારે જે જાણો છો, તેના આધારે હું તમને વાત કહું તે પહેલાં, તમે મને કહી શકો, કે આપણે તેનું અર્થઘટન કેવી રીતે કરવું જોઈએ ? **બઢતી !** મને ગમે છે કે, ઈશ્વરે મને પસંદગી આપી છે. તે પૂછી રહ્યા હતા, કે શું હું તેમની સાથે અંતર કાપવા તૈયાર છું. તેમને મારો સ્વીકાર મળી રહ્યો હતો. જો મેં ના પાડી હોત, તો મને ખાતરી છે કે, તેઓ બીજા કોઈની પાસે ગયા હોત. પરંતુ હું મારા માટે બઢતી કરીશ, તમે નહીં કરો ?

મેં કહ્યું, “હા, પ્રભુ, તમે જાણો છો, કે હું તે કરીશ." તેના થોડા અઠવાડિયા પછી, ડેયસ્ટર નેટવર્કે (અમેરિકાની બ્રોડકાસ્ટ કંપની) અમને દૈનિક પ્રસારણનો સમય ઓફર કર્યો, જ્યારે તે પહેલાં અમે ફક્ત સાપ્તાહિક પ્રસારણ કરતા હતા. જો અમે તે લઈ લઈએ, તો અમારા ટીવી પરના કામનાં (પ્રસારણના) બિલો, દર મહિને 200000 ડોલર સુધી પહોંચી જાય. તે પ્રબોધના શબ્દો, અને અંદરથી પવિત્ર આત્માની શાંતિના આધારે, મેં હા પાડી દીધી. દરેક જણે મને કહ્યું કે, જ્યાં સુધી લોકો તમારા પ્રોગ્રામને પકડી ન લે, ત્યાં સુધી તમે તમારા એરટાઇમ બીલ માટે પાછળ રહી શકો છો (ભરાવો થઇ જઈ શકે છે). બરાબર એવું જ બન્યું હતું, પરંતુ કદાચ અમે બધાએ ધાર્યું હતું, તેના કરતાં પણ થોડું વધારે તીવ્ર હતું. પાંચ જ મહિનામાં, હું ટીવીના એરટાઇમના બિલમાં 500000 ડોલર પાછળ રહી ગયો હતો. હકીકતમાં, અમારા એરટાઇમ ખરીદનારે મને એક ઈ-મેઈલ પણ મોકલ્યો હતો, જેમાં લખ્યું હતું કે, તેના વકીલો મોડી ચૂકવણીથી થોડા વ્યાકુળ થઈ ગયા હતા.

મેં આ વિશે ખરેખર ઈશ્વર સાથે ચિંતા સાથે વાતચીત કરવાનું શરૂ કર્યું, કારણ કે મારા પ્રસારણનું નામ *"નાણાંની બાબતને ઠીક કરવી"* છે ! હું થોડો નિરાશ થવા લાગ્યો, અને ડ્રેન્ડાને કહ્યું, કે મારે ટીવી ના પ્રસારણના કામ પર કાપ મૂકવાની જરૂર પડી શકે છે. પણ એણે જવાબ આપ્યો, “ઈશ્વરે શું કહ્યું હતું ? તેમણે કહ્યું હતું કે, તેઓ તેના માટે ચૂકવણી કરશે, ખરું ?” થોડા દિવસો સુધી, હું જ્યારે તેની સાથે આ વિશે વાત કરતો, ત્યારે તે આટલું જ કહેતી હતી. અમે પ્રાર્થના કરી, અને તે સમયે મારી પાસે કોઈ જવાબો ન હોવા છતાં, મને ઈશ્વરની શાંતિનો અનુભવ થયો. તે અઠવાડિયે, મને એક સ્વપ્ન આવ્યું, જ્યાં મેં ચેકના ઢગલા જોયા. આ સ્વપ્નની વિચિત્ર બાબત એ હતી, કે મેં માત્ર ચેકનો ઢગલો જ જોયો ન હતો, પરંતુ મેં ચેક પરની રકમો પણ જોઈ હતી, અને તે કોણે લખી હતી તે પણ. જ્યારે હું જાગ્યો, ત્યારે હું જાણતો હતો (વિશ્વાસ), કે, ટીવીના બિલો ચૂકવવામાં આવ્યા છે, અને મને શાંતિ મળી છે. તે સપ્તાહના અંતે, એક સામાન્ય સપ્તાહના અંતે, મારે ઉમેરવું જોઈએ કે, સ્વપ્નએ મને બતાવ્યું હતું, તે જ રીતે 500,000 ડોલર આવ્યા હતા. મેંજોયેલી રકમ અને કોણે તે ચેક લખ્યા હતા, તે બધા જ ત્યાં હતા.

જુઓ, સખત અને મુશ્કેલ સ્થાનો ખરાબ વસ્તુ નથી ! મારા મિત્ર, તેઓ બઢતીનું

સ્થાન છે. લોકો મને કહે છે કે, તેઓ મુશ્કેલ સ્થાનોએ (પરિસ્થિતિમાં) જવામાં ડરતા હોય છે, કારણ કે તેમને ભૂલ કરવાનો ડર હોય છે. પરંતુ જો તમે તેને સાંભળો, તો પવિત્ર આત્મા તમને સંભવિત ભૂલ વિશે ચેતવણી આપવા માટે સક્ષમ છે.

મને યાદ છે, કે થોડાં વર્ષો પહેલાં જ્યારે મેં મારી મોર્ગેજ (ગીરો) કંપનીનું સંચાલન કર્યું હતું, ત્યારે, એક ગ્રાહક તેના ઘર પર ઈક્વિટી ઉધાર લેવા માગતો હતો, જેથી તે એવી કંપનીમાં રોકાણ કરી શકે, કે જે કંપની વિશે મને સારું લાગતું ન હતું. મને યાદ છે, કે જ્યારે હું મોર્ગેજની ઓફિસ તરફ સીડી ચઢી રહ્યો હતો, ત્યારે મારા એક પ્રતિનિધિએ તેના વિશે મારી સાથે વાત કરી હતી. અચાનક, મને લાગ્યું કે પવિત્ર આત્મા મને કહે છે, કે આ કેસ વિશે મારે શું કરવું. મેં મારા પ્રતિનિધિને કહ્યું, “તું સોદો કરી શકે છે, પરંતુ ગ્રાહકને એક પત્ર પર સહી કરવા કહે કે, જે લોન પેકેજનો એક ભાગ હશે, જેમાં જણાવાયું હશે કે, આપણે રોકાણ કંપનીનો ભાગ નથી, પરંતુ ફક્ત ગ્રાહકની વિનંતીથી લોન આપીએ છીએ."

અમે વધુમાં જણાવ્યું હતું, કે અમે ઉપરોક્ત રોકાણની સલામતી અથવા કામગીરીના સંબંધમાં કોઈ જવાબદારી લેતા નથી, ના તો અમે એવું સૂચન કરીએ છીએ, કે ગ્રાહક, તે કંપનીમાં રોકાણ કરે. લગભગ છ મહિના પછી, આખી વાત ઉડાવી દીધી. રોકાણ કંપનીએ, તેના ગ્રાહકોના બધા નાણાં ગુમાવ્યા. રોકાણ કંપની અને મારી કંપની સામે પણ દાવો માંડવામાં આવ્યો. જો કે, જ્યારે તેમના વકીલે અમારા ગ્રાહકની સહી કરેલો એ પત્ર જોયો, ત્યારે અમને દાવામાંથી બરતરફ કરવામાં આવ્યા હતા.

**તમને મદદ કરવા અને તમામ પ્રકારની પરિસ્થિતિઓમાં દોરવણી પામવા માટે, તમે પવિત્ર આત્મા પર વિશ્વાસ કરી શકો છો.**

તે પવિત્ર આત્મા હતો, જેણે તે દિવસે, તે સીડી પર મને મારા માર્ગમાં અટકાવ્યો હતો, અને તે સોદામાં, મેં મારા પ્રતિનિધિને, તે પત્ર મૂકવા માટે કહ્યું હતું. તમને મદદ કરવા અને તમામ પ્રકારની પરિસ્થિતિઓમાં દોરી જવા માટે, તમે પવિત્ર આત્મા પર વિશ્વાસ કરી શકો છો. ઈસુએ કહ્યું હતું તેમ, “બીહો મા." મેં મારા એક અન્ય પુસ્તકમાં આ વાત કહી છે, પરંતુ આ ચર્ચામાં તેનું પુનરાવર્તન યોગ્ય છે. એક દિવસ, અમારું કુટુંબ ત્રણ દિવસના વીકએન્ડ પર જવાનું હતું. દરેક જણ વાનમાં હતું, અને હું એન્જિન ચાલુ કરવા ગયો, ત્યારે અચાનક, પવિત્ર આત્માએ મારી કાર ખસેડવાનું કહ્યું. વાનની બાજુના ડ્રાઇવ વેમાં અમારી બીજી કાર હતી. પવિત્ર આત્માએ કારને ઘાસ પર ખસેડવાનું કહ્યું. તે ખૂબ જ વિચિત્ર બાબત હતી. મેં વિચાર્યું, “પવિત્ર આત્મા શા માટે મને કારને ડ્રાઈવ વે પરથી ખસેડીને ઘાસ પર લઈ જવાનું કહે છે ?” મને કંઈ ખબર ન હતી. પણ એની અસર પ્રબળ હતી ! તેથી હું શું કરી રહ્યો છું,

તે મેં ડ્રેન્ડાને કહ્યું, અને બહાર નીકળ્યો અને કારને ડ્રાઇવ વે પરથી યાર્ડમાં ઘાસ પર ખસેડી. રવિવારે સાંજે અમે ઘરે પાછા ફર્યા, ત્યાં સુધી મેં તેના વિશે વધારે વિચાર્યું ન હતું. મારી કાર પહેલા જ્યાં હતી, ત્યાં હવે મેપલનું એક મોટું ઝાડ હતું, અને જ્યાં પહેલા કાર રાખી હતી, ત્યાં જ ડ્રાઇવ-વેની પેલે પાર તે ઝાડ પડી ગયું હતું. ઘાસમાં મુકવામાં આવેલી કાર એકદમ સલામત હતી, કારણ કે, ઝાડ તેને સંપૂર્ણપણે ચૂકી ગયું હતું. જો તે ત્યાં પહેલાની જગ્યાએ હોત, તો તે પુરેપુરી દબાઈ ગઈ હોત.

અલબત્ત, ડ્રેન્ડા અને હું, નાણાંનું શું ન કરવું, તે માટેના ઉદાહરણરૂપ બાળકો હતા. પરંતુ અમારે માત્ર થોડી ગુપ્ત યૂહરચનાઓ, અને અમારા સંજોગો કરતાં અમને વધારે ઊંચે ઊભા કરવા માટેનાં કેટલાંક ગુપ્ત ડહાપણની જરૂર હતી. હવે, મારે ખુશ થવું પડશે, કારણ કે અમારો ટેલિવિઝન પ્રોગ્રામ, કે જે વિશ્વભરમાં જોવામાં આવે છે, તેને *"નાણાંની બાબત ઠીક કરવી"* (ફિક્સિંગ ધ મની થીંગ) કહેવામાં આવે છે !

મારા મિત્ર, આ રહી તમારી નિયતિ.

> *"નિર્બળતામાંથી સબળ થયા, લડાઈમાં પરાક્રમી થયા અને વિદેશીઓની ફોજોને નસાડી દીધી" (હિબ્રુ. 11:34બ).*

મુશ્કેલ અને અશક્ય સ્થાનો, મુશ્કેલ અને અશક્ય નથી, જયારે તમે જવાબ જાણતા હો !

## પ્રકરણ 9
# સ્થિર, નાનો અવાજ

જ્યારે હું પવિત્ર આત્માના અવાજ પર શીખવવાનું શરૂ કરું છું, ત્યારે ઘણા લોકો મને કહે છે, કે તેઓએ ક્યારેય ઈશ્વરનો અવાજ સાંભળ્યો નથી. પરંતુ હું હંમેશા તેમને કહું છું, “હા, તમારી પાસે છે !" જો તમને પણ એવું જ લાગે છે, કે ઘણા લોકો કહે છે તેમ, તમે પણ ક્યારેય ઈશ્વરનો અવાજ સાંભળ્યો નથી, તો કૃપા કરીને 1 રાજાઓ 19:11-12 તરફ વળો.

*તેણે (પ્રભુએ) કહ્યું, બહાર આવીને પર્વત પર યહોવાની સંમુખ આવીને ઊભો રહે.*

*અને જુઓ યહોવા ત્યાં જઈને જતો હતો ને ભારે તથા જોરાવર વાયુ પર્વતોને ફાડતો, તથા યહોવાની સંમુખ ખડકોના ટુકડે ટુકડા કરતો હતો; પણ એ વાયુમાં યહોવા નહોતો. અને વાયુ પછી ધરતીકંપ થયો; પણ એ ધરતીકંપમાં યહોવા નહોતો. અને ધરતીકંપ પછી અગ્નિ પ્રગટ્યો; પણ તે અગ્નિમાં યહોવા નહોતો. અને અગ્નિ પછી એક કોમળ ઝીણો સાદ સંભળાયો.*

- રાજાઓ 19:11-12

જો કે મેં પવિત્ર આત્માનો અવાજ વિવિધ તીવ્રતામાં સાંભળ્યો છે, પરંતુ પવિત્ર આત્માનો અવાજ સામાન્ય રીતે આ કોમળ ઝીણો સાદ છે. તે ધીમો, સ્થિર અવાજ છે. જેમ મેં પુસ્તકમાં અગાઉ કહ્યું છે તેમ, સામાન્ય રીતે, ઈશ્વરનો અવાજ એક વિચાર કે ખ્યાલ જેવો સંભળાય છે, અને તેની સાથે એક અલગ જ અવાજ આવે છે. જેમ તમે ભીડમાં તમારા પોતાના બાળકના અવાજને ઓળખી શકો છો, તેમ તમે પવિત્ર આત્માને સારી રીતે ઓળખવાનું શરૂ કરી શકો છો, જેથી તે જ્યારે બોલે, ત્યારે તેનો અવાજ ઓળખી શકો. પરંતુ આ પ્રકરણમાં હું તમારી સાથે ઈશ્વરના અવાજ વિશે વાત કરવા માંગુ છું, કે જેના વિશે બધાએ સાંભળ્યું છે, પરંતુ તે વિષે કોઈ વિચારતું નથી.

જ્યારે હું ઓરલ રોબર્ટ્સ યુનિવર્સિટીમાં કૉલેજમાં હતો, ત્યારે મેં ઘણા ધર્મશાસ્ત્રના અભ્યાસક્રમો લીધા હતા, કારણ કે મારો મુખ્ય વિષય જૂનો કરાર હતો. ત્યાં ઘણી બધી માહિતી હતી, જે મેં પહેલાં ક્યારેય શીખી ન હતી; વાસ્તવમાં, તેમાંથી મોટા ભાગની મેં પહેલા ક્યારેય શીખી ન હતી. હાઈસ્કૂલ પુરી કર્યા પછી, મારી અભ્યાસની આદતોની ઉણપને કારણે, અભ્યાસ ચાલુ રાખવાનો પ્રયાસ કરતી વખતે, મારા પર ઘણું દબાણ રહેતું હતું, ખાસ કરીને અંતિમ પરીક્ષાના સપ્તાહની આસપાસ. આ એક ચોક્કસ વર્ગમાં, મારે અમુક જુના કરારના વિષય પર એક ઔપચારિક પેપર લખવાનું હતું, તેમાંનું આ સમયે મને યાદ નથી. પરંતુ પેપર લખવાથી મને ડર લાગ્યો. ખરેખર, કોલેજના મારા નવા વર્ષમાં, મારે મારું પહેલું પેપર લખવાનું હતું, અને જ્યારે મેં તે પાછું મેળવ્યું, ત્યારે પેપરના આગળના ભાગમાં લાલ શાહીથી એક વિશાળ એફ (F) હતું, જેમાં નીચે શબ્દો લખેલા હતા, "શું શક્ય છે કે, તમે હાઇસ્કૂલમાં પણ ગયા છો?". મારું અંગ્રેજી અને વ્યાકરણ એટલું ભયાનક હતું, કે શિક્ષક આશ્ચર્યચકિત થઈ ગયા, કે હું ORU (ઓરલ રોબર્ટ્સ યુનિવર્સિટી) માં આવ્યો છું. તે પ્રથમ વર્ષ પૂરું કરવા માટે મારે અંગ્રેજીમાં મદદ લેવી પડી હતી.

હવે, ફાઇનલ પરીક્ષાના સપ્તાહના દબાણ સાથે, મારું બીજું એક પેપર બાકી હતું. અરે, હું તે પ્રોજેક્ટથી કેવો ડરી ગયો હતો. મારે પેપર લખવા બેસવાનું હતું, પણ પેપર કેવી રીતે લખવું, તે મને ક્યારેય શીખવવામાં આવ્યું ન હતું; અને તેથી મેં ફક્ત બાબતો જોઈ, અને સામાન્ય પુનઃગોઠવણ સાથે શબ્દોની નકલ કરી, જેથી કરીને કોઈ કહી ન શકે, કે મેં મારા મોટાભાગના પેપરની નકલ વિવિધ સ્ત્રોતોમાંથી કરી છે. મારું હૃદય સ્પષ્ટ હતું, કારણ કે હું આને કંઈક ખોટું કરી રહ્યો હોવા તરીકે જોતો ન હતો, અને હું જે વાંચતો હતો, તે મારા પોતાના શબ્દોમાં ફરીથી લખતો હતો; પરંતુ આ બાબતની હકીકત એ હતી, કે હું ખરેખર કેવી રીતે લખવું તે જાણતો ન હતો.

આ વખતે મારી પાસે સમય નહોતો. હૉલની નીચે મારા એક મિત્રનો એ જ વર્ગ હતો, જે મેં કર્યો હતો, જો કે તે અન્ય દિવસ અને સમયે હતો. વર્ગમાં બધાએ એક જ વિષય પર લખવાનું હતું, તેથી મેં મારા મિત્રને પૂછ્યું, કે શું હું જોઈ શકું, કે તેણે તેના પેપરની રચના કેવી રીતે કરી છે. હવે, કેટલાક કારણોસર, મારી પાસે તેનું પેપર હતું, ત્યારે મને ખબર પડી ગઈ હતી, કે હું તેના જેટલું સારું પેપર લખી શકતો નથી, અને તેની નકલ કરવાનું નક્કી કર્યું. હું જાણું છું, હું જાણું છું, તમે ચોંકી ગયા છો. યાદ રાખો, આ સમયે હું ખરેખર એક બાળક ખ્રિસ્તી હતો. જો કે, મેં તેના બધા પેપરની નકલ કરી નહિ, પરંતુ મેં તેમાંથી અડધા ભાગની નકલ સીધા મારા પેપર પર કરી હતી. તે અંતિમ પરીક્ષાના સપ્તાહના અંતે, મેં તે પેપર મારા પ્રોફેસરને આપ્યું, અને લેખન સમાપ્ત થઈ ગયું હતું. પરંતુ આગળ કંઈક એવું બન્યું, જેણે મને ઈશ્વરનો અવાજ સાંભળવા માટેનો એક મૂલ્યવાન પાઠ શીખવ્યો.

તે રાત્રે હું સૂવા ગયો ત્યારે, મને ઊંઘ ના આવી. મારો અંતરાત્મા એટલો જોરથી બોલી રહ્યો હતો, કે મને ઊંઘ ના આવી. મને ભાન થયું, કે મેં જે કર્યું, તે ખોટું હતું, અને મેં ચોરી કરી, અને પછી ખોટું બોલ્યો. મેં મારા મિત્રને પણ માન ના આપ્યું, અને તેનું અપમાન કર્યું. હું ખરાબ હતો ! સવારે 3:00 વાગ્યે, હું હોલમાં નીચે મારા મિત્રના રૂમમાં ગયો, અને તેને જગાડ્યો, અને મેં જે કર્યું હતું, તે તેને કહ્યું અને તેની માફી માંગી. તેણે મારી તરફ નિંદ્રાધીન આંખોથી જોયું અને કહ્યું, “બેડ પર પાછો જા, ગેરી." તે પછી તે પાછો ફર્યો અને ફરીથી સૂઈ ગયો.

બીજા દિવસે, હું મારા પ્રોફેસર પાસે ગયો, અને મેં જે કર્યું હતું, તે સ્વીકાર્યું. ચોક્કસ, તેમણે મને પેપર માટે એફ આપવો જોઈતો હતો, પરંતુ તેમણે મારી તરફ સ્મિત કર્યું, અને કહ્યું કે, તે પ્રશંસા કરે છે કે હું તે બાબત લઈને તેમની પાસે આવ્યો છું. પછી તેમણે કહ્યું કે, હું તેમની પાસે આવ્યો હોવાથી, તે હજી પણ મને એ વર્ષ માટે વર્ગમાં બી આપશે. કેવી રાહત ! તે નિંદાનો અવાજ શાંત થવાથી મને કેટલું બધું વધારે સારું લાગ્યું હતું. અને મુક્ત થવાથી અને શાંતિ મળવાથી.

તો ચાલો હું તમને એક પ્રશ્ન પૂછું, “જ્યારે હું આટલી ભાવનાત્મક યાતનામાં હતો, ત્યારે મારો મિત્ર શા માટે પાછું ફરીને સૂઈ જઈ શકે? તે પણ આવી વેદનામાં કેમ ન હતો? હું કેમ સૂઈ શકતો ન હતો, અને હું આટલો દુઃખી કેમ હતો?” જ્યારે પણ હું સૂવાનો પ્રયત્ન કરતો હતો, ત્યારે દર વખતે એક અવાજ મારી સાથે વાત કરતો હતો. તે મને દોષિત ઠેરવતો હતો - તે મારો અંતરાત્મા હતો ! અંતઃકરણની વ્યાખ્યા આ છે: સાચા અને ખોટાનું સહજ જ્ઞાન. શબ્દનો ખરેખરો અર્થ થાય છે "જાણવું" અથવા "જાણકારી હોવી."

મીણબત્તીની જેમ, તેનો પ્રકાશ અંધકારને ઉજાગર કરવા માટે પ્રકાશે છે. તે દરેક વિચાર અને તમે કરેલા દરેક કાર્યની સંપૂર્ણ નોંધ રાખે છે. કોર્ટરૂમમાં સાક્ષીની જેમ, જે સૌથી વધુ છુપાયેલું છે, તેની જુબાની આપે છે. તે બોલે છે, અને તમને જે સાચું છે તે કરવાનું, અને જે ખોટું છે તેને ટાળવાનું યાદ અપાવે છે. અંતરાત્મા એ દરેક વ્યક્તિની અંદર ઈશ્વરનો આંતરિક અવાજ છે. અંતરાત્મા દરેક પુરુષ અથવા સ્ત્રીને તેમની કામોનો હિસાબ આપવા માટે બોલાવે છે. અંતરાત્મા કોર્ટરૂમની જેમ, દરેક વ્યક્તિને ઈશ્વર સમક્ષ હિસાબ આપવા માટે સમન્સ પાઠવે છે. પુરાવા આપવા માટે સાક્ષી તરીકે બોલાવવામાં આવે છે, તેથી આપણો અંતરાત્મા કાં તો આપણા વતી બોલે છે (બચાવ કરે છે) અથવા આપણી નિંદા કરે છે (આરોપ લગાવે છે).

મેડિકલ એક્સપ્રેસ દ્વારા હાથ ધરવામાં આવેલા એક અભ્યાસમાં, આ તથ્યોની પુષ્ટિ કરવામાં આવી છે:

“માનવ વિકાસ પરનો વર્તમાન પ્રચલિત સિદ્ધાંત એ છે, કે માનવીઓ તેમના જીવનની શરૂઆત ‘ખાલી નૈતિક અવસ્થા’ સાથે કરે છે, પરંતુ નવું સંશોધન આ

દૃષ્ટિકોણથી વિરોધાભાસી છે. સંશોધકોએ શોધી કાઢ્યું છે કે, છ મહિના સુધીના નાના બાળકો પહેલેથી જ નૈતિક નિર્ણયો લે છે, અને તેઓ (સંશોધકો) વિચારે છે કે કદાચ આપણે આપણા મગજમાં સખત રીતે જોડાયેલા નૈતિક કોડ સાથે જન્મ લઈએ છીએ."[3]

**અંતરાત્મા એ, દરેક સ્ત્રી-પુરુષમાં ઈશ્વરનો અવાજ છે, અને આપણને જે જીવન જીવવા માટે બનાવવામાં આવ્યા છે, તે જીવન જીવવાની આપણા સર્જનહારની છાપ અને જરૂરિયાતો છે.**

*એથી આપણે જાણીશું કે આપણે સત્યના છીએ, અને જે કોઈ બાબતમાં આપણું અંતઃકરણ આપણને દોષિત ઠરાવે છે, તે વિષે તેની આગળ આપણા અંતઃકરણને શાંત કરીશું; કેમકે આપણા અંતઃકરણ કરતાં દેવ મોટો છે, અને તે સઘળું જાણે છે. વહાલાંઓ, જો આપણું અંતઃકરણ આપણને દોષિત ન ઠરાવે, તો દેવ પ્રત્યે આપણને હિંમત છે; અને જે કંઈ આપણે માંગીએ છીએ, તે તેની પાસેથી આપણને મળે છે, કેમકે આપણે તેની આજ્ઞાઓ પાળીએ છીએ, અને તેની નજરમાં જે પસંદ પડે છે તે કરીએ છીએ.*

- 1 યોહાન 3:19-22

અંતરાત્મા એ, દરેક સ્ત્રી-પુરુષમાં ઈશ્વરનો અવાજ છે, અને આપણને જે જીવન જીવવા માટે બનાવવામાં આવ્યા છે, તે જીવન જીવવાની આપણા સર્જનહારની છાપ અને જરૂરિયાતો છે. કોઈ પણ તેમના અંતરાત્માથી છટકી શકતું નથી. હું દંગ રહી જઉં છું, કે કોઈ પણ વ્યક્તિ જેણે કોઈની હત્યા કરી હોય, અથવા બેંક લૂંટી લીધી હોય, અને તેની સાથે ભાગી ગયો હોય, તે અચાનક જ પોતાનામાં બદલાણ લાવી દે છે. પરંતુ હવે હું જાણું છું કે, અંતરાત્માથી મોટી યાતના બીજી કોઈ નથી, જે વ્યક્તિને ગુનેગાર તરીકે વખોડી કાઢે છે ! પાઊલે 2 કોરીંથ 1:12 માં કહ્યું છે કે, અંતરાત્મા સાક્ષી આપે છે, તે બોલે છે.

*કેમકે અમે એવું અભિમાન કરીએ છીએ, અને અમારી પ્રેરકબુદ્ધિ એવી સાક્ષી આપે છે કે, સાંસારિક જ્ઞાનથી નહિ, પણ દેવની કૃપાથી અમે જગતમાં, અને વિશેષે કરીને તમારી સાથે પવિત્રતાથી તથા દેવની આગળ નિષ્કપટ ભાવથી વર્ત્યા.*

- 2 કોરીંથ 1:12

તમે કહી શકો : "અંતરાત્મા કયા અધિકારની વાત કરે છે? કાયદાની આધ્યાત્મિક અદાલતમાં તેની જુબાની શા માટે ટકી રહે?" કારણ કે તે ઈશ્વરનો અવાજ છે. પાઊલ, ફરીથી, રોમનો 2:14-15 માં, આપણને કહે છે કે, અંતરાત્મા સક્રિયપણે આપણી સાથે વાત કરે છે.

*કેમકે વિદેશીઓની પાસે નિયામશાસ્ત્ર નથી, તેઓ જયારે સ્વાભાવિક રીતે નિયામશાસ્ત્ર પ્રમાણે વર્તે છે, ત્યારે તેઓ નિયામશાસ્ત્ર ન હોવા છતાં, તેઓ પોતે પોતાને સારું નિયમરૂપ છે; તેઓના અંતઃકરણમાં નિયમ લખેલો છે, તે તેઓના કામ દેખાડી આપે છે. તેઓની પ્રેરકબુદ્ધિ તે વિષે સાક્ષી આપે છે; અને તેઓના વિચાર એકબીજાને દોષિત અથવા નિર્દોષ ઠરાવે છે;*

- રોમનો 2:14-15

દરેક પાસે અંતરાત્મા છે. તમે અસંમત થઈ શકો છો. તમે એવા લોકો વિશે જાણતા હશો, જેમને કોઈ લાગણી ન હોય તેવું પ્રતીત થાય છે. પરંતુ હું ખાતરી આપું છું, કે તેઓ ત્યાંથી શરૂ થયા નહોતા. જો કોઈ વ્યક્તિ પોતાના અંતરાત્માના અવાજનો પ્રતિકાર કરવાનું ચાલુ રાખે છે, તો તે અવાજ શાંત અને શાંત જ થતો જશે.

*"જુઠ્ઠું બોલનારા તથા જેઓના અંતઃકરણ ડમાયેલાં છે એવા માણસોના દંભથી વિશ્વાસનો ત્યાગ કરશે" (1 તિમોથી 4:2)*

પાઊલ કહી રહ્યા છે કે, આ લોકોએ પોતાના અંતરાત્માને શાંત કરી દીધો છે, અથવા તેની વિરુદ્ધ પોતાના હૃદયને કઠોર બનાવીને, પોતાના અંતરાત્માને અનુભવવા કે સાંભળવા માટે પોતાની જાતને અસમર્થ બનાવી દીધી છે. તમારી ત્વચાનો વિચાર કરો. જો તમે તેને અસમર્થ બનાવો છો, જેનો અર્થ થાય છે કે, તેને બાળી નાખો છો, તો જ્યાં સુધી નવી ત્વચા આવી જાય નહીં અને જૂની, સખત ત્વચા પડી જાય નહિ, ત્યાં સુધી તે 'અનુભવવામાં' અસમર્થ છે. આપણા અંતરાત્માની બાબતમાં પણ આવું જ છે. અંતરાત્મા તમને કશું પણ કરવાની ફરજ ન પાડી શકે, - તે બોલે છે. તમે તેને અવગણી શકો છો, અથવા તેની વિરુદ્ધ જઈ શકો છો. પરંતુ પાઊલે ચેતવણી આપી છે, કે જો તમે તમારા અંતરાત્માની અવગણના કરશો, તો તેનાથી તમને મોટી મુશ્કેલી વેઠવી પડશે. અથવા, પાઉલે કહ્યું તેમ, તમારા જીવનને વહાણની જેમ તોડી (નષ્ટ કરી) નાખશો.

*દીકરા તિમોથી, તારા વિષે અગાઉ થયેલા ભવિષ્યકથન પ્રમાણે, હું*

*તેને આ ખાસ આજ્ઞા આપું છું કે, તે ભવિષ્યકથનોની સહાયથી તું સારી લડાઈ લડે; અને વિશ્વાસ તથા નિર્મળ અંતઃકરણ રાખે; એનો ત્યાગ કરવાથી કેટલાએકે વિશ્વાસરૂપી **વહાણ ભાંગ્યું;***

- 1 તિમોથી 1:18-19

મૂળભૂત રીતે, જે લોકો તેમના અંતરાત્માના અવાજ સામે પોતાને સખત બનાવી દીધા, તેઓએ તેમના જીવનને ચલાવવાની તેમની ક્ષમતા ગુમાવી દીધી. તેમના હોકાયંત્રને નુકસાન થયું, અને હવે તે કામ કરતું નથી. તેઓ કઈ તરફ જઈ રહ્યા છે, તે તેઓ કહી શકતા નથી. પાઉલ કહે છે કે, આપણે એક સારા અંતરાત્માને પકડી રાખવાની જરૂર છે, જે સ્વચ્છ છે, તેની ખાતરી કરવા માટે, કે આપણે સાચી રીતે શોધ કરી રહ્યા છીએ. કારણ કે આપણે આપણા હૃદયને સખત બનાવી શકીએ છીએ, અને સાચું અને ખોટું અનુભવવાની આપણી ક્ષમતાને નુકસાન પહોંચાડી શકીએ છીએ, પાઉલ કહે છે કે, કાયદાનું પાલન કરવું, અને જે સાચું છે,તે કરવું મહત્વપૂર્ણ છે.

*“તે માટે કેવળ કોપની બીકથી જ નહિ, પરંતુ પ્રેરકબુદ્ધિની ખાતર પણ તમારે તેને આધિન રહેવું જ જોઈએ” (રોમન 13:5)*

જો તમે કાયદાનો અનાદર કરશો, તો તમારો અંતરાત્મા તમારી નિંદા કરશે. તેથી પાઉલ કહે છે, કે નિયમનું પાલન કરો, જે યોગ્ય હોય તે કરો, જેથી તમારો અંતરાત્મા નરમ અને કોમળ રહે, અને ઈશ્વરે જેમ તેને કામ કરવા માટે તૈયાર કરેલ છે, તેમ કામ કરી શકે, જેથી તમને ભયથી બચાવી શકાય.

અંતઃકરણના સંદર્ભમાં, હું બીજી એક મૂર્ખામીભરી બાબત યાદ કરી શકું છું, જે મેં કરી હતી, તે આ સિદ્ધાંતને સમજાવશે. હું પાળકિય સેવા કરતો હતો, તે પહેલાં આ ઘટના બની હતી. એકવાર તમે આ વાત સાંભળો, પછી તમને ખબર પડશે કે, ઈશ્વરે મને પાળક તરીકે કેમ હજી છૂટો કર્યો ન હતો. વાતમાં એક કાર, જેની માલિકી એક સમયે મારી હતી, તેનો સમાવેશ થાય છે. તે પજીઓટ 5050 કૂપે (Peugeot 505 ) કાર હતી, જે મને ખૂબ ગમતી હતી. એક દિવસ, એક વ્યક્તિએ સ્ટોપલાઇટ પર પાછળથી મને જબરદસ્ત ટક્કર મારી દીધી. ટ્રંક તૂટી ગઈ હતી, અને ફ્રેમ વળી ગઈ હતી, એ ઉપરાંત અકસ્માતના પરિણામે કારની બોડીને અન્ય કેટલાક નુકસાન પણ થયા હતા. મારી સાથે અકસ્માત કરનાર વ્યક્તિનો વીમા એજન્ટ, કારને જોવા અને મને નુકસાનની રકમનો અંદાજ આપવા ફાર્મહાઉસ પર આવ્યો. એકવાર તેના પહોંચ્યા પછી શું થયું તે હું તમને કહું તે પહેલાં, મારે તમને કહેવું જરૂરી છે કે, આ

અકસ્માતના થોડા અઠવાડિયા પહેલા, મફલર પડી ગયું હતું. છત વાળી મોટર, જે ટ્રંકમાં હતી, તેણે પણ, દાવાની પ્રક્રિયા કરવા માટે એજન્ટ આવ્યા, તેના થોડા અઠવાડિયા પહેલા કામ કરવાનું બંધ કરી દીધું હતું. જ્યારે વીમા એજન્ટ કારની તપાસ કરવા આવ્યો, ત્યારે તેણે મને પૂછ્યું, કે શું મફલર, કે જે તે કારની બાજુમાં જમીન પર પડેલું હતું, જોઈ શક્યો હતો (મેં તેને ત્યાં મૂક્યું હતું, જેથી તે તેને જોઈ શકે), તે અકસ્માતનો ભાગ હતું. અપરાધભાવ સાથે મેં કહ્યું, “હા, સર." પછી તેણે મને છત વાળી મોટર વિષે પણ પૂછ્યું, જેના માટે મેં તેને કહ્યું હતું કે, તે પણ કામ કરતી નથી, જે પણ અકસ્માતનો એક ભાગ હતી. ફરીથી મેં કહ્યું, “હા."

મારા આત્મામાં, મેં મારા અંતરાત્માને જોરથી બોલતા સાંભળ્યો, “ગેરી, તું શું કરી રહ્યો છું ? તું જૂઠું બોલે છે !" હવે, સાંભળો, કે મેં મારી જાતને કેવી રીતે છેતરી હતી. મને બરાબર યાદ છે, કે હું મારી જાત સમક્ષ એ અવાજની અવગણના કરવા માટે વિચારી રહ્યો હતો, અને મારી જાતને કહેતો હતો, કે તે આગળ નીકળી જશે. આજે, હું માની શકતો નથી, કે મેં તે સમયે તે રીતે પણ વિચાર્યું હતું. વાહ, તમને આનંદ ના થયો, કે હું હજી સુધી હું મંડળીમાં પાળકિય સેવા કરતો નહોતો? મને ખાત્રી છે કે, ઈશ્વર હતા!

ખેર, કાર રીપેરીંગના ગેરેજ પર મોકલી દેવામાં આવી, અને એકાદ અઠવાડિયામાં જ, તેમણે મને આવીને કાર લઇ જવા બોલાવ્યો. મેં ગેરેજ પર મારી કાર જોઈ, ત્યારે હું ખૂબ જ ખુશ હતો. તે સંપૂર્ણ હતી ! હું તેને ઘરે લઈ ગયો, અને ખુશ હતો, કે બધું જ સમારકામ થઈ ગયું હતું. એકાદ અઠવાડિયા પછી, મેં ઘરે જઈને, ટ્રેન્ડા અને બાળકો સાથે બપોરનું ભોજન લેવાનું નક્કી કર્યું. ફાર્મહાઉસ, ઓફિસથી માત્ર બે માઇલ દૂર હતું, જે મેં મારી નાણાકીય કંપની માટે ભાડે લીધું હતું. મેં કારને પગદંડી પર ચઢાવી, અને આગળના દરવાજા પાસે પાર્ક કરી, અંદર ગયો, અને બપોરનું ખુબ સરસ ભોજન લીધું. જ્યારે હું ઘરની બહાર નીકળી રહ્યો હતો, અને આગળના દરવાજાની બહાર નીકળવા જઇ રહ્યો હતો, ત્યારે મેં જોયું, કે મારી કાર ત્યાં નહોતી. હું મૂંઝવણમાં હતો. મારી કાર ક્યાં ગઈ? મેં આસપાસ જોયું, અને પછી મને તે દેખાઈ. અમારું ઘર એક ટેકરીની ટોચ પર હતું, અને અનાયાસે , હું બ્રેક લગાવવાનું જ ભૂલી ગયો હતો. જો કે મેં આ પહેલાં ક્યારેય આવું કર્યું ન હતું, પરંતુ તે સમયે મેં તેવું જ કર્યું હશે, કે જેના કારણે, તે લાંબા ડ્રાઇવ-વે થી પાછળખસકી ગઈ હતી, અને એક ઝાડ સાથે અથડાઈ ગઈ હતી. જ્યારે હું કાર તરફ નીચે ગયો, ત્યારે હું અચંભિત થઇ ગયો. ટ્રંક તૂટી ગયું હતું, અને એ નુકસાન, એ જ નુકસાન સાથે મેળ ખાતું હતું, જે પાછળના છેડે થયેલી અથડામણમાં (અકસ્માતમાં) થયું હતું, અને તે પછી મેં જેનું સમારકામ કરાવ્યું હતું. ફ્રેમ પહેલાની જેમ જ વળેલી હતી, મફલર નીચે પડી ગયું હતું, અને છતવાળી મોટર પણ કામ કરતી બંદ થઇ ગઈ હતી. અકસ્માતથી

કાર રિપેરિંગના ગેરેજમાં ગઈ, તે પહેલાં જેવી કાર હતી, તેવી જ તે થઇ ગઈ હતી.

હું ત્યાં ઊભો હતો, ત્યારે અચાનક જ હું સમજી ગયો, અને હસવા લાગ્યો. ઈશ્વર મને એક પાઠ ભણાવી રહ્યા હતા, જે આ ઉપદેશક છોકરાએ, લોકોને દોરવણી આપતા પહેલાં શીખવાની જરૂર હતી. મેં ફરીથી ક્યારેય કારનું સમારકામ કરાવ્યું નહિ. તેના બદલે, મેં તેને ટુકડાઓમાં જ, જેમ હતી તેમ જ વેચી દીધી. મને મારા જીવનનો એક બીજો પ્રસંગ પણ યાદ છે, જ્યાં મારા અંતરાત્માએ મને અટકી જવા માટે, મોટેથી બૂમો પાડી હતી. હું તેને સાયકલની વાત કહું છું.

હું આશા રાખું છું કે આ તમને મદદ કરશે. હું જાણું છું, તમે ક્યારેય વિચાર્યું નઈ હોય, કે હું આવી બાબતો કરવા માટે ઝૂકી શકું છું, પરંતુ તમે ખોટા છો. મને આનંદ છે કે, હું બચી ગયો, કારણ કે મને લાગે છે કે, જો હું બચી ગયેલ ના હોત, તો મારું જીવન ખૂબ જ અલગ રીતે બદલાયેલું હોત.

સાઇકલની વાત, મેં હમણાં તમને જે વાત કહી, તેના થોડાં વર્ષો પછી બની હતી, અને હા, મેં અમારી તદ્દન નવી મંડળીની પાળકિય સેવા શરૂ જ કરી હતી. શનિવારે બપોરે હું મારા પિતાના ઘરે ગયો હતો, અને અમારા સિલ્વર ડોજ કારવાંને, મારા પપ્પા જે મુખ્ય ટુ-લેન રોડ પર રહેતા હતા, તેમને મૂકીને જતો હતો. મારા પપ્પાનું ઘર, તેમના પગદંડીની બંને બાજુએ એક સૌમ્ય ટેકરીના નીચેના ભાગે હતું. કોઈક કારણસર, મેં એક સાયકલ સવારને, જે ટેકરી પરથી નીચે આવી રહ્યો હતો, તેને જોયો નહીં. હું ધીરે ધીરે ઉલટો જઈ રહ્યો હતો, અને તે મારી પાછળ ન હતો, પણ તેની ઉતાર પરની ગતિને કારણે, મેં ગાડી ચલાવવા માટેની જગ્યા બદલી, અને જેવો હું આગળ વધવા લાગ્યો હતો, તેવું જ તેણે મને પકડી પાડ્યો હતો (નહીંક આવી ગયો હતો).

આ બધો જ સમય, હું તેના વિશે બિલકુલ અજાણ હતો, પણ અચાનક જ ગાડીની બાજુમાં બેમ, બેમ, બેમ, એવો મોટો અવાજ સાંભળવામાં આવ્યો. મેં કારના અરીસામાં જોયું, તો મેં જોયું, કે કારની પાછળ એક સાઇકલ સવાર હતો, અને તેના બંને હાથ હેન્ડલબારથી દૂર હતા, અને તે મને બંને હાથેથી આંગળી બતાવી રહ્યો હતો, અને સાથે સાથે જોરથી ગાળો પણ બોલી રહ્યો હતો. એ સાઇકલ પરના વ્યક્તિના આ વર્તનથી, હું નીચો પડી ગયો, અને સંપૂર્ણપણે અપમાનિત થઇ ગયો હતો. હું જાણું છું કે, તે જે રીતે ટેકરી પરથી નીચે આવી રહ્યો હતો, તેવી રીતે, મને પાછો ફરતો જોઈને, તે સરળતાથી ધીમો પણ થઇ શક્યો હોત. હું એ પણ જાણતો હતો, કે જો તે ઇચ્છતો હોત, તો તે તેની સંપૂર્ણ ઉતારની ઝડપે મારી આસપાસથી જઈ શક્યો હોત. પરંતુ તેના બદલે, તેણે એક મુદ્દો બનાવવાનું પસંદ કર્યું.

મને સંપૂર્ણ આંચકો લાગ્યો હતો, કે તેણે વિચાર્યું કે તે કાર સામે પડી શકે છે. મને લાગ્યું કે કોઈક, અઘરા વ્યક્તિને પાઠ ભણાવવાની જરૂર છે, તેથી હું ધીમો પડી

ગયો, અને તે કારની નજીક આવે, તેની રાહ જોતો હતો, પછી મેં બ્રેક મારી. તેને અચાનક બ્રેક લીવર્સ પકડતા જોઈને મને થોડો સંતોષ થયો, મારી ગાડીની પાછળના ભાગમાં ઘૂસી જવાનું ટાળવાનો તે પ્રયાસ કરી રહ્યો હતો. તે બાબતે તેને અનિષ્ટ શબ્દો બોલવાના ઉન્માદમાં મૂકી દીધો, જેના વિશે મેં પહેલાં ક્યારેય જોયું અથવા સાંભળ્યું ન હતું. તે આગળ વધતો રહ્યો, અને આગળ જ વધતો જઈ રહ્યો હતો.

હું ધીરે ધીરે રસ્તા પર નીચે ગયો, અને ડ્રાઇવ-વે માં પાછો ફર્યો, જેથી મારી કાર રસ્તા તરફ આવી જાય. તે સાયકલ સવારની તરફ એવી રીતે રાખી, જ્યાં તે મારી દિશામાં પેડલ લગાવી રહ્યો હતો (ચલાવી રહ્યો હતો). જ્યારે તેણે મને મારી કાર સાથે, તેને નિશાન બનાવીને રાહ જોતો જોયો, ત્યારે તે અચાનક શાંત થઈ ગયો. મને લાગે છે કે, આખરે તેને એ ભાન થયું, કે તે સાયકલ પર હતો, અને કાર સાયકલ કરતા ઘણી મોટી હતી. મેં બારીનો કાચ નીચે ઉતાર્યો, અને તે મારી કારની નજીક આવે, તેની રાહ જોવા લાગ્યો. જ્યારે તે મારા સુધી આવ્યો, ત્યારે મેં તેને બૂમ પાડી, કે જો હું તેને ફરીથી આ રસ્તા પર જોઈશ, તો હું તેના ઉપરથી જઈશ. તેની સાથે, મેં કારને મુક્કો માર્યો, જે આ સમયે લગભગ 15 ફૂટના અંતરે તેને નિશાન બનાવીને મારવામાં આવ્યો હતો. મને લાગ્યું કે કાર સાઈકલને ભાંગી શકે છે, કારણ કે હું તેને ચૂકી ગયો હતો. મને લાગ્યું કે હું કંઈક અંશે યોગ્ય ઠર્યો છું. મેં વિચાર્યું કે મેં તેને ચોક્કસ પણે બતાવી દીધું છે, પણ લાંબા સમય સુધી નહીં.

મારા આત્મામાંથી ઊઠીને મેં પવિત્ર આત્માને મજબૂત અને અધિકૃત અવાજથી કહેતા સાંભળ્યો, “ગેરી, તું શું કરી રહ્યો છે ?” ફક્ત તે શબ્દોને જોવાથી, તે ક્ષણે તે મને કેવી રીતે મોટેથી બોલે છે, તેનાથી કોઈ ન્યાય થતો નથી. અચાનક, મને સમજાયું કે, હું તે માણસને મારી દીધો હોત. મેં મારા અરીસામાં પાછળ જોયું, અને તે ત્યાં જ હતો, ખૂબ જ ધીમેથી આગળ વધી રહ્યો હતો, માથું નીચું કર્યું હતું, અને કાં તો તે ઈજાગ્રસ્ત લાગતો હતો, અથવા તો તેને આશ્ચર્ય થયું હતું, કે તે હજી જીવતો છે. મને ખાતરી નથી. હું રસ્તા પર નીચે ગયો, પરંતુ મારો અંતરાત્મા મને એકલો પડવા દેતો ન હતો. એક નવા પાળક તરીકે, મને સમજાયું કે શું થઈ શકે છે. મેં ન્યુઝપેપર જોયાં, “ફેઇથ લાઇફ ચર્ચ" ના પાળક, એક રોડ રેજની ઘટનામાં સાઇકલ સવાર ઉપર ચઢી ગયા." પવિત્ર આત્માએ મને યાદ અપાવ્યું, કે તેના જેવા લોકો માટે જ, તેમણે મને તે સમુદાયમાં મંડળી શરૂ કરવા માટે બોલાવ્યો હતો. મારા પોતાના કૃત્યોથી મને ખરેખર આઘાત લાગ્યો હતો, અને મેં આંસુ સાથે પ્રભુ સમક્ષ પસ્તાવો કર્યો.

તેથી, ચાલો આપણે સંમત થઈએ કે તમે, હકીકતમાં, ઈશ્વરનો અવાજ પહેલાં સાંભળ્યો છે. પણ તમે એ અંતરાત્માને કોમળ રાખવા ઈચ્છો છો, અને તેને કઠોર ન થવા દેવા ઈચ્છો છો, જેથી તમે હંમેશાં ઈશ્વરને સાંભળી શકો. બાઇબલ કહે છે કે, ઈસ્રાએલના લોકોએ ઈશ્વર સામે પોતાનું હૃદય કઠોર કર્યું હતું, અને વચનના દેશમાં

તેઓ કદી પ્રવેશી શક્યા ન હતા. હિબ્રુ.ના લેખક આપણને, નવા કરારના વિશ્વાસીને ચેતવે છે, કે તેઓ તેમના ઉદાહરણને અનુસરે નહીં.

> *એ માટે, જેમ પવિત્ર આત્મા કહે છે તેમ, જો તમે આજ તેની વાણી સાંભળો, તો જેમ ક્રોધકાળે, એટલે રાનમાંના પરીક્ષણના સમયમાં, તમે તમારા હૃદય કઠણ કર્યાં તેમ કરો મા.*
>
> - હિબ્રુ. 3:7-8

આ ચેતવણી, ત્રીજા અને ચોથા પ્રકરણમાં (અધ્યાયમાં) ઓછામાં ઓછી ત્રણ વખત પુનરાવર્તિત કરવામાં આવી છે. ચેતવણી શા માટે? કારણ કે ઈશ્વર તમને આશીર્વાદ આપવા માગે છે, અને ઇચ્છે છે કે ઈસુએ જે કંઇ ચુકવણી કરી હતી, તે બધું જ તમે મેળવી લો.

સખત હૃદયનું હોવું, એ મને નાનપણમાં મારી પાસે રહેલી ટટ્ટુની (નાનો ઘોડો) યાદ અપાવે છે. તે મેં જોયેલું, સૌથી હલકું પ્રાણી હતું, અને હોંશિયાર પણ. હું એકલો જ હતો, જે તેની સવારી કરી શકતો હતો, અથવા મારે કહેવું જોઈએ કે, તેની પર સવારી કરવાની હિંમત કરી હતી. મને યાદ છે, કે મારો એક મિત્ર હતો, જેણે એક દિવસ દાવો કર્યો હતો, કે તે ઘોડાઓને પ્રેમ કરે છે, અને કોઈપણ ઘોડાને સંભાળી શકે છે. તેણે ટોની, ટટ્ટુ (તે તેનું નામ હતું) પર સવારી કરવાનો આગ્રહ કર્યો. થોડા સમય પછી, તેણે મને સમજાવી લીધો કે, તેને તે પ્રયત્ન કરવા દઉં, તેથી મેં ટોનીને કાઠી ચડાવી આપી. જેકી, એ છોકરાનું નામ હતું, અને એ કાઠી પર બેઠો, ત્યારે જે બન્યું, એ હું કદી નહીં ભૂલું.

**“એ માટે, જેમ પવિત્ર આત્મા કહે છે તેમ, જો તમે આજ તેની વાણી સાંભળો, તો જેમ ક્રોધકાળે, એટલે રાનમાંના પરીક્ષણના સમયમાં, તમે તમારા હૃદય કઠણ કર્યાં તેમ કરો મા”**
**- હિબ્રુ. 3:7-8**

જ્યારે તે ટોની પર બેઠો, ત્યારે તેઓ ચાલી નીકળ્યા. ટોનીએ મરણની દોડમાં, સીધા તળાવ તરફ પ્રયાણ કર્યું હતું, જે ઘરથી લગભગ 50 ગજ દૂર હતું. જેકી તે લગામ પર, શક્ય તેટલું જોરથી ઝટકો મારી રહ્યો, અને તે ટટ્ટુને રોકવા માટે ચીસો પાડી રહ્યો હતો, પરંતુ ટોનીએ તેના પર કોઈ ધ્યાન આપ્યું નહીં. તેની જગ્યાએ, ટોની એકદમ વધારે ઝડપથી સીધો તે તળાવ સુધી દોડી ગયો, અને પછી અચાનક જ સ્તંભક (બ્રેક્સ) પર અથડાયો અને તેનું માથું પાણીની ધાર પર નીચું રાખ્યું હતું. ખેર, અલબત્ત, જેકી ટટ્ટુની ઉપરથી સીધો જ તળાવમાં પડ્યો. પછી ટોની પાછો ફર્યો, અને

જાણે કશું જ બન્યું જ ન હોય તેમ, તેણે ઘાસ ખાવાનું શરૂ કર્યું.

તમે જુઓ, ટોનીને એટલા બધા ઝટકા મારવામાં આવ્યા હતા, કે લગામ હવે તેના મોંને ઇજા પહોંચાડી રહી નહોતી. તે તેના માટે અસંવેદનશીલ થઇ ગયો હતો, તેથી તે તેના પર ધ્યાન આપતો ન હતો. એક ટટ્ટુ તરીકે, ટોની મારા સિવાય અન્ય કોઈના માટે કોઇ પણ કોઈ ફાયદો પહોંચાડી શકે તેમ ન હોવાથી નક્કામો હતો. શા માટે? કારણ કે મેં કહ્યું તેમ, તે હોંશિયાર હતો. હું જ એ હતો, કે જેણે તેને ખવડાવ્યું. અને તે સમજી ચુક્યો હતો, કે તે ગમાણમાંથી, તાજી હવા અને લીલું ઘાસ, જે તેને ખાવું ખુબ પસંદ હતું, તેમાં જવાનો એકમાત્ર રસ્તો, મને તેના પર સવારી કરવા દેવાનો હતો. પણ મારે તેના પર નજર રાખવી પડતી હતી. તે તેના માથાને એક બાજુ નમાવીને ચાલતો હતો, જેથી તેના પર સવારી કરતી વખતે તે મને જોઈ શકે. તે મારી રાહ જોતો હતો કે હું મારું માથું વિરુદ્ધ દિશામાં ફેરવું. ત્યારે તે ઝડપથી પાછળ ફરે અને મારો પગ ચૂંટી લે. અને હું તમને જણાવી દઉં કે, તે પીડાદાયક હોય છે, તેથી હું હંમેશા તેના પર નજર રાખતો હતો. પરંતુ જ્યાં સુધી ઉપયોગી થવાની બાબત હતી, તે નહોતો કરતો.

અને જો આપણે આપણા હૃદયને સખત થવા દઈએ, તો આપણે ટોનીની જેમ ઈશ્વર માટે બિનઉપયોગી બનીએ છીએ. એક વખત, અમે ટોનીને બહાર સાંકળથી બાંધ્યો હતો. મારા પિતા ટોની માટે ડોલમાં પાણી ભરી રહ્યા હતા. જ્યારે મારા પિતા પાછા ફરવા માટે વળ્યા, ત્યારે ટોની તરત જ વળ્યો, અને તેમને પાછળના ભાગે બચકું ભર્યું. મારા પિતા તેનાથી બચી ન શક્યા, અને તેમને ગુસ્સો આવ્યો. ત્યાં પાણીની ડોલની બાજુમાં મીઠાનો એક ટુકડો પડ્યો હતો, અને મારા પિતાએ તે ઉપાડ્યો, અને બની શકે તેટલા જોરથી ટટ્ટુ પર તે ફેંક્યો.પરંતુ ટોની બચી ગયો. શું હું ટોની પર વિશ્વાસ કરતો હતો? કયારેય નહિ !

અને લોકોના જીવનમાં એવું જ છે. તેઓ વિચારે છે, કે તેઓ આજ્ઞાભંગ જ કરશે, હજુ એક વખત તેમના અંતરાત્માની વિરુદ્ધ જશે, પરંતુ તેઓ જે જાણતા નથી તે એ છે, કે જ્યારે પણ તેઓ આવું કરે છે, ત્યારે તેઓ તકલીફ આપનાર પરિણામ ઉત્પન્ન કરી રહ્યા છે. એક દિવસ, તેઓ ટોની જેવા જ બની જશે, કે જયારે તેઓ ઈશ્વરની આજ્ઞા માનવાનું પસંદ નહિ કરે, અથવા તેઓ જે કહે છે તેમ નહિ કરે, ત્યારે તેઓ કોઈ દુઃખ કે પસ્તાવો અનુભવશે નહિ. ઉપાય એ છે, કે જ્યારે તમને ખ્યાલ આવે કે તમે તમારા અંતરાત્મા વિરુદ્ધ ગયા છો, ત્યારે ત્વરિત જ પસ્તાવો કરો.

બેથશેબા સાથે પાપ કર્યા પછી, દાઉદ રાજા દ્વારા ગીતશાસ્ત્ર 51 લખવામાં આવ્યું હતું. તે પસ્તાવાનું ગીત છે.

*હે દેવ, તારી કૃપા પ્રમાણે મારા પર દયા કર; તારી પુષ્કળ રહેમ પ્રમાણે*

*મારા ઉલ્લંઘન ભૂંસી નાખ. મારા અન્યાયથી મને પૂરો ધો, અને મારા પાપથી મને શુદ્ધ કર. કેમ કે મારા ઉલ્લંઘન હું જાણું છું, અને મારુ પાપ નિત્ય મારી આગળ છે. તારી હા, તારી જ વિરૂદ્ધ મેં પાપ કર્યું છે, અને જે તારી દ્રષ્ટિમાં ભૂંડું છે તે મેં કર્યું છે; તેથી જયારે તું બોલે ત્યારે તું ન્યાયી ઠરે, અને તું ન્યાય કરે ત્યારે તું નિર્દોષ ઠરે. હું અન્યાયીપણામાં જન્મ્યો, અને મારી માંએ પાપમાં મારો ગર્ભ ધર્યો હતો. તું અંત:કરણની સત્યતા માંગે છે; અને મારા હૃદયને તું જ્ઞાન શીખવીશ. ઝુફાથી મને ધોજે એટલે હું શુદ્ધ થઈશ; મને નવડાવ, તો હું હિમ કરતા ધોળો થઈશ. મને હર્ષ તથા આનંદ સંભળાવ; એટલે જે હાડકા તે ભાંગ્યા છે તેઓ આનંદ કરે. મારા પાપ તરફ નજર ન કર; મારા સર્વ અન્યાય ભૂંસી નાખ. હે દેવ, મારામાં શુદ્ધ હૃદય ઉત્પન્ન કર; અને મારા આત્માને નવો અને દ્રઢ કર. તારી સંમુખથી મને કાઢી મૂકતો નહીં; અને તારો પવિત્ર આત્મા મારી પાસેથી લઇ લેતો નહીં. તારા તારણનો હર્ષ મને પાછો આપ; અને ઉદાર આત્માએ કરીને મને નિભાવી રાખ.*

- ગીતશાસ્ત્ર 51:1-12

*કેમ કે તું યજ્ઞથી રીઝતો નથી, નહીં તો હું તે અર્પણ કરત; તું દહનાર્પણથી આનંદ પામતો નથી. ઈશ્વરના યજ્ઞો તો રાંક મન છે; હે ઈશ્વર, તું રાંક અને નમ્ર હૃદયને ધિક્કારીશ નહીં.*

- ગીતશાસ્ત્ર 51:16-17

દાઉદ તેનામાં એક શુદ્ધ હૃદય, ભંગિત આત્મા, પસ્તાવો કરનાર હદય માટે ઈશ્વર આગળ રુદન કરી રહ્યો છે. મૂળભૂત રીતે, દાઉદ કહી રહ્યો છે, કે તેને એક એવું હૃદય જોઈએ છે, જે ફરીથી અનુભવી શકે. પરંતુ, જો દાઉદે પોતાના અંતઃકરણની વાત સાંભળી હોત, તો તે ક્યારેય મુશ્કેલીમાં પડયો ન હોત. તેથી યાદ રાખો, જો તમે તમારા અંતરાત્માની વાત નહિ સાંભળો, તો તમે તમારા હદયને કઠણ કરશો,અને ફરી એક વખત, ફરી એક વખત અને ફરી એક વખત, તેમ કરવું સરળ બનતું જશે, જ્યાં સુધી તમને ઈશ્વરનો અવાજ સંભળાવાનું તદ્દન બંધ ના થઇ જાય.

અંતઃકરણ એ ઘણી બધી રીતમાંની એક રીત છે, જે દ્વારા આપણે ઈશ્વરને સાંભળીએ છીએ. અલબત્ત, પવિત્ર આત્મા પ્રત્યક્ષ સૂચના અને નિર્દેશ સાથે આપણી સાથે વાત કરે છે. અને જેમ મેં કહ્યું તેમ, મેં તેને મોટા અધિકૃત અવાજ, સાથે સાથે, સ્થિર, નાના અવાજ સાથે પણ મને સુધારતા સાંભળ્યો છે. મેં તેને સ્વપ્ન અને દર્શન દ્વારા પણ બોલતા સાંભળ્યો છે, જેને હું આગામી પ્રકરણમાં આવરી લઈશ. પરંતુ આ પ્રકરણમાં, આપણે શીખ્યા, કે જો આપણે ઈશ્વરને સાંભળવા ઇચ્છતા હોઈએ,

તો આપણે આપણા અંતરાત્માને આરોપોથી શુદ્ધ રાખવાની જરૂર છે, અને તેને નરમ અને કોમળ રાખવા માટે ત્વરિત પસ્તાવો કરવો જોઈએ, જેથી આપણે સાંભળી શકીએ !

પ્રકરણ 10

# દર્શનો અને સ્વપ્નો

હું અચાનક પથારીમાંથી બેઠો થઇ ગયો અને મેં ડ્રેન્ડાને કહ્યું "તું ગર્ભવતી છું અને એ બાળક, છોકરી છે!"

અમને જે પાંચ બાળકો હતા તેમાંથી, માત્ર એક જ વાર ઈશ્વરે અમને બાળકની જાતિ વિશે જણાવ્યું - પોલી, અમારું ચોથું બાળક. હું માનું છું, કે તેવું એટલા માટે બન્યું, કે અમે તેને સંભાળી શકીએ, કારણ કે જયારે ડ્રેન્ડા પોલી થી 6 મહિનાની ગર્ભવતી હતી, ત્યારે અમારું કુટુંબ એક કાર અકસ્માતનો ભોગ બન્યું હતું. અમે દ્વિ-માર્ગીય રસ્તા પર 55-માઇલ પ્રતિ કલાકની ઝડપે મુસાફરી કરી રહ્યા હતા, ત્યારે એક યુવાન તેની કારમાં અમારી સામે બહાર આવ્યો. એકદમથી કાર રોકવાનો સમય ન હતો અને અમે તેની કારમાં અથડાઈ ગયા. કોઈને ગંભીર ઈજા પહોંચી ન હતી, પરંતુ અમે બધા હોસ્પિટલ ગયા. ડ્રેન્ડા, ગર્ભવતી હોવાથી, તેને સીટબેલ્ટ વાગ્યો હતો, અને તેનાથી તેના પેટ પર અસર થઈ હતી. તે પોલી માટે ચિંતિત હતી. કારણ કે ઈશ્વરે અમારી સાથે પોલી વિશે વાત કરી હતી, અમે શાંતિની લાગણી અનુભવી અને જાણતા હતા કે પોલી ઠીક હતી, અને તેમ જ હતું.

પોલી વિશે કહું તો, મને યાદ છે કે જ્યારે તે, એક પત્ની તરીકે, તેના પ્રથમ બાળક સાથે ગર્ભવતી હતી, ત્યારે ડ્રેન્ડા અને મારે વ્યવસાયિક પ્રવાસ માટે દેશની બહાર જવાનું હતું. દુઃખની વાત એ હતી કે, પોલીની (ડિલિવરીની) નિયત તારીખ, તે વ્યવસાયિક પ્રવાસની બરાબર વચ્ચે જ આવી. હવે, જો તમે મારી પત્ની, ડ્રેન્ડાને જાણો છો, તો તે તેના બાળકોમાંના એકના બાળકની પણ પ્રસુતિ ચૂકશે નહિ. તેથી અમે વિચારતા હતા, કે શું અમારે તે પ્રવાસ રદ કરવો જોઈએ. મેં આ વિશે પ્રાર્થનામાં થોડો સમય પસાર કર્યો, અને પવિત્ર આત્માએ મારી સાથે વાત કરી કે એ નિયત તારીખ ખોટી હતી, અને અમારા પાછા ફર્યાના બીજા દિવસે બાળકનો જન્મ થવાનો છે. ઈશ્વરે તારીખ વિશે શું કહ્યું હતું, તે મેં ડ્રેન્ડાને કહ્યું, અને અમે સફર પર આગળ વધ્યા. જ્યારે અમે ઘરે આવ્યા, ત્યારે પોલી ચોક્કસ તારીખે પ્રસૂતિમાં ગઈ, જે પ્રમાણે ઈશ્વરે કહ્યું હતું, કે તે દિવસે તે જશે. અમારી નવી પૌત્રી, આઇવરી નો જન્મ યોગ્ય સમયે થયો હતો.

પવિત્ર આત્મા જીવનની બાબતો વિષે આપણી સાથે વાત કરે છે, તેના આ ઉદાહરણો છે. પવિત્ર આત્માના શબ્દો આપણા પોતાના આત્માઓમાંથી બહાર આવે છે. પરંતુ એવી બીજી પણ રીતો છે, કે જે દ્વારા પવિત્ર આત્મા આપણી સાથે વાત કરે છે, જેના વિશે આપણે જાગૃત રહેવાની જરૂર છે.

> *ત્યાર પછી એવું થશે કે, હું સર્વ મનુષ્યો પર મારો આત્મા રેડી દઈશ; અને તમારા દીકરા તથા તમારી દીકરીઓ પ્રબોધ કરશે, તમારા વૃધ્ધોને સ્વપ્નો આવશે, તમારા જુવાનોને સંદર્શનો થશે; વળી તે સમયે દાસો તથા દાસીઓ પર હું મારો આત્મા રેડી દઈશ.*
>
> - યોએલ 2:28-29

પ્રબોધક યોએલએ કહ્યું કે, એક દિવસ આવી રહ્યો છે, જ્યારે ઈશ્વર સમગ્ર માનવજાત પર પોતાનો આત્મા રેડશે. આપણે હવે તે દિવસમાં જીવી રહ્યા છીએ. પચાસમાના દિવસે, જેઓ ઉપરના ઓરડામાં રાહ જોઈ રહ્યા હતા, તેમના પર પવિત્ર આત્મા આવ્યો. ટોળાએ, ઉપરના ઓરડામાં રહેલા બધાને અન્ય ભાષાઓમાં બોલતા અને ઈશ્વરની સ્તુતિ કરતા જોઈને વિચાર્યું, કે તેઓ કદાચ પીધેલા છે અને પૂછ્યું, “આ શું છે?” પિતર ભીડને સંબોધવા ઉભો થયો.

> *ત્યારે અગિયારની સાથે પિતરે ઉભા થઇ ઊંચે સ્વરે તેઓને કહ્યું કે, યહૂદિયાના માણસો તથા યરુશાલેમના રહેવાસીઓ, તમે સર્વ, આ જાણી લો, અને મારી વાતોને કાન દો. આ માણસો પીધેલા છે એમ તમે ધારો છો, પણ એમ નથી; કેમ કે [હજી તો] દિવસનો પહેલો જ પહોર છે; પણ એ તો યોએલ પ્રબોધકે જે કહ્યું હતું તે જ છે; એટલે કે દેવ કહે છે કે, પાછલા દિવસોમાં એમ થશે કે, હું સર્વ માણસો પર મારો આત્મા રેડી દઈશ : અને તમારા દીકરા તથા તમારી દીકરીઓ પ્રબોધ કરશે, તમારા જુવાનોને સંદર્શનો થશે, અને તમારા વૃદ્ધોને સ્વપ્નો આવશે; વળી તે સમયે હું મારા દાસો પર તથા મારી દાસીઓ પર મારો આત્મા રેડી દઈશ; અને તેઓ પ્રબોધ કરશે;*
>
> - પ્રેરિતોના કૃત્યો 2:14-18

પવિત્ર આત્માનો આપણી સાથે વાત કરવાનો એક મોટ ભાગ, તે સ્વપ્નો અને સંદર્શનો છે. હું તે બાબતે ચોક્કસ નથી, કે શા માટે પવિત્ર આત્મા ક્યારેક શાંત, ધીમા અવાજ સાથે વાત કરે છે, જ્યારે અન્ય સમયે તે સ્વપ્નમાં વાત કરે છે. મને લાગે છે, કે તેના ઉત્તરનો એક ભાગ એ છે, કે આપણે બધા ઘણા વ્યસ્ત હોઇએ છીએ.

જ્યારે આપણે શાંત હોઈએ છીએ, ત્યારે તે આપણું ધ્યાન ખેંચવામાં સક્ષમ હોય છે. અથવા તેનું કારણ એ હોઈ શકે, કે આપણે મુંઝવણની સ્થિતિમાં હોઈએ, અથવા તો એવા સંજોગો હોય, કે આપણા માટે તે સ્થિર, ધીમો અવાજ સાંભળી શકવું મુશ્કેલ હોય. પવિત્ર આત્મા, માત્ર એ બાબતની ખાતરી કરવા માંગે છે, કે આપણે તે સંદેશ પ્રાપ્ત કરીએ. આખરે તો એક ચિત્રનું મૂલ્ય એક હજાર શબ્દો જેટલું હોય છે. કારણ કંઈ પણ હોય, હું સ્વપ્નો અને સંદર્શનો માટે ઈશ્વરનો આભાર માનું છું. સ્વપ્નો અને સંદર્શનો સમાન છે. બંને ચિત્રો છે, જે આપણે જોઈએ છીએ, જેનો તફાવત એટલો છે, કે સંદર્શનો આપણે જાગૃત અવસ્થામાં હોઈએ, ત્યારે જોઈએ છીએ, અને સ્વપ્નો એ ચિત્રો છે, જે આપણે નિંદ્રાવસ્થામાં જોઈએ છીએ.

સંદર્શનોના સંદર્ભમાં, મને માત્ર અમુક જ એવા સંદર્શન પ્રાપ્ત થયા છે, જેને હું સ્પષ્ટ સંદર્શનો કહી શકું. એવા સંદર્શનો જે તમે જાગૃત અવસ્થામાં જુઓ છો, અને એવી રીતે જુઓ છો, જાણે કે તે વાસ્તવિક હોય. 19 વર્ષની ઉંમરે મને ઉપદેશ આપવાનું તેડું પ્રાપ્ત થયું, તે મારું અત્યાર સુધીનું સૌથી અર્થપૂર્ણ સંદર્શન હતું, જે મેં પ્રાપ્ત કર્યું હતું. આ બાબત બની, તેના એક મહિના પહેલા જ મેં પવિત્ર આત્મામાં બાપ્તિસ્મા પ્રાપ્ત કર્યું હતું. અલબત્ત, આ બધું મારા માટે નવું હતું, કારણ કે હું જે પંથની મંડળીમાં જતો હતો, તે પવિત્ર આત્મા વિષે ખાસ શિક્ષણ આપતી ન હતી.

પરંતુ તે મારો જન્મદિવસ હતો, અને મને કેટલાક મિત્રો સાથે સુંદર રાત્રિભોજન માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. જ્યારે અમે જમવા માટે બેઠા, અમે ભોજન માટે આભાર માન્યો, અને અચાનક, મને લાગ્યું કે, પવિત્ર આત્મા મારા પર ખૂબ જ મજબૂતાઈથી આવ્યો છે. વળી એકવાર , હું આ બાબતો  માટે નવો હતો, પરંતુ મેં પવિત્ર આત્મામાં બાપ્તિસ્મા પ્રાપ્ત કર્યું હોવાથી, હું જાણતો હતો કે પવિત્ર આત્માના તમારા પર આવવાથી કેવો અનુભવ થાય છે. મને તે ક્ષણે શું કરવું તે ખબર ન હતી, તેથી મેં કીધું, કે મને મેજ પરથી ઉભા થવાની રજા આપશો, અને હું  બહાર નીકળી ગયો, કારણ કે મારી પાછળ જ બહારનો દરવાજો હતો.

જેવો મેં બહાર પગ મુક્યો, ઈશ્વરની હાજરી વધુ પ્રબળ બની, અને મેં એક સ્પષ્ટ સંદર્શન જોયું, જેનો અર્થ એ છે, કે મેં તે બાબતો તે રીતે જોઈ, જે રીતે આજે હું તે વાસ્તવિક રીતે જોઈ રહ્યો છું. મેં જોયું કે, હું એક વક્તાની નાનકડી જગ્યાની પાછળ ઉભો હતો, અને હું ઓરડાના લોકો સાથે વાત કરી રહ્યો હતો. તે ઓરડામાં લગભગ 35 થી 40 લોકો હતા, અને બધા, વાળી શકાય તેવી ખુરશીઓ પર બેઠા હતા. હું કહી શકું છું, કે તે રાત્રિનો સમય હતો કારણ કે બારીઓની બહાર અંધકાર હતો. પછી મેં એક અવાજને કહેતા સાંભળ્યો, કે "હું તને મારા વચનનો ઉપદેશ આપવા માટે બોલાવી રહ્યો છું." આ બાબત ત્રણ વખત પુનરાવર્તિત થઇ, પછી ચિત્ર અદૃશ્ય થઈ ગયું, અને તે અભિષેક ઉપાડી લેવામાં આવ્યો. જ્યારે હું ઘરમાં પાછો ગયો, ત્યારે

મારા મિત્રોએ મને પૂછ્યું કે શું થયું, અને મેં કહ્યું, “મને લાગે છે, કે મને ઉપદેશ કરવા માટે બોલાવવામાં આવ્યો છે !"

મને યાદ છે કે, તે રાત્રે ઘરે જઈને, જે બાબત બની હતી, તે મેં મારા પિતાને કહી હતી. તેમણે કહ્યું હતું, કે પ્રચારકો બહુ નાણાં કમાતા નથી. તેમણે એટલું જ કહ્યું હતું. તે સમયે તેઓ ખ્રિસ્તી ન હતા, પરંતુ, ઈશ્વરની સ્તુતિ થાઓ, કે જયારે તેઓ 80 વર્ષના હતા, ત્યારે તેમણે તેમનું હૃદય ઈસુને સોંપ્યું હતું અને હવે તેઓ સ્વર્ગમાં છે.

આ કિસ્સામાં, હું માનું છું કે પવિત્ર આત્માએ મારી સાથે સ્પષ્ટ સંદર્શન વડે વાત કરી હતી, કારણ કે, સૌ પ્રથમ તો, હું યુવાન હતો. તેઓ જાણતા હતા કે તેમની સેવા કરવા બદલ, મને મારા પરિવારમાંથી ઘણી સતાવણીનો સામનો કરવો પડશે, અને મને આગળની મુસાફરી માટે, તે લંગર (પક્કડ) ની આવશ્યકતા હતી. અને ખરેખર તે સંદર્શન આટલા વર્ષોથી મારી સાથે વાત કરતું રહ્યું છે.

બીજું જાગૃત સંદર્શન ત્યારે થયું હતું, જયારે અમે જૂના ફાર્મહાઉસમાં રહેતા હતા. અમે એ જૂના, તૂટેલા ફાર્મહાઉસમાં લગભગ નવ વર્ષ રહ્યાં હતાં, મોટા ભાગનાં સમય દરમિયાન અમે ખૂબ જ ગરીબીમાં રહ્યા હતાં. પરંતુ જેમ જેમ અમે, એ જાણવાનું શરૂ કર્યું, કે ઈશ્વરનું રાજ્ય કઈ રીતે કામ કરે છે, તેમ તેમ અમે સમૃદ્ધ થવા લાગ્યા અને સંપૂર્ણપણે દેવામાંથી મુક્ત થઇ ગયા.

આ સમય દરમિયાન, જ્યારે હું 19 વર્ષનો હતો, ત્યારે ઈશ્વરે મને ઉપદેશ આપવા માટે બોલાવ્યો અને મને જે દર્શન થયું હતું, તે ખરેખર પરિપૂર્ણ કર્યું હતું. ઉપદેશ આપવા માટે મને બોલાવવામાં આવ્યો, તેના 21 વર્ષ પછી આ સમયે ઈશ્વરે મને મંડળી શરૂ કરવાનું કહ્યું હતું. આ સમય સુધી, મેં કોલેજ કરી હતી, અને તે 21 વર્ષ સુધી નાણાકીય ક્ષેત્રમાં કામ કરતો હતો. પરંતુ હવે 40 વર્ષની ઉંમરે, ઈશ્વરે મને આગળ વધવા, અને મારી મંડળી શરૂ કરવા માટે વાત કરી.

અમે એક ક્રિશ્ચિયન રેડિયો સ્ટેશનના ભોંયરામાં અમારી મંડળી શરૂ કરી, અને અમે ત્યાં પહેલી જ રાત્રે મળ્યાં, ત્યારે ઈશ્વરે મને 21 વર્ષ પહેલાં જે દર્શન આપ્યું હતું, તે ચિત્ર સાથે મેળ ખાતું હતું. ત્યાં પહેલી ચર્ચ સર્વિસમાં, મેં એ જ લોકોને વાળી શકાય તેવી ખુરશીઓમાં બેઠેલા જોયા, અને એ જ બારીઓ, કે જેની બહાર રાતના સમયને કારણે અંધકાર હતો. મેં તે જ નાનું પોડિયમ પણ જોયું.

ડ્રેન્ડા અને મેં અમારી મંડળી શરુ કરી, અને તે ઈશ્વરના રાજ્ય વિશે એટલા ઉત્સાહિત હતા, કે અમે જ્યાં રહ્યા હતાં, ત્યાં તેની ખરેખર ઓછી કાળજી લઈ શક્યા હતા. અમને ખબર હતી, કે અમારે ફાર્મહાઉસ છોડવું જ પડશે, કારણ કે અમારું કુટુંબ હવે પાંચ બાળકોનું થઈ ગયું હતું, અને અમારી પાસે ઓછા રૂમ હતા. જો કે, અમે અમારા સમૃદ્ધ વ્યવસાય, અને મંડળીમાં એટલા વ્યસ્ત હતા, કે જેથી અમે ખુશ હતા.

પરંતુ એક દિવસ, હું ચર્ચથી ઘરે આવ્યો ત્યારે, હું બેઠકખંડમાં ગયો, અને પલંગ પર બેઠો. જેવો હું બેઠો કે અચાનક મારી આસપાસનો ઓરડો અદૃશ્ય થઈ ગયો, અને મેં એ જ ઓરડો જોયો, જેમાં હું હમણાં બેઠો હતો, પણ હવે તેમાં ફર્નિચરનો એક પણ ટુકડો નહોતો. હું જે દરવાજોમાંથી હમણાં જ પસાર થયો હતો, તે ડાઇનિંગ રૂમમાં ખૂલ્યો, અને હું જે પલંગ પર બેઠો હતો, તેનું મોઢું દરવાજા તરફ હતું. હું જ્યાં બેઠકખંડમાં હતો, ત્યાંથી ડાઇનિંગ રૂમમાં જોઈ શકતો હતો. તેથી માત્ર બેઠકખંડ જ સંપૂર્ણપણે ખાલી હતો એટલું જ નહીં, પણ ડાઇનિંગ રૂમ પણ સંપૂર્ણપણે ખાલી હતો. એ ચિત્ર, માત્ર પાંચ સેકન્ડ સુધી જ ચાલ્યું હતું, અને મેં તેના પર ધ્યાન આપ્યું, ત્યારે મને ખ્યાલ આવી ગયો હતો, કે ફાર્મહાઉસ છોડવાનો સમય આવી ગયો છે. જ્યારે સંદર્શન પૂરું થયું ત્યારે, મેં તરત જ ડ્રેન્ડાને જે થયું હતું, તે જણાવ્યું, અને કહ્યું કે, હવે જવાનો સમય થઈ ગયો છે.

ફરીથી, હું માનું છું કે, આ કિસ્સામાં ઈશ્વરની યોજનાને સ્પષ્ટ કરવા માટે, વાતચીત કરવા માટે એક દર્શનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અમે વ્યસ્ત હતા, અને વિલંબ કરવો સરળ હોત. પરંતુ દર્શનમાં તેના વિશે તાકીદ હતી, “હવે જવાનો સમય આવી ગયો છે !!" માત્ર પછીથી જ અમે તાકીદને સમજી શક્યા. એ નવ વર્ષથી અમે, એ ફાર્મહાઉસ ભાડે રાખ્યું હતું, અને અમને ખબર હતી, કે ત્યાં જે આવાસ વિકાસનું આયોજન કરવામાં આવ્યું હતું, તે શરૂ થશે, ત્યારે અમારે જવું પડશે, પણ કોઈને ખબર નહોતી, કે એ ક્યારે થશે.

તેથી એક લાંબી વાર્તાને ટૂંકી કરવા માટે, ઈશ્વર અમને કોઈ સુંદર જમીન પર લઈ ગયા, જ્યાં અમે અમારું નવું ઘર બનાવી રહ્યા હતા. જેવો અમારી પાસે તેના પર કામ કરવાનો સમય હોય, તેમ ધીમે ધીમે ઘર બનાવવાની અમારી યોજના હતી, કદાચ એક કે બે વર્ષ નો સમય લાગત. જો કે, અમે લગભગ છ મહિના સુધી અમારા ઘર પર કામ કરવાનું શરૂ કર્યા પછી, અમને અમારા મકાનમાલિકનો ફોન આવ્યો, જેમણે કહ્યું કે અમારે એક મહિનામાં નાનું ફાર્મહાઉસ છોડી દેવું પડશે. અમે તેમને કહ્યું, કે અમે નવું ઘર બનાવી રહ્યા છીએ, અને પૂછ્યું, કે શું તેઓ બે કે ત્રણ મહિના સુધીનો સમય આપી શકે છે, જે માટે તેઓ સંમત થયા હતા, પરંતુ તે પછી વધારે સમય આપવાની કોઈ શક્યતા ન હતી.

અમે દરેક બાબત માટે છેલ્લો ગિયર પડ્યો (ઝડપ કરી), અને તેમના વધારાના આપેલા સમયના અંતે, અમારું નવું ઘર બનાવ્યું. જો ઈશ્વરે અમને કહ્યું ન હોત, કે જ્યારે ઈશ્વરે સ્થળાંતર માટે કહ્યું હતું, તો એ સમય દરમિયાન અમારે અમુક વધારે વાર સ્થળાંતર કરવું પડ્યું હોત; અને અમે જેટલા વ્યસ્ત હતા, તેટલા જ વ્યસ્ત રહ્યા હોત, અને તે એક સમસ્યા જ રહી હોત.

અલબત્ત, આ પુસ્તકની શરૂઆતમાં મેં જે વાદળી ધુમ્મસની વાત કહી હતી,

અને તે એક જીવન બદલી નાખે તેવી ઘટના હતી, તે પણ ખરેખર એક ખુલ્લુ દર્શન હતું. એ અર્થમાં એ વાત જરા જુદી હતી, કે હું ખરેખર મારા ભવિષ્યનું ચિત્ર જોઈ રહ્યો ન હતો, પણ હું ત્યાં વાદળી ધુમ્મસમાં બેઠો બેઠો, મને દેશો માટે બોલાવતા પવિત્ર આત્માના શબ્દો સ્પષ્ટ પણે સાંભળી રહ્યો હતો.

મને ખાતરી છે, કે મારાં બીજાં કેટલાંક ખુલ્લાં દર્શનો હતાં, પણ સ્વપ્નો મારા માટે વધારે પ્રચલિત લાગતાં હતાં. જ્યારે હું આલ્બેનિયા જઈ રહ્યો હતો, ત્યારે હું ત્યાં ગયો, તેના એક અઠવાડિયા પહેલાં, મને આગામી પ્રવાસ વિશેનું એક સ્વપ્ન આવ્યું હતું. મારા જીવનના એ સમયે, હું અત્યારે જેવી મુસાફરી કરું છું, તેવી મુસાફરી કરી જ નહોતી; અને એ દિવસે ઈશ્વરે મારી સાથે વાત કરી તે પહેલાં, મને એમ કરવામાં ક્યારેય રસ નહોતો.

પણ મારે જવાનું હતું, તેના એક અઠવાડિયા પહેલાં, મને આ સ્વપ્ન આવ્યું હતું. એ સ્વપ્નમાં હું એક ડૉક્ટરની ઑફિસમાં પરીક્ષાના ટેબલ પર સૂતો હતો. એક નર્સ રૂમમાં આવી, અને મને કહ્યું, કે તેને થોડું લોહી લેવાની જરૂર છે. તેથી તેણે મારો હાથ પકડ્યો, મારી વચલી આંગળીને લોહી માટે લીધી, જે મને વિચિત્ર લાગ્યું. પણ તમે જાણો છો, કે સ્વપ્નો કેવા હોય છે; એવી બાબતો હોય છે, જે તમે ફક્ત સ્વપ્નમાં જ જોવો છો.

અને આ સ્વપ્નમાં, હું જાણતો હતો, કે ગ્રહ (પૃથ્વી) છોડતા પહેલાં, મારી દરેક આંગળી પર લોહી લેવા માટે ઝીણી ઝીણી અણી મારેલી હશે. એણે મારી સાથે વાત કરી, એટલા માટે કે, બાઇબલ સ્કૂલમાં, મને શીખવવામાં આવ્યું હતું, કે આ હાથનો ઉપયોગ તમને મંડળીની પાંચ પાસાંની (અંગોની) યાદ અપાવવા માટે થઈ શકે છે: અંગુઠો એ પ્રેરિત છે, નિર્દેશ કરનારી આંગળી પ્રબોધક છે, વચલી આંગળી પ્રચારક છે, વીંટીની આંગળી પાળક છે, અને નાનકડી આંગળી પાળક સાથે કામ કરતી શિક્ષિકા છે.

તેથી નર્સ મને શું કહે છે, તે હું સમજી ગયો હતો. હું જાણતો હતો, કે મારા જીવન દરમિયાન, હું, મારા જીવનના કોઈક તબક્કે, મંડળીના દરેક પાસામાં કામ કરીશ. ચોક્કસ, હું એક પાળક અને શિક્ષક છું, પણ હું એ પણ જાણું છું, કે ઈશ્વરનું રાજ્ય અને નાણાકીય બાબતો અંગે મંડળી માટે મારી પાસે પ્રબોધ વાણીના વચન પણ છે. તે માટે જ, હું જ્યારે આલ્બેનિયામાં હતો, ત્યારે ઈસુએ મને આ જ વાત સાથે બોલાવ્યો હતો. એ સ્વપ્નમાં નર્સ મારી વચલી આંગળીને ઝીણો ઘા કરતી જોવામાં આવી હતી, તેથી હું જાણતો હતો, કે મને સુવાર્તાના સારા સમાચાર સાથે આલ્બેનિયા દેશમાં પ્રચારક તરીકે મોકલવામાં આવી રહ્યો હતો. હું હમણાં જ મારા જીવનના પ્રેરીતપણાના ભાગમાં કામ કરવાનું, અને તેમાં પગલું ભરવાનું શરુ જ કરી રહ્યો હતો.

ખેર, એ સ્વપ્નમાં એણે વચલી આંગળીમાં ભોંકી દીધા પછી, એણે એના હાથ જોડ્યા, જાણે કોઈ બાળક પ્રાર્થના કરે, ત્યારે ભેગાં કરે તેમ, અને એણે મારી સામે જોયું, અને મોઢેથી બોલી ઉઠી, “પ્રાર્થના કરો." મોટેથી પ્રાર્થના કરો, એ શબ્દો, એ બોલી નહોતી; તેણીએ માત્ર ‘પ્રાર્થના કરો’ શબ્દો જ બોલી હતી, જે તમે એવી જગ્યાએ કરો છો, જ્યાં તમે વાત કરી શકતા નથી. એ સ્વપ્નમાંથી મને સમજાયું, કે મને આલ્બેનિયા દેશમાં સુવાર્તા પ્રચારક તરીકે મોકલવામાં આવી રહ્યો છે, અને મારે એ પ્રવાસ માટે પ્રાર્થના કરવી જોઈએ.

મારી પાસે ઘણાં સ્વપ્નો છે, અને અહીં ગણતરી કરવા કે લઇ આવવા માટે ઘણાં બધાં છે, પરંતુ સ્વપ્નો એ પવિત્ર આત્માનો અવાજ છે. હવે, હું એવા લોકોને મળ્યો છું, જેઓ દરરોજ રાત્રે સ્વપ્ન જુએ છે, અને બધા જ "આધ્યાત્મિક" હોય છે. હું માનું છું કે, તમારે સ્વપ્નોને પારખવાં પડે છે, ચોક્કસ, અને કેટલાક લોકો જેઓ આધ્યાત્મિક તરીકે જોવા આતુર હોય છે, તેઓ પોતાની જાતને આધ્યાત્મિક ગૌરવમાં ડૂબી જવા દે છે, અને ઈશ્વર તરફથી ન હોય તેવી બાબતોને જુએ છે. જો કે, હું વારંવાર સ્વપ્નો જોતો નથી. કોઈ પણ એક વર્ષમાં મને ચારથી બાર જેટલાં સ્વપ્નો આવ્યાં હશે, જે હું જાણું છું, તે ઈશ્વર તરફથી હતા, અને મને કંઈક એવી વાત કહી રહ્યા હતા, જે મહત્ત્વની હતી. અલબત્ત, તે સંખ્યા એક વર્ષમાં વધુ કે ઓછા સ્વપ્નોથી બદલાઈ શકે છે. મને નથી લાગતું, કે તમારી પાસે કેટલા (સ્વપ્નો) છે, તે કોઈ મહત્વનું છે, પરંતુ તમે તેમાંથી જે શીખો છો, તે નોંધપાત્ર છે. એક જીવન-પરિવર્તન કરનારું સ્વપ્ન, જેણે મારા જીવનને ખરેખરા અર્થમાં બદલી નાખ્યું હતું, તે એ હતું, કે જ્યારે ઈશ્વરે મને કહ્યું હતું, કે હું આઠ વર્ષની મારી નાણાકીય કંપની છોડી દઉં, અને લોકોને દેવા માંથી મુક્ત થવામાં મદદ રૂપ થવા મારી પોતાની કંપની શરૂ કરું. ચોક્કસપણે, તે એક નોંધપાત્ર હતું.

ત્યાર પછી, ચેતવણીના સ્વપ્નો પણ જોવા મળ્યા છે. મને યાદ આવે છે, તે ખરેખર એક વિચિત્ર ચેતવણી હતી. તે એવા સમયે બન્યું હતું, કે સેવાકાર્યની નાણાકીય સ્થિતિ તંગ હતી, અને આર્થિક દબાણ હતું. સ્વપ્નમાં, હું મારી પથારીમાં સૂઈ જવાની તૈયારીમાં હતો. બેડરૂમનો દરવાજો ખુલ્લો હતો, અને મેં હોલમાં (સ્વપ્નમાં) થોડો અવાજ સાંભળ્યો, અને દરવાજા તરફ નજર કરી. ત્યાં મેં જોયું કે, એક નાનો દુષ્ટાત્મા, લગભગ સાડા ત્રણ ફૂટ ઊંચો, પૈસાથી ભરેલી કાપડની થેલી તેની પાછળ ખેંચી રહ્યો હતો. આ બેગ એક એવી બેગ લાગતી હતી, જેનો સાન્તાક્લોઝ ઉપયોગ કરે છે. દુષ્ટાત્માની પાછળ બેગ ખેંચવામાં આવી રહી હતી, અને બેગ ભરેલી હતી, તેથી બેગને જમીન પર ખેંચીને લઈ જવામાં આવી રહી હતી. તે ઘરની બહાર જતો ન હતો, પણ હું સાંભળી શકતો હતો, કે તે ખૂણાથી થઈને અમારા ત્રીજા માળે જતો હતો. હું જાગ્યો અને સ્વપ્ન વિશે વિચારતો હતો, ત્યારે મને સમજાયું, કે ઈશ્વર મને બતાવી

રહ્યા હતા, કે ભંડોળ ચોરાઈ રહ્યું હતું, અથવા ખોવાઈ રહ્યું હતું.

રસપ્રદ વાત એ છે, કે સ્વપ્નમાં, મને બેગમાં કેટલા નાણાં હતા, તેનો ખ્યાલ આવી ગયો હતો. મને યાદ છે, કે મને લાગતું હતું, કે તે લગભગ 25000 ડોલર છે. મને એમ પણ લાગ્યું, કે દુષ્ટાત્મા ઘરની બહાર ગયો નહોતો, પરંતુ માત્ર ઉપરના માળે નાણાં લઈ ગયો હતો, કે જે વ્યક્તિ અથવા વ્યક્તિઓ ચોરી કરી રહ્યા હતા, અથવા નાણાંનો દુરુપયોગ થવા દેતા હતા, તે ઘરનો એક ભાગ છે, અને ઘર એટલે, હું જાણતો હતો, કે તે સેવાકાર્ય હતું. બીજા દિવસે મેં સૌથી પહેલું કામ, મારા વરિષ્ટ વડીલને ફોન કરવાનું, અને તેમને નાણાકીય વિભાગમાં અમારાં રજીસ્ટરો તપાસવાનું કહ્યું. આમ કરવામાં, અમને ઘણા બિનજરૂરી ખર્ચા મળ્યા, જેની અવગણના કરવામાં આવી હતી. જ્યારે અમે આ બિનજરૂરી માસિક ખર્ચાઓ જોડી દીધા, ત્યારે તેમાં દર મહિને લગભગ 25000 ડોલરનો ઉમેરો થતો હતો. અમે નક્કી કર્યું કે ખરેખર કોઈ ચોરી કરતું નથી, પરંતુ ઉપેક્ષા દ્વારા, તે નાણાંનો વ્યય થઈ રહ્યો છે, અથવા એવા કાપ શક્ય છે, જે અમારે કરવાની જરૂર છે, કે જે, તે નાનાને મુક્ત કરવા માટે કરી શકીએ છીએ. અમને તે મોસમમાં તે નાણાંની જરૂર હતી, કારણ કે ઘણી નાણાકીય ભીંસ હતી.

ઈશ્વર સ્વપ્નોનો ઉપયોગ, તમને વ્યૂહરચના આપવા માટે પણ કરી શકે છે. ગયા વર્ષે, 2018 માં, મેં એક ખૂબ જ સરળ સ્વપ્ન જોયું હતું, જ્યાં મેં ફક્ત શબ્દો સાંભળ્યા હતા, "વહાણોને બોલાવો." મેં તે નીચે લખ્યું હતું, પરંતુ તે શોધી શકાયું નહીં. હું એ વિશે પ્રભુને પૂછતો રહ્યા, અને મેં ડ્રેન્ડા સિવાય બીજા કોઈને એ વિશે કહ્યું નહિ. અમારી જાન્યુઆરીની પુરુષોની સભામાં, હું તે વર્ષ માટે મારા આદેશો નક્કી કરી રહ્યો હતો. તેમાંની એક રાષ્ટ્રવ્યાપી નાના જૂથની યોજના હતી, જેના વિશે હું બે-ત્રણ વર્ષથી વિચારતો હતો, પરંતુ મને લાગ્યું કે, આ જ તે વર્ષ છે. મીટિંગ પછી, એક વ્યક્તિ આગળ આવ્યો, અને કહ્યું કે તેણે મને જે કહેવાનું હતું, તેનાથી તેને મૂર્ખતાની લાગણી થાય છે, પરંતુ તેણે માત્ર એટલું જ કહ્યું, "પ્રભુએ કહ્યું, કે તમે ટ્રોય ના હેલન જેવા છો." મને ખબર નહોતી કે તે શેના વિશે વાત કરી રહ્યો છે, તેથી તેણે મને સમજાવવાનું શરૂ કર્યું, કે તે શું કહેવા માંગતો હતો. મેં તેને કહ્યું, કે તેણે મને રૂબરૂમાં જે કહ્યું હતું, તેનું પુનરાવર્તન કરતો એક ઇ-મેઇલ મને મોકલ. આ રહ્યો તેનો ઈ-મેઈલ.

**ઈશ્વર સ્વપ્નોનો ઉપયોગ, તમને વ્યૂહરચના આપવા માટે પણ કરી શકે છે.**

*સ્પાર્ટાના રાજા, મેનેલાસે, 1,000 જહાજોને પોતાની પત્ની હેલનને ટ્રોઝનમાંથી મુક્ત કરવા, અને બચાવવાની આજ્ઞા આપી. "એક હજાર*

*વહાણો છોડનાર ચહેરો" એ ઉપદેશની એક જાણીતી વાત છે, અને તે ટ્રોયની હેલનનો ઉલ્લેખ કરે છે.*

*બુધવાર,જાન્યુઆરી 30, 2019 ના રોજ, જ્યારે પાળક, એપેક્સ પુરુષોની સભામાં બોલી રહ્યા હતા, ત્યારે ઈશ્વરે કહ્યું, કે તે ટ્રોયની હેલન જેવો છે, એક રાજા, ખોવાયેલા, વિશ્વાસમાં ખોવાયેલા, પરિવારમાં ખોવાઈ ગયેલા, અને નાણાકીય બાબતોમાં ખોવાઈ ગયેલા લોકોને બચાવવા માટે 1,000 જહાજો છોડી રહ્યો છે.*

*તેની સેવામાં,*
*આરોન.*

તેણે એક દિવસ પછી, મને બીજો ઇ-મેઇલ મોકલ્યો.

*પાળક,*

*હું ટ્રોયની હેલનનો લશ્કરી દૃષ્ટિકોણ આપવા માંગુ છું. મોટાભાગના લોકો માટે, તે એક રાજાની વાત છે, જેણે પોતાની ખોવાયેલી પત્નીને ટ્રોઝનથી બચાવવા માટે 1000 વહાણો છોડ્યા હતા. પરંતુ એક લશ્કરી વિચારશીલ વ્યક્તિ માટે, આ એક લશ્કરી તૈનાતી હતી, જેને ટ્રોયની ઓપરેશન હેલેન નામ આપવામાં આવ્યું હતું. દરેક સૈન્ય તૈનાતને ઓપરેશનલ નામ આપવામાં આવે છે. દાખલા તરીકે, જ્યારે સીલ ટીમ સિક્સ એ ઓસામા બિન લાદેનના કમ્પાઉન્ડમાં દરોડો પાડ્યો, ત્યારે તે તૈનાતીને ઓપરેશન નેપ્ચ્યૂન સ્પીયર કહેવામાં આવી હતી. ઓપરેશન ફોરવર્ડ માઈક, એલ્વિસ માર્શલ અને સાન્તાક્લોઝ જેવાં રંગબેરંગી નામો સાથેનાં સેવાકાર્યોમાં મને તૈનાત કરવામાં આવ્યો છે.*

*તેમને વધુ ઓળખી શકાય તેવા બનાવવા માટે, અથવા તે કયા પ્રકારનું ઓપરેશન છે, અને કોણ ઓપરેશન હાથ ધરી રહ્યું છે અથવા ચલાવી રહ્યું છે, તે સ્પષ્ટ કરવા માટે તેમને લશ્કરી ઓપરેશનના નામ આપવામાં આવે છે. જ્યારે પ્રભુએ કહ્યું, કે તમે ટ્રોય ના હેલન જેવા છો, ત્યારે મારું લશ્કરી માનસ આ વાતનો અર્થ કાઢે છે, કારણ કે પાળક ગેરી, ટ્રોય ના ઓપરેશન હેલેનને કામે લગાડી રહ્યા છે. આ મિશન, ખોવાયેલા, વિશ્વાસમાં*

*ખોવાયેલા, કુટુંબમાં ખોવાયેલા અને નાણાકીય બાબતોમાં ખોવાઈ ગયેલા લોકોને બચાવવા માટે 1000 વહાણો છોડવાનું છે.*

*તદુપરાંત, જ્યારે હું 1000 વહાણોની તૈનાતીનો અવાજ સાંભળું છું, ત્યારે હું દરેક વહાણને તૈનાત કરવા માટે કેટલા યોદ્ધાઓ, સહાયક કર્મચારીઓ, તાલીમ, લોજિસ્ટિક્સ અને વહીવટી પ્રક્રિયાઓ માંગી લે છે, તે વિશે પણ વિચારું છું. આ દળને આદેશ આપવા માટે, અને આ સેનાને ઈશ્વરના રાજ્ય માટે તૈનાત કરવા માટે, તમારાથી વધુ સક્ષમ બીજું કોઈ નથી. તમે અમને આ ક્ષણની તાલીમ આપવામાં વર્ષો ગાળ્યાં છે. મારું કુટુંબ અને મને ખાતરી છે, કે શરીરનો બાકીનો ભાગ, તૈનાતી કરાવવા માટે ઉત્સાહિત છે.*

*તેમની સેવામાં,*
*આરોન*

આરોન નેવી સીલ (સ્પેશિઅલ ઓપરેશન ફોર્સનો સૈનિક) હતો, અને સૈન્યમાં 21 વર્ષ સુધી સેવા આપતી વખતે 9 જમાવટ પર ગયો હતો. તેમની પાસે ક્રોસના સામર્થ્ય દ્વારા આમૂલ પરિવર્તનની એક મહાન વાત છે. પ્રભુએ સ્વપ્નમાં મારી સાથે વહાણોને બોલાવવા માટે જે કંઈ કહ્યું હતું, તે વિષે તેઓ કશું જ જાણતા ન હતા. પરંતુ તેમના "જ્ઞાનના શબ્દે" મને પુષ્ટિ આપી કે મેં સાચું સાંભળ્યું છે, અને ઈશ્વરે મારા માટે જે માર્ગ અપનાવ્યો છે, તે માર્ગ પર મને મૂકવામાં મદદ કરી છે. ઈશ્વરના રાજ્યનના સારા સમાચાર આપી શકાય માટે, અમારું લક્ષ્ય 1000 રાષ્ટ્રવ્યાપી નાનાં જૂથોને ઉભા કરવાનું છે. જો તમે તે સેનાનો ભાગ બનવા માંગતા હો, તો મારી વેબસાઇટ દ્વારા મારો સંપર્ક કરો, Garykeesee.com.

મને લાગે છે કે તમને મુદ્દો સમજાય છે. સ્વપ્નો એ એક સામર્થ્યવાન માર્ગ છે, જે દ્વારા ઈશ્વર પોતાના લોકો સાથે વાત કરે છે, અને તેમને દિશા, વ્યૂહરચના, ચેતવણી અને દિલાસો આપવામાં મદદ કરે છે.

આ પ્રકરણ પૂરું થાય તે પહેલાં, હું વધુ એક પદ્ધતિ (રીત) ઉમેરવા માગું છું, જેનો ઉપયોગ ઈશ્વર સીધી વ્યુહરચનામાં મદદરૂપ થવા માટે કરે છે, અને તે પ્રબોધની ભેટ હશે. એરોનને નવી પહેલ શરૂ કરવાની મારી યોજનાઓને લગતા "જ્ઞાનનો શબ્દ કહેવામાં આવે છે", તે પ્રાપ્ત થયું હતું. જ્ઞાનનો શબ્દ તે જે કહે છે, તે જ છે, જ્ઞાનનો શબ્દ. આ જ્ઞાન તમને દેવના આત્મા પાસેથી આપવામાં આવ્યું છે, જે તમે તમારી જાતે જાણી શક્યા નથી. જ્ઞાનનો શબ્દ 1 કોરીંથ. 12 માં પવિત્ર આત્માની નવ

ભેટોમાંની એક તરીકે સૂચિબદ્ધ છે. હવે, મારો ઇરાદો આ પુસ્તકમાંની એ આધ્યાત્મિક ભેટોને લાઈનમાં શીખવવાનો નથી, પરંતુ હું તેમાંના એક, પ્રબોધવાણીનો ઉલ્લેખ કરવા માગું છું.

**પરંતુ જે પ્રબોધ કરે છે, તે માણસોની ઉન્નતિ કરવા તથા, સુબોધ અને દિલાસો આપવા સારુ બોલે છે. - 1 કોરિન્થ 14:3**

ઘણા લોકો આ ભેટની ગેરસમજને કારણે, તેમના જીવનમાં ગડબડ કરી દીધી છે, તેથી મને લાગે છે કે મારે તેનો ઉલ્લેખ કરવો જોઈએ. જ્યારે લોકો પ્રબોધવાણીનો વિચાર કરે છે, ત્યારે તેઓ વિચારે છે, કે કોઈ પ્રબોધક તેમને બોલાવે છે, અને તેમના ચહેરા પર આંગળી ચીંધે છે, અને કંઈક આવું કહે છે, “તમારે આફ્રિકા જવાનું છે" અથવા "તમને પાળક તરીકે બોલાવવામાં આવે છે." આ બંને વિધાનો સાચી પ્રબોધવાણીની સચોટ રજૂઆત હોઈ શકે છે, પરંતુ બંને તદ્દન ખોટા પણ હોઈ શકે છે. તમે તેમને કેવી રીતે વાંચો છો, તેના પર તેનો આધાર છે. જો આ વિધાનોને દિશાસૂચક તરીકે વાંચવામાં આવે, તો તે બંને ખોટા હશે, પરંતુ જો તેમને પુષ્ટિ આપતા વિધાન તરીકે વાંચવામાં આવે, તો તે સાચા હોઈ શકે છે. પાઉલ પ્રબોધવાણીનો હેતુ સમજાવે છે.

> *“પરંતુ જે પ્રબોધ કરે છે, તે માણસોની ઉન્નતિ કરવા તથા, સુબોધ અને દિલાસો આપવા સારુ બોલે છે.” (1 કોરિન્થ 14:3).*

અહીં તમને મળે છે. પ્રબોધવાણી કરવા છતાં, તમારે દિશા શોધવી જોઈએ, એવો કોઈ શબ્દ ત્યાં નથી, છતાં મોટા ભાગના લોકો પ્રબોધવાણીને એ રીતે જ જુએ છે, કે તે દિશા આપી રહી છે. પરંતુ પાઉલના મતે, પ્રબોધવાણી, માત્ર દિશાની પુષ્ટિ કરવા માટે છે, દિશા આપવા માટે નહીં. તમે જુઓ, એક વખત તમે નવો જન્મ પામો પછી, તમારી અંદર રહેલો એ જ પવિત્ર આત્મા હશે, જે તમને શું કરવું, તે કહે છે. ઈસુ માટે તમને શું કરવાનું કહેવામાં આવે છે, તે તમને જણાવવા માટે તમારે કોઈ પુરુષ કે સ્ત્રીની જરૂર નથી. પરંતુ પ્રબોધવાણીનું વચન એવી બાબતની પુષ્ટિ કરી શકે છે, જે તમે પહેલાથી જાણો છો.

તેથી, દા.ત., “તમારે આફ્રિકા જવાનું છે" એ ઉદાહરણ મેં કહ્યું, તે પ્રબોધવાણીનું વાસ્તવિક ઉદાહરણ હોઈ શકે છે, કે જો પવિત્ર આત્માએ તમને આ વાત કહી જ દીધી હોય, અને તે એ શબ્દ દ્વારા તે વાતને સમર્થન આપતો હોય. પરંતુ જો આફ્રિકા જવાનું તમારા મનમાં ન હોય, અને તમે પહેલી જ વાર એવું સાંભળ્યું હોય, તો નવા કરારની મંડળીમાં જે પ્રબોધવાણી કરવામાં આવી હતી, તેનું એ સાચું ઉદાહરણ ન ગણાય.

લોકોની વાત સાંભળવી તે ખૂબ જ પાગલપણું છે. ખ્રિસ્તીઓ મારી પાસે આવે છે અને કહે છે, "ઈશ્વરે મને એક સભામાં કહ્યું હતું, કે મારે સમૃદ્ધ થવાનું છે." હા, તમારે કોઈની જરૂર નહોતી, કે જે તમને એક વચન પણ આપે, કે જે તમને કહે કે તમે સમૃદ્ધ થવાના છો; બાઇબલ આપણને તે કહે છે. હું જોઉં છું, કે ખ્રિસ્તીઓ આસપાસ ફરતા રહે છે, અને લોકોને પૂછે છે, કે શું તેમની પાસે તેમના માટે કોઈ વચન છે. તમને વચન આપવા માટે તમારે કોઈની જરૂર નથી ! તમારામાં રહેલો પવિત્ર આત્મા તમારી સાથે વાત કરશે, અને હા, ઈશ્વર તમને ઉત્તેજન આપવા માટે સકારાત્મક વચનનો એક પ્રબોધક મોકલશે, પણ તમને દોરવણી આપવા માટે નહિ.

મારા પોતાના જીવનમાં જે બન્યું, તેનું સૌથી નાટકીય ઉદાહરણ એ હતું, કે જ્યારે હું ડ્રેન્ડા સાથે લગ્ન પહેલા મુલાકાતો કરી રહ્યો હતો. હું લગ્ન માટે તેનો હાથ માંગવા માટે જ્યોર્જિયામાં તેના પરિવારને મળવા જઇ રહ્યો હતો. હું ત્યાં હતો ત્યારે, હું તેની સાથે તેના ઘરની મંડળીની મુલાકાત લેવા જઈ રહ્યો હતો. તે સમયે, હું જેની માટે પ્રયત્નો કરી રહ્યો હતો, તે નાણાકીય સેવાઓના ઉધોગમાં મને ત્યારે જ નોકરીનો પ્રસ્તાવ આપવામાં આવ્યો હતો. મને 19 વર્ષની ઉંમરે ઉપદેશ આપવા માટે બોલાવવામાં આવ્યો હતો, અને જૂનાકરારની ડિગ્રી સાથે કોલેજનો અભ્યાસ હમણાં જ પૂરો કર્યો હતો, તેમ છતાં મને નાણાકીય બાબતોની આ નોકરી લેવાની ફરજ પડી હતી. હું શું કરવું તે અંગે મૂંઝવણમાં હતો.

ડ્રેન્ડાના ઘરની મંડળીમાં રવિવારની સવારની ચર્ચ સર્વિસ પૂરી થયા પછી, એક સ્ત્રી, જેને હું જાણતો નહોતો, પણ ડ્રેન્ડા ચોક્કસ જાણતી હતી, તે મારી પાસે આવી અને કહ્યું, કે તેની પાસે મારા માટે એક વચન છે. તેણે કહ્યું, "તમે નોકરીનો પ્રસ્તાવ જોઈ રહ્યા છો. આ કામમાં નીચે મુજબના 10 પાસાં છે, અને આ નવી નોકરી કરવામાં, હું જે કંઇ પણ કરીશ, તે બધું જ તેણે સંપૂર્ણપણે નામ સાથે જણાવ્યું." તે સ્ત્રીએ કહ્યું, તમારે આ કામ કરવાનું છે. અને પ્રભુ તેમાં છે. આ કિસ્સામાં, મને પહેલેથી જ નોકરી લેવાનું લાગ્યું હતું, પરંતુ હું મૂંઝવણમાં હતો, કે મને આવું કેમ લાગ્યું. તેના પ્રબોધવાણીના વચનથી મને શાંતિ અને ઉત્તેજન મળ્યું, અને મારે જે દિશામાં જવું જોઈએ, તેની પુષ્ટિ થઈ. ફરીથી, તમારામાં રહેલો પવિત્ર આત્મા, તમને દોરવણી આપશે, અને તમારા સલાહકાર બનશે.

## પ્રકરણ 11
# મારા માલિક જેવા પવિત્ર આત્મા

મારી મંડળી જયારે નાની હતી, ત્યારે મારી મંડળીમાં એક પરિવાર હતું, જેને રોજગારની જરૂર હતી. તે એક સરસ કુટુંબ હતું, અને હંમેશા, મંડળીના કાર્યોમાં સહાય કરવા ઇચ્છુક રહેતું હતું. પરંતુ હંમેશા તેમને નાણાંની સમસ્યા રહેતી હોય તેમ લાગતું હતું. તે કુટુંબના પિતા, ફરી એક વખત બેરોજગાર હતા, તેથી મેં તેમને સહાય કરવાનું નક્કી કર્યું. તે સમયે, હું મારું ઘર બનાવી રહ્યો હતો, અને તમામ વિધુત કાર્યનું કામ (ઇલેક્ટ્રિકલ કામ) જાતે કરી રહ્યો હતો. મને જાણવા મળ્યું, કે તે કુટુંબના પિતા, વિધુત કાર્યના કામ વિશે કેટલીક બાબતો જાણતા હતા, અને મેં તેમને થોડા કલાકોનું કામ આપીને, તેના માટે ચૂકવણી કરવાનો પ્રસ્તાવ આપ્યો, કારણ કે તેમનુ કુટુંબ ખાવા સુધીની અછતનો સામનો કરી રહ્યું હતું. તેથી તેઓ આવ્યા, અને વીજળીના તારોનું (વાયરિંગનું) કાર્ય ઉચિત રીતે કર્યું, જે મેં તેમને કરવા માટે આપ્યું હતું.

મેં તેના વિશે વધુ કંઇ વિચાર્યું ન હતું, પરંતુ લગભગ એક મહિના પછી, મને આ વ્યક્તિનો ફોન આવ્યો. તેણે કહ્યું, કે થોડા વ્યક્તિઓ મારા માટે પ્રાર્થના કરવા ભેગા થઈ રહ્યા હતા. મેં કહ્યું, “કઈ બાબત વિશે?” તેણે કહ્યું કે મંડળીમાં અમુક બાબતો બદલવાની જરૂર છે, અને તેણે આગળ વધતા કહ્યું, કે તેની પાસે 10 બાબતોની સૂચિ છે, જેની તેઓ ચર્ચા કરી રહ્યા હતા. યાદીમાં પહેલી બાબત એ હતી, કે મારું ઘર ઘણું મોટું હતું. તેમણે મને ચોખ્ખું પૂછી લીધું, કે મંડળી મને આટલું મોટું ઘર પરવડી શકે, તે માટે કેટલી રકમ ચૂકવે છે? મેં તેમને તરત જવાબ આપ્યો, કે મંડળી મને એક પૈસો પણ ચૂકવી રહી નથી, કે મને મંડળી તરફથી પગાર પણ મળતો નથી. હું આટલું બોલ્યો પછી, થોડીવાર મૌન છવાઈ ગયું. પછી તેમણે કહ્યું, “મંડળી તમને પગાર નથી ચૂકવતી?” મેં જવાબ આપ્યો, “હા, એમ જ છે". મેં તે કહ્યું પછી ફરી થોડીવાર મૌન છવાયેલું રહ્યું, અને છેલ્લે તેમણે કહ્યું. "મંડળીએ તમને પગાર ચૂકવવો જોઈએ.’’ અને ત્યાં આ વાતચીતનો અંત આવ્યો.

લગભગ એકાદ અઠવાડિયા કે પછી, મને એક કંપનીમાં નોકરીની ભરતી અંગે સાંભળવા મળ્યું, જે મને લાગ્યું, કે તે તેમની પસંદગીના ક્ષેત્રમાં હોઇ શકે છે, તેથી

મેં તેમને તેના વિશે કહ્યું. તેમણે જઇને અરજી કરી અને તેમને તે નોકરી મળી ગઇ. હવે યાદ રાખશો, આ સમયે તેમના પરિવારને તેમનું ઘર ખાલી કરાવામાં આવે, તેવી પરિસ્થતિ હતી. તેથી જે અઠવાડિયે તે નોકરીમાં જોડાયો, તે જ અઠવાડિયે તે મંડળીમાં આવ્યો, અને મને કહ્યું, કે તેમણે નોકરી છોડી દીધી છે, હું આશ્ચર્યચકિત થઇ ગયો. 'તમે નોકરી શા માટે છોડી? " તેણે મને કહ્યું, કે શુક્રવારે બપોરે તેઓ અઠવાડિયાના કાર્યોથી પરવારી ગયા, પછી તેઓએ તેમને જમીન સાફ કરવાનું કહ્યું હતું. તેમને મને કહ્યું, કે તે સમયે તેમણે તેમ કહીને નોકરી છોડી દીધી, કે જમીન સાફ કરવા માટે તે નોકરીમાં જોડાયા નહોતા. હું જે સાંભળી રહ્યો હતો, તેના પર વિશ્વાસ કરવું મુશ્કેલ હતું. હું જાણતો હતો, કે જો આ યુવાન જીવનમાં ક્યારેય પણ સફળતા મેળવવા માંગતો હશે, તો તે  માટે તેને સખત તાલીમની આવશ્યકતા રહેશે. હું હંમેશા આ વ્યક્તિની પત્ની માટે દિલગીરી અનુભવતો હતો. આ બાબત બન્યાના થોડા સમય પછી જ, તેઓ મંડળી છોડીને જતા રહ્યા, અને મને ખબર નથી, કે તેમની સાથે શું થયું હશે. જો કે હું કદાચ યોગ્ય અનુમાન લગાવી શકું છું. તેમના અહંકારી વલણ, અને કામ કરવાની અનિચ્છાના આધારે, હું માની શકું છું, કે તેમના નોકરી મેળવવા માટેના તૈયાર કરેલા બાયોડેટામાં ઘણી બધી નોકરીઓ કર્યાની નોંધ હશે, જેમાંથી મોટાભાગની ટૂંકા ગાળા માટે રહી હશે.

તેની સમૃદ્ધિનું સ્તર મોટે ભાગે અસ્તિત્વ ટકાવી રાખવાનું જ રહ્યું હશે. હવે, મને ખોટો ન સમજો. લોકો બદલાણ પામે છે, અને હું ચોક્કસપણે તેના ભલા માટે આશા રાખું છું, કે તેણે બદલાણ પામ્યો હશે. પરંતુ હું એટલું જાણું છું, કે જ્યારે હું તેને ઓળખતો હતો, ત્યારે તે ખોટી દિશામાં જઇ રહ્યો હતો. તમે જુઓ, તે ઈશ્વરના અવાજની અવગણના કરી રહ્યો હતો.

તમે કદાચ પૂછી શકો છો કે, "તમે ઈશ્વરના ક્યા અવાજ વિષે વાત કરી રહ્યા છો?" મને ખાતરી છે કે જો તમે તેને પૂછ્યું હોત, તો તે પણ આ જ બાબત કહેત, કારણ કે તે સમયે તેની પાસે કોઈ સંકેત નહોતો. પરંતુ તે વ્યકતિઓને તાલીમ આપવાની, અને તેમના પ્રારબ્ધ માટે તૈયાર કરવાની ઈશ્વરની પ્રાથમિક પદ્ધતિઓમાંથી એકની અવગણના કરી રહ્યો હતો: આધીનતા શીખવી. હું જાણું છું કે આ પ્રકરણનું શીર્ષક તમને મૂંઝવણમાં મૂકશે. મારા અધિકારીને પવિત્ર આત્મા સાથે શું નિસ્બત હશે? તમે આ પ્રકરણમાં જોઈ શકશો, કે તમારા અધિકારીને પવિત્ર આત્માને સાંભળવાની તમારી ક્ષમતા સાથે ઘણી નિસ્બત છે !

હું આ મહત્વપૂર્ણ વિષય નો આપણો અભ્યાસ માથ્થી 8:5-10 વડે શરુ કરવા માંગુ છું.

*અને ઈસુ કફર-નહૂમમાં પેઠો, ત્યારે એક જમાદારે તેની પાસે આવીને*

*તેને વિનંતી કરી કે, ઓ પ્રભુ, મારો ચાકર ઘરમાં પક્ષઘાતી થઈને પડેલો છે, ને તેને ભારે પીડા થાય છે.*

*ત્યારે તે તેને કહે છે કે, હું આવીને તેને સાજો કરીશ.*

*અને જમાદારે ઉત્તર દીધો કે, ઓ પ્રભુ, તું મારા છાપરા તળે આવે એવો હું યોગ્ય નથી; પણ તું કેવળ શબ્દ કહે, એટલે મારો ચાકર સાજો થશે. કેમ કે હું પણ પરાધીન માણસ છું, ને સિપાઈઓ મારે સ્વાધીન છે; અને એકને હું કહું છું કે, જા, ને તે જાય છે; અને બીજાને [કહું છું કે,] આવ, ને તે આવે છે; અને મારા દાસને [કહું છું કે,] એ કર, ને તે તે કરે છે.*

*ત્યારે ઈસુ તે સાંભળીને અચરત થયો, ને પાછળ આવનારાઓને તેણે કહ્યું, હું તમને ખચીત કહું છું કે, એટલો વિશ્વાસ મેં ઇઝરાયેલમાં પણ જોયો નથી.*

- માથ્થી 8:5-10

શા માટે આ માણસે આટલી સરળતાથી વિશ્વાસ કર્યો, કે ઈસુ તેના ચાકરને સાજો કરી શકે છે? આ પ્રશ્નનો ઉત્તર તે પોતે આપે છે. *"કેમ કે હું પણ પરાધીન માણસ છું, ને સિપાઈઓ મારે સ્વાધીન છે; અને એકને હું કહું છું કે, જા, ને તે જાય છે; અને બીજાને [કહું છું કે,] આવ, ને તે આવે છે; અને મારા દાસને [કહું છું કે,] એ કર, ને તે તે કરે છે."* કારણ કે તે જાણતો હતો, કે સત્તા કેવી રીતે કાર્ય કરે છે. જેમ તે પોતે સત્તા હેઠળ હતો, તેમ તેના માણસો તેની સત્તા (અધિકાર) હેઠળ હતા. તે સમજતો હતો, કે તેના મલિકનો શબ્દ, કૈસરના શબ્દ જેવો હતો. હકીકતમાં, જો સત્ય કહેવામાં આવે, તો તેના મલિકનો અવાજ, તે જ કૈસરનો અવાજ હતો. તે એ પણ સમજતો હતો, કે તેના ચાકરોના માટે તેનો અવાજ, કૈસરના અવાજ જેવો હતો. સત્તા આ રીતે જ કાર્ય કરે છે. માટે, તે સરળતાથી તે બાબત સમજી ગયો હતો, કે કેવી રીતે ઈસુ સરળતાથી ફક્ત શબ્દ વડે, તે પરિસ્થિતિ પર અધિકાર પ્રાપ્ત કરી શકે તેમ હતા. તેણે પણ ફક્ત તેટલું જ કરવાનું હતું. જો તે તેના ચાકરને કઈંક કરવાનું કહેતો, તો તે તેમ કરતો હતો. તે આટલી જ સરળ બાબત હતી. અહીં એક સત્ય છે, જે તમારે શીખવું રહ્યું:

**જો તમે અધિકારને આધીન થાઓ છો, તો જ તમે અધિકાર સાથે ચાલી શકો છો !**

જો શેતાન સત્તા માટેનો બધો આદર દૂર કરી શકે, અને દરેકને સમજાવી શકે,

કે જ્યારે તેઓ ઇચ્છે, ત્યારે તેઓ જે ઇચ્છે તે કરી શકે છે, તો પછી વિશ્વ અરાજકતા અને વિનાશમાં પડી ભાંગશે. બગીચામાં તે હવાને આ જ રીતે પડકારી રહ્યો હતો, "શું ઈશ્વરે ખરેખર કહ્યું હતું...?" ધ્યાન આપો, આ ગ્રહ પરની દરેક વ્યક્તિ, સત્તા હેઠળ, અથવા વિવિધ સત્તાહેઠળ છે. તમે કોની સત્તા હેઠળ છો, તે ઓળખવાથી તમને એ જાણવામાં મદદ મળશે, કે તમારે કોની વાત સાંભળવી જરૂરી છે, અને કોને ન સાંભળવા જોઈએ. પરંતુ આજે, દરેક વ્યક્તિ સત્તા મેળવવા માંગે છે, સત્તા હેઠળ રહ્યા વિના, અને તે અશક્ય છે.

તાજેતરમાં, મેં એક ઠેકેદાર (કોન્ટ્રાક્ટર) સાથે વાત કરી હતી, જે મને કહેતો હતો, કે તે કેવી રીતે લોકોની ચુકવણી રોકડમાં કરે છે, જેથી કર્મચારીઓના કરવેરા અને કામદારોની વળતર (કમ્પેન્સેશન) ફી થી બચી શકાય. પરંતુ હું પહેલેથી જ જાણું છું, કે તે કેવી રીતે બહાર આવશે. એક દિવસ, એક કર્મચારીને ઈજા થશે, અને તે કામદારોના કોમ્પેન્સેશન માટે ફાઇલ કરશે. અને પછી શોધી કાઢશે, કે ઉપરી અધિકારીએ, જરૂરી કામદારોના વળતર કાર્યક્રમ માટે, ક્યારેય નાણાં ચૂકવ્યા નથી, અને તે કોન્ટ્રાક્ટર સામે દાવો કરશે, કારણ કે કાયદામાં કામદારોનું વળતર ચૂકવવું જરૂરી છે. આ જ બાબત, મારી પોતાની મંડળીમાં કેટલાક ઠેકેદારો સાથે બની છે.

ગયા અઠવાડિયે, મેં એક સ્ત્રી સાથે વાત કરી હતી, જેણે કહ્યું હતું, કે તેને પાળકની જરૂર નથી; તે ફક્ત તે અને પવિત્ર આત્મા હતા. ખરેખર? તેણે, ઈસુ પાસે જઈને તે વિશે વાત કરવી જોઈએ, કારણ કે તેઓ એક છે, જેમણે પાળકોની નિમણૂક કરી હતી અને એફેસી. ના પ્રકરણ (અધ્યાય) 4 માં સ્થાનિક મંડળીની સ્થાપના કરી હતી. જો તે ઈસુને આધિન થશે, તો પછી તે ઈસુએ સ્થાપેલી સત્તાને અનુસરશે. હકીકત એ છે કે, તે ઈસુને સમર્પિત નથી, અને તે પોતાનું કામ કરવા માંગે છે. તે તેના કારણે, મોટે ભાગે, છેતરપિંડી અને મુશ્કેલ સમયમાં પડી જશે.

થોડા સમય પહેલાં જ, મેં એક સેલ્સપર્સન સાથે વાત કરી હતી, જે તેમની પોતાની સેલ્સ (વેચાણ) કંપની શરૂ કરી રહ્યો હતો, અને તેઓ તેના બધા જ ગ્રાહકોને તેની કંપનીમાંથી, તેમની સાથે લઈ જતો હતો, અને તેમણે એક બિન-સ્પર્ધાત્મક (નોન-કોમ્પિટિશન) કરાર પર સહી કરી હતી, જેમાં જણાવવામાં આવ્યું હતું, કે તેઓ આવું નહીં કરે. અને તેઓએ વિચાર્યું કે, તેઓ તેમ કરવામાં સમૃદ્ધ થશે ? એ તો સીધે સીધી ચોરી જ છે !

**તમે કોની સત્તા હેઠળ છો, તે ઓળખવાથી તમને એ જાણવામાં મદદ મળશે, કે તમારે કોની વાત સાંભળવી જરૂરી છે, અને કોને ન સાંભળવા જોઈએ.**

હું જાણું છું, કે જેટલું મેં પવિત્ર આત્મા દ્વારા અલૌકિક, શાનદાર લેખનની રજુઆત કરી, તેટલું તમને આ પ્રકરણ નહિ ગમે, પરંતુ

જો તમને આ યોગ્ય પ્રકરણ ના મળે, તો તમે બાકીનું બધું ભૂલી શકો છો, કારણ કે તે ઈશ્વર છે, જે બઢતી આપે છે.

મને યાદ છે, કે જ્યારે એક મહિલા પ્રાર્થના સભામાં મારી પાસે આવી હતી, અને ભરેલા આંસુએ મને પૂછતી હતી, કે મેં તેને પ્રાર્થના માટે કેમ બોલાવી નહિ. હું ચોંકી ગયો ! શા માટે પ્રાર્થના કરવા માટે બોલાવવામાં આવે, તે આટલી મોટી વાત હતી, સિવાય કે, અલબત્ત, તેની ઓળખ, પુરુષો દ્વારા જોવા પર આધારિત હતી?

અને, અલબત્ત, મેં તેને એક મિનિટમાં કેમ ફોન કર્યો નહિ, તે હું તેને કહી શક્યો હોત, જો તેણે એ ક્યારેય કોઈની વાત સાંભળી હોત, તો. આ સ્ત્રી તેના પતિને માન આપતી ન હતી અને તે હંમેશા ગપસપના સમયોમાં, તેની (તેના પતિની) આધ્યાત્મિકતાના અભાવને સતત નીચે પાડતી હતી. તેથી જ મેં તેને ફોન કર્યો ન હતો. હકીકત એ છે, કે તે આંસુ સાથે આવી હતી, કારણ કે તેને આધ્યાત્મિક સ્ત્રી તરીકે જોવામાં આવી ન હતી, જે તે વિચારતી હતી. આ પહેલાં, તે સમગ્ર જૂથે જાહેર કર્યું, કે તે સત્તાનો આદર કરતી નથી, અને આમ, એક ખતરનાક સ્ત્રી હતી.

તો ચાલો હું તમને એક પ્રશ્ન પૂછું. તમે જ્યાં જવા માગો છો, જ્યાં તમારા સ્વપ્નો જવા માગે છે, ત્યાં જવા માટે તમે લાયક છો ? જો હું તમારા પાળક અથવા તમારા ઉપરી અધિકારીને પૂછું, કે તમારા વિશે તેમનો પ્રામાણિક અભિપ્રાય શું છે, તો તેઓ શું કહેશે? તમે જુઓ, જ્યાં સુધી તમે અધિનતાની પરીક્ષા (સબમિશન ટેસ્ટ) પાસ ન કરો, ત્યાં સુધી તમારી પાસે સત્તા નથી. મેં આ કહ્યું નથી; ઈસુએ કર્યું.

> *જે બહુ થોડામાં વિશ્વાસુ છે, તે ઘણામાં પણ વિશ્વાસુ છે; અને જે થોડામાં અન્યાયી છે, તે ઘણામાં પણ અન્યાયી છે. માટે જો અન્યાયી દ્રવ્ય સંબંધી તમે વિશ્વાસુ થયા ન હો, તો ખરું દ્રવ્ય તમને કોણ સોંપશે? અને જો તમે પરાયા દ્રવ્યમાં વિશ્વાસુ થયા ન હો, તો જે તમારું પોતાનું, તે તમને કોણ સોંપશે?*
>
> - લૂક 16:10-12

**સત્તા સાથે તમારા પર વિશ્વાસ કરી શકાય છે? પુરાવો તમારી અધીનતામાં છે.**

ચાલો બાઇબલની એક વાત પર નજર કરીએ, જે જીવનમાં તમારી સફળતા પર ઊંડી અસર કરી શકે છે.

> *અને ત્રીસ હજાર રથો, છ હજાર સવારો, ને સંખ્યામાં સમુદ્ર કિનારાની રેતીની પેઠે લોકોને લઈને પલિસ્તીઓ ઇઝરાયેલ સાથે લડવાને એકઠા થયા; તેઓએ આવીને બેથ-આવેનને પૂર્વ તરફ મિખ્માશમાં છાવણી નાખી.*

*ઇઝરાયેલી માણસોએ જોયું કે, અમે સંકટમાં આવી પડ્યા છીએ, (કેમકે લોકો દુઃખી હતા) ત્યારે ગુફાઓમાં, ઝાડીઓમાં, ખડકોમાં, કોતરોમાં ને ખાડાઓમાં તે લોકો સંતાઈ ગયા. હવે કેટલાએક હિબ્રૂઓ યર્દન ઉતરીને ગાદ તથા ગિલિયાદ દેશમાં ગયા હતા;*

*પણ શાઉલ તો હજુ સુધી ગિલ્ગાલમાં હતો, ને સર્વ લોક કાંપતા કાંપતા તેની પાછળ જતા હતા. અને શમુએલે કરેલા વાયદા પ્રમાણે તેણે સાત દિવસ સુધી વાટ જોઈ; પણ શમુએલ ગિલ્ગાલમાં આવ્યો નહિ; અને લોકો તો તેની પાસેથી વિખરાઈ જતા હતા. ત્યારે શાઉલે કહ્યું કે, દહનાર્પણો તથા શાંત્યર્પણો અહીં મારી પાસે લાવો. પછી તેણે દહનાર્પણ ચઢાવ્યું.*

- 1 શમુએલ 13:5-9

*ત્યારે શમુએલે શાઉલને કહ્યું, "તેં મૂર્ખાઈ કરી છે; તારા દેવ યહોવાએ જે તને આજ્ઞા આપી, તે તેં પાળી નથી, નહિ તો હમણાં યહોવાહે ઇઝરાયેલ પર તારું રાજ્ય સદાને માટે સ્થાપ્યું હોત. પણ હવે તારું રાજ્ય કાયમ રહેશે નહિ;* ***યહોવાએ પોતાનો મનગમતો માણસ શોધી કાઢ્યો છે, ને યહોવાએ પોતાના લોક પર સરદાર તરીકે તેની નિમણુંક કરી છે;*** *કેમકે યહોવાએ તને જે આજ્ઞા આપી, તે તેં પાળી નથી.*

- 1 શમુએલ 13:13-14

શાઉલને ગેરલાયક ઠેરવવામાં આવ્યો હતો, કારણ કે તે સત્તાને આધિન થયો ન હતો. તેથી ફરીથી આપણે જોઈએ છીએ, કે જો તમે સત્તાને આધિન થઈ શકતા નથી, તો તમારી પાસે સત્તા હોઈ શકે નહીં. હું અહીં એક ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દો દર્શાવવા માંગું છું. ઈશ્વર મનગમતો એક માણસને શોધવા જઈ રહ્યા હતા. " મનગમતો" નો અર્થ શું થાય છે?

*પછી તેને દૂર કરીને તેણે દાઉદને તેઓનો રાજા થવા સારુ ઊભો કર્યો; અને તેણે તેના સંબંધી સાક્ષી આપી કે, મારો મનગમતો એક માણસ, એટલે યશાઈનો દિકરો દાઉદ, મને મળ્યો છે;* ***તે મારી બધી ઈચ્છા પુરી કરશે.***

- પ્રેરિતોના કૃત્યો 13:22

જેનું હૃદય હોય છે, તેને ઈશ્વર કેવી રીતે વ્યાખ્યાયિત કરે છે ? મૂળભૂત રીતે, તે એવી વ્યક્તિ છે જે, ઈશ્વર જેને ધિક્કારે છે, તેને ધિક્કારે છે, અને ઈશ્વર જેને પ્રેમ કરે

છે, તેને પ્રેમ કરે છે, કોઈ એવી વ્યક્તિ જે, તે કરશે, જે ઈશ્વર ત્યાં હોત, તો તેમણે કર્યું હોત. બીજા શબ્દોમાં કહીએ તો, જો ઈશ્વર પાપને ધિક્કારે છે, તો તેઓ પણ પાપને ધિક્કારે છે. જો ઈશ્વર કંઈક કરવા માંગે છે, તો તેઓ પણ તેને પૂર્ણ કરવા માંગે છે. આપણા વિશ્વમાં, આપણે વિચારીએ છીએ, કે ઈશ્વરની પોતાની મનગમતી કોઈ એવી વ્યક્તિ છે, જેની પાસે સૌથી વધુ આધ્યાત્મિક ભેટ છે. આપણને લાગે છે, કે આધ્યાત્મિક હોવું, એ નરમ આરાધનાનું સંગીત છે. પરંતુ ઈશ્વર સ્પષ્ટપણે કહે છે, કે આજ્ઞાંકિત થવું, એ આધ્યાત્મિક આરાધના છે.

> *ત્યારે શમુએલે કહ્યું કે, પોતાની વાણી પળાયાથી યહોવા જેટલો રાજી થાય છે, તેટલો દાહનાર્પણોથી અને યજ્ઞોથી તે થાય છે શું ? જો યજ્ઞ કરતાં આજ્ઞાપાલન સારું છે, અને <u>ઘેટાંની ચરબી કરતાં વચન માનવું સારું છે</u>. કેમકે દંગો એ જોષ જોવાના પાપ જેવો છે, ને હઠીલાઈ એ દુષ્ટતા તથા મૂર્તિપૂજા જેવી છે.તેં યહોવાનું વચન નકાર્યું છે, માટે તેણે પણ તને રાજા તરીકે નકાર્યો છે.*
>
> - 1 શમુએલ 15:22-23

**મને કહેવા દો, કે ઈશ્વરનો અવાજ તમારા માલિક જેવો લાગે છે !**

તો ફરી, મને કહેવા દો, કે ઈશ્વરનો અવાજ તમારા માલિક જેવો લાગે છે ! જ્યારે કોઈ તમારું નામ જાણતું નથી, ત્યારે ઈશ્વર તમારા અધિકારી પ્રત્યેના તમારા પ્રતિભાવને ચકાસવા દે છે. મોટાભાગના લોકો સમજી શકતા નથી, કે આ બધું કેવી રીતે કાર્ય કરે છે. તેઓ તેમની થોડા કલાકોની નોકરીને, તે નોંધપાત્ર છે, તે તરીકે જોતા નથી; તે કંઈ મહત્વનું નથી. પરંતુ તેઓ જે જાણતા નથી તે એ છે, કે તેઓ પોતાની જાતને વ્યક્તિલક્ષી અધિનતા માટે તાલીમ આપી રહ્યા છે, જો તેમની ઇચ્છાઓ અને ધ્યેયોના આધારે કંઈક આધિન થવા યોગ્ય છે કે કેમ, તે તેમના પોતાના ધોરણો દ્વારા નક્કી કરે છે. લોકોને એવું શીખવવામાં આવતું નથી, કે જે મિનિટે તેઓ વિશ્વાસ પર, તે નાની થોડા કલાકોની નોકરી કરવા માટે સંમત થાય છે, તેઓ તેના પર કામ કરવા માટે સંમત થાય છે, જાણે તે ધંધો તેમનો પોતાનો હોય. મોટા ભાગના લોકો બાબતોને આ રીતે જોતા નથી. તેઓ મોટા ધ્યેયો પર લક્ષ્ય રાખે છે. છેવટે, આ અમુક વધારાના નાણાં માટેની માત્ર થોડા કલાકોની નોકરી છે, કોઈ મોટી વાત નથી. ખોટું છે !!!!

મામૂલી નોકરી જેવું કંઈ નથી. ત્યાં કામની કોઈ નાની સોંપણીઓ નથી. દાઉદ પાસે ઘેટાંની સંભાળ રાખવાનું, એક નાનું, મામૂલી કામ હતું. પણ તેને માટે તે મામૂલી નહોતું; તે ઘેટાંને બચાવવા માટે, તેણે ઓછામાં ઓછું બે વાર પોતાનો જીવ જોખમમાં

મૂક્યો. બીજા શબ્દોમાં કહીએ, તો તેણે તેને આપવામાં આવેલા વિશ્વાસને ખૂબ જ ગંભીરતાથી લીધો. જો કે બીજા કોઈને ખબર ન હતી, કે તે કોણ છે, ઈશ્વરે તે કર્યું ! અને ઈશ્વર બરાબર જાણતા હતા, કે તે દરેક સમયે તે ક્યાં હતો.

ઈશ્વર જાણે છે, કે તમે પણ ક્યાં છો, અને તે અધિકાર તરફના તમારા હૃદયને જાણે છે. છેલ્લી વાત એ છે, કે જો તમે એવા વ્યક્તિને આધિન થઇ શકતા નથી, કે જેને તમે જોઈ શકો છો, તો તમે ઈશ્વરને આધિન થશો નહીં, કે જેમને તમે જોઈ શકતા નથી. તેથી હું જોઉં છું કે, ઘણા લોકો હકદારની માનસિકતા ધરાવે છે, પીડિત માનસિકતા ધરાવે છે; હંમેશા કોઈ બીજાની ભૂલ છે (કાઢે છે).

તેઓ હંમેશા કહેતા હોય છે, કે તે ઉપરી અધિકારીની ભૂલ છે, સરકારની ભૂલ છે, માત્ર તેમાંથી પસાર થવા માટે કામ પૂરતું જ કરવું, ફરજ પાડવામાં આવે, ત્યારે જ કામ કરવું. તેઓ સામાન્ય રીતે, પ્રક્રિયા કરવાની માનસિકતા ધરાવે છે, પોતાની રીતે કામ કરવાનું વિચારવાને બદલે, શું કરવું તે તેમને જણાવવું પડે છે. આ ઇઝરાયલના બાળકોની પણ આ જ સ્થિતિ હતી, જેઓએ વર્ષોની ગુલામીમાંથી બહાર આવીને આઝાદ થયા છતાં પણ, ગુલામોની જેમ વિચારવાનું ચાલુ રાખ્યું. જ્યારે તેઓ જમીનના (વાચનના દેશના) દિગ્ગજોનો સામનો કરશે, ત્યારે તેમની ગુલામીની માનસિકતા કામ કરશે નહીં. તેઓ જમીન પર પહોંચતા પહેલાં, ઈશ્વરે તેમને સફળતા માટે તાલીમ આપવાની હતી. તમે જમીન પર પહોંચો તે પહેલાં તેણે તમને તાલીમ આપવી પડશે. હું જે ભૂમિ વિશે વાત કરી રહ્યો છું, તે તમારું પ્રારબ્ધ છે. તો શું તેમણે તેમને તાલીમ આપી ?

> *તેણે તને નમાવ્યો, ને તને ભૂખ્યો રહેવા દીધો, ને તું નહોતો જાણતો તેમ જ તારા પિતૃઓએ પણ નહોતું જાણ્યું, એવા માન્નાથી તને પોષ્યો; એ સારુ કે તે તને જણાવે કે, માણસ ફક્ત રોટલીથી જ જીવતું નથી, પણ યહોવાના મુખમાંથી નીકળતા પ્રત્યેક વચનથી માણસ જીવે છે.*
>
> - પુનર્નિયમ 8:3

> *જેણે અરણ્યમાં માન્ના કે જે તારા પિતૃઓએ કદી નહોતું જોયું,* ***તેથી તારું પોષણ કર્યું; એ સારુ કે તે તને <u>નમાવે</u>, ને આખરે તારું ભલું કરવા સારુ તે તારું <u>પારખું</u> કરે;***
>
> - પુનર્નિયમ 8:16

ઈશ્વરે તેમને નમ્ર બનાવ્યા, એટલે કે તેમને અપૂરતા બનાવ્યા, સહાયની જરૂરવાળા બનાવ્યા. તેઓએ પોતાના પર નહિ, પણ ઈશ્વર પર આધાર રાખતા શીખવું પડ્યું.

તેમની આગળ માત્ર ખાવા માટે ખોરાક શોધવા કરતાં, મોટી લડાઈઓ હતી. આગળ મહાકાયો અને દિવાલવાળા શહેરો હતા, જે તેમને સરળતાથી ડરાવી દે, સિવાય કે તેઓ ઈશ્વરને તેમની સમસ્યા કરતાં મોટા તરીકે જોતા હોય.

બીજું, તેઓએ બળજબરી વગર, પોતાની જાતે જ યોગ્ય પસંદગી કરવાનું શીખવું પડશે. આજે હું જોઉં છું, કે માતાપિતા તેમના બાળકના હૃદયને બદલે, તેમના પ્રદર્શનને તાલીમ આપવાની ભૂલ કરે છે. બાળકને તેમનો રૂમ સાફ કરવાનું કહેવામાં આવે છે, અને પછી તેઓએ તેનું પાલન કર્યું છે તેમ, વલણ સાથે દરવાજો ઠોકે છે, પરંતુ તે બળવાખોર હૃદયથી કાર્ય કરે છે, અને અધિનતા સાથે નહીં. માતાપિતા કે જેઓ તેમના બાળકો સાથે મિત્રતા કરવા માંગે છે, તેઓ અંદર આવશે, અને સ્વચ્છ રૂમ જોશે, અને પછી બાળકને કહેશે, કે તેઓએ કેટલું સારું કામ કર્યું છે. આ ખોટું છે. બાળકે બહારથી પાલન કર્યું, પરંતુ અંદરથી નહીં. અધિનતા, એ હૃદયનું કાર્ય છે. કોઈક દિવસ, માતા-પિતા યોગ્ય પસંદગીને લાગુ કરાવવા માટે ત્યાં નહીં હોય. જ્યારે માતા-પિતા તેમનું આવરણ હટાવે છે, ત્યારે બાળક તેની ઈચ્છા પ્રમાણે કરવા માટે સ્વતંત્ર હશે. હૃદયમાં જે છે, તે હવે ખુલ્લું થશે. આ એ છે, કે જ્યાં ઘણા માતા-પિતા તેમના બાળકને મુશ્કેલીમાં મૂકે છે અને એમ કહીને મૂંઝવણ અનુભવે છે, કે નાનો જોની હંમેશા આટલો સારો બાળક હતો, અને જ્યારે તે કૉલેજમાં જાય છે, અથવા પોતાની જાતે બહાર જાય છે, ત્યારે તેઓ તેમના વર્તનથી ચોંકી જાય છે. બાઇબલ જણાવે છે, કે ઈશ્વર ઇઝરાયલની કસોટી કરવા જઈ રહ્યા હતા, કે જેથી અંતમાં તેમનું સારું થઈ શકે. આ બરાબર એ જ છે, જેની આપણે વાત કરી રહ્યા છીએ. તેનાથી વિપરીત, બાળકને માતા-પિતા તરીકે ગમો, તે વિશે તમે વધુ ચિંતિત છો, અને ઈશ્વર બાળકના લાંબા ગાળાના કલ્યાણ વિશે ચિંતિત છે. તે કાયમી વર્તણૂક બની જાય, તે પહેલાં તે હૃદયના નાના નાના વલણને સુધારશે. જ્યારે તે કહે છે, કે ઈશ્વર તેઓની કસોટી કરશે, ત્યારે આનો અર્થ આ જ હતો. જ્યારે આધિન થવાનું કહેવામાં આવે, ત્યારે હૃદયની મનોવૃત્તિ છતી થઈ ગઈ હોવાથી ઈશ્વર તેમને સુધારી શકશે.

દરેક વ્યક્તિએ અધિનતાની કસોટી પાર કરવી આવશ્યક છે ! તો તે પાર કરવા માટે, અરણ્ય ન હોવાથી, આજે ઈશ્વર આપણને ક્યાં તાલીમ આપે છે ? આપણે તેમનો અવાજ ક્યાં સાંભળી શકીએ છીએ, કે જેથી કરીને આપણે અધિનતા શીખી શકીએ, અને આપણી આગામી બઢતી માટે લાયક બની શકીએ ? યાદ કરો, કે ઈશ્વરે શાઉલ વિશે શું કહ્યું હતું ? બલિદાન કરતાં આજ્ઞાપાલન વધુ સારું છે. મંડળીમાં તમારી આરાધનાના બાહ્ય (દેખીતા) કાર્યો, તમારી આગામી બઢતીનો આધાર નથી. શું ઈશ્વર અધિકાર માટે તમારા પર વિશ્વાસ કરી શકે છે? તે ક્યાંથી શરૂ થાય છે? ઘરેથી.

*છોકરાં, પ્રભુમાં તમારા માં-બાપની આજ્ઞાઓ માનો; કેમકે એ યથાયોગ્ય છે. તારા બાપનું તથા તારી માનું સન્માન કર (તે પહેલી વાચનયુક્ત આજ્ઞા છે), એ સારું કે તારું કલ્યાણ થાય, અને પૃથ્વી પર તારું આયુષ્ય લાંબું થાય.*
- એફેસી 6:1-3

શા માટે તમારા માતા-પિતાની આજ્ઞા પાળવાથી, તમને લાંબુ આયુષ્ય અને જીવનમાં સફળતા મળશે ? શું ઈશ્વર તમને આજ્ઞાપાલન માટે મુદ્દો આપે છે ? ના, પરંતુ જો તમે તમારા માતા-પિતા, તમારા જીવનના અધિકારીઓનો આદર અને સન્માન કરવાનું શીખો, તો તમે ઈશ્વરને માન અને આદર આપશો. જો તમે તમારા જીવનમાં ઈશ્વરના અધિકારનો આદર કરો છો, તો તમે તેમની આજ્ઞા પાળશો, અને તમારા માટે બાબતો સારી જશે. તેથી હું કહી શકું છું, કે ઈશ્વર તમારા માતાપિતા જેવા લાગે છે, જ્યારે તમે નાના હો, અને તેમની સંભાળ હેઠળ હો.

બીજી જગ્યા, કે જે ઈશ્વર તમને સત્તાધિકારીઓને આધિન થવા માટે તાલીમ આપશે, તે છે માનવ સત્તાધિકારીઓ હેઠળ મૂકવામાં આવે. તમારા ઉપરી અધિકારી, તમારા પાળક, પોલીસ અધિકારી, અને સરકાર, એ બધા સત્તાવાળાઓના ઉદાહરણો છે, જેમને આધિન થવાની ઈશ્વર સૂચના આપે છે.

મને અમારી મંડળીનું એક કુટુંબ યાદ છે, જે હંમેશા તેમની સમસ્યાઓ વિશે ફરિયાદ, અને વાત કરતા રહેતા હોય, તેવું લાગતું હતું. તેઓ તેમનું ઘર ગુમાવવાના હતા, અને તેને વર્તમાન લાવવા (ઝીરો-ઝીરો કરવા) અને ગીરો ટાળવા માટે (નાદારીના લીધે જપ્તી ટાળવા) 10,000 ડોલરની જરૂર હતી. તેઓએ મંડળીમાં ડઝનેક લોકોને તેમની વાત કહી હશે. આખરે, એક પરિવારે તેમને મદદ કરવાનું નક્કી કર્યું, અને તેમને 10,000 ડોલર આપ્યા. પરંતુ થોડા મહિનાઓમાં જ, તેઓ જ્યાં પહેલા હતા, ત્યાં પાછા આવી ગયા, અને ઘર ગુમાવી દીધું. મેં આ દંપતી સાથે તેમની પરિસ્થિતિ વિશે વાત કરી હતી, જેઓ બંને બેરોજગાર હતા. મેં સૂચવ્યું, કે યોગ્ય નોકરીઓ મળે, તેની રાહ જોતી વખતે, તેઓ ઓછામાં ઓછું કંઈક કામ કરી લે. તેઓ શહેરમાં ગમે ત્યાં રેસ્ટોરન્ટમાં કામ કરી શક્યા હોત, પરંતુ તેઓએ કહ્યું, કે આ પ્રકારની નોકરીઓ તેમના માટે નથી. મને લાગે છે, કે તે સ્પષ્ટ છે, કે તેમની સમસ્યા નાણાકીય નથી, પરંતુ સત્તા અને જવાબદારીને સમજવાની હતી. કેટલાક કારણોસર, તેઓ એ જોવામાં નિષ્ફળ ગયા, કે તેઓને તેમના પોતાના જીવન પર અધિકાર લેવાની, અને સમસ્યાની કાળજી લેવા માટે, ગમે તે કરવા માટે વ્યક્તિગત જવાબદારી લેવાની છે.

મારા એક મિત્ર, રિક રેનર કહે છે, કે તે કોઈને નોકરી પર રાખતા પહેલા, તે તેમની કાર જોવાનું કહે છે, અથવા કેટલીકવાર તે જણાવ્યા વગર તેમના ઘરે જાય છે. તે સમજે છે, કે જો કોઈ વ્યક્તિ તેની પોતાની કારની જવાબદારી લેતો નથી, તો

તે તેની બાબતોની જવાબદારી ક્યારેય લેશે નહીં. તેની ઓફિસના ડિપાર્ટમેન્ટ, તેની કાર જેવા જ દેખાશે, તે માત્ર સમયની બાબત છે.

હું મારા જંગલી વિસ્તારો માટેની તાલીમના સમયમાંથી પસાર થયો. અને મને ખુશી છે, કે ઈશ્વર મને સત્તા પ્રત્યેના મારા કોઈપણ ઉદાસીન વલણથી ચાલવા દેશે નહીં. તેમણે મને નમ્ર બનાવ્યો અને મારી કસોટી કરી, કે જેથી તેઓ મને મારી સોંપણી (મારા કામો) માટે તૈયાર કરી શકે.

મને તે સમય યાદ છે, જ્યારે ફાર્મહાઉસમાં રહેતા હતા, તે દિવસોમાં નાણાંકીય સ્થિતિ ખૂબ જ તંગ હતી. આભારીભાવ સાથે, મેં એક મોટો રોકાણનો કેસ પૂરો કરી દીધો હતો, જેણે મને મારા બીલો ભરવામાં મદદ કરી શકવાનો હતો, જે માટે હંમેશા મોડું થતું હતું. પરંતુ ચેક સમયસર આવ્યો નહિ, તેથી મને એક હોશિયારીભર્યો વિચાર આવ્યો, કે હું એવી બેંકમાં ચેકિંગ ખાતું ખોલાવીશ, જે મારી પ્રાથમિક બેંક નહોતી, અને તે કેસનો ચેક બીજા દિવસે મળવાની આશાએ, તે ચેકીંગ ખાતામાંથી એક ચેક મારા પ્રાથમિક ખાતામાં લખીશ (જો કે, તે માટે રાશિ નહિ હોય) અને કેસ વાળો ચેક નવી બેંકમાં, એ ડેડ ચેકને આવરી લેવા માટે તેને જમા કરી દઈશ. પણ બે અઠવાડિયા સુધી ચેક આવ્યો જ નહીં ! દરરોજ, ડેડ ચેક આવે તે પહેલાં, હું મારી એક કોઈકની કોઈ એક બેંકને ડેડ ચેક લખતો. આ બે અઠવાડિયા સુધી ચાલ્યું, અને ડેડ ચેક વધીને માત્ર 2,000 ડોલર થઈ ગયો, મારી પાસે કરિયાણાનો સામાન હતો, ત્યાં સુધી. તે સમયગાળા દરમિયાન, રકમ સતત વધતી રહી.

પરંતુ તે બધું સમાપ્ત થઈ ગયું, જ્યારે બેંક મેનેજરે મને વહેલી સવારે ફોન કર્યો, અને તેના મોઢામાંથી પ્રથમ શબ્દો નીકળ્યા, “શ્રીમાન કીસી, હું જાણું છું, કે તમે શું કરી રહ્યા છો, અને હું તમારું ખાતું બંધ કરી રહી છું. તમારે આ ખાતાને આવરી લેવા માટે નાણાં લાવવાના છે, અને તમે આ બેંકમાં ફરી ક્યારેય ખાતું ખોલાવી શકશો નહીં." હું પકડાઈ ગયો હતો ! આ પરિસ્થિતિ વિશે, ખરેખર તો ખરાબ બાબત એ હતી, કે હું એવા ચેકનો ઉપયોગ કરતો હતો, કે જેના પર વચનો હતા, અને હું બેંક મેનેજરને ઈશ્વર કેટલા મહાન છે, તેની સાક્ષી આપતો હતો. ઈશ્વરનો આભાર, કે તે દિવસે ચેક આવ્યો, અને હું દેવું આવરી લેવા માટે તેને બેંકમાં લઈ જઈ શક્યો. પરંતુ મારે તે બેંક મેનેજરની ઑફિસમાં જવું પડ્યું, તેની સમક્ષ પસ્તાવો કરવો પડ્યો, અને તેને કહ્યું, કે ઈશ્વર પર કોઈ દોષ ન મૂકે, કારણ કે તે બધું મેં કર્યું હતું, અને તે મૂર્ખતા હતી.

પછી વ્યવસાયમાં મારા પ્રથમ વર્ષોમાંનો તે સમય હતો, જ્યારે મને મારા પ્રાદેશિક ઉપ-પ્રમુખ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. જ્યારે તેઓ મારા એક વેચાણની સમીક્ષા કરી રહ્યા હતા, ત્યારે તેમણે નોંધ લીધી, કે એક જગ્યા પર સહી મેળવવામાં હું નિષ્ફળ ગયો હતો. તેમણે કહ્યું, “કોઈ વાંધો નહીં, તેને લાઈટ સુધી પકડી રાખ,

અને જ્યાં તેઓ સહી કરવાનું ચૂકી ગયા હતા, ત્યાં તેમની સહી ઉભારી લે. તેમણે કહ્યું, છેવટે તો તેઓ ઉત્પાદન ઇચ્છે છે, અને દરેક જગ્યા પછી તેમની સહી કરી દે." તેથી મેં તેમ કરી દીધું. લગભગ એક મહિના પછી, મને મારા ક્લાયન્ટના વકીલ તરફથી એક ફોન આવ્યો, જેમાં જણાવ્યું હતું, કે મારો ક્લાયંટ બેંક ઉપાડના ફોર્મ પર, તેનું બનાવટી નામ બનાવવા બદલ 100,000 ડોલર માટે મારા પર દાવો કરી રહ્યો છે. આ રકમ ઘટાડીને 5,000 ડોલર કરવામાં આવી હતી, કારણ કે મારા પ્રાદેશિક ઉપ-પ્રમુખની તેમાં કેટલીક જવાબદારી હતી, અને તેમને બરતરફ કરવામાં આવ્યા હતા.

પણ મારે શીખવાનું હતું ! મારા નવા પ્રતિનિધિઓમાંથી એકને, વીમા પરીક્ષા લેવાની જરૂર હતી, અને તેની પાસે અભ્યાસ સામગ્રી ખરીદવા માટે નાણાં ન હતા, તેથી મેં તેના ઉપયોગ માટે તેની નકલ કરી. તેણે  તેને પરીક્ષાની જગ્યા પર છોડી દીધી, અને મને એક વકીલ તરફથી બીજો આવ્યો, જે કૃતિહક (કૉપિરાઇટ) ના ઉલ્લંઘન માટે દાવો દાખલ કરી રહ્યા હતા. તે દિવસોમાં, હું IRS ઑફિસનો રસ્તો જાણતો હતો, તે જાણે મારા હાથની પાછળ જ હતી. હું હંમેશા ટેક્સ બિલ મોડા ભરતો અને તેનો દંડ થતો હતો. હું મિશ્ર લાગણીઓ સાથે હવે તે બધા પર પાછળ નજર કરું છું. ઈશ્વર મને જવાબદાર ઠેરવતા હતા, મને તાલીમ આપતા હતા. તેઓ જાણતા હતા, કે કોઈકે દિવસ હું લાખો ડોલરનું સંચાલન કરવાનો છું, અને તેઓ મને કોઈ પણ બાબતથી દૂર જવા દેશે નહીં. તે માટે ઈશ્વરનો આભાર !

મારે શીખવું પડ્યું કે ઈશ્વર મારા બઢતી આપનારા છે, અને ઈશ્વર માત્ર પ્રદર્શન પર જ બઢતી આપતા નથી. મારી પ્રામાણિકતાની પણ કસોટી કરવી પડી હતી. તેથી જ હું કહું છું, કે ઈશ્વર તમારા માલિક જેવા લાગે છે. તમારા ઉપરી અધિકારી, એ એક સાધન છે, જેનો ઉપયોગ તમારી આગામી (કામ કે કામોની) સોંપણી માટે તમને તાલીમ આપવા, અને તમને આધિન કરવા માટે, ઈશ્વર દ્વારા કરવામાં આવે છે. શું તમે પરીક્ષા પાસ કરશો ?

> *કેમકે ઉદયથી કે અસ્તથી કે દક્ષિણથી પણ ઉન્નતિ આવતી નથી. પણ ઈશ્વર છે, તે જ ન્યાયાધીશ છે; તે એકને નીચે પાડી નાખે છે, અને બીજાને ઊંચો કરે છે.*
>
> - ગીતશાસ્ત્ર 75:6-7

> *કોઈ પણ શિક્ષા હાલ તરત આનંદકારક લાગતી નથી, પણ ખેદકારક લાગે છે; પણ પાછળથી તો તે કસાયેલાઓને ન્યાયપણાના શાંતિદાયક ફળ આપે છે.* - હિબ્રુ. 12:11

*દાસો જેમ ખ્રિસ્તને આધિન થાઓ છો તેમ દેહ પ્રમાણે જેઓ તમારા ધણીઓ છે તેઓને બીકથી તથા કંપારીસહિત નિખાલસ હૃદયથી આધિન થાઓ; માણસોને પ્રસન્ન કરનારાઓની પેઠે દેખરેખ હોય ત્યાં સુધી જ ચાકરી કરનારાની રીતે નહિ, પણ ખ્રિસ્તના દાસોની પેઠે, જીવથી દેવની ઈચ્છા પુરી કરો; માણસોની ચાકરી નહિ પણ જાણે તે પ્રભુની હોય તેમ સમજીને ખુશીથી કરો; જે કોઈ કંઈ સારું કરશે, તે દાસ હોય કે સ્વતંત્ર હોય, પણ પ્રભુ તેને તે જ પ્રમાણે બદલો આપશે, એમ સમજો. વળી, ધણીઓ, તમે તેઓની સાથે એમ જ વર્તો, ધમકી આપવાનું છોડી દો; અને આકાશમાં તેઓનો તેમ જ તમારો પણ એક જ ધણી છે, અને તેની પાસે પક્ષપાત નથી એમ જાણો.*

- એફેસી 6:5-9

આદર અને ભય સાથેનું આજ્ઞાપાલન ! તમારા ઉપરી અધિકારી પ્રત્યે આ જ તમારું વલણ છે. તમારા ઉપરી અધિકારી પ્રત્યેના તમારા આજ્ઞાપાલનને પાઉલ દ્વારા, ઈશ્વરની ઇચ્છા પ્રમાણે વ્યાખ્યાયિત કરવામાં આવી છે. આશ્ચર્ય થયું? હું તે હતો !

તો ઈશ્વરનો અવાજ કેવો લાગે છે? તમારા ઉપરી અધિકારી જેવો !

### આ એક કસોટી છે!

જેમ હું આ અભ્યાસનું સમાપન કરું છું, મને વિશ્વાસ છે કે તમે પ્રેરણા પામ્યા છો, અને પ્રોત્સાહિત થયા છો. પવિત્ર આત્મા એ, જીવનમાં ખરેખર એક અદ્ભુત ભાગીદાર છે, જેણે તમને ક્યારેય નહિ છોડવાનું અથવા તમારો ત્યાગ નહિ કરવાનું વચન આપ્યું છે. આ અમૂલ્ય સત્યોને તમારી સાથે વહેંચવું, એ એક મહાન સન્માનની વાત છે.

- ગેરી કીસી

દેવામાંથી બહાર નીકળવા અને સુરક્ષિત રીતે રોકાણ કરવા વિશે વધુ માહિતી માટે, તમે મારી કંપની, Forward Financial Group (ફોરવર્ડ ફાઇનાન્સિયલ ગ્રૂપ) નો 1-(800)-815-0818 પર સંપર્ક કરી શકો છો.

ઈશ્વરના રાજ્ય વિશે વધુ માહિતી મેળવવા માટે, કૃપા કરીને FaithLifeNow.com પર જાઓ.

Faith Life Church (ફેઇથ લાઇફ ચર્ચ) ને લગતી માહિતી માટે, તમે FaithLifeChurch.org પર જઈ શકો છો.

## પ્રકરણ 12
# પવિત્ર આત્માના બાપ્તિસ્મા માટે કેવી રીતે પ્રાર્થના કરવી અને તેને કેવી રીતે પ્રાપ્ત કરવું

આપણે દેવ પાસેથી જે કંઈ મેળવીએ છીએ, તે બધું જ ઈશ્વરે આપણને જે કહ્યું છે, તેમાં વિશ્વાસથી પ્રાપ્ત થશે. અને દેવ તરફથી આ ભેટ મેળવવી, એ કંઈ જુદું નથી. પ્રાપ્ત કરવા માટે પ્રાર્થના કરતાં પહેલાં, તમે આ પુસ્તકમાં જણાવેલાં શાસ્ત્રનો અભ્યાસ કરો, કે જ્યાં સુધી તમને વિશ્વાસ ન થાય, કે એ જ તમારા માટે ઈશ્વરની ઇચ્છા છે, અને તમારા પ્રશ્નોના ઉત્તર મળી ગયા છે, તેની ખાતરી કરી લેજો. એક વખત તમને ખાતરી થઈ જાય, કે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા તમારા માટે છે, તો પછી સાદાઈથી આ પ્રાર્થના કરો:

> **"પિતાજી, આજે હું તમારા સામર્થ્યવાન આત્માના બાપ્તિસ્માની માગણી કરું છું. હું તે હમણાં જ પ્રાપ્ત કરું છું, તમારા વચન પ્રમાણે, આત્મામાં પ્રાર્થના કરવાના સામર્થ્ય સાથે. હું આ વાત ઈસુના નામે, અને તમારા મહિમા માટે માંગુ છું ! આમીન."**

તમે કોઈ અનુભવ કે અમુક લાગણીઓની શોધ નથી કરી રહ્યા, પરંતુ તમે ઈશ્વરના વચન પર અડગ રહો છો. તમે માનો છો, કે તમે પ્રાર્થના કરો છો ત્યારે, તમને પ્રાપ્ત થાય છે. તે તમે માગ્યા પછી, અને મેળવ્યા પછી, ઈશ્વરની સ્તુતિ કરવાનું શરૂ કરો, અને ઈશ્વરે જે વચન આપ્યું છે, તે પ્રમાણે તેમના આત્માથી તમને અભિષેક કરવા બદલ તેમનો આભાર માનો.

જ્યારે તમે પ્રાર્થના કરો, ત્યારે ખાત્રી કરો, કે તમે સમજો છે કે, *જ્યારે તમે માંગો છો, ત્યારે તમને મળે છે,* નહીં કે તમને મળેલા પુરાવા પ્રગટ થયા હોય ત્યારે. તમારો પુરાવો એ ઈશ્વરનું વચન છે.

> *પ્રાર્થના કરતાં, જે સર્વ તમે માંગો છો, તે અમે પામ્યા છીએ, એવો વિશ્વાસ રાખો, તો તે તમને મળશે. (માર્ક 11:24બ)*

એકવાર તમે પ્રાર્થના કરો, કે ઈશ્વરના આત્માને તમારી પ્રાર્થનાની ભાષામાં પોતાને પ્રગટ કરવાની સ્વતંત્રતા છે, તે પછી ઈશ્વરની આરાધના કરવામાં સમય પસાર કરવાનું ભૂલશો નહીં. ઈશ્વર તમારું મોઢું હલાવશે નહિ ! તમારે અન્ય ભાષાઓમાં પ્રાર્થના કરવા માટે ખુલ્લા રહેવું પડશે. સામાન્ય રીતે, જ્યારે લોકો પ્રાર્થના કરે છે, અથવા ઈશ્વરના આત્માને સમજે છે, ત્યારે તેમના આંતરડામાં ઝડપ અથવા જડતાનો અહેસાસ થાય છે.

જેમ જેમ તમે આરાધના કરવાનું ચાલુ રાખો છો, તેમ તેમ તમારી જાતને ઈશ્વરના આત્માને સમર્પિત કરો. તમે તમારી ભાવનામાંથી આવતા જુદા જુદા અવાજો, અથવા ઉચ્ચારોને અનુભવવાનું શરૂ કરશો. તમારે તે અવાજોને વિશ્વાસ દ્વારા આધિન થવું પડશે. જેમ જેમ તમે કરશો, તેમ તેમ ઈશ્વરના આત્માનો પ્રવાહ અને શાંતિ વધતી જશે.

જો કોઈ કારણસર, તમે તરત જ અન્ય ભાષામાં પ્રાર્થના ન કરતા હો, તો તેની ચિંતા કરશો નહીં. તમે વિશ્વાસથી પ્રાપ્ત કર્યું છે, તેથી ફક્ત ઈશ્વરના અભિષેક માટે તેમનો આભાર માનવાનું ચાલુ રાખો. મેં જોયું છે, કે લોકો પવિત્ર આત્માના બાપ્તિસ્માને પ્રાપ્ત કરવા પ્રાર્થના કર્યા પછી, ચર્ચની મિટિંગમાંથી ઘરે જાય છે અને ઘરે પાછા ફરતી વખતે, બીજે દિવસે સવારે ન્હાતી વખતે, અથવા થોડા દિવસો પછી ઘાસ કાપતી વખતે, આત્મામાં પ્રાર્થના કરવાનું શરૂ કરે છે. ચાવી એ, વિશ્વાસથી પ્રાપ્ત કરવું છે અને લાગણીઓથી નહીં.

આત્મામાં પ્રાર્થનાને તમારા જીવનના દરેક દિવસનો એક ભાગ બનાવો, અને મજબૂત પ્રાર્થના જીવન વિકસાવો. ઈશ્વર તમારી સાથે વાત કરશે, અને બધી જ બાબતોને લગતા જવાબો સાથે તમને દોરી જશે ! મને વિશ્વાસ છે, કે તમે સમય કાઢીને આત્મામાં પ્રાર્થના કરશો, અને ઈશ્વરના રાજ્યના જે લાભો તમારી પાસે પહેલેથી જ છે, તે બધાનો આનંદ માણશો !

# નોંધો

1. Jared Dublin, જેર્ડ ડુબલીન, "ડેઝ બ્રાયન્ટ સામે નોન-કેચ-પેકર્સ પર એનએફએલ પર 88 અબજ ડોલરનો દાવો કરનારા ચાહકે એનએફએલ પર દાવો માંડ્યો હતો." 23 જાન્યુઆરી, 2015

2.http://www.dictionary.reference.com/browse/Edified?s=t.

3. લિન એડવર્ડ્સ, "માનસશાસ્ત્રીઓ કહે છે કે બાળકો છ મહિનાની ઉંમરે પણ ખોટાથી સાચાંને જાણે છે." મે 10, 2010, https://medicalxpress.com/news/2010-05-psychologists-babies-wrong-months.html.

# અન્ય પુસ્તકોના નામ

પાવર ઓફ એલિજન્સ (રાજનિષ્ઠાનું સામર્થ્ય)
પાવર ઓફ રેસ્ટ (વિશ્રામનું સામર્થ્ય)
પાવર ઓફ સ્ટ્રેટેજી (વ્યૂહરચનાનું સામર્થ્ય)
પાવર ઓફ પ્રોવિઝન
પાવર ઓફ જનરોસિટી

તમારી ભાષાની શિક્ષણ-સામગ્રી
વિના મુલ્યે ડાઉનલોડ કરવા
**FLNFree.com** પર જાઓ!

શું તમને તમારી ભાષામાં શિક્ષણની વધારા સામગ્રી જોઈએ છે?
તો **FLNFree.com** પર જાઓ!

# તમારી નાણાંકીય ક્રાંતિ
# વ્યૂહરચનાનું સામર્થ્ય

જીવન મોટા નિર્ણયોથી ભરેલું છે.

*તમે કેવી રીતે જાણી શકો કે તમારે કયું ઘર ખરીદવું જોઈએ, તમારે કોની સાથે લગ્ન કરવા જોઈએ, અથવા તમારે કઈ નોકરી લેવી જોઈએ?*

જો તમે સફળ થવાના છો, તો તમારે એક વ્યૂહરચનાની જરૂર છે. પરંતુ જ્યારે તમારી પાસે બધા જવાબો ના હોય ત્યારે તમે વ્યૂહરચના કેવી રીતે બનાવશો?

ઈશ્વરનાં રહસ્યો તમારા માટે છુપાયેલાં છે, તમારાથી નહીં.

**ઈશ્વર ઇચ્છે છે કે તમારે જે જવાબો જોઈતા હોય તે તમને મળે અને એટલે જ તેમણે તમને એક રહસ્યનું શસ્ત્ર આપ્યું.**

તમારી નાણાકીય ક્રાંતિ (યોર ફાયનાન્સિયલ રિવોલ્યુશન) ની શ્રેણીના ત્રીજા ખેપમાં (હપ્તામાં), ગેરી કીસી પોતાની સફળતાના સૌથી મહત્ત્વના ઘટકોમાંના એક અને, ઈશ્વરના રાજ્યના એક મહત્ત્વના રહસ્યને ઉજાગર કરે છેઃ વ્યૂહરચનાનું સામર્થ્ય (ધ પાવર ઓફ સ્ટ્રેટેજી)! કોઈ પણ માછલી પકડી શકે છે, જો તેઓ જાણતા હોય કે તેમની જાળ ક્યાં નાખવી. તમારે જે જવાબો જોઈએ, તે ઈશ્વર પાસે છે, પણ એ જવાબો કઈ રીતે સાંભળવા અને તમારા જીવનમાં કેવી રીતે લાગુ પાડવા, તે તમારે સમજવાનું છે અને આ પુસ્તક પણ તે વિષે જ છે.

આ આંખ ઉઘાડનારી યાત્રામાં ગેરી સાથે જોડાઓ અને જાણો કે તમારા જીવનમાં વ્યુહરચનાના સામર્થ્યનો કેવી રીતે અમલ કરવો!



ગેરી કીસી એક લેખક, વક્તા, ઉદ્યોગસાહસિક, નાણાકીય નિષ્ણાત અને પાળક છે, જેમને જીવનમાં, ખાસ કરીને વિશ્વાસ, કુટુંબ અને નાણાકીય ક્ષેત્રોમાં, જીતવા માટે લોકોને મદદ કરવાની ઉત્કંઠા છે. ગેરી અને તેમનાં પત્ની ડ્રેન્ડાએ અનેક સફળ વ્યવસાયો ઊભા કર્યા છે અને તેઓ ફેઇથ લાઇફ નાઉના સ્થાપકો છે, જે બે ટેલિવિઝન કાર્યક્રમો તૈયાર કરે છે – પૈસાની બાબતને ઠીક કરવી અને ડ્રેન્ડા (ફિક્સિંગ ધ મની થિંગ એન્ડ ડ્રેન્ડા), વિશ્વવ્યાપી પરિષદો અને વ્યવહારુ સ્ત્રોતો (સંસાધનો). કીસીસ, કોલંબસ, ઓહિયોની નજીક 'ફેઇથ લાઇફ ચર્ચ' ના પાળક પણ છે.

GKM GARY KEESEE MINISTRIES
garykeesee.com